શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રન્થમાળા પુષ્પ ચોથું.

સર્વકલ્યાણ પ્રકાશન-૪

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स।

# સાધ્યસિદ્ધિ
યાને
# જીવન પ્રકાશ


—: લેખક :—

સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા મહાન્
ગચ્છાધિપતિ આરાધ્યપાદ સ્વ. આ. ભ. શ્રીમદ્
**વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના
મહાન્ અન્તેવાસી
શાસનતેજ શાસ્ત્રસિદ્ધાંત સંરક્ષક-સમ્યગ્દર્શન પ્રદાનૈકનિષ્ઠ
સમર્થ ગચ્છાધિપતિ આરાધ્યપાદ આ. ભ. શ્રીમદ્
**વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
પાદપદ્મભ્રમર અન્તેવાસી
**પૂ. મુ. શ્રી ભુવનચંદ્રવિજયજી મ.**



* પ્રકાશક *

**"સર્વકલ્યાણકર સંઘ"**

ઘડીઆળી પોળ, કોલાખાડી, **વડોદરા.** (ગુજરાત)

શ્રી સિદ્ધેભ્યો નમ:

# 'પ્રકાશકીય'

અરિહંત ભગવંતના શાસનની વ્યાપકતાપર વિશ્વના સુયોગ્ય જીવોનું કલ્યાણ નિર્ભર છે. વિશ્વની શાંતિ સમાધિનો આધાર પણ મહાશાસન અને આર્યસંસ્કૃતિ છે. મહાશાસન અને આર્યસંસ્કૃતિનું સુરક્ષણ આજના કાળનો મહાગંભીર પ્રશ્ન છે.

તે માટે શુધ્ધ સિધ્ધાંતો અને સાચા તત્ત્વોનું પ્રસરણ અને પ્રચાર અતિ જરૂરી. તે ધ્યેયને અલ્પાંશે પણ પહોંચવા **'શાસનોત્કર્ષી વિવિધ વિષયક–ગ્રંથમાળા'**નો ઉદ્ભવ.

તે ગ્રંથમાળાના પ્રેરક પૂ. મુનિરાજશ્રી રત્નભુષણવિજયજી મ. આગમ હસ્તપ્રત આલેખન પ્રચાર. આગમ રક્ષા યોજના, એઓશ્રીનું પ્રધાનકાર્ય. મહાસંસ્કૃતિ અને મુકિત સાધક રીતે ચારપુરૂષાર્થયુકત આર્યસંસ્કૃતિના ઉત્થાન માટે સદા ઉત્સાહી.

ગ્રન્થમાળાનું પહેલું પુષ્પ—**જૈનધર્મનું વિજ્ઞાન.**
,, બીજું પુષ્પ—**ધીમું મીઠું ઝેર.**
,, ત્રીજું પુષ્પ—**વાત્સલ્ય મૂર્તિ.**

૧. જૈનશાસન અને ધર્મના–રત્નત્રયી અને પંચાચારને સ્પર્શતા સઘળા જ્ઞાનાત્મક–ક્રિયાત્મક–પ્રચાર અને પ્રભાવનાત્મક પ્રશ્નોને સ્પર્શે છે,

૨. ૨૫૦૦ ની રાષ્ટ્રીય–આંતર્રાષ્ટ્રીય ભેદી જાળ અને કૌભાંડને સ્પષ્ટ રીતે ખુલ્લાં કરે છે.

૩-૧ **ભગવંત મહાવીરદેવના જીવન-કવનના** શાસ્ત્રીયરૂપને આધુનિક શૈલીએ સુચારૂરૂપમાં રજુ કરે છે. ૨. પૌદ્‌ગલિક ભૌતિકવાદના ભયંકર કાળમાં ભવ્યાત્માઓના 'ધર્મ' ધનનું રક્ષણ કરતા શાસનસિદ્ધાંત સંરક્ષક-સ્વ. પૂ. આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા** અને પૂ. **આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનું** આછું પણ ભાવવાહી શબ્દચિત્ર રજુ કરે છે. ૩. ભવ્યાત્મા ચંડકૌશિકનો ગોભદ્ર તરીકેનો પૂર્વભવ **'છીપના મોતી'** માં રજુ કરે છે ૪. **મહાસંસ્કૃતિનું** સ્પષ્ટ ચિત્ર રજુ કરે છે.

ચોથું પુષ્પ છે. **'સાધ્યસિદ્ધિ યાને જીવન પ્રકાશ'** એના ઉદ્‌ભવનો ઉલ્લેખ, ગ્રંથના લેખક પૂ. શ્રીએ પોતે જ 'પૂર્વ ભૂમિકા'માં કર્યો છે. અન્ય પુષ્પોની માફક આ પુષ્પ પણ સાચી સુરભિ ભવ્યાત્માઓમાં પેદા કરે એજ અભિલાષા,

ગ્રંથમાળા સાથે સંકલિત સર્વનો વિશેષ સહકાર ઇચ્છતા, સર્વની અનુમોદના કરતા આનંદીએ છીએ.

—: પ્રકાશક :—


**ગજપાલ એસ. કાપડીયા** **અરવિંદ એમ. પારેખ**

કાર્યવાહકો

**શ્રી સર્વકલ્યાણકર સંઘ**

મુખ્ય કાર્યાલય
ઘડીયાળી પોળ, કોલાખાડી,
ધન્ય નિવાસ. વડોદરા.
(ગુજરાત)

- :શાખા કાર્યાલય :-
ફોન નં. ૩૫૨૪૧૮
**નરેન્દ્ર કન્સ્ટ્રકશન કુાં.**
૧૦૭-પ્રસાદ ચેમ્બર્સ સ્વદેશી મીલ,
કંપાઉન્ડ મુંબઈ-૪

શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રંથમાળા પુષ્પ ચોથું

સર્વકલ્યાણ પ્રકાશન-૪

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ।

# સાધ્યસિદ્ધિ

યાને

# જીવન પ્રકાશ

—: લેખક :—

સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા મહાન્
ગચ્છાધિપતિ આરાધ્યપાદ સ્વ. આ. ભ. શ્રીમદ્
**વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના
મહાન્ અન્તેવાસી

શાસનતેજ શાસ્ત્રસિદ્ધાંત સંરક્ષક-સમ્યગ્દર્શન પ્રદાનૈકનિષ્ઠ
સમર્થ ગચ્છાધિપતિ આરાધ્યપાદ આ. ભ. શ્રીમદ્
**વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
પાદપદ્મભ્રમર અન્તેવાસી

**પૂ. મુ. શ્રી ભુવનચંદ્રવિજયજી મ.**

* પ્રકાશક *

"સર્વકલ્યાણકર સંઘ"

ઘડીઆળી પોળ, કોલાખાડી, વડોદરા. (ગુજરાત)

# —: અર્પણ–ભાવના :—

ડૂબતી હતી ધર્મનૈયા માનવ જીવનની ભરદરીએ,
ગણવેષધારી એકના પરિચયે.
મળ્યા મહાત્મા એક, શહેર વડોદરના આંગણે,
વિરોધ ટાળ્યો અજ્ઞનો દીક્ષા ભાગવતીએ,
આણા એક પતિત પાવની સર્વજ્ઞ અરિહંતની.
સંયમ વિન નહિ **સાધ્યસિદ્ધિ** મુક્તિની.
**પ્ર**શ્નો કર્યા, સંશય ટળ્યા, અજ્ઞ આ બાલના,
**પ્ર**કાશ પાથર્યો પ્રવચને પ્રશાંત ઉત્તરદાતાના.
કળા અદ્‌ભુત સરસ્વતી પુત્રની ગણધર વાણીએ,
સંશય ટાળતી, શ્રધ્ધા સ્થાપતી, વીરના શાસને.
ગુરૂપ્રેમના, પ્રેમી સંયમતણા, અચળ એ રહ્યા,
ઉપસર્ગ અનેક સહ્યા, શાસન રક્ષા કાર્ય હૈયે ધર્યા.
વિરાગ આપી, કર્મ કાપી, ચારિત્ર મોહ દૂરે કર્યા,
નામ સુવિહિત ખ્યાત **શ્રી રામચન્દ્રસૂરીશ્વરા**
ચરણકમળે 'બાળ' નમતો, ભવમાં ન ભમતો,
**'ભુવન' ભાવે 'સાધ્યસિદ્ધિ' હસ્તકમળે અર્પતો**
'પ્રકાશ જીવન'નો પામતા, આનંદ ઉભરાય છે,
વંદના કોટિશઃ કરતા સિધ્ધિ પમાય છે.


સાગર ભાવ કરૂણાતણા
સંરક્ષક વીરશાસને સોહામણા
ધીર મેરૂ સમ શાસ્ત્ર સિદ્ધાંતમાં,
વંદના શ્રી રામચંદ્રસૂરીશ્વર ચરણારવિંદમાં—

બાળ—**ભુવનચંદ્ર**

શાસનતેજ-શાસ્ત્રસિદ્ધાંત સંરક્ષક સમ્યગ્દર્શન-પ્રદાનૈકનિષ્ઠિ

ગચ્છાધિપતિ—આરાધ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્

# વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા



શાસનહિતના કોઇ ઉંડા આલેખનમાં એકમના દેખાય છે.


તેઓશ્રીના તલસ્પર્શી પ્રવચન ધર્મી આત્માઓના પ્રાણ છે.

કોટિશઃ વન્દનાવલિ

સુમતિભાઈ અમુલખદાસ ડોકટર-મુંબઈ

મહાન્ ગચ્છાધિપતિ, કર્મ સાહિત્ય પ્રકાણ્ડવેત્તા, સિદ્ધાંત મહોદધિ સ્વ. આરાધ્યપાદ આ. ભ. શ્રીમદ્

**—: વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા :—**



નિખાલસ હૈયે કયું ઉંડુ શાસન ચિંતન ચાલતું હશે?

ત્રણસો શિષ્ય પ્રશિષ્યના ચારિત્રના ચિંતક પરમર્ષિને

કોટિશઃ વન્દનાવલિ

છબીલભાઈ અમુલખદાસ ઝવેરી–મુંબઈ

# પૂર્વ ભૂમિકા

## યાને

## મને પૂજ્યશ્રીનો ઉપકાર

સાધ્યની નિર્મળતા એજ માનવભવનો આદર્શ અને પ્રગતિ છે. સાધ્યની શુધ્ધ દિશા સદ્‌ગુરૂ વિના કોણ બતાવે ? પણ સદ્‌ગુરૂની પ્રાપ્તિ આ કાળમાં દોહલી છે. પણ આ પામર આત્માને પરમનો મેળાપ થઇ ગયો. વિરોધની આંધિમાં. પ્રવજ્યા–દીક્ષા અને બાળ દીક્ષા સામે વંટોળીયો ફુંકાયોતો. અજ્ઞાન–અણસમજ–અને ગેર દોરવણીના જુવાળમાં. ગાયકવાડી રાજ્યમાં દીક્ષા પ્રતિબંધક બીલ આવ્યું.

એક ઉન્માર્ગી ઉત્સૂત્ર પ્રરૂપક સાધુના સાહિત્ય લાલિત્યથી આકર્ષાઇ, દીક્ષાના કાયદાની તરફેણના પ્રુફો પણ સુધાર્યા. ક્રિયાનુષ્ઠાન અને પૂજાવિધિમાંની શ્રધ્ધા ડગવા લાગી. પણ માતાપિતાશ્રીના પવિત્ર સંસ્કારોએ અને એક સુશ્રધ્ધાળુ જૈન પંડીત-મિત્રના પરિચયે, માર્ગથી ખસવાપણું ન થયું. મનમાં એહું હતું કે કાયદો થવો જોઈએ. પણ શાસ્ત્રમર્યાદાને બાધક તો નહિ જ.

ત્યાં તો દીક્ષા વિરોધી એક સભામાં, દીક્ષા તરફેણ કરતું વકતવ્ય કરવું પડયું. તે પ્રસંગને પામી, છાપાની દુનિયાની કરામતે જેઓની સામે સખ્ત વિરોધ હતો. જેઓ પ્રત્યે જરાએ પૂજ્યભાવ ન્હોતો જ, તે **મુનિશ્રી રામવિજયજીને** એક ડેપ્યુટેશનના રૂપમાં મળવાનું થયું. કોલેજીઅન જીવનનના ફોમમાં કડક ગણાય એવા પ્રશ્નો પણ કર્યા. જરૂર જિજ્ઞાસા બુધ્ધિએ. હીમવત્ બની પ્રશાંત અને

પ્રસન્ન ચિત્તે લોજીકલ અને પદાર્થને સ્પષ્ટ કરતા ઉત્તરો આપ્યા. વિરોધ શાંત પડયો. પણ પૂજ્યભાવ પેદા થયો નહિ.

પછી....પછી તો છ છ મહિના સુધી લાગટ, સ્થળે સ્થળે, બાળમુનિવરોની ચકાસણી કરવા માંડી. કેવી રીતે રહે છે? કેવી રીતે રાખે છે? પરિણામ સુંદર અને ભાવોત્પાદક આવ્યું. તદુપરાંત **પૂ. શ્રીના નિઃસ્પૃહતા ગુણે ભારે આકર્ષણ જમાવ્યું.** એ પણ એક મનનીય પ્રસંગ હતો.

એમ કરતા ત્રણ ચાર વર્ષે પૂજ્યભાવ જન્મ્યો. આત્મા ભક્ત બન્યો ન્હોતો બે ચાર વર્ષે શાસનોદ્યતક પ્રસંગે, વ્યાખ્યાનાદિ શ્રવણ હેતુએ, દર્શનાર્થે જવાનું થાય. એકાંતમાં અનેક પ્રશ્નોનો આશ્ચર્યકારી શાસ્ત્રીય ઉકેલ મળે. બસ પિતૃપ્રાપ્ત શ્રધ્ધા દૃઢ બની. તેજ સાચું તેજ શંકા રહિત, જે જિનેશ્વરદેવોએ પ્રરૂપ્યું. तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइयं । દીક્ષા એજ સાચી શિક્ષા **દીક્ષા એજ સાચો ધર્મ.**

સોનામાં સુગંધ ભળી. શ્રાદ્ધવર્ય ગોવિંદજીભાઈ બોનાએ ઉજવેલ અંજન શલાકા પ્રતિષ્ઠા પ્રસંગે, પંદર દિવસ માટુંગા. પૂ. શ્રીની પતિતપાવની. નિશ્રામાં, પ્રસંગોનો પમરાટ મળ્યો. વીસમા મુનિસુવ્રત સ્વામી ભગવંતના પાઠશાળા પ્રવેશ પ્રસંગે, અનધીતને અધ્યાપક તરીકેનો પુણ્ય પ્રસંગ પ્રાપ્ત થયો. માનસિક વલોણું ઘુમરી લેવા લાગ્યું. **પરમોપકારી ભવોદધિતારક-પરમકૃપાળુ શાસન-તેજ-શાસન સંરક્ષક-સમ્યગ્દર્શન—પ્રદાનૈકનિષ્ઠિ આરાધ્યપાદ**

**ગુરૂભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની** પવિત્ર ચરણકમળમાં મનના ભાવ પ્રવેદિત કર્યા. દશ દશ દિવસ રાહ જોવરાવી. બત્રીસ વર્ષનો એકધારો પરિચય છતાં આકરી કસોટી કરી, કૃપાળુશ્રીએ હૈયાભાવને વેગ અને બળ આપ્યું.

પુણ્યોદય પણ વિશેષ જાગૃત થયો. **તારક ગુરૂશ્રીના પણ તારક ગુરૂદેવ, પરમર્ષિ–ઉત્કૃષ્ટ વૈરાગી ત્રણસો શ્વેતકમળના સ્વામી, સુવિહિત ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ–કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા આરાધ્યપાદ, સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમ–સૂરીશ્વરજી મહારાજાની** મહતી કૃપા કિંકર પર ઉતરી. પ્રેરણા પર પ્રેરણા અને અદ્ભુત બળ સહારો મળવા લાગ્યો. ધર્મપિતાની પરમકૃપા કપાતરને પાત્ર બનાવવા મથી રહી. અને....અને મરણાંત માંદગીએ એ મથામણને સફળ બનાવી.

સાધ્યની માનસિક ભૂમિકા દઢ બની. સંકલ્પ હૈયા–સોંસરો જાગૃત થયો ૧૯૮૮માં પૂ. ધર્મપિતાએ પ્રેરણા કરેલી. પ્રેરણાને પૂ.શ્રીના પ્રવચનોની 'ગણધર ગુમ્ફિત' વીતરાગવાણીએ શરાણ પર ઘસ્યે જ રાખી. સં ૨૦૨૨માં સાધ્ય નિશ્ચિત બન્યું. ચૈત્ર સુ. ૧ મે પૂ. પા. શ્રીની આજ્ઞા પ્રાપ્ત થઈ. પૂ. ધર્મપિતાએ પૂ. આ. વિજયમલયચંદ્રસૂરિજી મ. અને પૂ. આ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરિજી મ. (બંને તે વખતે પૂ. પંન્યાસજી ગણિવર) ને વડોદરાનગરે વિહાર કરાવ્યો. ચૈ. સુ. ૪ થે પૂ. શ્રી ધર્મપિતાના મહાન્ અંતેવાસી પૂ. પા. શ્રી ના લઘુશિષ્ય બનતા, **પ્રાથમિક સ્ટેજના સાધ્યની**

**સિદ્ધિ થઈ.** સંયમ દીક્ષા ભાગવતી પ્રવ્રજ્યા, અભ્યાસ રૂપે પ્રાપ્ત થઇ. સર્વવિરતિ સામાયિકની પ્રતિજ્ઞાનો કાળાપેક્ષાએ અભ્યાસ રૂપે સ્વીકાર થયો. હૈયું ઉલ્લસિત બન્યું. **પરમના પુણ્ય-પ્રભાવે પામર પરમમાર્ગના પંથે ચઢયો.**

પૂ. શ્રી ધર્મપિતાએ **ગ્રહણ-આસેવન શિક્ષાના** ચીવટભર્યા કાળમાં, બહારના વાચન-લેખન માટે મુદતી અભિગ્રહ આપ્યો. **શાસ્ત્ર**ટીકા-વાચન માટે ઉત્તમ સહાય આપી. પરિણામે શાસ્ત્ર પદાર્થો પરનો પ્રેમ દઢ બનતા અભિરૂચિ તે તરફ ઢળી. લેખનકાર્ય અલ્પ પ્રમાણમાં શરૂ થતાં **પ્રથમ** આલેખન 'સાધ્યસિદ્ધિ' શિર્ષકથી શરૂ થયું. સાધુપણામાં પ્રથમ આલેખનનું નામ પ્રસ્તુત પુસ્તકને આપતા 'જીવન પ્રકાશ' અનુભવાય એ સ્વાભાવિક છે.

પૂ. શ્રી ધર્મપિતાએ આગમોના અકળ રહસ્યો, અવર નવર એકાંતમાં સમજાવ્યા. એ રહસ્યોએ પૂ. શ્રીના પ્રવચનોના પદાર્થોની ઉંડી ગહનતા પ્રત્યેનો આદરભાવ ઓર વધારી દીધો અને જીવનમાં સાધુપણાનો આછોપાતળો પણ પ્રકાશ-ઝબુકવા લાગ્યો. સાધુ ધર્મની શ્રેષ્ઠતા કોઠે ઉતરવા લાગી. પાલન નહિવત પણ પ્રેમ પારાવાર પ્રગટવા લાગ્યો. એ પ્રેમે સંયમ પ્રેરક પૂ. **આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા અને પ્રેમના પરમપ્રેમપાત્ર, મારા અનંત ઉપકારી-સારીએ ભવશ્રેણિ સુધારનાર પૂ. ગુરૂભવંત આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** ચરણારવિંદમાં હૈયું અને માથું સદા અહોભાવે ઝુકતું જ રહે એ સ્વાભાવિક છે.

એ સંયમ પ્રાપ્તિની યાદમાં **'સાધ્યસિદ્ધિ યાને જીવન પ્રકાશ' લઘુગ્રંથ,** સાધુપણામાં થએલ આલેખનોના ત્રીજા પુષ્પ તરીકે અને શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રંથમાળાના ચોથા પુષ્પ તરીકે, ભવ્યાત્માઓના શાસન શુદ્ધ હૈયાઓની સુરભિમાં કાંઇક ઉમેરો કરે, તે જ સફળતા.

પરમ સાધ્ય છે મુક્તિ જન્મમરણાંતક સદાની અનંત જ્ઞાનાત્મક પરિસ્થિતિ. અનંતાનંત સુખની સર્વદાની અનુભુતિ. સાધુપણું છે. તે અનુભુતિની ગીત. એજ છે સર્વજ્ઞ શાસનની રીતિ.

એ ગીતિ અને એ રીતિના પરમ **દાતા,**
આ કાળમાં વિશેષે ભવ્યાત્માઓના **ભ્રાતા,**
પારમેશ્વરીય મહાશાસનના સફળ **ત્રાતા,**
ઉદારતા અને નિસ્પૃહતા ગુણના પાલક **પિતા,**
શાસ્ત્રસિદ્ધાંત રક્ષા–ભૂમિએ સદા **વિજેતા.**
સ્વ. આરાધ્યપાદ ગુરૂભગવંત **વિજયપ્રેમસૂરી-**
**શ્વરજી** મહારાજા
આરાધ્યપાદ ગુરૂભગવંત **વિજયરામચંદ્રસૂરી-**
**શ્વરજી** મહારાજા
ના તારક પાદારવિંદમાં
કોટિશઃ વન્દનાવલી
પાદપદ્મરેણુ
**બાળભુવનચંદ્રની.**

# 卐 અનુમોદના 卐

નાના મોટા સત્કાર્યોની અનુમોદના કૃતજ્ઞતા ગુણને ખીલવે. ધર્મોત્સાહની વૃદ્ધિ કરે છે. 'સાધ્યસિદ્ધિ' ગ્રંથ માટે કોઈપણ જાતની પ્રેરણા શિવાય, સામે પગલે ત્રણ ત્રણ ફેરા-સમ્યગ્જ્ઞાન પ્રચારની નિરીહ તમન્ના બતાવનાર ભાગ્યશાળી છબીલભાઈ અમુલખભાઈ ઝવેરીની અનીચ્છા છતાં, અમે તેઓશ્રીના નામોલ્લેખપૂર્વક, અનુમોદના કર્યા વિના કેમ જ રહી શકીએ?

કુળગત માતા પિતાના સુસંસ્કારો, સદ્ધર્મગુરૂઓનો સુપરિચય, એવી મીઠી તારક ભાવના સુહૈયામાં જાગૃત કરે જ કરે. વીતરાગ વાણીના મધુર ઝરણાને અનુસરતા ધર્મ-સાહિત્યના પ્રચાર માટે પ્રેમ જન્માવે જ.

'પૂર્વભૂમિકામાં' પ્રકાશિત સાધ્ય સાધુપણું અને તે દ્વારા મુક્તિ નિલયમાં વાસ, શ્રીયુત્ છબીલભાઈ અને તેમના સુભ્રાતા ડો. સુમતિલાલ, સુમતિને વેગવંતી બનાવી, પામો. એજ છે મહેચ્છા.

આ ધર્મ પ્રકાશન સર્વશ્રેષ્ઠ સાધ્યની સિદ્ધિમાં સહાયક બની, સમ્યગ્જ્ઞાન. પ્રચારક આત્માઓના શ્રેયસ્‌માં અભિવૃદ્ધિ કરો.

પ્રકાશકો

## * અમારો ઉત્સાહ *

આશયની શુદ્ધિ એ શ્રી જૈનશાસનનો પાયો છે. પૂ. લેખક મુનિશ્રીનો તરવરતો આશય એક અનુભવાય છે. યુવાનવર્ગમાં કુળ પ્રાપ્ત-લોહીગત શ્રધ્ધા વિકસે. ઓછું ભણેલો વર્ગ પણ તત્વોની સાચી ઝાંખી પામે. ભગવંતનું શાસન સૌ ભવ્યોના હૈયાને સ્પર્શે........

આ નિર્મળ ભાવના અમારા ઉત્સાહને વેગ આપી રહી છે. આવા ધર્મ પ્રકાશનો અમારા હાથે સંસ્થા દ્વારા પ્રકાશ પામ્યા કરે. આજ્ઞા પવિત્ર શ્રી સંઘોનું ધર્મસ્વાસ્થ્ય ખીલતું રહે. પુણ્યાત્માઓની સમાધિમાં અમારાં પ્રકાશનો નિમિત્ત બન્યા કરે, એજ અમારી શાસનદેવને પ્રાર્થના.

# ❋ સાધ્યની સિદ્ધિ ❋

'કલ્યાણ'ના સુપ્રસિધ્ધ લેખક ભાઈ શ્રી સુંદરલાલ કાપડીયા એમ. એ. જેઓશ્રીએ વૈરાગ્યવાસિત બની ચારિત્ર અંગીકાર કરેલ છે. આજે તેઓશ્રી પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિજયજી મ.ના નામે, પૂ. આ. મ. શ્રી વિજય-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન તરીકે સુપ્રસિધ્ધ છે. તેઓ 'કલ્યાણ'ના હજારો વાચકો સમક્ષ 'સાધ્યની સિધ્ધિને' પોતાની ઓજસ્વી કલમે અહિં આલેખી રહ્યા છે. 'કલ્યાણ'ના વાચકો રસપૂર્વક વાંચે ને વિચારે!

વિરાટ વિશ્વમાં સાધના સૌને ગમે છે. સાધના વિના સાધ્ય મેળવી શકાય નહિ. મુંબઈ જવું છે. વાહન વ્યવહાર માટે અર્થની નાણાની જરૂરીઆત ઉભી થશે. નાણું-પૈસો એ સાધન મળી ગયું. પણ મુંબઈ જ જવું છે એ નિશ્ચિત કરવું પડશે. અને મુંબઈ લઇ જતા માર્ગે જ મુસાફરી કરવી પડશે.

વગર પૈસે, અને નાનામાં નાના જીવને પણ તકલીફ ન પડે તે રીતે મુસાફરી-વિહાર કરનાર જૈનોના-સાધુઓને પણ સાધ્ય અને સાધ્ય-સહાયક માર્ગ નક્કી કરવા જ પડે.

**સાધ્યની પવિત્રતા પર સાધનની પવિત્રતા નિર્ભર બને છે.** સાધ્યનું ઉંડાણ અને અમરત્વ જેમ વિશાળ તેમ સાધનની કિંમત.

સાધના વિના કોઈને ચેન પડતું નથી. જીવનભર સાધના કર્યે જ જાય છે. માંદા પણ પડે છે, મરણને શરણ પણ થાય છે. પણ છેવટની પળ સુધી સાધ્ય મળતું નથી. અસંતોષની જવાળો ભડકે બાળ્યા જ કરે છે. તૃષ્ણાનો લાવા વિશ્વને-વિશ્વના જીવોને ભરખ્યા જ કરે છે.

કારણ શું છે? માર્ગ ખોટો છે? સાધના ઉંધી છે? કે મળેલા અને મેળવાતાં સાધનો મારક છે? ઘાતક છે? કે સાધ્ય શું છે? તેનું જ ભાન નથી? ભારે વિચિત્ર કોયડો છે.

સાધ્ય શું હોઈ શકે? સાચું સાધ્ય કોને લેખી શકાય? એ બાબતમાં નિશ્ચિત તો થવું જ પડશે. એ નિશ્ચિત થતાં સઘળું નિશ્ચિત બનશે. રાજાની પાછળ મંત્રી-સેનાપતિ પદાતિ-પ્રજા આપોઆપ આવશે.

આર્યાવર્તની આર્યભૂમિમાં 'શરીરધારી આત્માનું અસ્તિત્વ તો દીવા જેવું મનાય છે. પુનર્જન્મની સિદ્ધિ માટે હવે પ્રયત્નની જરૂર નથી જ. અનેક દૃષ્ટાંતો આજના યંત્રયુગમાં નોંધાએલા છે.

વ્યવહારમાં કુશળ અને પ્રામાણિક પુરૂષના વચન પર હરકોઈ બાબતમાં વિશ્વાસ મૂકાય છે અને સલાહ લેવાય છે. સાધ્ય નિશ્ચિત કરવા માટે ત્રણે કાળના સઘળાએ પદાર્થોના સર્વભેદોને સ્પષ્ટ જાણનાર-રાગદ્વેષ અને મોહ-રહિત-અનંત શક્તિમાન-પરમપુરૂષનું શરણું સ્વીકારવું જ પડશે. ને વીતરાગ-પરમ આત્માના વચનને આદેય કરવું જ જોઈશે.

શરીરમાં આત્મા છે. તે પૂર્વે પણ હતો અને ભવિષ્યમાં પણ તેનું અસ્તિત્વ ખરૂં જ. પૂર્વે હતો એટલે

અનાદિ કાલિન અસ્તિત્વ ધરાવે છે. એવા અનંતા આત્માઓ છે-હતા અને હશે.

પૂર્વકાળમાં અનંતોકાળ 'નિગોદ' (અતિસૂક્ષ્મ વનસ્પતિની જાત-જે અદૃશ્ય ગણાય)માં પસાર કર્યો. અનંતા અનંત કાળબળ ઉભું થતાં બાદર વનસ્પતિ-બટાકાદિ રૂપે આત્મા પેદા થયો. પછી કૃમિ-કીડી-પતંગીયા આદિ બે-ત્રણ-ચાર ઇન્દ્રિયધારી પણ બન્યો. આ બધા ભ્રમણમાં અસંખ્ય-અસંખ્યકાળ પસાર કરતા, બળદ-વાનર-વાઘ-સિંહ-સર્પ આદિ રૂપે જન્મી ગયો. જાતિગત શિકાર પ્રાપ્તિના હેતુએ ભયંકર પાપોથી લેપાઈ 'નર્ક'ના વચનાત્તિત દુઃખો ભોગવવા ચાલ્યો ગયો, યત્તા-ટાઈમલિમિટ કલ્પનામાં પણ ન આવે એટલી દુઃખ અને દર્દમાં આંતરું નહિ. કારણ કે 'નર્ક' એટલે જે ગુન્હાઓની દેખાતા વિશ્વમાં પુરતી સજા નથી, તે સજા પ્રાપ્તિનું સ્થાન તે નર્ક.

નર્કમાંથી નીકળી પ્રાયઃ ક્રૂર શિકારી જાનવર કે ભયંકર કસાઈ કે મચ્છીમાર અને પાછી નરકની વેદનાઓ. વળી ચાર-ત્રણ-બે એકેન્દ્રિયમાં અગર નિગોદમાં પણ અનંતોકાળ પસાર કરી આવે અને વળી પાછા એના એ ચક્કર

એમ કરતાં બ્રાહ્મણ આદિ કુળોમાં જન્મી જાય. સારી કરણી અને સરળતાદિ ગુણથી દેવયોનિમાં જાય અગર ક્રૂર બની પશુવધાદિ યજ્ઞો કરી નરકમાં પણ પ્રસ્થાન કરે, વળી મોટા ચક્કરો લગાવી સુકુળમાં અગર દેવ તરીકે જન્મી જાય. 'દેવ' એટલે પ્રાયઃ અતિ વિશેષ સુખના સ્થાનનો ભોક્તા. કમાવાની ઝણઝંટ નહિ. કારણ કે રસોડાની

ભાંજગડ નહિ. એ પણ એક **માનુષી દુનિયાનો ગર્વ ઉતારનાર અલબેલી દુનિયા છે.**

આમ ભવભ્રમણ કરતા કોક દુર્લભ પળે વિશ્વમાં **સર્વશ્રેષ્ઠ જૈનકુળમાં–શ્રાવકકુળમાં** આત્મા જન્મ પામી જાય છે. શ્રાવકકુળ સર્વશ્રેષ્ઠ એટલા માટે કે સોધ્યું 'સાધ્ય', સર્વતોમુખી કલ્યાણકર સાધ્ય, ત્યાં સહજ રીતે મળી શકે તેમ છે. પણ ત્યાં જન્મેલાને બધાને મળી જાય છે એમ નથી. કારણ કે કંઈક તો બાપડા તે કુળની મીઠાશને જ નથી પામતા અને અધુરા આયુષ્યે ચાલ્યા જાય છે. ત્યારે કંઈક એશ આરામ–અને ધન પ્રાપ્તિની સાધનામાં ખતમ થાય છે.

કોક–કોક આત્મા સુગુરૂના સંપર્કમાં આવે છે 'પણ 'સાધ્ય'ને ઓળખવા લક્ષ્યવાળા હોતા નથી. કંઈક બાલી ક્રિયાનુષ્ઠાન કરી ઈતિશ્રી માને છે. અતિઅલ્પ આત્માઓ ગુરૂ વચન બહુમાનપૂર્વક હૈયે ધારણ કરી ઉચ્ચ ક્રિયાદિને અમલમાં મુકવા સાથે 'સાધ્ય'ના હાર્દને પામવા પ્રયત્નશીલ બને છે.

આવા આત્માઓ પણ તથા પ્રકારના પૂર્વસંચિત અમુક કર્મના યોગે, 'સાધ્યસિદ્ધિ'ના ધોરી માર્ગે પ્રયાણ કરી શકતા નથી. જરૂર, માર્ગ તો એમને એજ ગમે છે. રૂચે છે. અને આત્મપ્રીતિકર બને છે. એટલે કેડી માર્ગે યથાશક્તિ ડગ ભરતા રહે છે.

શું છે એ સાચું સાધ્ય? અને શી છે એની સાધનાના રાજમાર્ગ અને કેડી માર્ગ? જે એમને ગમી ગયા અને આપણને મોટા ભાગને પ્રાયઃ ગમતા પણ નથી. પછી રૂચિ થવાની વાત જ શી?

જન્મ-મરણના અને ભયંકર વેદનાઓના જે ચક્કરમાં વિશ્વ અનંતાકાળથી અટવાઈ રહ્યું છે. તેમાંથી સદાની સર્વકાળ માટેની મુક્તિ અને સદાજીવી અનંતસુખની પ્રાપ્તિ એ છે 'સાધ્ય.' અને તે પ્રાપ્તિ અને **મુક્તિની સિદ્ધિમાં સાનુકુળ પંથ તે રાજમાર્ગ.** અને વિશેષ આંટાફેરા અને અથડામણો કરાવી અંતે રાજમાર્ગ પર લઇ જાય તે કેડી માર્ગે જતા ભાથારૂપ બને, વાહન તરીકે વપરાય, છાયા આપે તે સઘળાએ સાધક સાધનો.

'સુખ'–શાંતિ અને સમાધિ સૌને ગમે છે. સૌને મળતાં નથી. સત્કાર્યોનું ફળ સુખ. દુષ્ટ કાર્યોનું ફળ દુઃખ. મોટા ભાગને દુષ્ટકાર્યો છોડવાં નથી અને સુખ જોઇએ છીએ. ત્રણ કાળમાં તે બને તેમ નથી. જ્યારે સંસારી સુખ પણ પૂર્વના સત્કાર્યો પર જ નિર્ભર છે. તો સમાધિમય-સાચું સુખ તો ઉચ્ચ કોટિના સત્કાર્યો વિના મળે જ કયાંથી ? સમાધિ એ આત્મિક સુખ છે. અને **સર્વોચ્ચ ઉચ્ચ કોટિની સમાધિ એટલે મુક્તિ.** મુક્તિ એટલે જન્મ-મરણના ચક્કર સદા માટે બંધ અને આત્મામાં રહેલ અનંતજ્ઞાન અને અનંતશક્તિનો પ્રાદુર્ભાવ.

જો સંસારના સુખની પ્રાપ્તિ પાછળ નર્યો આત્મકલેશ જ ઉભો છે. પ્રાપ્તિ પછી ભુક્તમાન કાળમાં પણ શાંતિ નથી અને રક્ષણ અને સંરક્ષણ પાછળ લોહીનું પાણી જ થતું જોવામાં અને અનુભવમાં આવે છે તો અતિ ભયંકર ચોંકાવનારી બીના જ છે ને ? અને સુખાનુભવ અને સંપત્તિની માલીકીને છોડીને જવાનું તો નકકી જ છે ને ? અને તે બધું અને સ્વજન સંબંધી આપણા દેખતાં

આપણને છોડીને ચાલ્યા જાય અને ચાલ્યા પણ ગયા એને આપણે ન રોકી શકયા એ પણ નકકર વાત છે ને? જ્યાં સુધી જન્મ-મરણના ચક્કર ત્યાં સુધી આવી નક્કર વાતોનું-વિયોગનું નક્કર દુઃખ ખડું જ રહેવાનું.

તો લાત મારીને જાય તેના કરતા તે ભયંકરતાને જ લાત મારી સંસારમાંથી સરકી જવું શું ખોટું? પણ તે બધાને માટે શકય છે? ખરેખર, એ રાજમાર્ગ શકય-સરળ અને સુધા ભર્યો હોવા છતાં ખડ્ગની ધાર જેવો હોઇ બધા માટે એકદમ શકય ન બને. માટે કેડી માર્ગનો આશ્રય પણ કલ્યાણકર છે. પણ તે કોને માટે? ખાંધા કોર્ટ કોને આપે? અને કોણ માંગે? શાહુકાર હોવા છતાં શક્તિ ન હોય તેને. આબરૂની કિંમતવાળાને. તેમ 'સાધ્યની સિદ્ધિ'માં પણ રાજમાર્ગ પર પુરી રૂચિવાળાને, કેડીમાર્ગ ગુણકારી બને છે.

સંસારની અસારતા-આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અને વીતરાગ પરમાત્માનો અતિ ઉત્કૃટ વિશ્વોપકાર-જેને સમજાયો; જેના હૈયે સંપત્તિ અને શરીરની વિનાશકતા બેઠી તેને રાજમાર્ગ-સર્વત્યાગનો ગમે જ ગમે અને શકય સંજોગોમાં સ્વીકાર્યા વિના ચેન પડે પણ નહિ,

પણ તથા પ્રકારની અશક્તિ યા આસક્તિ રૂપી અશક્તિના કારણે આત્મા સર્વત્યાગના માર્ગે ન જ જઇ શકે તો શકય ત્યાગ રસ્તે રસ્તો કરતો કરતો જાય. સાથે જ હૈયામાં સુરભિ પસરાવતો જાય કે : 'હે સ્વામિન્ સ્વશરીરને વિષે પણ મમત્વ બુદ્ધિનો ત્યાગ કરીને, શ્રધ્ધા વડે પવિત્ર વિવેકયુક્ત હૈયાવાળો બનીને, સર્વ અનિત્ય સંગને

છોડી દઈને, શત્રુ અને મિત્રે પ્રત્યે સમભાવ ધારણ કરીને સર્વ ઇન્દ્રિયો પર કાબુ મેળવી, સાધુપણાનો કયારે સ્વીકાર કરીશ.

**શરીર એજ સર્વ દુઃખનું મૂળ છે.** શરીર છે તો ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયોમાંથી માદકતા અને માદકતામાંથી મહાપાપના વ્યાપારો દ્વારા સુખ સામગ્રી અને સંપત્તિ મેળવવાનું મન થાય છે. શરીર છે તો ઘડપણ અને મૃત્યુ છે. અને તેના ભયંકર દુઃખના શા વર્ણન કરવા? જન્મ છે તો જ શરીર છે. **અજન્માને શરીર જ નહિં**

અજન્મા બનવા માટે અનાદિ કાલથી લાગેલી અનંતી અનંતી પાપની રજ દૂર કરવી જ કોઇએ. કોઈ એ ભયં-કર ઘાતકી રજને કર્મ કહે છે. કોઇ રાગદ્વેષની પેદાશ માને છે. ચાર કષાયોની પ્રજા ગણે છે. પ્રકૃતિ યા આત્મામાં જન્મેલા વિકૃતિ તરીકે બિરદાવે છે. પરંતુ સર્વથા નાસ્તિકો સિવાય સર્વ કોઇ એ કર્મરજને સર્વદુઃખની ખાણ અને સંસાર–ભવભ્રમણનું મૂળ માને છે.

તો આત્માને લાગેલી એ ભયંકર રજને ખંખેરવા શું કરવું? શરીરમાં રહેલો અને શરીરનો માલીક આત્મા એજ શરીર દ્વારા નિજનાસાધ્યને કેમ ન સાધી લે? આ આ સઘળીએ ઉચ્ચ કોટિની વાતો સમજાવનાર સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને કેમ ન ઓળખી લે? એ પરમાત્વ દેવની પીછાન કરાવનાર શુદ્ધ ગુરૂ તત્વને શા માટે ન શોધી કાઢે હિંસા–જુઠ ચોરી, વિષયપિપાસા-સંપત્તિનો સર્વત્યાગ કરીને આત્મજ્ઞાની મસ્તીમાં રમનાર સુપવિત્ર આત્માને શા માટે શિરતાજ ન બનાવે?

અને પછી…પછી એના ચિંધેલા વિશ્વકલ્યાણકર માર્ગે ધીમે ધીમે પણ દઢ પગલે કેમ ન ચાલ્યો જાય? એ ચાલની ગતિમાં મતિની શુધ્ધતા હોય, વિશ્વપ્રેમનો પાવક અગ્નિ હોય. એની આંખમાં સમભાવની શીતળ સુરભિ હોય. એની મુખમુદ્રામાં સ્વપર કલ્યાણની–સર્વના સુખની તેજછાયા હોય.

સહનશીલતા–સત્યશૌર્ય–સૌમ્યતાના એને ઓડકાર આવતા હોય. એનું મૌન પણ મસ્તી ભર્યું હોય. એનું સ્મિત મીઠાશની મ્હેકથી ભરેલું હોય. કારણ કે એ સર્વજ્ઞ દેવનો સેવક છે. સર્વજ્ઞની આજ્ઞા એનો ધર્મ બની ગયો પછી શી કમીના? **'આણાએ ધમ્મો' એના પ્રાણ બને છે. 'આજ્ઞા' એનું અમૃત.** નાથની–દેવાધિદેવની સર્વરક્ષક પ્રભુની પાછળ એનું સઘળું ન્યોચ્છાવર હોય છે.

**'સાધ્યની સિદ્ધિ' મરજીવાના ખેલ છે.** સાગરને તળીયે ડુબકી મારી 'મોતી' તો મરજીવા જ લાવે સદાકાલીન સંપૂર્ણ સુખની સાધના–સાધ્યનો પારખ જ સાધી શકે.

સાધન–સાધના, સાધક અને સાધ્ય એનો સુમેળ એટલે સર્વોત્તમ સાયન્ટીફીક શોધ. એ શોધમાં જરાએ ન થવા દેવા અવરોધ. સુદેવ–સુગુ–રૂસુધર્મ સાધન છે. તેની પાછળ પ્રાણ પાથરવા એ સાધના છે.એ સાધનાને આત્મીય બનાવે તે સાધક. આ સાધકને સાધ્યની સિદ્ધિ સિધ્ધિ થવામાં વિલંબ શો? સર્વ કોઇ શુધ્ધ સાધ્યની સિધ્ધિ પામો એજ અભિલાષા.

# ધન્ય સાધર્મિક ભક્તિ !

( સંસ્કાર કથા )

આજનો યુગ એટલે કથા–વાર્તા વિનોદ. મોટા ભાગના માસિક, અઠવાડિક કે દૈનિક કથા વાર્તાથી સભર. ભારે આકર્ષણ પણ એમાં મોટા ભાગે વિનોદ અને આનંદ લહરી. બોધ–જ્ઞાન યા ઉપદેશામૃત બહુ ઓછા. કારણ કે આત્મ-દૃષ્ટિ ઉડી ગઈ. પરલોક યા મૃત્યુ પછી શું ? એની પ્રાયઃ ઝાઝી ચિંતા–પીડા નથી.

જૈન શાસનમાં કથાઓ પાર વિનાની. જાણે કથા સાગર. મુખ્યતા ધર્મકથાની, સંકીર્ણ કથા પણ ખરી. લક્ષ બધામાં આત્મકલ્યાણનું. સંવેગ નિર્વેદ અને પુણ્ય પાપના તત્ત્વો આગળ પડતા. વિરાટ વિશ્વની વિકરાળતાનો ભય અને તેનાથી છૂટી સચ્ચિદાનંદપદ પ્રાપ્તિ એ તો આર્યાવર્તની લાક્ષણિક્તા.

કથા જ તેનું નામ જેમ આત્માનું કથન હોય. કથનમાં-સ્વરૂપ–વર્ણન–લક્ષણો–વિશેષતા–નિમિત્ત કારણોની ગજબનાક અસર–જડ ચેતનના ચમત્કાર બધું જ હોય ને ? કથા સાહિત્ય એ તો એક અજબ સાધન છે અમરતાની પ્રાપ્તિનું. અમરતા જન્મ–બંધ થયા વિના કયાંથી મળે ? અજન્મા કેવી રીતે બનાય એ પૂર્વ પ્રસંગોના કથાનકો જ કહી જાય

ને? કથાઓ ગર્ભસ્થ જીવોમાં પણ સંસ્કાર સર્જી દે છે. સારા યા ખોટા સંસ્કારનું સીંચન કથા વસ્તુ અને કથાનકો જ કહી જાયને? કથાઓ ગર્ભસ્થ જીવોમાં પણ સંસ્કારનું સીંચન કથા વસ્તુ અને કથાકારક પર જ અવલ બેને?

પૂર્વ જન્મના સંસ્કારને જાગૃત કરવાનું કામ પણ કથા વસ્તુ જ કરી જાયને? આપણી સંસ્કાર કથાના નાયક નેમચંદ શેઠ. રૂડા રૂપાળા અને શાણા. શાણપણ ધર્મવિવેક યુક્ત. કપટ કળાનું નામ નહિ. અવળચંડુ એક કામ નહિ. ઉદાર જિનભક્ત. ભક્તિમાં ખામી નહિ. અનુકંપા હૈયે વસેલી. પૈસાને હાથનો મેલ માને. સુકૃતનું સાધન ગણે. લોભ લવલેશ નહિ. લોભ માત્ર દેવગુરૂ ધર્મની ભક્તિનો. પૈસે ટકે પૂરા.

ત્રિકાળ જિનપૂજનનો નિયમ. ૧૨ થી ૪ પેઢી પર. ત્યાં પણ ધર્મના–સમાજના કામ તો ચાલુ જ હોય. પાંચ વાગે વાળુ. દેવદર્શન કરી પ્રતિક્રમણ અને પછી કુટુંબ સમક્ષ ધર્મચર્ચા–કથાવાર્તા સાથે જ્ઞાનગમ્મત. અને બે કુટડા બાળકોમાં ધર્મ સંસ્કારનું સીંચન.

પત્ની પતિવ્રતા. નયના તેનું નામ, શીલવતી અને સોહામણી. નમ્ર અને ઘરરકખુ. દીલ દયા ભાવથી ભરેલું. ગરીબને જુએ અને મુઠી ભરે. સગાવહાલાની સારસંભાળ પૂરી. ઘેર સાધર્મિક આવે અને હૈયું આનંદ વિભોર બની જાય.

આવી હતી એ જુગલજોડી. આનંદ પ્રમોદ ધર્મમય. ગંગાના નીર જેવું નિર્મળ જીવન બંન્નેનું. જાણે શાંતિનું સતત વહેતું ઝરણું. એ શાંત વાતાવરણમાં પેલા બે બાળકો

શરીરે અને આત્માએ વિકસતા જાય છે. ઉમ્મર ૫ અને ૭. વિનય તો જીવતો જાગતો દેખાય. સાંજ સવાર બન્ને મા બાપને પગે પડે. બોલ મીઠો મધુરો. ચાલે રાજહંસની. પગલી ઉપાડે ને કંકુનો ભાસ થાય. બોલે ને જાણે મોગરાના ફુલ ખરે. સાચા ધર્મીના કુટુંબનું સંસ્કાર જીવન. દેખે તેના આનંદનો પાર નહિ.

સમયના વહેણ નદીના નીરની જેમ વહેતા રહે છે. કાળચક્રના ચક્રાવા અજબ ગજબના છે. કુદરતનું ગણિત કર્મ-સત્તાને અવગણતું નથી. પુણ્ય–પાપના શુષ્ક તત્વોને પરકીય ગણતું નથી. પુણ્ય પહોંચે ત્યાં સુધી સુખ અને શાંતિ. પાપના ઉદયમાં દુઃખના ઢેર. શાણો આત્મા માનસિક શાંતિ રાખે એ અપવાદ. પુણ્ય એટલે પૂર્વજન્મની સારી કરણી. પાપ એટલે ગતજન્મની બુરી કારવાઇ. આના ફળ તો મળેજ મળે. કોઈ છટકી શકે નહિ.

નેમચંદ શેઠ પેઢી પર બેઠા છે. શ્વાસભર્યો ઘોડેસ્વાર ઉતર્યો. પરસેવાથી રેબઝેબ. મારતે ઘોડે આવેલ. મોં પર ગ્લાનિ પુરી. શેઠજી! અંદરના રૂમમાં પધારો. વાત કરતા જીભ ઉપડતી નથી. આંખમાં આંસુ આવી જાય છે. શેઠ શાંતિથી પૂછે છે. મહેતાજી છે શું? શેઠ સાહેબ! ગજબ થઈ ગયો. સાતે વહાણ સાત લાખના માલ કરીયાણા ભરેલા. સાગરનેતળીયે. શેઠના મોં પરની રેખા ફરતી નથી. એજ શાંન સ્વર સંભળાય છે. ચિંતા કરો નહિ, હવેલીએ જાવ. સ્નાનાદિ કરી તૈયાર થાવ. મારી સાથે જમવાનું છે. મહેતાજી મંદગતિએ જાય છે. એનું માથું કામ કરતું નથી.

ચાર દિવસ ગયા ને ઉંટડી સ્વાર આવ્યો. એવી જ રામાયણ. શેઠજી, પરદેશની સાતે વખારો અગ્નિમાં સાફ. અંદાજે નુકશાન સાત લાખનું. શેઠનું રૂંવાડું ન ફરકે એજ સૌમ્યતા અને ગંભીરતા. મોટા મુનીમને સૂચવ્યું રાત્રે દશ વાગે હવેલીએ આવજો. રાત પડી અને શેઠ મુનીમ ભોંયરામાં ઉતર્યા. બે ઓરડા વટાવ્યા. ત્રીજા ઓરડાનું તોતીંગ તાળું ખોલ્યું. શેઠ બહાર બેઠા છે. મુનીમ અંદર જાય છે. જોઇને ચક્કર આવે છે. ક્યાં ગયો ઢગ સોનાની લગડીઓનો ? કયાંથી આવ્યા કાળા કોલસા ! હે ભગવાન ! શું થવા બેઠું છે. મારો શેઠ પૂરો ધર્મી અને પ્રામાણિક ! કયા ભવનો પાપોદય ? ભગવાન ! ભગવાન !

ઘણો ટાઇમ થયો. મુનીમજી ! મુનિમજી. જવાબ ન મળે. શેઠ જાતે અંદર જાય છે. મુનીમ અર્ધ બેશુદ્ધ. ઢંઢોળે છે. જાગૃત કરે છે. શેઠજી ! શું આ સાચું જોઉં છું, હા, ભાઈ. કર્મસત્તાનો અટલ ન્યાય છે. સાવધ બની બહાર ચાલો. ૨૧ લાખ ગયા. પણ પેટનું પાણી ન હાલ્યું. એ જ જિન-ભક્તિ. એ જ સામાયિક. એ જ સંસ્કાર સીંચન અને સાથે ભાવિ તૈયારી.

આર્ય–પત્ની તો દુઃખની સહભાગી ! અને આ તો વિવેકી શ્રાવિકા. એનાથી શું અજાણ્યું. પોતાના હીરા માણેક મોતીના દાગીનાનો ઢગલો કર્યો પતિના ચરણે. વૃધ્ધ મુનીમના હાથ અને હૈયુ બંને કંપ્યા તેને વેચતા. જમે રકમો વ્યાજ સાથે સામે બોલાવી સોંપણી. પાઈનું દેવું નહિ. અને મિલ્કતમાં રહી માત્ર હવેલી. દાસ દાસીઓને બાર મહિના ચાલે એટલુ ધન આપ્યું. ઘણી આનાકાની સાથે અશ્રુભીની આંખોએ કંપતે હાથે લઈ છૂટા થયા.

વીતરાગ ભગવંતની ભકિત ભકતને શું આપે છે? ધર્મનું પ્રત્યક્ષ ફળ કયાં દેખાય છે? ઈ, ઈ. પ્રશ્નોના મૂક જવાબ આ કથા સ્પષ્ટ રૂપમાં આપી જાય છે. કેવી અજબ શાંતિ મનને અને આત્માને? કેવું અને કેટલું પ્રશાંત સુખ? પ્રાય: એકે કર્મનો બંધ નહિ. લાખો અને ક્રોડો ગમે પૂર્વ કર્મના ભુક્કા, લક્ષ્મીના મોહનો આશ્ચર્યજનક ત્યાગ. ધર્મ—વિવેકની સાચી ફોરમ. આવો આત્મા કયા માનસિક સંયોગોમાં ગૃહીઅવસ્થામાં બેઠો હશે? સંસાર ત્યાગની એની હૈયા ભાવના કેવી ઉમદા હશે. સમતાગુણ ખીલતા શું વાર? **અજબ છે વીતરાગની વાણી અને વિશ્વકલ્યાણકર સિદ્ધાંતો!**

(૨)

રાતના દશનો સમય છે. સીત્તેર વર્ષના વૃધ્ધ મુનીમ શેઠને વિનવે છે. 'શેઠજી, મારી આ સફેદ દાઢીના માનને ખાતર પણ આ પાંચ લાખનો રૂકકો સ્વીકારો. પ્રસંગે પ્રસંગે આપી આપેલી નવાજેશનો જ આ સરવાળો છે. ફરીથી વેપાર ધંધો શરૂ કરો. પુણ્ય પસાયે સૌ સારાવાના થશે. કૃપા કરી નગર ત્યાગનો આંતરિક વિચાર માંડી વાળો. મુનીમની ઉદારતા અને સહૃદયતા નિહાળી શેઠની અને શેઠાણીની બન્નેની આંપણો ભીની બને છે.

શેઠની પ્રશાંત વાણી શાંત વાતાવરણમાં ગુંજી ઉઠી, ધન્ય છે! મહેતાજી, તમને અને તમારી જનેતાને. પણ મારો પાપોદય પૂરો છે. નહિ તો સાત લાખનું સુવર્ણ કોલસો ન બની જાય, મારી પાસે અત્યારે જે કાંઈ આવશે તે જવા માટે. માટે મને વધારે આગ્રહ ન કરશો, આ હવેલી

હવે તમારી. પરોઢીએ ૨ વાગે અમે ચારે પરસ્તેશ પ્રયાણ કરશું. પુણ્ય-પાપના ખેલ અનુભવશું-યોગ હશે તો ફરી મળીશું. જય અરિહન્ત. અશ્રુભીની આંખે, બળાત્કારે ઉપડતા પગે મુનીમની રજા લે છે.

પરોઢીયાની નિ:રવ શાંતિ. એક બાળક શેઠને ખભે. એક શેઠાણી પાસે. પગપાળા નગરની બહાર નીકળી ચાલ્યા જ જાય છે. નમસ્કાર મહામંત્રનું શુદ્ધ સ્મરણ બંનેનું માનસિક ચાલુ છે. ભારે થાક અને હેરાનગતિમાં વીસેક માઇલ કાપી નાખ્યા, ત્યાં કોઈ નગરનું પાદર આવ્યું. ઘેઘુર વડલા નીચે બેઠા થાક ઉતારવા. થાક તનનો અને મનનો. આત્મા તો તાજગીમાં જ હતો. અમૃતસીંચન મહામંત્રનું ચાલુ જ હતું.

આવા દિલદાર આત્માનો પાપોદય પણ બિચારો પામર બની જાય છે. ન એનું સ્વાગત-ન એનો શોચ. જાણે એનો કાંઈ અધિકાર જ એ આત્મા પર ચાલે નહિ. કંટાળીને ભાગવાની જ વાત કરે ને? બિચારો પાપોદય! એને ઠેકાણે કોઇ અનેરો પુણ્યોદય આવીને ખડો થઈ જાય તો પણ નવાઇ નહિ. કસોટી તો ધીર વીરની જ થાયને? કુંદન જ કસોટીએ ચઢે. અરે અગ્નિમાં પણ પ્રવેશે. ભારતવર્ષની ભવ્ય ભૂમિનું-આર્યત્વ-આર્યત્વની ટોચ સમુ જૈનત્વ એનું આ છે ખમીર અને તેજ.

હાથમાં ચાંદીનો સુંદર કળશો છે. મુખ પર લાલી છે. સુખી શેઠીઓ મંદ ગતિએ ભાગોળે જઇ ચાલ્યો આવે છે. નજર પડી એની વડલા નીચે. જાણે નેમચંદ શેઠની ભાગ્યદેવી જ નજર નાખતી હોય. શેઠીયાની દૃષ્ટિ પારદર્શક

હતી. પારખી ગયો. જરૂર કોઇ તેજસ્વી ખાનદાન દુઃખી અવસ્થામાં આવી પડેલ છે. લાવ પાસે જાઉં. યોગ્ય ભાળ કરી યોગ્ય ઔચિત્ય કરૂં. 'ભાગ્યવાન્ પધારો મારે આંગણે, શીરામણ કરી પછી આગળ જવાશે. મારી ગાડી આપને લેવા આવે છે. જરાએ આનાકાની કરશો જ નહિ. મારા પુન્યે જ આપ આ નગરના પાદરે પધાર્યા છો.' શેઠ વિચાર કરતા રહ્યા ત્યાં તો બે ઘોડાની ફેટન આવી ઉભી રહી. બગીની પાછળ ઉભેલો કોચમેન તો એ કુટુંબને નીરખી જ રહ્યો. માણેક-ચંદ શેઠ જાતે શેઠનો હાથ પકડી બગીમાં બેસાડે છે. બન્ને બાળકો અને માતાને શેઠ સાથે બેસાડે છે. જાતે સામી સીટ પર બેસી જાય છે. વાહરે આતિથ્ય અને એની આર્ય રીતિ !

હવેલી પર ચપરાશીઓ ઝુકી ઝુકી સ્વાગત કરે છે. વિમળા શેઠાણી ઓવારણા લે છે. જાણે નયના અને વિમળા સગી બ્હેનો ન હોય. નેમચંદ શેઠ કહે 'શેઠજી, અજાણ્યા પર આટલો ઉપકાર? પણ 'જિનપૂજન' વિના શીરામણ લેવાશે નહિ. ત્યાં તો પૂજાની જોડ હાજર થઇ. બચ્ચા માટે બચ્ચા યોગ્ય. સ્નાન-સમૃદ્ધિ પણ મઝાની હતી. માણેકચંદ વિચારે છે. ભારે મઝા બની. અજાણ્યા પણ ધર્મી સાધર્મિક મળી ગયા. હું પામર તો છતી સામગ્રીએ પૂજા પણ નથી કરતો. નવ વાગ્યામાં તો પેઢીએ જઇ ચોંટુ છું. આજે કમાણી સફળ બનશે.

એજ કઢેયા દુધ-બદામ પીસ્તાને કેશર સુગંધયુકત નાસ્તાની ચીજો બાળકોને મળી. માત્ર રાત આડી ગઇ. નેમચંદ રજા માગે, માણેકચંદ કહે 'એમ જવાય નહિ.

તમે અમારા સાધર્મિક, અઠવાડિયું તો મારું જ. આગળની વાત આગળ.' પુણ્યોદય તે આનું નામ. સમરતારસનું આ તો માત્ર અતિ સામાન્ય પ્રત્યક્ષ ફળ. બપોરના જમણ બાદ ગાદી પર અલક–મલકની વાતો ચાલે છે. ખાનદાન માણેકચંદ નથી પૂછતા નામ કે ગામ–નાહક દુઃખી અવસ્થા શા માટે યાદ કરાવવી? પ્રતિક્રમણ બાદ બન્ને કુટુંબો દીવાનખાનાના મોટા હોલમાં બેઠા છે. માણેકચંદને સંતાન નથી. પણ આજે તો દાસ દાસીઓને પણ બેસવા રજા છે. કારણ કે અવનવી ધર્મગોષ્ઠિ થવાની છે.

નેમચંદ શેઠ આજે પુરબહારમાં ખીલ્યા હતા. સુપાત્રદાન–અભયદાન અનુકંપાદાન જ્ઞાનદાનાદિ દૃષ્ટાંતો દ્વારા સમજાવતાં દાન–ધર્મની રેલમછેલ કરી મૂકી, પણ અંતે ખૂબ ઉંડા વિચારમાં પડી ગયા. કારણ કે પોતાના સુખમય દિવસો દાન વિના વાંઝિયા જતા હતા. ચકોર માણેકચંદ શેઠ આ વાતને પામી ગયા. બોલી ઉઠ્યાં, 'ખરેખર તો જીવન મારું ધર્મ હીન જ ગયું. દાન દેતા મને ભારે આંચકો આવે છે. પણ હે મોટાભાઈ, (નેમચંદ શેઠ) મારી એક વિનંતિ તમે માનો. હવે તમે મને અને આ સઘળી મિલ્કતને પરાયી ન ગણો. સવારથી તમારી ઈચ્છા પ્રમાણે દાન વિવિધ રીતે શરૂ કરો. જેથી મને પણ કાંઈક જાગૃતિ જન્મશે.'

પારકે પૈસે અને દાન! શેઠને કેમ રૂચે? પણ આત્મીય આગ્રહ પાસે નમતું જોખવું પડ્યું. દાનનો પ્રવાહ શરૂ થયો. બીજું અઠવાડિયું પણ પસાર થયું. શેઠે રજા માગી. માણેકચંદ કહે, 'જવાની વાત તો ઉચ્ચારવી નહિ. આ પંદર

દિવસ જેવો આનંદ સારી જીંદગીમાં અનુભવ્યો નથી. નાહક જવાની વાત કરી મારૂં મન દુઃખવશો નહિ. સારાએ નગરમાં એક જ ખ્યાતિ. માણેકચંદ શેઠના મોટા ભાઈ આવ્યા છે. ભારે ઉદાર. રાજાના દરબારમાં દાન–ચર્ચા થવા લાગી. રાજા માણેકચંદને કહે છે; 'અરે ભલા શેઠીયા, આવા નરરત્નને મારા દરબારમાં–ડાયરામાં કેમ નથી લાવતા!' 'રાજાસાહેબ, કાલે વાત.' રાજા કહે, 'ના એમ નહિ. મારી ૪ ઘોડાની બગી–છડી–છત્ર સાથે લેવા આવશે.' માણેકચંદનું હૈયું નાચી ઉઠયું. શું મારા સદ્ભાગ્ય? મારા ભાઈને રાજમાન પણ ગજબનું! ભારે પુણ્યશાળી! ખાનદાન અને ઉદાર હૈયું જ આવો આનંદ અનુભવી શકે! બાકી તો હૈયું બાળીને ખાખ થઈ જાય.

માણેકચંદ શેઠે ભેટણાનો થાળ તૈયાર કર્યો. સોનામહોરોથી ભરેલો. નેમચંદ શેઠ કહે. 'ભાઇ તમારા ઉપકારનો ભાર હવે હદ ઓળંગે છે.' માણેકચંદ મૌન. રાજાએ સામેના સિંહાસન પર બેસાડયા. સ્વહસ્તે પાન બીડું આપ્યું. અવર નવર આજ રીતે દરબારમાં આવવા સૂચવ્યું. રાજ મહેમાન બનવા આગ્રહ કર્યો. માણેકચંદ કહે સાહેબ, મારા મોટાભાઇ તો ધર્મના અવતાર છે માટે મારે ત્યાં જ રહેવા દો. બધું આપનું જ છે.'

ખૂબી તો એ છે કે દિવસો પર દિવસો જાય છે. પણ કયાંના છો? શું બન્યું? કોઈ જ કાંઇ પૂછતું નથી. બે માસ પસાર થઇ ગયા. દિલચશ્પીથી ધર્મવૃત્તિ ખીલતી જાય છે. નયના વિમળાની પણ વિમળતા વધતી જાય છે. બાળકો તો નયના કરતા વધારે વિમળાના ગણાવા લાગ્યા. પુણ્યાનુંબંધી પુણ્યનો

ઉદય જંગલમાં પણ મંગળ કરે. શયતાન પણ સ્વર્ગીય દેવ બની સેવા કરે. આ તો ખાનદાન જોડલું અને એમને ઘેર ધર્મ ગંગાનો પ્રવાહ આવી સમાયો!

બન્ને શેઠીયાઓ અલક મલકની વાતો કરતા મધ્યાહ્નને દીવાનખાનમાં બેઠા છે. દરવાજાનો ચપરાશી આવી પૂછે છે. કોઇ વૃધ્ધ પુરૂષ આપને મળવા ઇચ્છે છે. આવવા દો. શ્વેત મસ્તકે પ્રવેશ કર્યો. મસ્તક નેમચંદ શેઠના ચરણમાં નમી પડયું. શેઠે વૃધ્ધને બાહુપાશમાં લીધા. બન્નેની આંખો ભીની થઇ. માણેકચંદ દૃશ્ય જોઇ સાનંદ આશ્ચર્ય અનુભવી રહ્યા. કાંઈક પાછલી સ્મૃતિ તાજી થવા લાગી. આંખમાં ચમક આવી. આનંદ વિભોર બની ગયા. ભૂતની મીઠી સ્મૃતિ કૃતજ્ઞ આત્માને કેવા આત્માનંદમાં ઝુલાવે છે અને પુણ્યોદય કેવી ચમત્કારી ઘટનાઓ સર્જે છે તે આગળ જોશું.

(૩)

તડકો છાંયડો, તેજ છાયા, સુખ દુઃખનાં દ્વંદ વિશ્વમાં વ્યાપક છે. સત્–અસત્નું યુદ્ધ પણ અનાદિ કાલીન છે, પુણ્યપાપના પડછંદા પણ હરકોઇના અનુભવમાં છે. પુણ્ય પાપને ન માનનાર દુઃખમાં રીબાય છે. પુણ્યકાળમાં પાગલ બને છે. બન્ને તત્વોમાં અખૂટ શ્રદ્ધાયુકત આત્મા બન્ને અવસ્થામાં માનસિક શાંતિ અને સ્વસ્થ સુખનો અનુભવ કરે છે.

આપણા નેમચંદ શેઠ કર્મસત્તા–ધર્મસત્તા અને આત્માની અનંત શક્તિમાં અતૂટ શ્રદ્ધાવાળા તો હતા જ. પણ સાથે તેવું જ આદર્શ જીવન–જીવનારા હતા. શેઠે વૃધ્ધને બાહુ-પાશમાં લીધા. આ તેજ વૃદ્ધ છે જેણે પાંચ લાખની પુંજી

શેઠને ચરણે ધરી હતી. માણેકચંદ શેઠ ટીકી ટીકીને વૃદ્ધને નિહાળે છે. સારોએ ભૂતકાળ આંખ સામે ખડો થાય છે. 'હું પુરી આપત્તિમાં મૂકાણો. આબરૂ સાચવવાનો પ્રશ્ન ઉભો થયો. રૂપીઆ પંદર હજાર પૂરા, ૨૪ કલાકમાં જોઈએ. કોણ આપે? કોની કને માગવા? કયાં જવું? કુદરતને ભરોંસે-ભાવિના વિશ્વાસે દૂરના નગરે પહોંચ્યો. નામાંક્તિ શેઠની પેઢીએ પહોંચ્યો. ખાનગી બેઠકમાં વાત કરી. ન ઓળખાણ, ન પીછાણ, ન નામે ઉધાર્યા. પંદર હજાર પૂરા, ભીની આંખને આપી દીધા. પીઠ પર હાથ ફેરવી, પૂરો પ્રેમ બતાવી વિદાય કર્યો. તે મોટા શેઠના જ આ મુનિમ. નેમચંદ શેઠનો ચહેરો અને મોટા શેઠનો મહોરો એક જ. ચોક્કસ મોટા શેઠના જ દીકરા. વાહ ઘી તો બધુંય ખીચડીમાં જ પડયું. હવે પેલા પંદર હજાર જે પાંચ વર્ષથી અનામત અલગ રાખ્યા છે, તે વ્યાજ સાથે આપવાનો મોકો મલી ગયો.'

ભદ્રાસન પરથી એકદમ ઉભા થયા. નેમચંદ શેઠના પગમાં માથું મૂકી દીધું. આંખમાં હર્ષાશ્રુનું પવિત્ર ઝરણું વહી રહ્યું છે. નેમચંદ શેઠનો આત્મા સફાળો ઉભો થઇ ગયો. 'ભાઈ, છે શું ? શું થઇ ગયું ? હાથ ઝાલી પાસે જ આસન પર બેસાડયાં. મુનિમ પણ સ્તબ્ધ બની જોઇ રહેલ છે. સઘળી વિગત કહે છે. અને ઉમેરે છે, મોટાભાઈ. આપના પિતાશ્રીના પંદર હજાર એટલે જ મારૂં જીવતર. રળતર, આબરૂ, કીર્તિ અને જાહોજલાલી. નહિ તો આ નેમચંદ આ દુનિયા પર ન હોત. ખરેખર આપનો મેળાપ અને સહવાસ મારે તો અકાળે મેઘ વરસ્યા અને સર્વ

ઋતુના ફળનો એક ઋતુમાં આસ્વાદ જેવું બન્યું, ખરેખર, હું કૃતાર્થ બની ગયો.

મુનીમજી, તમે પધારો. સ્નાનાદિકથી થાક ઉતારો. ભોજન આરોગી લ્યો. શેઠજી, સૌથી પહેલા મારે તમારો આભાર માનવો રહ્યો, મારા પ્રાણ સમાન શેઠને સહકુટુંબ તમારે ત્યાં હેમખેમ સુખશાંતિમાં નીરખી મારો આનંદ-વારિધિ હૈયામાં માતો નથી. પહેલા મારા શેઠજીને સુખ-વાર્તા જણાવા દો કે દરિયામાં નાશ પામેલા ગણાતાં સાતે વહાણો સુખરૂપ બંદરે આવી ગયા. અને કરિયાણાના ડબલ દામ ઉપજતાં ૧૪ લાખ હાર્ડકેસ અનામત સુવ્યવસ્થિત કરી હું મારા શેઠજીની શોધ કરી રહ્યો હતો. ત્યાં સાંભળ્યું કે આ નગરમાં કોઈ નવીન દાતા આવેલ છે. સારાએ પચાસ માઈલના પ્રદેશમાં મારા શેઠ સિવાય દાતા તરીકેનું નામ સાંભળ્યું નથી, અનુમાને આવ્યો આંખો પાવન થઈ. એક નહિ પણ બે ખેલદિલ ઉદાર ચરિત આત્માઓના દર્શનથી. હું ધન્ય બની ગયો. શેઠજી, તમે પણ સાચા શેઠ!

મુનીમજી, માણેકચંદ શેઠ તો સાચા સહોદરથી પણ વધી ગયા. એમના પ્રેમ, ભક્તિ, ઉદારતા....નેમચંદ શેઠની આંખો સજળ બની ગઈ. ત્યાં તો માણેકચંદ શેઠના મોં પર આડો હાથ મૌનપણે ધરી દીધો. અને મુનીમનો હાથ પકડી ઝપાટાબંધ ત્યાંથી નીચે લઈ ગયા. મુનીમની ચકોર આંખો ચારે બાજુ કાંઈક શોધે છે, હોંશિયાર શેઠ પારખી ગયા 'ભાઈ, બન્ને ભૂલકા તો પંડિતજી પાસે સામાના મકાનમાં વિદ્યાભ્યાસમાં છે. રહો, હું જાતેજ બોલાવી લાવું. બન્ને બાળકો વૃધ્ધના પગમાં પડયા. દાદા, તમે કયારે આવ્યા?

ચાલો ચાલો બીજા બા પાસે લઈ જઇએ. જમવા બેસાડી દઈએ, નયના આ સુખદ પ્રસંગ નીરખી રહેલ છે. ત્યાં તો વિમળાના કાને શબ્દો પડયા, 'બહાર આવે છે. બા, બા, અમારા દાદા આવ્યા છે. કંઇ જતા રહ્યાતા. અમને રોજ એમને ત્યાં લઈ જતા. બહુ મઝા પડતી.'

સંધ્યા વીતી આવશ્યક ક્રિયા ઉલ્લાસ પૂર્વક થઈ. ધર્મ-કથા પરિષદ ગોઠવાઈ ગઈ. નેમચંદ શેઠની મુખવીણા વાગવા લાગી. આત્મા, સંસાર,કર્મ, ધર્મનું સ્વરૂપ, કર્મની કઠીણાઈ, ધર્મનું અપૂર્વ બળ, આત્માની અધોગતિ, પ્રગતિ અને ઉન્નતિના સુરો ફેલાવા માંડયા. બેઠેલાનાં હૈયા ડોલવા લાગ્યાં દૂનિયા ઘડીભર ભૂલાઈ ગઈ. સૌ નિઃસ્વાર્થ પ્રેમના ઝુલે ઝુલવા માંડયા. ત્યાં જિનેશ્વરદેવની ભક્તિનો વિષય આવ્યો. શેઠ થંભ્યા, 'મુનિમજી, અનુકંપાદાનસહ અઠ્ઠાઇ મહોત્સવ માણેકચંદ શેઠના નામથી શરૂ કરશું ને? આઠ દિવસની નોકારસી–સાધર્મિક વાત્સલ્ય અને છેલ્લે દિવસે ધુમાડાબંધ નગર જમણ. મુનીમનું હૈયું નાચી ઉઠયું. અનુમોદના સુર નીકળ્યો. ધન્ય વાણી! ધન્ય વિચાર! ધન્ય પુણ્યની ચઢતી કળા!

પ્રભાત ઉગ્યું. શરણાઈના સૂર સાથે વાજીંત્રો વાગવા લાગ્યા. દેવડીએ અનુકંપા દાન શરૂ થયું. નગર સારામાં થાળી ઢોલ પિટાયા. જનગણ દર્શનઘેલો બન્યો. દેવાધિદેવના અને બન્ને શેઠીયાના. સાથે મહાપ્રામાણિક કૃતજ્ઞ મુનીમના પણ. ચૌદ લાંખમાંથી ચાંઉ કરવાની ઈચ્છા પણ ન જન્મી! ધન્ય એની જનનીને. ચોરે ને ચૌટે એક જ વાત. શું કુટુંબ! શો વ્યવહાર? શું ઉદારતા! ધર્મ તે

આનું નામ. જૈન ધર્મ અજબ ગજબનો ! ઉદારતા વિશ્વને એ જ શીખવી શકે !

રાજવીને–રાજરાણીને આમંત્રણ થયા. પહેરામણીઓ થઈ. રાજદરબાર ભરાયો રાજ સન્માન સર્વશ્રેષ્ઠ મળ્યું. નગર બહુમાન તો હોય જ વસમી વિદાયની પલ આવી. આ–બાલવૃધ્ધ સૌની આંખમા વિરહવેદના. વિમળાને તો આછી મૂર્ચ્છા પણ આવી ગઈ. અજયને ચૂમે છે. વિજયને ભેટે છે. માથું સુંઘે છે. બન્નેને ખોળે બેસાડે છે. પીઠ પર વ્હાલભર્યો હાથ ફેરવે છે. સંસાર છે ને ? મોહનો ઉછાળો શાણાને પણ આવી જાય આ તો એક નિસ્વાર્થ માતાને સ્થાને. અને બાળકો વિનમ્ર શાંત અને હસમુખા. ખોળેથી ઉઠયા વિમળાને પગે પડયા આશિષ લીધી. અને નયના વિમળા સજળ નયને બહારના આંગણામાં આવ્યા દૂર દૂર નજર નાખતાં માનવ મહેરામણ માતો નથી ત્યાં તો રાજ છડી પોકારાઈ રાજારાણી આવી આંગણે ઉભા. ભાવભરી વિદાય. રાજાની સાથે નેમચંદ શેઠ, સામે માણેકચંદ શેઠ બીજા વાહનમાં રાણી સાથે નયના સામે વિમળાની બન્ને બાજુ બન્ને કુમારો. ગરીબોને સ્વાદિષ્ટ સુગંધ મોદક દાન. નગર બહાર પ્રચંડ સભા. રાજ વિદાય અને રાજાના ઉદ્‌ગારો. આકાશગામી જય જયકાર. શેઠનું પોતાના તરફથી સર્વતોમુખી આભાર વકતવ્ય ! કેવું નિર્મળ હશે એ !

રંગ ભરી દુનિયા. જેવો સંગ તેવો રંગ. નિમિત્તવાસી આત્મા નિર્મળ પણ બને. નિર્બળ પણ બને. નિમિત્ત જોરદાર શુભ તો સુયોગ્ય પર છાયા પણ સુંદર. માટે જ શુભ નિમિત્તોની–સાધકોની સર્વાંગી જરૂર. માટે જ વીતરાગ

પરમાત્માના ઉત્કૃષ્ટ દેવાલયોનું સર્જન. આત્મ આલ્હાદક કુદરતના ખોળે ઉભા કરાએલા **પવિત્ર કલ્યાણકર તીર્થો એ તો છે મોક્ષમાર્ગની દીવાદાંડી.**

આવી એકાદ દીવાદાંડી સ્વપર કલ્યાણ કાજે ખડી કરવાની ભાવના પ્રયાણ કરતાં નેમચંદ શેઠના હૈયામાં રમી રહી છે. સ્વનગરનું પાદર આવ્યું. પુણ્યનો પ્રકાશ જોરદાર ફેલાતો લાગ્યો. ખૂદ રાજ્ય તરફથી શોભા યાત્રા સામી આવી, સીધા રાજદરબારમાં, પોતાના નગરની નામરોશની સર્વત્ર ફેલાવનારનું સન્માન તાંબુલદાનથી રાજાએ કર્યું નગર શેઠની પદવી આપી. પણ આ હૈયું કોઈ જુદા જ ઉન્નત વિચારમાં રમી રહ્યું હતું. કયો હશે એ આત્મરંગ!

(૪)

રંગીલો આત્મા એજ, હવેલી પણ એજ, અને પેઢી પણ એજ. પણ પુણ્યની ફોરમ કુદકે ભુસકે વધવા લાગી. આગ લાગી હતી વખારોને. કાટમાળ ખસેડાયો જમીન સાફ થઇ. મહેતાજી ત્યાંનો પરદેશથી પાછો ફર્યો. હેવાલ જાણી મુછમાં મલકવા લાગ્યો. ભલે વખારો બળી. મારા શેઠનો માલ ભોંયરામાં અનામત નિર્ભય છે. બજાર આસ્માને છે. તક સારી છે. માલ વેચ્યો ચોખ્ખા ચૌદ લાખ રોકડ લઇ શેઠના ચરણોમાં વધામણી. દેવમંદિરનો પાયો નખાઈ ગયો હતો. સંગેમરમરનો આરસ ઢગલો સ્વચ્છ આકાશની કલ્પના આપતો હતો. કારીગરોના ટાંકણાના ટંકારે ટંકારે શેઠ અને શેઠનું કુટુંબ કર્મનિર્ઝરા સાધી રહ્યું હતું.

એક શુભ દિવસે શેઠને પુણ્યનો પરચો જોવાનું મન થયું એજ સફેદ દાઢી એ જ પુનમની ચાંદની રાત, બન્ને

ઉતર્યા એજ ભોંયરામાં. મુનિમ આભો બને છે ચળકાટથી આંખ ચમકે છે. એજ સુવર્ણરાશિ વાહરે પુણ્યકળા!

શેઠનું મન કોઇ જુદા જ સંવેગરસમાં રમતું હતું પણ એ તો પોતે અને અતિશય જ્ઞાની જ જાણેને, સુવર્ણરાશિના ૨૭ લાખ ઉપજ્યા કુલ્લે મુડી થઈ પંચાવન લાખની. પુણ્ય પુરેપુરૂ પાંગર્યું પણ આતો પુણ્યાનુબંધી પુણ્ય અને તેમાં રેડાયો રંગ સંવેગનો. જિનચૈત્ય બન્યું બેનમૂન પંદર લાખ પુરામાં. સાથે જ વિશાળ 'માણેકવસહી' માણેકચંદ શેઠની કીર્તિધ્વજા અને નેમચંદશેઠની કૃતજ્ઞતાની યશોગ્રાથા સમી પાંચ લાખની લક્ષ્મી તેમાં હસતી હતી. હવે મંદિર પર કળશ અને ઉપાશ્રયનું ઉદ્દઘાટન. ઉદ્ઘાટન તો શાસન પ્રભાવક ધર્મરક્ષક સૂરિપુરંદરના પાદ કમળ પ્રવેશથી થાય ને?

શેઠે ચારેબાજુ શોધ ચલાવી નિરંજનાચાર્યશ્રીની ભાળ મળી, પંચાચાર પાલનશૂરા. શ્રુતજ્ઞાનની ગંગા. વ્યાખ્યાન દેશના એટલે સાક્ષાત્ ગણધર ભગવંતની યાદ. સાંભળે ને સંવેગ જન્મે. સંસાર ભુંડો અને મોક્ષ રૂડો એ તો પાયાનો સિદ્ધાંત. શ્રોતાજનો સાંભળે ને દિલે ડોલે. મનચિંતનમાં અને આત્મા સમરસમાં. શેઠ જાતે ઉપડયા વિનતિ કરી. હૈયાનું ઉંડાણ ખોલ્યું. સૂરીશ્વરજી પણ મલકયા. જૈનશાસનની રોશનીનો ચમકારો આંખમાં દેખાયો.

મહોત્સવના મંડાણ થયા ૨૧ દિવસ પહેલા ધ્વજા પતાકાઓ લહેરાઈ. ચોઘડીયા ગાજી ઉઠયા વાજીંત્રોના મીઠા સૂર બેસુરા મનને ઠેકાણે લાવવા લાગ્યા અને રોજની બે કલાકની વીતરાગવાણી. સાકર શેરડીથી અધિક મીઠી.

સૌ પ્રજાજનો સુણવા લાગ્યા. સામૈયું અને એની રોનક અને તે દિવસની પ્રભાવનાએ સારાએ નગરમાં સૂરીશ્વરની ઓળખ આપી દીધી હતી. એક એક વાકય સિદ્ધાંત બની જતો. હૈયા સોંસરી ઉતરતી એ વાણીએ અનેકોના હૈયામાં ધર્મ વાવણી કરી દીધી. ત્યાં તો ચૈત્યપ્રતિષ્ઠાનો દિવસ આવી ગયો. સારાએ નગરની અઢારે વર્ણ સાંજે પ્રતિષ્ઠાની પ્રસાદી પામવાની હતી. અનેકજાતની પકવાનો અને જાત જાતની વાનગીઓ પીરસવાની હતી.

માણેકચંદ શેઠ અને વિમળા શેઠાણીના મુખનો મલકાટ અને હૈયાનો આનંદ માયો માતો ન્હોતો. બધી બાબતમાં નેમચંદ શેઠે એ બન્નેને જ અગ્રસ્થાને સ્થાપ્યા હતા. વિશ્વવંદ્ય ત્રિલોકીનાથ-વીતરાગ ભગવંત મહાવીરદેવના નીલવર્ણા મણિમય બિંબની પ્રતિષ્ઠા પણ એ બન્નેને હાથે જ થવાની હતી. અને પ્રતિષ્ઠા વખતે સાતેક્ષેત્રમાં સાત લાખની નેમચંદ શેઠની ઉદાર લક્ષ્મીમાં માણેકચંદ શેઠે પાંચલાખનો ઉમેરો કરી દાનાંતરાયના દાનવને દફનાવી દીધો. હૈયાને વિશાળ બનાવી દીધું. લક્ષ્મીની અસારતાને સ્થાન મળી ગયું. શેઠ શેઠ બની ગયા.

છેલ્લા સાત દિવસથી સાધર્મિક વાત્સલ્ય ચાલે છે. મહોત્સવમાં ત્રણ-લાખ ખર્ચાતા શેઠની મુડી ૨૫ લાખ રહી. પ્રતિષ્ઠાની આગલી રાત. શેઠે મૂકી એક વાત. પતિપત્ની અને બે દેવકુમારો. પાંચમું કોઇ નહિ. દેવી, દુનિયાનો તડકો છાંયડો જોયો. હવે આત્માની શીતળતા અનુભવવી છે. વીતરાગ ભગવંતના સંયમ માર્ગે દિલ દોડી રહ્યું છે. ૫ લાખ તમારા ધર્મ ખર્ચ માટે અને વીસ લાખ

તમારા ભાવિ જીવન ખર્ચ માટે. હવે હસતે હૈયે વિદાય આપો. પ્રતિષ્ઠાને બીજે જ દિવસે ઉંચામાં ઉંચું મુહૂર્ત પણ આવે છે. સૂરીશ્વરજીની સંમતિ મહાપુણ્યોદયે પ્રાપ્ત થઇ છે. માણેકચંદ અને તે નગરના રાજવી પણ સહકુટુંબ હાજર છે. સર્વત્ર-સર્વજનમાં આનંદની ઉર્મિ ઉછળે છે. એટલે કુદરત પણ અનુકુળ છે. **તમારી મીઠી 'હા' માં અમારૂં પરમ કલ્યાણ છે.** નયનાના નયન હર્ષાશ્રુથી છલકાય છે. સ્વામીને પગે પડે છે, હાથ જોડી **કલ્યાણી** કહે છે. **'નાથ, માર્ગ આપનો તેજ મારો.** મને પણ સંસારનો મોહ હવે નથી, બાલુડા સંસ્કારી છે. એમનું જીવન-નાવ સુરક્ષિત છે. મને ખાત્રી છે કે જ્યારે ત્યારે આપણી માફક પાકટ વયે એ બન્ને માર્ગ તો આજ લેવાના છે.' શેઠની રોમરાજી ખડી થાય છે. આંખો વિકસ્વર બને છે. હૈયું નમી પડે છે. નાથના શાસનનો અપૂર્વ મહિમા આંખ સામે ખડો થાય છે. **નારી! તું પણ નિરંજના. જય વીતરાગ.**

છેલ્લા દિવસોમાં રાજાને નેમચંદ શેઠનો, રાણીને નયના શેઠાણીનો સંબંધ ગાઢ બંધાયો હતો. ધર્મની-વીતરાગના વચનોની ઠીક ઠીક છાયા બન્ને પર પડી હતી. તેમાં એ ગગનચુંબી દેવાલય અને તેની પ્રતિષ્ઠા પરની ઉદારતાએ બન્નેના હૈયા હલાવી નાખ્યા હતા. પૂર્વભવના કોઈ જાગૃત સંસ્કારે વીતરાગ-ધર્મ તરફ અનુરાગ-જન્મ્યો હતો. અચાનક રાજદંપતીની છડી પોકારાઈ. સફાળા શેઠ શેઠાણી નીચે આવ્યા બન્નેને બહુમાન પૂર્વક આંતરઆલયમાં લઇ ગયા. અલક મલકની વાતો કરતા કરતા બન્નેએ પોતાનો નિર્ણય જણાવ્યો સમયે બાળકોની સંભાળ માટે ભલામણ કરી.

(૫)

ત્યાં તો નવીનતા જન્મી. બન્ને બાળકો કાંઇક ગોષ્ટી કરી–ઉભા થયા. રાજારાણીને નમ્યા, માતપિતાને પગે પડયા, મોટો અજય ગંભીર વદને કહેવા લાગ્યો. પિતાજી, મા જેવી મા, આવા સુકોમળ શરીરે આપને સંયમમાં સાથ આપે છે, આપ તેના વધામણા કરો છો. **શું અમે જ વધારાના છીએ કે જોડે લેવાની વાત નથી કરતા?** વિજય કહે બાપુજી, મોટાભાઇની વાત સાવ સાચી છે. અમે પાછળ શું કરવા રહીએ. આપની રોજની ધર્મ–ચર્ચાથી અમારા હૈયામાં આ અસાર સંસાર પર નફરત જન્મી ચૂકી જ છે. માત્ર સમયની રાહ જોતા બેઠા છીએ. તેમાંએ સૂરીશ્વરજીની વાણીએ મોહનું વમન કરાવી નાંખ્યું છે. પ્રતિષ્ઠા પછી ચાર પાંચ દિવસે આપ બન્ને પૂજ્યો સમક્ષ માગ રજુ થવાની હતી. પણ અમારા પુણ્યોદયે આપે જ પ્રસ્તાવની ભૂમિકા ખડી કરી. અહિંઆ તેમ તહિંઆ પણ આપના જ બાળકો!

રાજારાણી આભા બની ગયા. શું બાળકોનું જ્ઞાન? શું વિજ્ઞાન? શું ધર્મ કળાની પ્રાપ્તિ? પણ રાણીની આંખ સામે નયનાની સુકોમળતા ચક્કર લેવા લાગી. સખી નયના! તું અને કઠોર સંયમ, અશકય–અશકય. કાયાની કોમળતા અને સંયમની ભિષણતા. ઉત્તર દક્ષિણ ધ્રુવની એકતા. આ વિચાર, આ ભાવના, વિલંબે નાખ સખી? આ બન્ને બાલુડા પણ કેવા લાગણી વિવિશ બની ગયા તારા નિર્ણયથી.

સંયમની કઠોરતા એજ આત્માની સાચી સુકોમળતા છે. રાણી સાહિબા! આ આત્માએ અનેક જન્મોમાં નરકા-

દિના પણ દુઃખ કયાં નથી સહ્યા? અને આ મારી આંખની બે કીકીઓ એના જતન આ માર્ગે જ થતાં હોય તો ખરેખર હું રત્નકુક્ષીબની ગઇ. મારો સંસાર સુમાર્ગે વળી ગયો અને મારા પતિદેવની પવિત્ર પ્રેરણાઓ સંપૂર્ણ સફળ થઈ! રાણી સાહિબા! **મારા પતિદેવ છેલ્લા દશ વર્ષથી તો માત્ર શરીરથી જ સંસારમાં છે. મન સંયમમાં છે. અને આત્મા તો ક્યારનોએ મોક્ષમાં પહોંચી ગયો છે!**

'માતાજી! માતાજી! ખરેખર તમે સાચા માતાજી છો! સાચા પરીક્ષક છો! ભવ્ય રક્ષક છો! 'જનની' શબ્દ આપે ઉંચી કક્ષાએ કૃતાર્થ કરી બતાવ્યો છે.' અજય બોલ્યો. અને વિજય તો માતાને ભેટી જ પડયો. નાસ્તિક હૈયાને હલાવનારૂં આ દૃશ્ય ' જુએ તે ધન્ય ' જોયું તે પણ ધન્ય. રાજા ગંભીર ઉંડા વિચારમાં પડી ગયો ઉભો થયો. ચાર પાંચ લટાર મારી. હથેળીમાં જોરથી બીજા હાથની મુઠી દબાવી. બોલી ઉઠયો. બસ એજ એજ. અફર નિર્ણય.

બાકીના પાંચે વિચારમાં પડી ગયા. રાજાને થયું શું? શી ચેષ્ટા કરે છે! સૌ એકી ટસે રાજા સામે જોઈ રહ્યા છે. ત્યાં રાજાનું ગંભીર વદન મલકાતું બન્યું તેમાંથી સત્ય ગંભીર ઘોષ નીકળ્યો. જાણે સાગરનું મંથન. નેમચંદ શેઠ! ખરેખર તમે આ નગરનું નહિ, સજ્જનોની દુનિયાનું નાક છો. કીર્તિ છો. દોલત છો. શું નથી? બધું છો, પણ પણ મારા તો ઉદ્ધારક બની ગયા. તારક બની ગયા. હું પણ તમારા માર્ગે આવું છું. આ રાજ્યના પાપ અને આળપંપાળ ફગાવી દઉં છું, દેવી, તમે પણ આ

માર્ગમાં મને ગતિ આપશો એમ આશા રાખું છું. આજે રાજમહેલમાંથી નીકળતાં જ મહા શકુન થયા હતા. તે ખરેખર તત્ક્ષણ ફળ્યાં.

રાણી ઉંડી દુનિયામાં ઉતરી ગઈ. સંગના રંગે ચઢી ગઈ. દુર્મોહને દમવા લાગી મીઠી બંસી રણકી ઉઠી! રાજન્ ! ગતિ શા માટે? સાથ જ આપીશ જીવનસેવા સંસારમાં કરી આત્મસેવા સંયમમાં કરીશ.

હવાને ગતિ છે. પવનને જાદુઇ પાવડી છે. રાતો રાત સારાએ નગરમાં વાત ફેલાઈ ગઈ. કોણ અભાગી હશે? જેની આંખો ભીની નહિ થઈ હોય? હર્ષથી, વિરહથી આશ્ચર્યથી! નગર મહોત્સવ માટે જીવંત હતું જ. હવે તો હૈયાના અને પ્રાણના ધબકારા વાતાવરણમાં ધબકવા લાગ્યા. બીજી સવાર એટલે પ્રતિષ્ઠાનું પ્રભાત. સવારના સાતથી સાંજના છ. કોઈ આવો નાસ્તો કરો જમો. જ્યારે મન થાય ત્યારે વિવિધ રસવની તૈયાર જ છે. નગર આખામાં ધુમાડો બંધ છે. હોય તો માત્ર શેઠના રસવતી મંડપમાં.

પ્રાણપ્રતિષ્ઠા, ગાદીનશીન પ્રતિષ્ઠા અને આત્મામાં સંયમ પ્રતિષ્ઠા એક નહિ છ છ આત્મામાં! આત્માઓ કેવા? સૌના હૈયામાં ધર્મની સુવાસ ઝગવનારા. શેઠ માણેકચંદ, વિમળા, તેમના નગરના રાજા રાણી સર્વના હૈયા પોતાની નિર્બળતા માટે દુઃખ અનુભવે છે. આનંદ અનુભવે છે. આવા ઉચ્ચ આત્માઓનું આતિથ્ય કરી શકયા. આવા સન્મિત્ર સંબંધી પ્રાપ્ત થયાનો. માણેકવિહારના ઉદ્ઘાટન સાથે

જ ઘણાના હૈયા પણ ઉઘડી ગયા અને નિરંજયાર્યે છ છ આત્માઓને મોક્ષના દ્વાર ઉઘાડી આપ્યાં.

નગર સારૂએ હેલારે ચઢયું. એ અભિનંદન સભા, અનુમોદના વાણી, અનેક રાજપુરૂષો, નગરશેઠો, શ્રીમંતો, વિદ્વાનો અને વિરાગીઓની. સર્વનો એક જ સૂર. ધન્ય છે આર્યભૂમિને. કોટિશઃ વન્દન, દેવાધિદેવને વીતરાગવાણીના ભામણા લેવાયા. જૈન ધર્મની બિરૂદાવલી વિશ્વવ્યાપી બની. અને પ્રભાત ઉગ્યું. અનેરૂ. આનંદી, અપૂર્વ. શ્રદ્ધાયુક્ત સમ્યગ્દર્શન સૂર્ય સહસ્ત્રકિરણથી શોભવા લાગ્યો. અદ્ભુત શોભા યાત્રા નિરંજનાચાર્યદેવના પાદકમળમાં આવી ખડી થઈ.

પચીસ લાખની દેનગી જાહેર થઈ. ધર્મધ્વજ છ રૂપમાં વહેંચાઇ ગયો. રાજરાણી અને સુકોમળ શેઠાણી. રાજવી અને સારાએ નગરનું સૌંદર્ય અને પેલા....અજય-વિજય! ગુલાબ જેવું ગોરૂં બદન. ઉગતા સૂર્યને શરમાવે એવી બદન લાલી. સંયમમસ્તી ભરી મસ્ત ચાલ. આછા સ્મિત ભર્યા મુખડા....કરેમિ ભંતે સામયિયંજાવ...જીવાએ...હજારોના હૈયા ડુસકે ચઢયા. નામવિધાન. વંદન. હિતોપદેશ:-

વિશ્વવિરાટ છે. ચૌદરાજમય. આજની દૂનિયા વામની છે. અતિ અલ્પ છે. સંસાર અલ્પતા અને અસારતાથી ભિષણ છે. આધિ વ્યાધિ ઉપાધિનો ત્રિવિધ અગ્નિ પ્રજ્વળી રહ્યો છે. અનંતા આત્મા અનાદિકાળથી બળી રહ્યા છે. ભડકે શેકાઈ રહ્યા છે. નરકાદિના દુઃખ અસહ્ય અકથ્ય છે. આ છ આત્માઓ-સંસારની જાલીમતાને જાણી શકયા. આત્માના

સ્વરૂપને સમજી શકયા. ધર્મને ઢુંઢી શકયા. પૂર્વ જન્મના સંચિત શુભ સંસ્કારોના બળે. એક દીવડાએ અનેક દીવડા પ્રગટાવ્યા. એકના આતિથ્યે આર્યાવર્તને ઉજ્વળ બનાવ્યું. આર્ય સંસ્કારે નારી જીવનમાં રોશની પ્રગટાવી. રોશનીએ ફરજંદોમાં વિરાગનો પ્રકાશ કર્યો. વિરાગ-ત્યાગમાં પરિણમ્યો. સૌ ત્યાગને કસોટીએ ચડાવો. પરિષહો-ઉપસર્ગોને મિત્ર બનાવો. શાસ્ત્ર-સ્વાધ્યાયનું આલં-બન લ્યો. ૫ સમિતિ, ૩ ગુપ્તિના પાલનપૂર્વક અપ્રમત્ત બની શ્રેણિમાં પ્રવેશી, વીતરાગ બની, કેવળજ્ઞાનની જ્યોતિ પ્રગટાવો. તેના પ્રકાશે મુક્તિ માર્ગે એક સમયમાં સિદ્ધ-શિલાને શોભાવો.

## 'નજરે નિહાળ્યું સોભાગી શાસન'

મદમસ્ત યૌવનમાં ઝુલતી, મદનને મારતી, મોહને ચૂરતી, સત્તર યુવાન બાળાઓ, બે સંસારને પાગલખાનું માનતી પ્રૌઢાઓ. એક યુવાન અને ચાર ચાર ગુલાબી ગૌરવ-ભર્યા મલકાતા-મલકાવતા, શાસનની સુરભિભર્યા, સંસ્કારીત બાળકો. સઘળાએ સંયમની સુંદરતાને શરણે જતા, સંસારને જાકારો દેતા. **દુનિયાની-આજના જગતની અજાયબી સમાન.**

ઘરે લક્ષ્મીની છોળો ઉછળે. કુટુંબીજનોના પ્રેમનો પાર નહિં. આજના કહેવાતા એજ્યુકેશનને પામેલ. પણ પૂર્વનું પુણ્ય જબ્બર શ્રમણપાદિ ભગવંતના મહાતારક શાસનને સમજેલા-પામેલા, બાલ્યકાળથી સંસ્કાર ગંગાનું વહેણ. કેઈકે પોતાના ગભરૂ બાળકો વર્ષોથી પૂ. સૂરિવર-શ્રીના ચરણે મૂકેલ. સાધ્વીજીની સાથે વિહરતા-પરિચય કરતી બાળાઓ, સૂત્ર-પ્રકરણ-કર્મગ્રંથાદિ અને સાધુક્રિયામાં તૈયાર. વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય ગુણોમાં યત્નશીલ. પૂર્વના સંસ્કારોની જાગૃતિનું સુવર્ણ અને તેમાં પૂજ્યોની સુવાસ. પૂજ્યોની પ્રેરણા-પાલના અને સિંચન.

ત્રંબાવતી, ખંભાતનો પુણ્યયોગ પ્રૌઢતાને પામ્યો. **ચોવીસ ચોવીસ આત્માઓ અનાદિકાળની ચાલને ત્યજી આત્માની આનંદભરી ચાલ પર પગલીઓ**

**માંડે.** તેનો મહોત્સવ પેલા શ્રી સંઘસેવક ભાણાભાઈ અને તેમના સુબંધુઓ કેશરીચંદભાઇ, જયંતિભાઈ અને બંસીલાલ, આત્મ-બંસીએ ઉલ્લાસભર્યા હૈયે ઉજવે. શો એનો ઠાઠ, શી એની શોભા અને રમ્યતા. ખંભાતનું ધર્મનાક અમર શાળા. તેમાં સુશોભિત દેવભુવન સમો કાષ્ટમંડપ. મધ્યમાં વેદી પર ચતુર્મુખ જિનેશ્વરદેવો. જાણે સંસાર-ત્રસ્ત આત્માઓ માટે ચારેબાજુ અમૃત ભરેલ ક્ષીર સાગર. અનેક આત્માભિમુખ આત્માઓ આવે દર્શન કરે-પૂજન કરે-પાવન થાય. અંગ રચના અજબ. ભાવના ગજબ. સંગીતની સુરાવલિમાંથી આત્મ-ઘોષ ગાન, તાન, નાચ, શાસનો થનથનાટ. નાસ્તિકના હૈયામાં જિનદેવ રમે.

સર્વશ્રેષ્ઠ જિનવાણીનો પવિત્ર પ્રવાહ. સંયમની સુંદરતા સમજાવતો-સંસારની અસારતા હૈયે બેસાડતો, સુખ-દુ:ખની લાગણી ફગાવતો. સમભાવ અને સહિષ્ણુતા ગુણને પ્રગટાવવા. પ્રવાહનું મૂળ પર્વત. અડગ અને અદમ્ય. શાસન એટલે શાસન જ. **વીતરાગની આજ્ઞા એજ સર્વકલ્યાણકર સર્વોતમ સુસાધન.** વીતરાગ પરમાત્મા અરિહંત એજ દેવાધિદેવ. કંચન કામિનીના ત્યાગી-નિષ્પાપ જીવનચર્યાના સાધક એજ સુગુરૂ. અહિંસામય આજ્ઞાયુક્ત **સર્વત્યાગ એજ ધર્મ.** આ મહાધોધને છોંતેર વર્ષની પાકટ ઉંમરે પણ સદાને માટે અદમ્ય ઉત્સાહથી વહેતો રાખનાર **મહાન** ગચ્છાધિપતિ આરાધ્યપાદ સૂરિપુરંદર શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. શ્રીનું અદ્‌ભુત, દેશનામૃત. શ્રોતા સમૂહ માય નહિ. ભીડનો પાર નહિ. શબ્દે શબ્દે વૈરાગ્યનું ઝરણું વહેતું રહે.

અમૃત ઝરણાનું પિયુષ પીને તૈયાર થયેલ ૨૪ આત્માઓની, પ્રેરણાનું પાન કરાવતી, શોભાયાત્રા. જાણે કે મુકિતપુરીનો સાર્થ. નિશાનડંકો, અલબેલા શણગાર સજી અશ્વ પર બેઠેલ સાંબેલા, સુશોભિત વિકટોરીયા, બે ઘોડાની, ચાર ઘોડાની. દેવ જેવા દીક્ષિતો. વર્ષીદાનનો ઉછળતો પ્રવાહ, હોદ્દાયુકત મલપતો ગજરાજ. પોતાના પ્રાણપુત્ર નરેન્દ્રને અને તેના સાથી હર્ષદકુમારને લઇ બેઠેલ રાજકોટના શ્રાદ્ધવર્ય નગીનભાઈ, પોતાની પ્રિયપુત્રી ઉષાને પણ શાસનને ચરણે ધરી. એક બગીમાં ચાર વર્ષથી દીક્ષા માટે તલસતા જયંતિભાઇ, બે બાળકુમારો, ધર્મપત્ની અને બાળકુમારી. એકમાં નણંદ ભોજાઈ અને ભાણી, તો બીજામાં મા દીકરી. રંગ ભાઈ રંગ. વાજા ગાજાના પાર નહિ. ભકિતમંડળીઓ પણ ખરી જ. સૌમ્ય મોટરકારમાં સ્વ. ગચ્છાધિપતિ, અમારા ત્રણસોના તારણહારશ્રીની ચરણ-પાદુકા. આરસની. સ્વાધ્યાય લીન જીવતી જાગતિ પ્રતિકૃતિ. આગળ બેન્ડ પાછળ બેન્ડ. એક બે પાંચ સેકન્ડ. દર્શન થયા ગચ્છધોરી અદ્‌ભુત શાસન પ્રભાવક આરાધ્યપાદ સૂરિ-પુરંદર શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ના. પૂ. પંન્યા-સજીગણિવરો આદિ ૧૦૫ પૂ. સાધુવૃંદથી યુકત. સૌમ્ય દેખાવ. શી ગજબની માનવ મહેરામણની સદ્‌ભાવના અને અંજલિ.

પ્રભુજી પધાર્યા. દર્શન કરો. દર્શન કરો. રજતરથમાં બિરાજમાન વિશ્વતારક જિનબિંબો. સાધ્વીગણ અપાર. ગીત ગાતો નારી વૃંદ અને રાસ રમતી બાળાઓ. બધું જ આકર્ષક–અનુમોદનીય—પ્રશંસનીય. આત્મતારક-ઉન્નતિ-સાધક પ્રભાવક.

રાતના આઠ. ૨૪ મુમુક્ષોઓના બહુમાન. સૌ સૌની રીતે નવાજે–અનુમોદે. કંઇક હૈયાની ભાવના રજુ કરે. અમારો ઉદય કયારે થશે? સર્વવિરતિ સંયમ કયારે પામશું?

મહા વદ ૯ બીજી અને બુધવારના સાત. દીક્ષાયાત્રાની સુંદર શોભા. સૌ ગુરૂકુલિકા (સમાધિ મંદિર)ના માર્ગે. પાદુકાના દર્શન કરે પાવન થાય અને સાથેના જ વિશાળકાય મહામંડપમાં સ્થાન લે. પરમોપકારી તારક ગુરૂભગવંત પધાર્યા. અષ્ટ પ્રવચન માતાની યાદ આપતા આઠ પૂ. પંન્યાસ પ્રવરો. વિશાળ સ્ટેજ પર સમવસરણ. ચતુર્મુખ ભગવંત. મુમુક્ષુ ભાગ્યવંતોની દીક્ષાવિધિની શરૂઆત. શાંત આલ્હાદક–પ્રેરણાદાયી વાતાવરણ. સૂર્યના સૌમ્ય પ્રાભાતિક કિરણો સૌને તાજગી આપતા.

૨૪ ઓઘા, ૨૪ છાબ. એકએકને પરમપ્રભાવક પૂ. શ્રી રજોહરણ અર્પણ કરે. આત્મરજ ખંખેરાતી જાય લેનારની, જોનારની; અનુમોદના કરનારની. કેઈકની આંખો હર્ષાશ્રુથી ભીની. કેઇક નાચે. કેઈક શાસનદેવની જે બોલે. સ્નાન મંડપ, મુંડન, સ્નાન, વેષપરિધાન. ૯–૨૦–૨૫–૨૭–૨૭ થાળી ડંકો બેન્ડ વાગ્યા. લોચ થયા. સુંદર મુહૂર્ત, સુંદર ભાવ વાહરે દીક્ષા પ્રદાન. સાથે જ શ્રી દર્શનભૂષણ વિજયજી વિ. અને એક સાધ્વીજીની વડી દીક્ષા. ઐતિહાસિક સુવર્ણપ્રસંગ. ખંભાતનગરનો શ્રી સંઘ ધન્ય બની ગયો. નામકરણવિધિ, અક્ષત વધામણી, અક્ષયપદ પ્રાપ્તિનું ધ્યેયે હિતોપદેશનો અમૃત પ્રવાહ.

૧૦–૨૯ ડંકો વાગ્યો સ્વ. વૈરાગ્યવારિધિ કર્મસાહિત્ય પ્રકાંડવિદ્વાન અદ્ભુત વૈયાવચ્ચગુણધારક પ્રશાંત તેજસ્વીમૂર્તિ

શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની ચરણકમળ પાદુકાની પ્રતિષ્ઠા. તેઓશ્રીજીના વરદ હસ્તે. જે હાથમાં શાસનની સુરભિભરી ધુરા એ અદ્ભુત કળાકારે સોંપી હતી તે ધુરાને આગમયુક્તિ અને સુક્તિ અનુસાર અડગ રીતે આજે પૂ. શ્રી વહી રહ્યા છે.

વીતરાગ ભગવંતનું સર્વકલ્યાણકર મહાશાસન જેણે ગમ્યું, રુચ્યું, હૈયે ધર્યું તેનો બેડો પાર. આ પારાવાર સંસારમાંથી તારી, આધિ-વ્યાધિ-ઉપાધિના દાવાનળને ઠારનાર, મુકિતને આપનાર એકમાત્ર જિનેશ્વરદેવની આરાધ્ય આજ્ઞા જ છે. શાશ્વત્ સુખના-અનંત સુખના મંડાણ દીક્ષા ગ્રહણથી શરૂ થાય છે. ૫ સમિતિ ૩ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતાની વફાદારી એજ રંગમંડપ. સ્વાધ્યાય તપ, જપ, ધ્યાનની વેદિકા પર અનંતાનંત કર્મોનો હોમ. એમાંથી પ્રગટ થતું સંપૂર્ણ આત્મસ્વાસ્થ્ય એજ મોક્ષ. સદાને માટે અનંત સુખમાં આત્માનું રમણ, જન્મમરણનો સદાને માટે અંત એજ છે, સાધના સદાના માટે સંતની. ૨૪ સંતઆત્માઓ સ્વપરનું કલ્યાણ સાધવા સાથે શાશ્વત પદ પામો એજ અભ્યર્થના.

# દંભ ખુલ્લો પડતા મહાદંભ વડે નિર્દંભ દેખાવાનો પ્રયોગ.

**"દ્રવ્ય સાધુ બનવા કરતાં ભાવ સાધુ શા માટે ન બનવું?"**

ચિત્રભાનુના ઉદ્‌ગાર: (મુંબઈ સમાચાર તા. ૫ ૨-૭૩)

'ઘણા વખતથી મનની વાત કહેવા માગતો હતો.' કોણે રોકયા હતા? શા માટે હૈયું સાચું ન કરી બતાવ્યું? વેષ છોડી ગૃહસ્થપણું સ્વીકારી, આત્મનિંદા શા માટે જાહેરમાં ન કરી? પોતાની નબળાઇનો નાશ થાત. પોતે સાધુ-જીવનના વેષમાં રહી સેવતા પાપથી બચત. મહાશાસનની અપભ્રાજનાનું મહાપાપ માથે ન સીંચાત. ખેર, પણ હજુ પશ્ચાતાપનું નામનિશાન નથી. આપ બડાઈનો પાર નથી. ભદ્રિક જનતાને, આંખે પાટા બાંધવાના ખેલમાંથી ઉંચે નથી આવતા. માટે જ સાચા ઘટસ્ફોટની પાકી જરૂર કલમને દેખાઈ. બાકી તો 'સવ્વે જીવા કમ્મવસ' એ, મહા પ્રભુનું પવિત્ર સૂત્ર આંખ સામે રાખી, હજુ પણ આ લખતી વખતે પણ 'ભાવદયા'નું ઝરણું હૈયામાં સતત વહ્યા કરે છે.

કર્મવશ મોટા યોગીઓ પણ ગબડે, પણ ક્યારે? લાખો પ્રયત્ન પાપથી બચવા કર્યા પછી જ. પડે ત્યારે પણ હૈયાદુઃખનો પાર નહિ પડયા પછી પણ જાગૃતિ અજબ. હૈયાકોર પશ્ચાતાપ. મહામુનિ નંદિષેણનું દૃષ્ટાંત અદ્‌ભુત છે. સાચા સાધુપણાની ફોરમ આપી જાય છે. રોમરોમ, આત્મ પ્રદેશે પ્રદેશે, વ્યાપક શુધ્ધ ધર્મની સુદૃઢ શ્રધ્ધાનું મહાપ્રતિક છે.

જ્યારે પ્રસ્તુત વ્યકિત તદ્દન ઉંધા માર્ગે રહી, ફિરસ્તા હોવાની ફાલવણી પોતાને માટે કરે છે. 'તે દિવસોમાં મને સત્યની ઝાંખી થઇ. તે દિવસો સુધી પોતે અંધારપટમાં હતા તેમ કબુલ કરે છે. તો તે દિવસો સુધી બધાને સત્યનો પ્રકાશ આપવાનો ડોળ જ કરતા હતા ને! 'જે કન્યાને હું પ્રેમ કરૂં છું, તેનો જાહેરમાં સ્વીકાર શા માટે ન કરૂ?' જ્યારે ન્યુસપેપરમાં, રેડીઓ પર, ચારે બાજુ પાપ પ્રગટ થયું, ત્યારે તુર્ત પણ સીધી સાચી કબુલાત નહિ. અને કોઈ પણ સંજોગમાં, સાધુવેષમાં રહી પોતાનું કૃત્ય છૂપાવી શકાય એવી પરિસ્થિતિ અને વાતાવરણ ન રહ્યું, ત્યારે 'નિર્દંભ દેખાવનો' મહાદંભ? વાહ રે! પ્રાપ્ત બુદ્ધિનો ઠગારો ઉપયોગ!

આટલેથી જ નથી અટકતા. દ્રવ્ય સાધુ કોને કહેવાય? અને તે પણ કયી હદે? ભાવ સાધુની કલ્પના પણ આ ફરજ–ચ્યુત વ્યકિતને નથી, નહિ તો મનમાં વિચાર પણ ન ઉઠત કે 'લાકડાની તલવાર જેવા દ્રવ્ય સાધુપણા કરતાં ભાવ-સાધુ શાને ન બનું'. જો ભાવસાધુ બનવાનો રાજમાર્ગ ગૃહસ્થપણું અને પરિણીત જીવન હોત, તો દીક્ષાનું સર્વ-ત્યાગનું, અનુપમ-સર્વતારક સુંદર વિધાન, જ્ઞાનીઓ કરત

જ નહિ. આ વ્યકિતએ પૂર્વના ગણવેશમાં રહી કદાચ શાસ્ત્રના થોડા પાના ફેરવ્યા હોય, અને 'ગૃહી લિંગે' કોક મુકિત થયાનો દાખલો, પોતાના દંભભર્યા જીવનના બચાવ માટે, લોકોને આડે માર્ગે દોરવા, રજુ પણ કરે. તો ત્યાં લિંગવેષ ગૃહીનો. પણ ગુણસ્થાન કયું? અને આત્મ-પરિણામ કયા—સર્વોત્કૃષ્ટ કોટિના ? એનો નિર્દેશ સ્પષ્ટ પણ કરી શકશે નહિ. અને ગૃહીવેષમાં કેવળજ્ઞાન—સર્વજ્ઞતા, ભરત મહારાજા જેવા પૂર્વભવમાં અપૂર્વ સંયમ પાલન કરીને આવેલા, મહાવિરાગી આત્માને થાય, અને આયુષ્ય હોય, તો સાધુ વેષ સ્વીકારે જ. એ વાત મધ્યાહ્ન સૂર્ય જેવી સ્પષ્ટ અને ખુલ્લી જ છે ને?

ભાવદયાથી ભરપૂર હૈયા વડે કહેવા દો કે ખોટી કીર્તિ લાલસાની લલચામણ હજુ પણ છોડો, પુણ્ય–પાપના એ બે તત્ત્વમાં થોડી પણ માન્યતા રહી હોય તો, હજુ પણ હૈયાથી દુષ્કૃતનો પશ્ચાતાપ કરો. મહાતારક જીવન છોડી, પાપપાકથી ભરપૂર–જીવનમાં જવાનું મન થયું. તેનો હૈયે ડાઘ ધરો. અને પુનરપિ પુનરપિ, આવતા ભવમાં પણ એ નિષ્પાપ જીવન મળે, એ પવિત્ર વિચારોથી પતિત જીવનને પ્રક્ષાલો.

'પ્રેમ અને પવિત્રતા પામ્યો છુ' આજનો જમાનો મારક 'મોહ'ને 'પ્રેમ' કહે છે 'અબ્રહ્મ'ને પ્રેમના સુંવાળા શબ્દથી નવાજે છે. તેમ એ પણ ભલે નવાજે. પણ **એ પ્રેમ નથી. ઇન્દ્રિયોની અને મનની નરી નિર્બળતા છે.** એ નરી 'નિર્બળતા' ને 'પવિત્રતા'નો ઓપ આપી, જનતા સમક્ષ રજુ કરવી એ પણ એક દંભનો જ પ્રયોગ છે ને?

સંસારવર્તી પ્રાણી જન્મ-મરણના ચક્કરમાં, માન-માયા (દંભ) અને લોભ (લલચામણ)માં અનાદિ કાળથી અટવાઈ જ રહ્યો છે. તેવી રીતે આ આત્મા પણ અટવાઇ ગયો. આટલી સાદી સમજણ એ આત્મા પ્રત્યે તિરસ્કારની કે ધિકકારની લાગણી પેદા ન જ થવા દે. પણ જ્યારે અટવામણને 'સુંદર **સમજ**' તરીકે ઓળખવાનો આત્મઘાતક સમાજશ્રેયઘાતક પ્રયત્ન થાય, ત્યારે સત્યને નિર્દોષ ભાષામાં સ્પષ્ટ પણે રજુ કરવા સાથે તે આત્માની હિતચિંતક દયા દાખવ્યા સિવાય બીજો ઉપાય પણ શો ?

'અનેકાંતવાદ એમાં સ્વતંત્ર વિચારસરણીનો અવકાશ છે.' વાહ રે હોંશિયારી ! અનેકાંતવાદ તો સાપેક્ષધર્મો-ગુણો પદાર્થના મૌલિક દૃષ્ટિએ વિચારે છે. કોઇપણ હઠ વગરના. બીજાના અપલાપ વિના, એકગુણ ધર્મને એના તે રૂપમાં રજુ કરે છે. એણે આત્માની અનાદિકાલની પરતંત્રતાનો ખ્યાલ આપી, સદ્‌ગુરૂ પારતંત્ર્ય સ્વીકારી, જન્મ મરણાંતાત્મક, અજન્મા બનવા રૂપ, મુક્તિ સ્વતંત્રતાનો, શુધ્ધ માર્ગ ચીંધે છે. એની વિચારસરણી સ્વતંત્ર નહિ, પણ સર્વજ્ઞ ભાષિત; અનાદિ અવ્યાબાધ; શાસ્ત્રમૂલક સર્વોત્તમ પારતંત્ર્યને વરેલ છે.

ચિત્રભાનુજી ! માનવતા પ્રત્યેના શુધ્ધ આકર્ષણથી કલમ લખે છે-બન્યું તે બન્યું. પૂર્વ ભવ પુણ્ય પ્રાપ્ત તન-મનનો નિર્દંભ સદુપયોગ કરી, કલમને હજુ પણ અટકાવો. તેને અઠીક માનીને.

વિશ્વકલ્યાણકર પરમાત્મ શાસન જયવંતુ છે. જયવંતુ રહેવાનું છે.

# અમૃત મંથન

(સ્વ. પૂજ્ય આચાર્યદેવશ્રી મહાન આરાધક હતા. સાથે આરાધના માર્ગના મહાન રક્ષક અને મહાન પ્રભાવક હતા. એ પૂજ્યશ્રીના ઉંચ જીવન અમૃતને અત્રે લેખક વિદ્વાન મુનિરાજશ્રી આલેખે છે. પૂજ્યશ્રીના જીવનઅમૃતના રસનું મહત્ત્વ અને મહાનતા અહિં નજરે પડે છે. લેખકશ્રી વિદ્વાન અને સિધ્ધાન્તનિષ્ઠ શ્રધ્ધાસંપન્ન સાથે નજીકમાં જ મહા-શ્રાવકમાંથી મુનિ બન્યા છે. —સં૦)

વિરાટ વિશ્વ અનાદિ કાલિન છે. સંસ્કૃતિના વહેણ અનાદિ કાલીન છે. વિશ્વકલ્યાણકર જૈન શાસન અનાદિ-કાલીન છે. તે મહાશાસનનું બંધારણ અનાદિકાલીન છે. તેની આચાર્ય પરંપરા પદ્ધતિ અનાદિકાલીન છે,

**શ્રી જૈન શાસન એટલે કુદરતનું અનાદિસિધ્ધ મહાગણિત.** એની ગણતરીમાં કેલ્કયુલેશનમાં રજમાત્ર ફેર પડે નહિ, એના મહાન તત્વવેત્તા—ધી ગ્રેટેસ્ટ ફીલોસોફર-સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગ પરમાત્મા. આત્માનું ઢંકાએલું મહાતેજ—ઇન્ટરનલ લાઇટ—પ્રગટાવી પોતે મહાશાસનની સ્થાપના કરે. આ છે સનાતન પદ્ધતિ.

સૌથી પ્રથમ ગણધરદેવો—મહાન વૈજ્ઞાનિક આચાર્ય

પુંગવોની પ્રતિષ્ઠા કરે. તે મહાન અકાટ્ય વૈજ્ઞાનિકો પ્રભુશ્રી પાસેથી '**ત્રિપદી**'ની પ્રાપ્તિ કરે. તે પર દ્વાદશાંગીની વિરાટકાય રચના કરે. અદ્ભુત અને મંગળકારી.

સર્વ તત્વોનો સમાવેશ તેમાં થાય. જ્ઞાન-અજ્ઞાનના ભેદ, પુણ્ય-પાપના ખેલ, કર્મના સમૂહોનું પેદા થવું અને તેનો વિનાશ. આત્મા સાથે તેનું રાસાયનિક જોડાણ અને તે રાસાયનિક પ્રક્રિયાને ઉખેડવાની અપૂર્વ પદ્ધતિ. તેમજ સહજાનંદી સ્વરૂપ આત્માનું અનંતાઅનંત કાળ માટે સદા સ્થાયી બને. આવું આવું, અનેક ચમત્કારોથી ભરેલું, મહાવિજ્ઞાન તેમાં સમાય. કોઈ કળા કે શિલ્પ બાકી નહિ. કોઇ રીતિ કે નીતિ ન મળે એમ નહિ.

જીવન જીવવાની સુગમ ચાવીઓ મળે ખરી! સુખ-શાંતિ અને આનંદ પ્રમોદ પામી શકાય! રાજ નીતિ અને સમાજ ધોરણ! અર્થશાસ્ત્ર અને પાકશાસ્ત્ર! ધર્મ અને સમાજ ધોરણ! માનવ અને દાનવની ઓળખ! અરે આ તો બધું સહજ ભાવે પ્રાપ્ત થાય. પરંતુ પુચ્છ વિનાના પશુઓની પણ જબ્બર ઓળખ મળે.

આવા મહા આગમને રચનાર ગણધર ભગવંતોના તે અખૂટ ખજાનાને લોકભોગ્ય અને વિદ્વદ્ભોગ્ય બનાવવા ત્યાર પછીના પૂર્વધર ભગવંતો અને સુવિહિત આણાધારી આચાર્યદેવોએ તેના પર નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકાની રચનાઓ કરી તેનું ખૂબ ખૂબ રક્ષણ કર્યું છે.

તેમાં રહેલા ખીચોખીચ સત્યો અને તત્વોને પરંપરાગત આચાર્યદેવો અને માર્ગાનુસારી મુનિવરો પ્રકાશતા ગયા. કટોકટીના કાળમાં નિજજીવનના ભોગે તે મહા

પ્રકાશનું રક્ષણ કરતા આવ્યા.

આવા સમર્થ આચાર્ય દેવોમાંના એક સિધ્ધાંત રક્ષક આત્મા હતા શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી. શ્રીમદ્‌નો શાસન પ્રેમ અને ટેક જૈન આલમમાં સુવિદિત છે. તેઓ શાંતિપ્રિય અને શ્રી સંઘ સુખાકારીના અટલ ચાહક હોવા છતાં મુડદાલ શાંતિના ઉપાસક ન્હોતા જ.

તેઓશ્રીની જીવન ઝરમર, અનેક રીતે આલેખાયેલી છે. આપણે તો તે પુણ્યધ્યેય આત્મામાં જીવન સંજિવની કેટલી ઉચ્ચ કોટિની પ્રગટી હતી તેની જ અનુમોદના કરી રહ્યા છીએ.

તપ તેજ કમ ન્હોતું, બાહ્ય તપ તે રીતનો હતો કે આંતર તપને ઉજાળ્યા વિના રહે નહિ. અભ્યંતર તપ તેવો આત્મસાત્ કરેલો હતો કે બાહ્ય તપ અભિવૃદ્ધિ પામ્યા જ કરે. તપનો તાર આત્મ પ્રદેશે વણાયો હતો. ચારિત્રનું રક્ષક કવચ તપ જ છે એ મહામંત્ર તેઓશ્રી કદી ભૂલ્યા ન્હોતા.

શ્રીમદ્ કવિ હતા. માત્ર અક્ષરદેહના નહિ. તેમાં ગુંજતું હતું આત્માનું ગીત. ગીતમાં ભાવ ભરાતા શાસન અને સિધ્ધાંતના. પરમાત્મ સ્તવના એમને અતિ પ્રિય હતી. ગુણગણના એ અનુમોદક અને પૂજારી હતા.

આત્માનું ગુંજન કરતા દેહનો વિલય ઇચ્છતા. દેહ-દમનમાં પણ શાસ્ત્રીય પદ્ધતિ આંખ સામે રાખતા. સમતુલાના સાચા દૃષ્ટિકોણના દૃષ્ટા હતા. હૈયું જિનાજ્ઞામાં રમતું. મન ઘુમતું હતું સદા સ્વાધ્યાયમાં.

શ્રીમદ્ લેખક હતા અને આધુનિક સરળ શૈલીએ

કથાનકો રજુ કરતા. જેથી તે સર્વભોગ્ય બનતી. તેમાં હતો માર્ગનો ટંકાર અને પુણ્ય-પાપના ફળનો રણકાર. એ રણકો દિલનો હતો. શાસન સમર્પણનો હતો.

સૌથી મોટું દૂષણ આજના કાળનું 'અહમ્' શ્રીમદે તેને દૂષણ આપી નમ્રતા અને સરળતાને ભૂષણ બનાવ્યા હતા. સમકાલીન સુવિહિત આચાર્યાદિ પ્રત્યેનો આદર અને પ્રેમભાવ ઝળહળતો હતો.

શ્રીમદ્ જમાનાના ઝેરથી ઘણા જ ચેતતા રહેતા. અને શ્રી સંઘને તે બદલમાં ખૂબ ચેતના આપતા. ધર્મની પ્રભાવનાને નામે થતી ધર્મ હાનિ અને માર્ગનો નાશ એમના ખ્યાલમાં રહેતો, એટલે ખાલી આડંબરી અને પરિણામે સ્વ પર આત્મઘાતક પ્રવૃત્તિમાં ભાગ ન લેતા તેમજ ટેકો પણ ન આપતા.

આ કયારે બને ? લોક વાહવાહ કે લોક હેરીથી આત્મા પર બને ત્યારે. આત્મસાધનામાં જબરજસ્ત આડખીલ બનતું આ દુષ્ટ તત્ત્વ હંમેશા શ્રીમદ્થી દૂર રહેતું.

**'માનવ જીવન' એ અમૃતનો કટોરો છે.** અમૃતને ચાખતાં-પીતાં અને પચાવતા આવડે તો. આ કળા શ્રીમદ્ને સાધ્ય હતી. 'અજન્મા' બનવા માટેની પ્રગટ ધન્ય પળને તેઓશ્રીએ પીછાની હતી અને જીવનમાં ઓતપ્રોત બનાવી હતી.

દુઃસાર અને દુર્ગમ સંસાર સાગરમાંથી માનવ ભવના રવૈયા વડે 'મંથન' શરૂ કર્યું અને સિદ્ધાંત દોરી એવી મજબુત પકડી રાખી યુક્તિ અને ન્યાયથી ઢીલી મુકતા

રહ્યા કે સમતુલાના ગણિત પર 'મંથન' કરી જીવન અમૃત પ્રાપ્ત કર્યું. અનેકોને તેનો આસ્વાદ કરાવ્યો. અને જીવનની અંતિમ પળ સુધી તપ તેજમાં રહી સાધુ જીવનની સુરભિ પ્રગટાવતા રહ્યા.

નામ 'અમૃત ધ્યેય અમર બનવાનો' પ્રાપ્ત કર્યું જીવન અમૃત. બની ગયા, અમર દેવ અને બને અનેક તેવા, તેવી સુવાસ મુકતા ગયા. શ્રીમદ્ અમૃત અજન્મા બનશે અલ્પકાળમાં અને આપણે ?

શ્રીમદે ચિંધેલા વીતરાગ ભગવંતના માર્ગને અનુસરી શાસન મયદાને વફાદાર રહી, નિજના શુધ્ધ કલ્યાણને સાધવા સાથે પરનો ઉત્કર્ષ ઇચ્છીએ. સિદ્ધાંત અમૃતના કટોરા પીએ અને પરને પાઇએ. એ જ મનોકામના.

# વીતરાગનો ધર્મ અને સાધર્મિક

(અત્રે પૂ. વિદ્વાન લેખક મુનિરાજ શ્રી વીતરાગ ધર્મ અને સાધર્મિકનું સ્વરૂપ તેની ભક્તિ અને વિવેક દર્શાવી ભવ્યાત્માને ભકિત માટે જાગૃત કરવા નિનાદ જગાવે છે)

**સ્વ**યંભૂ ધર્મ છે વીતરાગનો. સર્વકાલ માટે સદા જીવતો સદા સાબદો અને સર્વથા વિશ્વકલ્યાણકર. **વીતરાગ શબ્દ જ ધર્મનો અર્ક છે.** એ શબ્દમાં

આત્માની જ્યોતિ ઝળહળે છે. સન્માર્ગની સ્થાપના છે. ધર્મના અસલી રહસ્યનો આવિર્ભાવ છે.

દુન્યવી સર્વ જંજાળ અને ઝણઝટનું મૂળ છે રાગ અને દ્વેષ. **રાગ દ્વેષનો સમૂળ નાશ કરનાર વીતરાગ.** મહામોહના એ બે લાડકાનો સર્વથા ક્ષય એટલે મોહક્ષય. મોહક્ષય એટલે આત્મપ્રકાશનું પ્રગટીકરણ. એ સર્વતો-મુખી પ્રકાશ એટલે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે ત્રણે કાળના સર્વ લોકાલોક પદાર્થ જાણવાની સંપૂર્ણ જ્ઞાનશક્તિ.

આવી અદ્‌ભુત શક્તિ સર્વ પામે. જન્મ–મરણનો કાયમી અંત આવે. એ માટેનો ઉન્નત માર્ગ તે ધર્મ. તેના પ્રકાશક પરમ પ્રભુ શ્રી વીતરાગ પરમાત્મા.

તે માર્ગને સૂત્રમાં ગુંથી સર્વ ભવ્યજન સમક્ષ મૂકનાર ગણધરદેવો. તેના પર નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ ટીકા રચી મહોપકાર કરનાર ચૌદપૂર્વધરાદિ મુનિપુંગવો.

તે તે દેશની ભાષામાં માર્ગ અને સૂત્ર શાસ્રને વફા-દાર રહી સ્તવન–સજ્ઝાય-ગંહુલી સ્તુતિ–રાસાદિ કાવ્યમાં સિધ્ધાંત રહસ્યને ઉતારવામાં પૂર્વ પુરૂષોએ કોઈ કમીના રાખી નથી, મહામહોપાધ્યાય–ન્યાયવિશારદ-મહાતાર્કિક શ્રીમદ્ યશોવિજયજી મહારાજાની કૃતિઓ અદ્‌ભુત દૃષ્ટાંત-રૂપ કહેવામાં જરાએ અતિશયોકિત નથી.

આવી અનોખી ગુંથણીથી રક્ષાએલો વીતરાગનો ધર્મ જેટલો સૂક્ષ્મ છે તેટલો જ સરળ છે. જેટલો ઉંડો અને ગંભીર છે, તેટલો જ વિશાળ અને વ્યાપક છે. મૂળમાર્ગ અને અપવાદથી ખચિત છે. ધનવાન આરાધી શકે અને સામાન્ય માનવી પણ પાળી શકે. અઢાર દેશના રાજવી

શ્રી કુમારપાળ ગણધર પદવીની તૈયારી કરી શકે. અને મહાપુણ્યવાન સર્વશ્રેષ્ઠ શ્રાવક શ્રી પુણીયાજી શ્રી વીર ભગવંતના શ્રીમુખે પ્રશંસા પામી શકે. આ તો ખૂબી છે આ વિશ્વશ્રેષ્ઠ વીતરાગ ધર્મની.

શ્રી પ્રભુએ ભાખ્યા ધર્મ બે, સાધુધર્મ અને શ્રાવક ધર્મ. માર્ગ બતાવ્યા ચાર. દાન--શીલ–તપ–ભાવના. આદર્શ પ્રાપ્તિ રત્નત્રયીની. સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રની ઉત્કટ પ્રાપ્તિ એટલે મુક્તિ–નિલયમાં વાસ.

સાધુ પંચમહાવ્રતધારી, રાત્રિભોજન સર્વથા પરિહારી. કંચન કામિનીના ત્યાગી. સંસાર વ્યવહારથી પર. સ્વપર ઉપકારે શૂરા. આગમ અભ્યાસે વિધિ માર્ગના ખપી. આત્મસાધના એનું જીવન ધ્યેય.

શ્રાવક શકય સંયોગમાં સમકિત યુક્ત, દ્વાદશ અણુવ્રતાદિના ખપી. શ્રદ્ધા અને સંવેગમાં રમતા. દર્શનાચારની સર્વ ક્રિયામાં રત. **નાથની આજ્ઞા એમના પ્રાણ.** ઘરમાં રહે અને ઘર ગમે નહિ. કુટુંબનું પરિપાલન કરે અને કુટુંબ હૈયાથી અળગું. તીજોરીમાં થેલી મૂકે અને હૈયાને આંચકો લાગે. શાસન રક્ષાના ભાવ સવાયા. ધર્મ પ્રભાવનામાં પાછા પડે નહિ. **શાસનની મિલ્કતરક્ષા માટે સદા સાબદા.** દેવગુરૂના ઉપાસક પણ ઘેવલા નહિ. તીર્થયાત્રા–રથયાત્રા–કલ્યાણકયાત્રામાં આનંદનું પૂર ચઢે.

શ્રીમદ્ તીર્થંકર દેવો ત્રીજા ભવમાં વિશ્વભાવના ભાવે. 'સવી જીવ કરૂં શાસનરસી.' તીર્થંકરના ભવમાં કેવળજ્ઞાન પામે કે તુર્ત તીર્થ સ્થાપના કરે. તીર્થમાં સ્થાન શ્રી ચતુર્વિધ સંઘને. ભારે કોર્ડન–કિલ્લેબંધી. શા

માટે ? સુયોગ્યના સુરક્ષણ માટે.

માર્ગ સૌને ઉપદેશે. રૂચે-માને-શકય પાલન કરે. પૂર્ણ વફાદારી સાથે તે શ્રી સંઘમાં. પૂ. સાધુ પૂ. સાધુના સાધર્મિક. એકમેકના ભાવ પ્રાણના રક્ષક. સંયમમાં સહાયક, ગ્લાનાદિની સેવાના કોડ પુરા. સમુદાય કે ગચ્છની કલ્પના ત્યાં ન આવે. ત્યાં તો ભગવંત મહાવીરનો પવિત્ર ગણવેષ અને તેની વફાદારી. બસ એ જ આંખ સામે તરવરે.

યાદ આવી જાય છે એક સમર્થ મહાત્મા પુરૂષ. દૃષ્ટાંત તરીકે જ તો. નામ ? સુવિખ્યાત છે આ યુગના સમર્થ જ્યોતિર્ધર એ શ્રી આચાર્ય ભગવંત. ૩૦૦ સુશિષ્યોના-દ્રવ્ય પ્રાણ ભાવને સદાએ સાબદા રહી સંભાળનાર. કર્મ સાહિત્ય પ્રકાણ્ડવેતા શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા એટલે કોઇ પણ ગચ્છ-સમુદાયમાં સદા સહાયક. ગ્લાનાદિ કારણે તૂર્ત પોતાના સાધુને મોકલી આપે. **ભગવંતે ભાખેલ સાધર્મિક ભાવનો સાચો આદર્શ.**

શ્રાવક શ્રાવકના સાધર્મિક. **ભક્તિ કરે જેમ ભગવંતની-સેવે તેમ સાધર્મિકને**, સાધર્મિકની સેવા-ભક્તિ બહુમાન એટલે ? પરમ પ્રભુશ્રીની આજ્ઞાનું ઉચ્ચ પાલન. ગુણીમાં રહેલા ગુણોની ઉપબૃંહણા. શાસનગત ગુણોની ભવ્ય અનુમોદના-ધર્મમાં અનેક આત્માનું દૃઢીકરણ.

**સાધર્મિક વાત્સલ્ય એટલે સુધર્મ પ્રત્યેનો અગાધ પ્રેમ.** ધર્મ ધર્મીમાં રહેલો છે. ધર્મીનું વાત્સલ્ય **એટલે** ધર્મનું મહા બહુમાન. નોકારશી-જમણ એ પણ વાત્સલ્યની ક્રિયા. ઘર આંગણે બોલાવી જમણ-પહેરામણી

એ પણ ભક્તિ. શારીરિક–આર્થિક સંકટમાંથી ઉગારી ધર્મમાં જોડવા એ પણ અનોખી રીતિ–ગુપ્ત રીતે સહાયક બનવું એ પણ ખાનદાનની નીતિ ધર્મસમજણની ઉંચી કક્ષા. નાશવંત–ચપળ લક્ષ્મીથી અખૂટ આત્મ–સંપત્તિની પ્રાપ્તિનો મોંઘેરો માર્ગ.

કાળ કાળનું કામ કરે છે જગત્ પરિવર્તનશીલ છે. પુણ્ય–પાપના ઉદય ઘેરા છે. આજનો રંક કાલે શ્રીમંત. આજનો લક્ષ્મીજાયો કાલે ફુટપાથ પર રખડતો. પણ જનમ્યો છે શ્રેષ્ઠ શ્રાવક કુળમાં. **શ્રાવકકુળ એટલે મહાપુણ્યની નિશાની.** ધર્મપ્રાપ્તિ માટેના સ્વાભાવિક અનુકૂળ સંયોગો, છતાં ધર્મ તરફ ઢાળ નથી. આજુબાજુનું વાતાવરણ આત્મઘાતક છે. મહાપુણ્યમાં ખામી સૂચવે છે. એ ખામીનો પૂરક બને તે સાચો સાધર્મિક. ભગવંતનો સમજુ ભક્ત.

છેલ્લા વીસ વરસ એટલે કાળઘેર્યા કડવા અતિ કડવા અનુભવોનો ખારો સાગર. **કૃત્રિમ ઉભી કરેલી મોંઘવારીની મર્યાદા નહિ.** કૂદકે અને ભૂસકે વધતી જ જાય. છેલ્લા ત્રણ વર્ષમાં માઝા મૂકી. ઠામ વેચી પુરું કરનારા પણ થાકયા. બેકારી બિહામણી. એજ્યુકેશન અને પ્રગતિના નામે મૂળ માર્ગથી ચ્યુત કર્યા. વેપારધંધા મધ્યમ વર્ગના છીનવાઇ ગયા. સમાજનું શાંત ધોરણ ઉકળતા ચરૂ જેવું બની ગયું. નોકરી મળે નહિ. મળે તો બાર સાંધે અને તેર તૂટે. ચીજ વસ્તુનો ઉભો કરેલો કારમો અભાવ. દવા સાધન કારમા મોંઘા. ટ્રીટમેન્ટ જાલીમ. બીજા ટાઇમના ખોરાકના પણ ફાંફા.

જૈન-જૈનેતર સર્વની આ ભયંકર દશા અત્યારના આ પ્રગતિયુગમાં વર્તે છે. સર્વને સહાયક બની શકે તે મહાભાગ્યશાળી પણ છેવટે ધર્મભાવનાથી પોતાના સાધર્મિક ભાઇ બ્હેનોને તો સંભાળવાને ? સૌ પોતપોતાની શકિત અનુસાર તો કાંઇક ને કાંઇક કરી શકેને ? પાડોશમાં-પોળમાં મહોલ્લામાં-પરામાં-શહેરમાં આ રીતે શક્તિ અનુસાર વર્તુલ સ્વીકારીને પણ. આ થઇ વ્યકિતગત સ્વયં પ્રવૃત્તિની.

પણ આજે જરૂર છે વિશિષ્ટ સામુદાયિક પ્રવૃત્તિની પણ. પણ તે સામલાને દયાપાત્ર ગણીને નહિ પણ ભક્તિપાત્ર ગણીને, પોતાનું કલ્યાણ સમજીને. સામુદાયિક એટલા ખાતર કે વ્યવસ્થિત પ્રવૃત્તિ અને સંચાલન થઈ શકે. અને તેમ થતું હોય તો અનેક પુણ્યશાળી મહાશ્રીમંતો આજે ઉભેલા છે. તેમના દિલમાં આ વસ્તુ નહિ જ રમતી હોય એમ માનવાને કારણ નથી. ઉદારદિલ સુશ્રાવક માણેકલાલ ચુનીલાલ જેવા કોઇ મહાનુભાવો આવી કોઈ સુવિશિષ્ટ યોજના થતી હોય તો લાખોના વ્યય માટે તક ઝડપતા વાર લગાડે તેમ નથી.

અરજીઓની યાચક યોજના માટે આ અંગુલિ નિર્દેશ નથી. પણ મોભાદાર વિશ્વસનીય વ્યક્તિઓ દ્વારા તેનું સ્વયં સંયોજન થાય એ હેતુ છે. આ માટે અનેક જાતની આંતર યોજનાઓ ઘડી શકાય તેમ છે. કે જે દ્વારા ધર્મનું ગૌરવ અને શાસનનું તેજ વધે જ વધે.

આજે આપણે ત્યાં સમ્યગ્જ્ઞાનની સુલહાણની પણ માર્ગાનુસારી યોજના નથી. જે કંઈ દેખાય છે તે માત્ર બાહ્ય રૂપમાં અને થીગડા માર્યા જેવી સ્થિતિમાં. કબુલ

છે કે સર્વશ્રેષ્ઠ સંસ્થા—જ્ઞાન વિતરણ માટે પૂ. શ્રમણ સંસ્થા અને તેની સુવિશુદ્ધ પ્રણાલિકા છે. પણ જ્યારે બહુલતયા ભાવી પેઢી સુવિહિત માર્ગથી દૂર અને દૂર થતી જાય છે ત્યારે કોઈ એવો માર્ગ તો શોધવો જ રહ્યો. કે જે દ્વારા તે સાચા પૂજ્યોની નિકટમાં આવે. આ મહાન્ વીતરાગ ધર્મમાં રચેલ સાયન્ટિફિક પરમ સત્યોને પિછાને. પોતાને વારસામાં અનાયાસે મળેલ અતિ અદ્‌ભુત વિશ્વકલ્યાણકર જ્ઞાન ખજાનાને પિછાને **આજની સાયન્સ તો હજુ એકડો ઘુંટે છે.** જયારે આગમમાં રહેલું મહાવિજ્ઞાન તો હજારો વર્ષ આગળ વધેલ જ છે.

આ પણ છે એક સર્વોત્તમ પ્રકાર. સાધર્મિક વાત્સલ્યનો. શાંતિ-સમાધિ અને સુખ પ્રાપ્તિનો પવિત્ર માર્ગ.

જેમ આદર્શ સામે આંખ ખુલ્લી રાખવાની છે. તેવી જ રીતે હકીકત સામે પણ ધ્યાન રાખવાનું છે. ખાલી આદર્શની ગુલબાંગ વાતો કરવાથી કાંઇ વળે નહિ. માર્ગસ્થ પણ રચનાત્મક કાર્ય તો થવું જ જોઇએને ?

નિઃસહાય પરિસ્થિતિમાં મૂકાએલ વ્યક્તિને કર્મ પરવશતાનો ઉપદેશ દાન—શક્તિવાળો કયારે આપી શકે ? પરિસ્થિતિ સુધારી સ્થિર કર્યા બાદ જ ને ? અને આ બાબતમાં અમારો પૂજ્યગણ ભક્ત શ્રીમંતોનું ધ્યાન ઉપદેશાદિ દ્વારા જ ન ચિંધી શકે એમ તો નથી જ ને ?

એક વાત સ્પષ્ટ કરી દેવી જોઇએ કે આ ઉત્તમ પ્રણાલિકા આપણે ત્યાં હતી જ અને આજે પણ પુણ્યવાન ગણી ગાંઠી વ્યક્તિઓ દ્વારા તેનું પરિપાલન થાય છે જ. અને તે પુણ્યવાનો તે જ છે કે, જેઓ ભગવંતે કહેલા

સદનુષ્ઠાનોમાં સારો એવો સદ્‌વ્યય કરી આ ભયંકર જમાનામાં શાસનની સાન બઢાવી રહ્યા છે. અને મૂળ માર્ગની રક્ષક દિવાલને મજબૂત બનાવી રહ્યા છે.

પણ સાથે જ એ પણ એક સૂર્ય જેવું સત્ય છે કે મોટા ભાગનું આ ભવ્ય-રક્ષક પ્રણાલિકા તરફ બહુલતયા ધ્યાન જતું જ નથી.

સુશ્રાવકોમાંથી સુસાધુ પ્રગટવાના છે. ધર્મનો તારક ઉપદેશ પણ તેમના જ હૈયે કામ કરવાનો છે. તેમની રક્ષામાં તારક મહા ધર્મનું રક્ષણ અને પોષણ નથી? શ્રેષ્ઠકુળમાં જન્મેલને તો ધર્મે રંગવાને? બહારની બઢતી તો સંયોગો અને સાવધાની પણ માગશે ને?

વળી છેલ્લા વધુ નહિ તો પાંચસો વર્ષમાં આવી ભયંકર કારમી પરિસ્થિતિ સર્જાયાનો ઇતિહાસ પ્રાયઃ છે નહિ. અનીતિ એ તત્ત્વ બનતું જાય છે. સુસંસ્કાર મૂળમાં મરી જાય એવી જ બધી પ્રવૃત્તિ. પ્રાયઃ પેટનો ખાડો પૂરવા, ક્ષમા કરશો, પણ શિયળ વેચાણા. કચવાતા મને અને આંખના આંસુએ. આ ઉલ્લેખ કરતા કલમ કંપે છે. હૈયું આંચકો અનુભવે છે. પણ કુંભકર્ણ નિદ્રા સમાજની કઈ કક્ષાએ?

ભારતનો આત્મા જાગે. જૈનોની જાગૃતિ ખીલી ઉઠે. આત્મા ધર્મ ઉન્નત બને. સુવિશદ ભાવનાઓ વ્યાપક બને. દાનનો સાચો મહિમા સમજાય. ભક્તિ ભાવવાહી અને સમજવાળી બને. વીતરાગના ધર્મને પામેલાઓ પોતાના સ્વધર્મી બંધુઓને-બહેનોને કુટુંબી-માને મનાવે. સત્યધર્મની રોશન બઢાવે.

# શાસનની પ્રભા

(જૈન શાસનની ઉન્નત પ્રભાનું મહત્વ અને તેને પ્રકાશિત રાખવાના મર્મસ્થાનોનું રહસ્ય અત્રે શાસન હિતચિંતક વિદ્વાન પૂ. મ. શ્રી સમજાવે છે. શાસન પ્રત્યેની ઉપેક્ષાએ જન્માવેલી વિષમ સ્થિતિ ટાળવા આત્માને શાસન સમર્પિત અને ધર્મનો ખપી બનાવવો જરૂરી છે. સં૦)

પરમોપકારી તારક ગુરૂ ભગવંતોની ધર્મ કૃપાથી શું શુભ શ્રેણી નથી સર્જાતી ? પરમ પ્રભુના મહાશાસનમાં ગુરૂસ્થાનનો મહિમા આશ્ચર્યકારી છે. શાસનના રક્ષક, પ્રચારક, પ્રભાવક તે મહાત્માઓના ઓજસ્ અને તેજસ્ અનેરા હોય છે. કારણ કે આજ્ઞાની વફાદારી અને ચારિત્રની નિર્મળતા સુંદર કોટિની હોય છે.

સકળ વિશ્વના સુખ દુઃખનો આધાર તે કૃપાળુઓની ધર્મ પ્રેરણા અને ધર્મ પ્રવૃત્તિ પર આધાર રાખે છે. ત્રિકાળ જ્ઞાની પરમ પ્રભુના સુખ માર્ગને તેઓ જ વ્યવસ્થિત વહેતો મૂકે છે. પોતપોતાની કક્ષામાં રહી સ્વ શક્તિ અનુસાર સન્માર્ગે સૌ ચાલી શકે તે માટે હંમેશા ચિન્તનશીલ પોતે રહે છે.

શ્રી સંઘોમાં દ્રવ્ય ભાવ બન્ને આબાદી બની રહે તે

માટે સદા સજાગ રહે છે. સાચા ધર્મી આત્માઓ સીદાય નહિ તે પણ ધ્યાનમાં રાખે છે. પોતાની સંયમ-મર્યાદામાં રહી શ્રી સંઘના કલ્યાણ-સુખ માટે સાબદા હોય છે.

ઉત્તમ કોટિના આજ્ઞાબધ્ધ અનુષ્ઠાનો દ્વારા આત્માઓમાં ધર્મ જાગૃતિ જારી રાખે છે, અને તેવા મહા પ્રસંગે અનુકંપા અને ઔચિત્ય દાનના પ્રવાહ માટે ઉપદેશ ધોધ વહેતો મૂકે છે. એથી શાસનનું આકર્ષણ ઓર વધે છે,

ભાવદયાના ઉપાસક-દ્રવ્ય ભાવ દયાના ઉપદેશક-જનમન આનંદકારી સાધુ મહાત્માઓ, ખરેખર વિશ્વના તેજસ્વી રત્નો છે. ત્યાગ એમનું તેજ છે. તપ એમનું ઓજસ્ છે. સર્વ કલ્યાણની ભાવના એમનું વિશિષ્ટ વ્રત છે.

આવા ઉત્તમ રત્નોની ખાણોથી ભરેલું વીતરાગનું મહા શાસન છે. જે આત્માઓ આટલા ઉંચે દરજ્જે નથી ચઢી શક્તા, તેઓને માટે પણ કલ્યાણ માર્ગની યોજના છે. સાધુપણું અને તેની પ્રાપ્તિને સદા આંખ સામે રાખી, ગૃહસ્થ પ્રાયોગ્ય બાર પ્રેકટીકેબલ નિયમોનું પાલન કરે છે. તેટલે પણ પહોંચવાને અશક્ત આત્માઓ વસ્તુના સ્વભાવગત સત્યને જ સત્ય માનતા અને ઉચ્ચરતા, સત્ય નીતિના પંથે ચાલે છે. નિઃસહાયને સહાય કરે છે. પ્રાણી ગણના અને માનવ ગણના રક્ષક પ્રેષક બને છે. વ્રત-મહાવ્રતને ખેંચી આણનાર સર્વજ્ઞ કથિત શુભ અનુષ્ઠાનો કરે છે. કરાવે છે. કરણને સહાયક બને છે. જીવદયા અને સમાજ કલ્યાણના નિર્દોષ કામોને વેગ આપે છે.

પરમાત્મ માર્ગે માત્ર ઉંચા ત્યાગ-વૈરાગ્યની જ વાત કરે છે. ગૃહસ્થ યોગ્ય ઉન્નતિપથ નથી બતાવતો એ ભ્રામક માન્યતા છે. પરંતુ ઉંચી કવોલીટીનો માલ બતાવ્યા છતાં નીચી કવોલીટીનો જ લે પછી વેપારીનો વાંક નહિ. મોટી સભાઓમાં અનેક સ્ટેજના માનવી હોય. લાખના મોલથી માંડી પછી જ ત્રાંબીયાની વાત મૂકાય ને ? આદર્શ હંમેશા ઉંચો જ હોય. ધ્યેય પરમલક્ષી જ રાખવો જોઇએ. આચાર પાલન ભલે શક્તિ અનુસાર. નાની હાટડી કે દુકાનની શરૂઆત કરનાર હૈયાંથી તો ઉદ્યોગપતિ બનવાની જ ઇચ્છા ધરે છે.

સારીએ દુનિયાના ફોઝદારી કે દીવાની કાયદાઓ દફનાવી દેવા પડે એવી શાસનની રીતરસમ છે, સર્વથા-હિંસા, જુઠ, અસત્ય, અબ્રહ્મ અને પરિગ્રહ પૈસા ટકા અને ધનદોલતના ત્યાગી તે સાધુ. અંશતઃ ત્યાગી અને સર્વ ત્યાગના અભિલાષી ગૃહસ્થ દેશ ત્યાગી. ઉપરના બંને માર્ગના ચાહક અને પરમ સત્યમાં શ્રદ્ધાયુક્ત સન્માર્ગી. સામાન્યથી સત્ય અને નીતિના ઉપાસક અને પાલક માર્ગાનુસારી, સુધર્મના માર્ગે દોરવાને આત્માના ઉચ્ચ પંથે પહોંચાડવાને આ રમણીય માર્ગો અને કેડીઓ છે.

કોઇ ચઢે પડે વળી ઉભા થાય. કોઇ ગબડે અથડાય. ખીણમાં ફેંકાય-બહાર આવે. ફરી માર્ગે ચઢે. શુધ્ધ આદર્શ ધ્યેયને વળગી રહેનારા, સુમાર્ગે ફરી ફરીને ચાલનારા, ઇષ્ટ લક્ષ્યને મેળવી જ શકે છે. જન્મ-મરણ ને વ્યાધિની ભયંકર યાતનાઓથી સર્વદા છૂટવા ઇચ્છનાર મૂળ માર્ગને જ પકડીને ચાલે છે. તે માટે જ શાસનનો

આધાર લે છે.

આવી કોટીના મહા શાસનને છિન્નભિન્ન કરવા કોશિષ કરનારા તેની 'પ્રભા'ને ઘડીભર ભલે ઝાંખી પાડી શકે. પણ તેના તેજને કદી નહિ આવરી શકે. વાદળા આવે સૂર્ય ઢંકાય. તેજ અવરાય, પણ છાયા તો દિવસ સૂચવ્યા જ કરે છે.

છેલ્લા ૪૦-૫૦ વર્ષથી બાહ્ય-અભ્યંતર હુમલાઓ અને વિચિત્ર પ્રસંગો વીતરાગ ભગવંતના વિશ્વકલ્યાણકારી શાસનની પ્રભાને જરા જરા ઝાંખી પાડતા આવ્યા છે. તેમાં છેલ્લા દશકામાં તેવા અઘટિત બનાવો અને વાહ-વાહની આંધીએ તે પ્રભાને ઘેરી લીધી છે. છતાં તેનું તેજ તો સુવિહિત ગણ્યા-ગાંઠયા પૂ. આચાર્યાદિ સુસાધુઓ દ્વારા રક્ષાએ જ જાય છે. જનતાનો અમુક ભાગ તો તેજને ઝીલે જ જાય છે. **હરકોઇ કાળમાં સત્યનો રણકાર અને ટંકાર તો ચાલુ જ રહેવાનો.**

પણ અફસોસ અને આશ્ચર્યની વાત તો એ છે કે અત્યારે તો સ્વકીયો પ્રભાને વિસ્તારવામાં માને છે, અને તેજ ઢંકાયે જાય છે. ભલા! તેજ ઢંકાતા પ્રભા કયાં રહેશે? કયાંથી જન્મશે? તેજના અંધારમાંથી પ્રભા તો પ્રગટશે ને? આત્મા ઉડી જશે પછી દેહ કેટલી ઘડી માટે? આત્મા વિનાનો દેહ તો દુર્ગંધી જ ફેલાવે ને? ધ્યેય વિનાનું ધ્યાન, મંત્ર વિનાનું અનુષ્ઠાન, મનની સામાન્ય પણ પવિત્રતા વિનાની પૂજા, મહાવ્રત પાલન વિનાનું સાધુપણું, સત્યનિષ્ઠા અને શ્રધ્ધા વિનાની ઉપા-*સકતા તેવી જ રીતે તેજ વિના પ્રભાની વાતો ને?*

મૂળ માર્ગ રક્ષક શુદ્ધ પ્રણાલિકા અને સીમાચિન્હો છોડીને ધર્મના ઉદ્યોતની વાતો અને પ્રવૃત્તિ ! પગ પર કુહાડો મારી શરીરની શોભામાં વધારો ? સુઆજ્ઞાથી પર બની પ્રગતિની હાકલ ? આ તો 'વંધ્યાના પુત્ર' અને 'પિતા મારા સદા બ્રહ્મચારી' જેવા વદતા વ્યાઘાત છે. નરી ગાંડાઇ અને અડેડાઈ. અહમનું પરિણામ.

આથી આગળ વિચિત્ર પ્રવૃત્તિના વિનાશક પરિણામ. શાસનમાલિન્યને કરનારા, શાસનની તેજ સીમાને સ્પર્શ-નારા, બસ વક્તા-વક્તા ને વક્તા. સર્વને જોઈએ માત્ર વકતા. શુદ્ધ ચારિત્રયુકત વકતાનો ખ્યાલ તો જાણે ઉપા-સકોનો મોટો ભાગ ભૂલી જ ગયો હોય ને ? વકતા શા માટે ? મુખ્યતયા પર્યુષણા માટે ? પર્યુષણા બહુલતયા રાખેતા મુજબની ઉપજ માટે ? હા, ઉપજની પણ સુયોગ્ય જરૂર ખરી જ. પણ આંતરિક ઉપજ હૈયાની કુણાશ અને ધર્મ પ્રેમ એ જ મુખ્ય ને ?

જ્ઞાન ખાતાની ઉપજ અને શાસ્ત્ર પુસ્તકોને ગાઢો સંબંધ. જરૂરી લખાવવું કે છપાવવું એ માટે નાણું તો જોઇએ જ. પણ પછી તે વ્યાપારી લાઇનમાં તો ન જ ગોઠવાઇ જવું જોઇએ ને ? પણ થાય શું કાર્યકર્તાઓને તે વિચાર ન હોય ત્યાં ? અને ગૃહસ્થો તો ભક્તો. ભક્તિ-માં થોડી સ્વાર્થની માત્રા ભળે એટલે ખેલ ખલાસ.

શાસનપ્રેમી આત્માઓ ઉંડી અને પ્રગટ લક્ષ્યવેધી તકેદારી બાદ શાસન–માલિન્ય દૂર કરે. આશય પવિત્ર હોય, વ્યક્તિઓ પ્રત્યે દ્વેષ ન હોય, પગલું ભરતાં પહેલાં શાસન–પ્રણાલિકા સાચવવા પ્રયત્ન કર્યો હોય પણ........

પણ.......ગ....જબ થઈ જાય. જો કોઇ સ્વાર્થી (?) ભક્ત ફરીથી વેષ પરિધાન કરાવે.

આ વાત જો સાચી જ હોય તો ભારત વર્ષના શ્રી સંઘે શાસન અને શાસનની તેજપ્રભાનું રક્ષણ કરવા શું શું ન કરવું જોઇએ? શ્રી સંઘ એટલે માત્ર ઉપાસક ગૃહસ્થો? ના ના.. એ તો એક પદ્ધતિવિહિન શણગાર માત્ર. ટાઈમના ભોગ વિનાનો અને શૈલી અને મર્મ અણજાણ પ્રયત્ન–પ્રસ્તાવના કરી વિસર્જન થયો. એ જ પ્રસ્તાવનાનો અભ્યાસ કરી શ્રી ચતુર્વિધ સંઘે સાબદા બની જવું જોઇએ, ખાસ કરીને શ્રી ચતુર્વિધ સંઘના મુખ્ય અને શ્રમણ નાયકોએ અને ગૃહસ્થ શ્રદ્ધાળુ-સમભાવી નેતાઓએ.

વ્યક્તિ તો હંમેશા ક્ષમા પાત્ર ગણાય. કર્મને વશ ગણીને પણ. તેને માટે તિરસ્કાર વૃત્તિ ધર્યા સિવાય. પણ સમષ્ટિ દૃષ્ટિએ શ્રી સંઘના ભાવ અને દ્રવ્ય સ્વાસ્થ્યના રક્ષણ માટે અને શાસન તેજ-પ્રભાને વિસ્તારવાના હેતુથી તન–મન–ધન અને વિશેષે કરીને ટાઇમ-સમયનો પૂરતો ભોગ આપ્યે જ છૂટકો. ખરેખર તો તીર્થંકર દેવના સીધા પ્રતિનિધિ સુવિહિત ચારિત્રના ધણી, માર્ગના ધોરી રક્ષક પૂ. આચાર્યદેવો, બીજા કાર્યો અપેક્ષા વિશેષે ગૌણ બનાવી, આ પ્રશ્નને હલ કરવા માર્ગસ્થા વિચારણા અને પ્રવૃત્તિ પ્રથમ પગલે શરૂ કરે એવી પ્રાર્થના વિનતિ આપણે કરીએ. અને સદ્‌ગૃહસ્થો હૈયાની પૂરી દાઝે, સામે પગલે જઈ તેમના સુસહાયક બનવાની તૈયારી બતાવે! કેવો સુમેળ જામે!

ઠીક આ તો પ્રાસંગિક. પણ પૂર્વનું આવું સુરમ્ય

બંધારણ પાછુ તાજુ બને એજ સુયોગ્ય છે. જુઓ-અંતરીક્ષજી મહાતીર્થની, આપણે હૈયે ધારણ કરેલા આપણા જ દિગંબર ભાઇઓને હાથે થયેલી દુર્દશા. જોરજબરાઈથી કબજે કરેલ સત્તા. અને જુઠ-માયાયુક્તિથી સ્થાપેલા તદ્દન નવા સર્જન. તાજેતરમાં એક આશ્ચર્યકારક બીના જાણવા મળી. થોડા જ સમય પહેલા મહારાષ્ટ્રમાં શ્વે. દિગં. સ્થા. તેરા, ની એક સભા વર્ધા મુકામે મળી. તીર્થાનો ઝગડો સદાને માટે દૂર કરવાનો પ્રસ્તાવ મૂકાયો. બંને પક્ષના નેતાઓ એક વાત પર સંમત થયા. જેણે જે કાયદાના રક્ષણે મળ્યું છે, અગર શ્વેતાંબરોએ જે પ્રેમથી આપ્યું છે, તેમાં હવે પરસ્પર વિક્ષેપ કરવો નહિ. અને બે ત્રણ માસ પછી તો સાફ શબ્દોમાં કહીએ તો અમારા ગણીને માનેલા-દિગંબર ભાઇઓએ ખુલ્લી ગુંડાગીરી, આજના કોઈ સ્વાતંત્ર્ય યુગના સરકારી નેતાની સહાયથી, મનમાનતી રીતે અપનાવી.

ખૂબી તો એ છે કે પ્રીવી કાઉન્સીલે તે વખતના સાર્વભૌમ, ન્યાયસત્તાએ આપેલ, એવીડન્સ અને પ્રુફની ન્યાયતુલાએ, જજમેન્ટ અનુસાર ત્રણ કલાકની વારા સિસ્ટમ સિવાય દિગંબરોનો કોઈ હક્ક છે જ નહિ. દસ-દસ કેસોમાં લગભગ બારસો તો પુરાવા પડેલ છે. છતાં શાસન-પ્રભાને નહિ સમજનારા પત્રોના છાપાઓના, દોઢ ડહાપણનો પાર નથી.

ભાઇચારો તો શ્વે. ની ગળથુથીમાં પવાએલ છે. પણ સિધ્ધાંત અને તીર્થના રક્ષણની જવાબદારી તેઓ સમજે જ છે, છતાં વચ્ચે વચ્ચે દિગંબર ભાઇઓની માગથી કેવી

ઉદારતા કરેલી છે અને પરિણામે આજે કેટલી કઢંગી પરિસ્થિતિમાં મૂકાવું પડયું છે એ તો અનુભવે તેજ જાણે?

ખેર-સત્ય તો તરવાનું જ છે. પણ એમ પણ જાણવા મળે છે કે આ તો અડેડાઈ અને જોહુકમીની પ્રસ્તાવના માત્ર છે. શ્રીશિખરજી, મક્ષીજી, કેશરીયાજી વ. સ્થળોએ આનું પુનરાવર્તન થશે. જો આ અખતરો સફળ થશે તો. ભાવી તો જ્ઞાની જાણે. પૂર્ણ મિત્રતાના ભાવે પણ સંપૂર્ણ ન્યાયના ધોરણે શ્વે. નાયકો હંમેશા તૈયાર જ છે. પણ સર્વ પહેલાં જૈસે થે ની (સ્ટેટસ્કો) સ્થિતિ તો સર્જાવી જ જોઇએ ને?

પરમાત્માનું શાસન, અચાનક આવી પડતા દ્રવ્ય અને ભાવ પ્રાણના ઘાતક ઉપદ્રવોથી રહિત બને. સર્વ હિતકર વિશ્વકલ્યાણ સાધક સામ્રાજ્ય વ્યાપક બને. 'ભાઇ ભાઈ'ના પોકારો કરી અંદરખાનેથી ચીનની ભારત ઘાતક પ્રવૃત્તિ જેવી યુક્તિઓ ન રચાય. સ્વચ્છ મનથી સાધક માર્ગો અપનાવાય. દુ:ખીયોના મર્મ વેધક દુ:ખ દૂર કરવાની મનોવૃત્તિ જાગે અને પરમ પ્રભુના શુદ્ધ માર્ગની માનવ-સહજ આજ્ઞાઓને અપનાવીને ભારતના આજના યુગ નાયકો પ્રજાના માનસ પટ પર સાચી શાંતિનો લેપ લગાવી પોતે આંતરમુખ બની પ્રજાને દુ:ખના સ્થાને સુખ સ્થાપી, ભયંકર હાલાકી દૂર કરે. સર્વ કોઈ કર્મની અગમ્ય સત્તાને સમજી સત્તા અને શક્તિનો સદુપયોગ કરે. વિશ્વમાં સત્યની પ્રભા વિસ્તારવા ઇચ્છે.

# વાસ્તવિકતા-વ્યવહાર અને ધર્મ

વિશ્વભરમાં ધર્મ શબ્દ પ્રચલિત છે. દેશોદેશમાં કોઈને કોઈ રૂપમાં 'ધર્મ' શબ્દનું અસ્તિત્વ છે. 'ધર્મ' શબ્દના અનેક અર્થો લોકો કરે છે, હોય છે અને થાય છે. કોઈ ધર્મ એટલે ધાર્મિક ક્રિયા-રિલીજીયસ પ્રોસેસ કહે છે. ધર્મ એટલે ફરજ-ડયુટી. ધર્મ એટલે દેવદેવીમાં શ્રદ્ધા. ધર્મ એટલે ઇશ્વરને માનવો તે. માનવધર્મ-દેશધર્મ-આત્મ-ધર્મ. **દુર્ગતિમાં જતા બચાવી સુગતિમાં લઇ જાય તે ધર્મ. ક્ષણભંગુર સંસારથી છોડાવી સચ્ચિદાનંદ પદ આપે તે ધર્મ.** જન્મમરણના ફેરા ટાળવા તે ધર્મ, સ્તુતિ-બંદગી-પ્રાર્થના એ ધર્મ.

આમ અનેક જાતિના વિચારવાળો ધર્મ શા માટે? દુનિયાની આસાની માટે? કોઈ વ્યક્તિ કે સમૂહના સુખ માટે? દેશ કે દેશની પ્રજાની આબાદી માટે? કે વિશ્વનો વ્યવહાર સુખપૂર્વક બન્યો રહે તે માટે? અગર કોઈ મિશ્ર સ્વતંત્ર હેતુ ધર્મ પાછળ રહેલો છે?

વ્યવહાર પણ લોક વ્યવહાર-શુદ્ધ વ્યવહાર-અશુદ્ધ વ્યવહાર મહાજન વ્યવહાર-લોક વિરૂદ્ધ વ્યવહાર-કપટ વ્યવહાર આદિ અનેક પ્રકારના હોય ને?

આ બધી શબ્દોની ગુંચ-જાળમાં સામાન્ય માનવી અટવાઈ જાય એ સ્વાભાવિક છે, અને વળી જરા ઉંડા ઉતરવાની ટેવ ન હોય તો અશ્રધ્ધાના કાદવમાં પણ ખુંચી જાય. જ્યારે હોંશિયાર (!) ગણાતો માનવી મનઘડંત અર્થ કરી સફાઇપૂર્વક પોતાનો સ્વાર્થ પણ સાધી લે. પછી નિર્દોષ-કુદરતને પનારે જીવનારા સાફ દિલ માનવીને માટે કોઈ માર્ગ ખરો ? કોઈ આરો-કિનારો કે આશ્રય સ્થાન ખરૂં ?

આ પરિસ્થિતિને પાર તો કરવી જ જોઇએ. અનિશ્ચિતતાની અટવીમાંથી બહાર તો નીકળવું જોઇએ. એ માટે પ્રમાણભૂત-(Standard) સર્વમાન્ય ઉકેલ હોવો જ જોઇએ. તે પ્રમાણને-મેઝરને આપણે વાસ્તવિકતા (Reality) નામ આપીએ. તેને નિપક્ષ-નિઃસ્વાર્થ-સદ્‌બુધ્ધિજીવી આત્માઓની કસોટીએ ચઢવા દઈએ.

કોઈ પણ વસ્તુને-પદાર્થને તેના અસલ સ્વરૂપમાં જાણીને ઓળખીને તેનું તેવા જ રૂપમાં વર્ણન યા આલેખન કરવું તે 'વાસ્તવિકતા' ગણાશે. પદાર્થને તત્સ્વરૂપ જાણવા માટે બે માર્ગ. ક્યાં તો પદાર્થ-તત્ત્વના સાર્વીય શુધ્ધ જ્ઞાતા બનવું, અગર તેવા સર્વોચ્ચ કોટિના જ્ઞાતાને ઓળખી તે મહાવ્યકિતના વચન પર પરિપૂર્ણ શ્રધ્ધા રાખવી. 'સાર્વીયશુદ્ધજ્ઞાતા' કેવી રીતે બનાય ? એવા કોણ અને કેટલા બન્યા છે ? તેમના તરફથી વિશ્વને 'વાસ્તવિકતા'ના કેવા ઉંડા નિશ્ચયાત્મક વિધાનો પ્રાપ્ત થયા છે ? એ વિધાનો કેટલા બધા કુદરતી (Natural) છે ! કેટલી સરસ રીતે વિશ્વ વ્યવહાર સાથે સુબધ્ધ સંબંધિત

છે? માનવ-યા હરકોઈ પ્રાણીના જીવનની દૈનિક ઘટ-માળને પણ હૂબહૂ રજુ કરે છે? એનો ખ્યાલ આવતા જ સમજુ શાણો આત્મા આનંદવિભોર બનીજશે.

'સાર્વીય શુધ્ધ જ્ઞાતા'ને ટુંકમાં ઓળખવા માટે 'સર્વજ્ઞ' શબ્દ વિશેષ અનુકુળ રહેશે. સૌથી પ્રથમ 'સર્વજ્ઞ' શબ્દની જ વાસ્તવિકતા વિચારીએ. સર્વજ્ઞની સાચી ઓળખ થતા સઘળું સ્પષ્ટ થઈ જશે. આપણે કોઈ અનોખી રીતે તે ઓળખ કરવી છે. ઓળખ જનમન ગ્રાહ્ય અને હૈયે બેસી જાય તે પધ્ધતિએ કરવી છે. આ ઓળખ એ પાયો બનશે. પછી વ્યવહાર અને ધર્મની ઇમારત તેના પર ચણાશે તે મજબુત શોભનીય અને સુદ્દઢ બનશે.

વિશ્વભરમાં બે પદાર્થો દ્દષ્ટિગોચર થયા કરે છે. એક જડ અને બીજો ચેતન. આથી ત્રીજી વસ્તુ કોઇ ભેજા-બાજ સાયન્ટીસ્ટ બતાવી આપે તો વિશ્વ એવોર્ડ આપવો પડે. ચેતન જડની પાછળ પાગલ બનેલ છે. કોઇ શોધ-ખોળના રૂપમાં, કોઈ સત્તા પ્રાપ્તિના રૂપમાં, તો કોઈ ભોગોપભોગ અને મોજશોખના રૂપમાં. છતાં અત્યાર સુધીના મહાકાળમાં કોઇ પણ સર્વતોસુખી સુખી દેખાયું નથી. અરે સુખ માટે સતત ફાંફા મારવા છતાં પ્રાયઃ દુઃખના ડુંગર ખડકાયા છે. કયાં તો સામગ્રી મેળવનાર ખતમ, કયાં તો અથાગ મહેનત કરનારના જીવંતકાળમાં જ સામગ્રી સાફ, અને બન્ને પ્રસંગોમાં તે આત્માનું મનો-દુઃખ કેટલું ? સુખની કહેવાતી સામગ્રી જ્યારે દુઃખ-નું જ મહાકારણ બને ત્યારે આશ્રય કોનો ?

બસ આ ભેદક વિચારણામાં જે ઉંડા ઉતર્યા તેને

'વાસ્તવિકતા'નું ભાન થયું. પછી તો વિશ્વવ્યવહાર જીવન વ્યવહાર તેનો વાહક, અનુકુળ માર્ગ, તેમાં રહેલી જડ ચેતનની ગુંથણી તેનો અનાદિનો સંયોગ, તેમાંથી જન્મતી ખાનાખરાબી–તેમાંથી બચવાનો સાચો ઇલાજ,–કાયમી સુખની પ્રાપ્તિ માટેનો માર્ગ, તે માર્ગને પછી ધર્મ કહો, કે શાંતિની ઉપાસના કહો.

મહામાનવો વાસ્તવિકતાની જડને તો સમજી જ ગયા હોય છે. પણ પછી પોતાના આત્મામાં જે અવાસ્તવિકતા અનાદિકાળથી ચોંટેલી છે તેને સંપૂર્ણતયા દૂર કરે છે, જરૂર દૂર કરવામાં મહામંથન અને ઉગ્ર કોટિની સહન-શીલતા જરૂરી થઈ પડે છે. તે રીતે પણ તેઓ વિજયી થાય છે. જડ અને ચેતનના સ્વરૂપનું સર્વતોમુખી સભાન જ્ઞાન આત્મસાત્ કરે છે. ભૂત ભવિષ્ય વર્તમાન કાળનાં સર્વ પદાર્થો અને તેના વિવિધ આકારો આત્મ સન્મુખ રમતા દેખાતા બની જાય છે.

ફલિતાર્થ એ નીકળે છે કે જરાએ વિરોધાભાસ સિવાય, પરસ્પરની અથડામણ સિવાય, જેવું હોય તેવું પદાર્થનું જ્ઞાન, જગત્ સમક્ષ તેઓ મૂકી શકે છે. આવો સુંદર સ્પષ્ટ–સત્ય ખ્યાલ મળતા જ શાણાઓ ચમકી ઉઠે છે. પોતાની ભુલભુલામણીનું ભાન થાય છે. સત્ય માર્ગને જાણવા-સમજવા–હૈયામાં ઉતારી, શકય રીતે આચરણમાં મૂકવા તાલાવેલી જાગે છે. બસ આ 'તાલાવેલી' એને આપણે 'ધર્મ' કહીશું.

આ ધર્મ નિર્ભર-દુનિયાની પરસ્પરનો આપણો સંબંધ બંધન,–લાગણી–એને સામાન્યથી વ્યવહાર કહીશું.

હવે સર્વજ્ઞો જે 'વાસ્તવિકતા'ને આત્મસાત્ કરી શકયા તેને જ ઓળખવા પ્રયત્ન કરવો રહ્યોને ? અમલ યાને જીવનમાં આચરણની વાત આપણે આ તબકકે નથી કરવી. તત્ત્વજ્ઞાનની કોટી વાતો કરતા-તત્ત્વજ્ઞાનની ઝાંખી જીવનમાં અનુભવાય, એ જ માનવ જીવનનો લ્હાવો છે. માનવ સૌંદર્ય કહોને.

માણસ જન્મતા પહેલા નવ માસ માતાના ગર્ભમાં રહે છે. ઉંધે મસ્તકે અશુચિથી ભરપૂર ગટરમાં અશુચિ પદાર્થને ખાતો પીતો અને દેહને પોષતો. આ હકિકત કહેવામાં વાસ્તવિકતા નથી શું ? જન્મતી વખતના દુઃખનું વર્ણન તો કેવી રીતે કરાય. ભીમકાય માનવીને અક પુટની બારીમાંથી નીકળતા કેવી ભયંકર યાતના. બસ એથી કેઇ ગણી. અને મરણ વખતે ? એ વાત જ ઉચ્ચારશો મા.

બાલ્યકાળ, યૌવનકાળ, વૃદ્ધાવસ્થા, ભયંકર માંદગીઓ, પૈસા પ્રાપ્તિ માટેની કારમી વ્યથા, કીર્તિ આબરૂની રેવડી વિ. વિ. કોણે નથી અનુભવ્યા ? પ્રેયસી કે પ્રેમપાત્રની અપ્રાપ્તિ અને પ્રાપ્તિ પછીનો જન્મતો દ્વેષ અને ઉકળાટ. આ બધું આંખ સામે. અનિચ્છયું આવે ઇચ્છયું ના મળે. ન કરવું હોય તે કરવું જ પડે. કરવું હોય તો ન જ થાય. ભયંકર અપમાન કરનારને સલામ ભરવી પડે. આની પાછળનું વાસ્તવિક કારણ શું ? કારણ વિના કાર્ય બને નહિ. માનવ જેવો માનવ સર્વ જંતુગણથી પ્રાણીગણથી ઉંચો ગણાતો માણસ અને આ દશા !

સર્વજ્ઞોએ આવી વાસ્તવિક જડ દુનિયાને સ્પષ્ટ રીતે

બતાવી છે, આંખ ખુલીને જુવે તેને દેખાય. **વિવેક એ જ માનવની વિશિષ્ટતા.** સારાસારનું ભાન, વસ્તુને વસ્તુ સ્વરૂપે જાણવી, સત્યને સત્ય, અસત્યને અસત્ય તરીકે ઓળખે, તે રૂપે જ વાણીમાં મૂકે. શક્ય હોય તેટલું શક્તિ પ્રમાણે આચરણમાં પણ મૂકે,

આ જડ છે માનવીના પૂર્વભવની શુભ કાર્યવાહી કરીને આવનાર સુંદર સમાધિકર સામગ્રી-સાધન પામે છે. દુષ્ટ કાર્યવાહી કરીને આવેલ માનવ પીડાકારક સંયોગ સામગ્રીથી વીંટળાય છે. લોકો તેને 'પ્રારબ્ધ' કહે છે. પહેલા-ગતભવમાં શરૂ કરેલું (ફોર્થ બીગન) પોતાની કૃતિના શુભ અશુભ પરિણામ-ફળ. પુણ્યકર્મનું ફળ સુખ. પાપ કર્મનું ફળ દુઃખ.

પણ આ વિષચક્ર કયા સુધી? અનાદિકાળથી ચાલે છે. કારણ કે આત્મા-દેહને ધારણ કરનારો હતો. છે. અને હશે. હશે તો આ ભયંકર ચુંગાલમાં જ? કાળની આ ભયંકર ભીંસમા જ? કે છુટકારો ખરો?

ભારે કોયડો. છતાં વિવેકી માટે સરળ અને સીધો. **સંસારમાં સુખ તલના દાણા જેટલું. દુઃખના પહાડ**. કારણમાં ઝાંઝવાના નીર સમા સુખની ભયંકર આસક્તિ. તેની પાછળની અનાદિકાલીન પાગલતા. સાચા સુખના સ્વરૂપનું ભાન નહિ. પોતાને પોતાની ઓળખ નહિ. આત્મા અમર છે. શરીર વિનાશી છે. શરીર જ સર્વ દુઃખનું મૂલ છે. સદા સ્થિર આત્મા અનંત શક્તિનો મહા ખજાનો છે. અદ્ભુત લબ્ધિઓ, અખૂટ આશ્ચર્યો ચોંકાવનારી વિગતો આત્મામાં પડેલી જ છે. પ્રગટીકરણ

અને તેનો સદુપયોગ રાસાયણિક ક્રિયા માર્ગ છે. ખાણમાં શ્રેષ્ઠ કોહીનુર હિરો દટાએલો છે. ખોદીને કાઢવો. સાફ કરીને શરણ પર ચઢાવવો અને તેજનો પ્રકાશ પામવો. શ્રધ્ધા-જ્ઞાન અને ક્રિયા-સામર્થ્ય જોઈશે ને?

સાચી શ્રધ્ધા (રાઇટ બીલીફ) સહેલ નથી. અનાદિકાલીન વાસનાઓના થરના ઢેરથી આત્મા મોહિત છે. અશુચિમાં સુખ જુએ છે. શ્લેષમ-લાળથી ભરપૂર મુખને કમળ માને છેઃ છોડીને નકકી જવાનું. એ સઘળી ચીજોને આત્મા કરતા અધિક માને છે. તે ખાતર આત્માનું ખૂન કરે છે. સ્વનું સત્યાનાશ કાઢે છે. અસદ્દગતિના દ્વાર ખુલ્લા કરે છે, કારમા ભયંકર દુઃખોમાં અન્ય આત્માઓને નાખે છે. જરાએ અરેરાટી વિના. પ્રત્યક્ષ છે આજ ભારતની વર્ષની સંચાલન પધ્ધતિ અને સંચાલકો. આંખ સામે દેખાય છે આજે હાથ નીચેનાની દ્વેષવૃત્તિ અને આત્મ-દાહકતા.

આ બધું કરાવે છે (રોંગ બીલીફ) મિથ્યાત્વ, મિથ્યા માન્યતા વાસનાનું એકેએક થર ખલાસ થાય, તો તો આત્મા નિરંજન નિરાકાર-જ્યોતિમય બની જાય. ન ઈચ્છા-ન પ્રેમ ન દ્વેષ. ન મોહ. દુનિયા અને દુનિયાનો વ્યવહાર માત્ર ના દેખાય. એ નાટક જોતા ન આત્માને આનંદ. ન ખેદ. સ્વમાં પરમાનંદ.

આવી સચ્ચિદાનંદ સ્થિતિને પામવાનો માર્ગ એ જ ધર્મ. આવો ઉંચો સર્વજંતુ સુખકર-દુઃખહર ધ્યેય આદર્શ પેદા થવો, આંખ સામે સદા રહેવો એ પહેલો પાયાનો ધર્મ. બાકી બધા એ ધર્મને પામવાના શુભ સાધનો ણાટે જ સાધનો પણ ધર્મ. ચોપડા પેઢીની-કમાણીનું વ્યવહાર અને ન્યાય

માન્ય ચોકખું સાધન, માટે ચોપડાની જરૂર અને તેનું કાળજીભર્યું રક્ષણ તે જ પ્રમાણે દુકાન અને ગાદી.

પ્રાથમિક ભૂમિકા (સાત પ્રાથમિક સ્ટેજીઝ) આલંબન માગશે જ. દેવ–ગુરૂ–દેવાલય–જ્ઞાનભંડાર–તે માટેનું ધન–તેના સ્વાશ્રય સ્થાનો–તેની શ્રદ્ધાપૂર્વક વિધિસર કાળજી રાખનાર આત્માઓ આદિ આલંબન સ્થાનો છે. ધર્મની સમજ, પ્રાપ્તિ–પાલન–રક્ષણ અને પ્રચાર માટેના. આ છે વાસ્તવિકતાની આછી રૂપરેખા. પ્રાથમિક ધર્મના નીચલા સ્ટેજની.

આત્મા અને શરીરનો ભેદ સમજાઇ ગયો. એટલે વ્યવહારથી સંસારમાં રહેવા છતાં, સંસારના ખાનપાન અને ભોગોપભોગ કરવા છતાં, મન આત્મસિદ્ધિમાં જ જેનું રમે છે, ચેન પડે નહિ તેને સંસારમાં, પણ કુદકો મારી શકતો નથી. સંસાર છોડી ત્યાગ માર્ગે સાધુ બની શકતો નથી. કુટુંબને પોષવું રહ્યું. કમાવું પડે. ન છૂટકે વ્યાપક રાજકીય અનીતિના પ્રતાપે અનીતિ પણ દુઃખાતે મને સેવવી પડે. છતાં હૈયું પવિત્ર, મન ચોકખું. વિચારો ઉંચા. સાધન સામગ્રી અને સંયોગોના સદ્ભાવમાં આત્મવીર્ય ઉછળે. શક્તિ ફોરવે. સર્વત્યાગી બને–વિશ્વનું કલ્યાણ કરે.

સંસાર વ્યવહારમાં પણ એનું ઔચિત્ય દીપી ઉઠે. સગાવ્હાલા પ્રત્યે મમતા નહિ પણ દુઃખમાં બેલી. સુખમાં સર્વને ભાગી બનાવે. કોઇનું દુઃખ જોયું જાય નહિ. શક્તિ અનુસાર મદદ કરીને જ જંપે. દીનદુઃખિયા ભાળે ને અનુકંપા ઉઠે. ભૂખ્યાને અન્ન. તરસ્યાને પાણી. નિવસ્ત્રને વસ્ત્ર. આજારને ભેષજ.

મુંગા પ્રાણી એની દયાથી પર નહિ, પશુને ઘાસ. કૂતરાને રોટલા આપે. માછલા મારવા દે નહિ. વીંછી સાપને યથાસ્થાને મૂકાવી બચાવી લે. શિકારીના શિકાર છોડાવે. માંસાહારીને માંસાહાર ત્યાગી બનાવે, કસાઈને દયાવાળો બનાવે. કારણ કે ધર્મ એના હૈયે. મોક્ષનું એને રટણ. સંસાર ભાસે ભુંડો.

જીવનવ્યવહારે પણ કેવો ઉચ્ચ. શુભ પ્રસંગે સર્વને સંભાળે, ઝાડુ વાળનાર પણ નવાજેશ અને બક્ષીસથી ખીલી ઉઠે. શેઠીયા આવા જ હોજો. આનું નામ તે શેઠ ! આ બધું કરે ધર્મ ઔચિત્યથી. ધર્મ પ્રત્યે સર્વને સદ્ભાવ જાગે એ જ હેતુ. મોહનું સામ્રાજ્ય ત્યાં ચાલે નહિ. કારણ કે ભેદ જ્ઞાન એના રોમેરોમમાં રમી ગયું.

**વાસ્તવિકતાનું જ્ઞાન એટલે વ્યવહારની શીતલતા.** એ શીતલતામાંથી સ્થિરતા જન્મે. સ્થિરતા વિચારોમાં શાંતિ પેદા કરે. શાંત વિચારો વસ્તુને વસ્તુ સ્વરૂપે બતાવે, તેમાંથી પ્રજ્ઞા પાંગરે. પ્રજ્ઞા પરમાર્થ આંખ સામો ખડો કરે, અને પરમાર્થમાંથી શું શું ના જન્મે, ઉદારતા, સ્વચ્છ હૈયું. કરૂણા, પાપભીરૂતા, લોભનાશ, ક્રોધનાશ, માયાનું નામ નહિ. માન તો હોય જ શાનું ? પોતાને સ્વલ્પ માને બીજાના નાના ગુણ પ્રત્યે આદર. કારણ કે પરમાત્મા પ્રત્યે પૂરી ભક્તિ.

અને પરમાત્મ ભકિત એ પાયાનો ધર્મ. ધર્મ સદ્ગતિ જ આપે. **ધર્મ ધીરજ અને સમત્વમાં.** દુઃખમાં દુબળો નહિ. સુખમાં શેતાન નહિ, ધન મળે ને ઉદારતા ખીલી ઉઠે. સત્તા મળે ને સંરક્ષણ સર્વનું કરે, શાણપણ

મળે ને સર્વને સન્માર્ગે દોરે. કીર્તિની પ્રાપ્તિ એટલે નમ્રતાનો આદર્શ. ધર્મ એટલે વિવેક વિનયનો ભંડાર. વર્તમાન વિશાળ. ભવિષ્ય ઉજળું અને મુકિત નક્કી.

એક આજના યુગના મહાસંતની વીતરાગ વાણીમાં મૂકીએ ધર્મને-ધર્મ આત્માનો છે. આત્મા માટે છે. આત્માને સ્વરૂપમાં પ્રગટાવવા માટે છે. સંસાર અનાદિ છે. આત્મા અનાદિ છે. કર્મ સાથેનો આત્માનો સંયોગ અનાદિ છે. સંસાર દુઃખમય છે. દુઃખ એનું ફળ છે. દુઃખની પરંપરાને વધારનાર સંસાર છે. **આત્માનું કર્મ સાથેનું અનાદિ મિશ્રણ એ જ સંસાર. કર્મથી સર્વથા સર્વ પ્રકારે સર્વકાળ માટે આત્મા છુટો પડે એ જ મુક્તિ. મુક્તિ માટેનો પ્રયાસ ધર્મ.**

જીર્ણજ્વરવાળો અંદર રિબાય. બહાર દર્દ દેખાય નહિ. આરામ કોઇ લેવા દે નહિ. કહે તે કોઇ માને નહિ. એવી કઢંગી પરિસ્થિતિ. પણ પોતાને દર્દનું ભાન પૂરેપૂરૂં. તેમ સંસાર જીર્ણજ્વર રૂપ લાગે, તે ચેતતો રહે. નિર્મૂળ કરીને જ જંપે. નિર્મૂળ ન કરે તો ટી. બી. થાય. રીબાઈ રીબાઈને મરે. ભવ અનંતા કર્યા જ કરે. નરક તિર્યંચ આદિના દુ.ખોની હારમાળા ચાલ્યા જ કરે.

નજરકેદી રાજા. સર્વ સામગ્રી સાહ્યબી પૂરેપૂરી પણ ચેન પડે નહિ. બહારથી સુખી અંદરથી દુઃખી. સમ્યગ્ સમજવાળો આત્મા સમકિતી અને ધન દોલતનો પુણ્યે અધિપતિ. સુખ સુખરૂપે લાગે નહિ. કારણ કે પરતંત્રતાનો પાર નહિ. દુનિયાનું સુખમાત્ર વસ્તુને આધીન. કોઈ ફેરા

મળે અને ના પણ મળે. આત્માનું સુખ સ્વતંત્ર, કોઇની અપેક્ષા કે આધારની જરૂર નહિ માટે કર્મનો વિગમ કર્મનો વિગમ માગે સમજણવાળો ધર્મ. મોહ વિનાનો સાત્વિક ધર્મ.

દુનિયાના ચળકાટ પાછળ પાગલ બનેલ ધર્મને ન સમજે. ન કરી શકે. શીલાજીતના ચળકાટમાં ઘેલો બનેલ વાનર હાથ ઉખેડવા જાય ત્યા મોં ચોંટે અને મોં ચોંટે એટલે પ્રાણ જાય. ધન-સત્તા અને વાહવાહની ક્ષણજીવી અંજામણ પણ એજ દશા કરે. પાપના થોક બંધાવે-દુર્ગતિમાં ઘસડી જાય અને ભવમાં ભટકવાનું-પારાવાર વેદનાઓમાં સબડવાનું સર્જન કરે. ખરેખર ધર્મ એ ધર્મ જ છે. એના મર્મને સમજે તેના માટે અમૃત સુધા છે.

હવે એ ધર્મની ટેકનીક-અસલતા. તેના સાધનોમાં રહેલી સાધકતા. સાધ્ય માટે સાધનની જરૂર. સાધકનો સ્ટેજ કયાં સુધી સાધનોયુકત હોવો જ જોઇએ? નિરાલંબન ધર્મ કયાંથી શરૂ થાય? આજનું વિજ્ઞાન ધર્મને સાબિત કરે છે કે નહિ? પરમાત્મા અને આત્મા જેવી ઉચ્ચ કોટિની આર્યાવર્તની વાતો હમ્બગ તો નથી ને? દેવ-દેવમંદિર-ભકિત વિ. જરૂરી ખરા કે નહિ? આ કાળમાં વિશેષે કરીને? કાળ ફર્યો છે કે હૈયા સૂના બન્યા છે? આજના વિચારોની ભયંકરતા. વિ. વિ. અવસરે.

# વાસ્તવિકતા-વ્યવહાર અને ધર્મ

## હપ્તો બીજો

વાસ્તવિકતામાંથી ધર્મ જન્મ્યો છે. ધર્મ વ્યવહાર સાથે સંકળાએલો છે. સામાન્યથી આટલી વિચારણા સ્પષ્ટ શબ્દોમાં આપણે કરી. ધર્મ એ માનવ જીવનનો પ્રાણ છે. એના વિનાનું જીવન એટલે સળગતો સંસાર. સળગતા સંસારમાં ઠાર આપે, શાંતિ-સમાધિ આપે, પોતે કોણ તેનો માનવને ખ્યાલ કરાવે તે જ ધર્મ. આટલું હૈયે બેઠા પછી તેના સાધક બાધક સાધનોનું જ્ઞાન જરૂરી બની જ જાય.

ધર્મ એ કોઈ બજારૂ ચીજ નથી. ન તો ખરીદાય, ન વેચાય. જેટલો સંગ્રહ કરવો હોય તેટલો છૂટથી થાય. અન્ય પણ યોગ્ય આત્મામાં તેનું વિતરણ થાય. સ્વપર બન્નેને સંતોષ-શાંતિ આપતી, પરની વ્યથાને કાપતી ક્રિયાને ધર્મ કહીએ. ક્રિયા માત્રમાં સાધ્ય-સાધન અને સાધકનો ત્રિવેણી સંગમ જરૂરી. સાધકતા એનું સેન્ટર-કેન્દ્રબિંદુ. સાત્વિકતા એનું લક્ષણ.

હરકોઈ પ્રાથમિક કક્ષાના સાધકને શુધ્ધ સુંદર નિર્મળ સાધનની જરૂર. જેવું સાધન તેવું સાધ્ય લક્ષ્ય બને. રેતીમાંથી તેલ ન નીકળે. તેલ તો તલમાંથી જ નીકળે. સુંદર નિર્દોષ બાળકને જુવે ને મન આનંદે. કાષ્ટના કાળા ટુક-

કાને જોવાથી તે ભાવ ન જાગે. વીતરાગ પરમાત્માની પરમ પવિત્ર તારક મૂર્તિને જુવે અને સાધકનું હૈયું નાચી ઉઠે. સૌમ્યતા પ્રસન્નતા-રાગદ્વેષ રહિતતાના આંદોલન દીલમાં ઉઠે. રશ્મિ અને ઈલેક્ટ્રોન્સની આજની થીયરી સાબિતી માટે બસ છે. એક ગુંડાનો અતિ પરિચય નવો ગુંડો ખડો કરે છે. **સુસંતનો સમાગમ સુંદર માનવ યા એક વિશિષ્ટ સંતનું સર્જન કરે છે.**

સંસારની કોઈપણ આકર્ષક વસ્તુ પ્રત્યે મન આકર્ષાય છે. ત્યાં સુધી ઉચ્ચ કોટિના આલંબનની જરૂરીઆત રહેવાની જ. અન્ય વસ્તુ પ્રત્યેનો પ્રેમ મૂર્ત્તિ પ્રત્યે પલટાવવો જ રહ્યો. એ સજાગ પલટો પ્રભુશ્રીની ઓળખ કરાવશે. તેમાંથી ભક્તિ જન્મશે. ભક્તિમાંથી આત્માની શક્તિનો સાદ ઉઠશે. એ સાદમાંથી નાદ લાગશે નીજ આત્માનો. હું કોણ ? કેમ આટલો ફસાયો ? કેમ છૂટાય ? બસ સાચી જાગૃતિ આવી કે ભક્તિમાં પણ પૂર જ આવે. ભક્તિનું પૂર અજ્ઞાનના અંધાર પડલ ધોઇ નાખશે. સ્વનું સાચું ભાન થશે. વીતરાગની વીતરાગતા ગમી જશે.

વીતરાગનો ઉચ્ચ આદર્શ એટલે પરને પણ સ્વની જેમ સાચા સંપૂર્ણ સુખમાં ખીંચવો. બસ 'પામર'ને 'પરમ'ની ઓળખ થઈ. પરમ બનવા માટે તલસાટ જાગ્યો. લાગ્યો તેના પ્રયાસમાં. વિશ્વનાં સર્વ શ્રેષ્ઠ પદાર્થો શક્તિ હોય તો તે ચરણે ધરવાનું મન થાય જ. તેમાંથી ત્યાગવૃત્તિ જન્મે. દાન ગુણ ખીલી ઉઠે. દૂનિયાના પ્રાણીઓનું દુઃખ દૂર કરવા મથે. સાથે આત્માના સ્વરૂપનો ઉંડો અભ્યાસ કરતો જાય. શુદ્ધ વીતરાગ ધર્મના અનુષ્ઠાનો

આ અભ્યાસમાં મદદ કરે. દ્રવ્ય દયા અને ભાવદયાનાં ઝરણાં વહેતા થાય.

**પ્રાણિમાત્રને સહાય કરી તેના દુઃખ દૂર કરવા એ દ્રવ્યદયા. આત્મા અને સંસારનું સ્વરૂપ-વાસ્તવિકતા સમજાવી, મુક્તિના શુદ્ધ માર્ગે ચઢાવવા તે ભાવદયા.** ભાવદયાથી ભીંજાએલા હૈયા શકિત હોય તો મદદ કર્યા વિના રહી શકતા જ નથી. આ બધા ગુણો જન્મે ભગવંતની ભકિતમાંથી. ભકિતનું આલંબન મૂર્તિ. મૂર્તિ પ્રશમ ઝરતી; સૌમ્ય અને દર્શન પૂજન કરનાર ભકતના હૈયામાં ઉચ્ચ ગુણો પેદા કરનાર હોય છે.

આવી ઉપકારક મૂર્તિના મંદિર મનોહર-દર્શનીય-સ્વચ્છ અને આલ્હાદક હોય. સંગેમરમરના શ્વેત આબુના મંદિરો તેમજ રાણકપુરનો ૧૪૪૪ થાંભલાનો ત્રૈલોકય વિહાર, લક્ષ્મીની અસારતા આંખ સામે ખડી કરે છે. અદ્‌ભૂત ઉદાર અને ભગવદ્ ભકિતનાં અનુપમ આદર્શો બતાવી જાય છે.

નિર્મળ કુદરતી વાતાવરણ, આત્મા ને સંસારના પંકમાંથી ઉંચકી, મુકિતના પંકજની સુરભિ પેદા કરે છે. સુંદર-ઉત્તમ કોટિના ઘૃતના દીપકો દિવ્યલોકનું ભાન કરાવે છે તેમાંથી પેદા થતો ઓકસીજન દેહની શુધ્ધિનું નિમિત્ત બને છે. દેહ અને મનની શુદ્ધિ આત્મશુદ્ધિના સાધક બને છે. દર્શનપૂજનનાં સઘળા સાધનો શ્રેષ્ઠ કોટીના રાખવા પાછળ અનેક સાયન્ટીફીક કારણો છે તેની પાછળ અગમ્ય વિજ્ઞાન બેઠેલું છે.

ભકિત પ્રાર્થનાના તત્વને પાશ્ચિમાત્ય પ્રજા જોરશોરથી

સ્વીકારતી બની છે. પુનર્જન્મના, પેપરની દેવડીએ ટંકાતા પ્રસંગો, પૂર્વની મહાવિદ્યાને શાનદાર રીતે સમજાવી જાય છે. એટમ-બોમ્બ, અને મેગ્નેટા બોમ્બ, વધારામાં હાઈ-ડ્રોજન બોમ્બ, પરમાણુમાં રહેલી ગજબ શકિતને ખુલ્લી કરી બતાવે છે. રેડીયો એકટીવીટીઝ, સ્પર્શ અને હવાનું તાંડવ, સ્પષ્ટ કરે છે. મૂર્તિના સ્પર્શથી, શરીર અને મનમાં પેદા થતા આંદોલનો, હવે સમજાવવા પડે તેમ છે? મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા પાછળ રહેલું ભવ્યાતિભવ્ય ગૌરવ અને તેમાંથી સર્જાતી આત્મિક ઉર્મિઓનો રસ પ્રવાહ હવે બીજી સાબીતી માગે છે? મુહુર્ત અને કાળચક્રની ગતિ-મતિમાં વિભ્રમ હવે શેના પેદા કરે?

તીર્થયાત્રાનું તેવું જ છે. કુદરતના સુરમ્ય પ્રદેશમાં આવેલા ઉચ્ચ ગિરિસ્થાનોમાં સર્જાએલા મહાન તારક વીતરાગ પરમાત્માઓ અને ઋષિ મહર્ષિની ચરણરજથી પવિત્ર બનેલા તીર્થોની સ્પર્શના કેવા અને કેટલા સુંદર ભાવો આત્મામાં સ્પર્શે? દુનિયા ભૂલાય. આધિ–વ્યાધિ વિસરી જવાય. ઉપાધિ તો મૂકીને જ આવેલ હોય. આત્માની ખોજમાં મસ્ત બને. મૈત્રી વિશ્વ પ્રત્યે જન્મે. ઝેરવેર ફગાવી દે. કરૂણા દિલમાં દર્દ પેદા કરે, અનેક દીનહીનને મદદ કરવાનું મન થઈ જાય. ચંચળ લક્ષ્મીનો સદુપયોગ થાય. નાશવંત શરીરની નશ્વરતા સમજાય. શાશ્વત આત્માની ખોજ થાય. શુદ્ધિકરણ થાય.

શુધ્ધિકરણ માટે સદ્ગુરૂની શોધમાં ઘુમે. ઘુમે તેને મળે, વાણીની પવિત્ર મીઠાશ મર્મને સમજાવે. સાન ભાન સાચા આવે, ગુરૂ કેવા? સ્વાર્થથી પર. પરમાર્થમાં રક્ત.

અહિંસા–જુઠું–ચોરીથી સર્વથા સર્વ રીતે દૂર. કંચન-કામિનીના ત્યાગી. શુધ્ધ ધર્મ અને સત્ય નીતિના સાચા ઉપદેશક ! ખુલ્લે અડવાણે પગે દેશભરમાં વીચરી સ્વના કલ્યાણ સાથે સમાજમાં કલ્યાણ ભાવનાના મહાપ્રચારક. એના પણ વિધિ માર્ગ છે.

નિઃસ્વાર્થપણે દેશની સાચી આબાદીને રક્ષનારા અને પ્રચારનારા, આ ઉચ્ચ આત્માઓ પ્રત્યેની ઉપેક્ષાએ આજે ભારતવર્ષના સમાજોની, ભવ્ય પ્રજાની ખાનાખરાબી કરી મૂકી છે. હુકકવાદના ભૂતે પરસ્પરના પ્રેમ અને ભોજને ખાખ કરી મૂકયા છે. સત્તાના નાદે પ્રજાની રોજની હાલા-કીમાં સો ગણો વધારો કરી દીધો છે. નીતિના મૂલ્યાંકન મરવા પડયા છે. પાડોશી માટે કે દેશભ્રાતા માટે કાંઇક કરી છૂટવાની ભાવના રસાતળમાં ચાલી ગઈ છે, 'અશોક' હોટેલ અને 'રૂપમ' થીએટર પાછળ લાખો ક્રોડોનો વ્યય અને ખોટ ખમી ખવાય છે, ચારે બાજુથી મોંઘવારી બેકારીની બીહામણી પીડામાંથી આમ જનતાને ઉદ્ધારવાનું કોઇને સ્વપ્નું પણ નથી આવતું. લાખો ક્રોડોનો અપવ્યય, કાટ ખાતી મશીનરી. કારખાનાઓની બિન આવડત, બધું ચલાવી લેવાય છે. નથી સંભળાતી સાચી શાનદાર માગણી ! હડતાલો હુમલાઓ, ખૂન–લુટ–વ્યભિચાર. એ તો રોજીં-દાના રમકડા બની ગયા. આટલું છતાં પરદેશી હુમલાનો, સ્વતંત્રતા લુંટાવાનો ભય, સદા જાગતો.

આ હકિકતોને કોઈ પડકારી શકે તેમ નથી. સૂર્ય નથી એમ કોણ કહી શકશે ? પણ તેનું મૂળ અને ઉપાય પણ કોઇને સૂઝે એમ નથી. કારણ કે વાસ્તવિકતાને

વિસ્તારનાર, સમજાવનાર મહાસાધન ધર્મને પ્રાયઃ દેશવટો આપેલ છે અને **ત્રણુ કાળમાં પણુ ધર્મ વિના સુખકર વ્યવહાર ચાલ્યો નથી, ચાલવાનો નથી.**

**આંતરિક ધર્મને ટકાવવા બાહ્યપ્રતિકો શ્વાસ અને વાયુ જેટલા જરૂરી છે.** જરૂર તેની ઓછીવત્તી પણ સાચી સમજણુ સાથે. કોંગ્રેસ જેવી મહાસત્તાને પણુ પોતાનું પ્રતિક જરૂરી. સ્વનેતા, મહાનેતાના બાવલા કે જલતી મસાલ જરૂરી. એની પાછળ ક્રોડોનો ખર્ચ ઉપ-યોગી. એને પણુ મહાસમ્મેલન મહામંડપમાં ભરવા પડે.

તો સારાએ ભારત વર્ષના ઉત્કર્ષને જ નહિ પણુ વિશ્વભરની શાંતિ અને સમાધિના સર્વકાલીન અકાટય સિધ્ધાંતો અને બંધારણુ બતાવી જનારના ભવ્ય પ્રતિકો કે મહાદેવાલયો ઉભા થાય કે મહા પૂજાઓ રચાય તેમાં હૈયાવરાળ કાઢવામાં કઈ બુધ્ધિ કામ કરતી હશે ? કે સત્યને કચડી નાંખવાની પદ્ધતિ હશે ?

આ ટીકા નહિ પણુ નિર્મળ સત્યની રજુઆત છે. પ્રજા-જન્મવાની છે જીવવાની છે. એનું જીવન શાંત પ્રશાંત. ગંગાના ખળખળ કરતા પ્રવાહની જેમ આલ્હાદક રીતે વહેતું રહે એટલું તો આવશ્યક ને ? ધર્માનુષ્ઠાન વધતા ઓછા કરી શકે, પણુ હૈયામાંથી રૂડો અને રઢીયાળો પરમાત્મભાવ તો ન જ સૂકાઈ જવો જોઇએને ? પરમાત્મ ભાવમાંથી જ પરોપકારભાવ અને આત્મભોગ જન્મે છે. તેમાંથી જ સહિષ્ણુતા અને સહાયક ભાવ પેદા થાય છે. એ પેદાશ એનું જ નામ ભ્રાતૃભાવ કે જનસેવા. નહિ કે કોરી વાતો.

આજના વિજ્ઞાનને સ્પર્શીએ. શબ્દને એ પકડી શકયું. રેકોર્ડ પર ઉતારી શકયું. વાયરલેસ પ્રવાહમાં તરતુ મુકી શકાય. વીતરાગ ધર્મનું પરમ વિજ્ઞાન હજારો બલ્કે ક્રોડોને અબજોના અબજો વર્ષોથી કહેતું આવ્યું છે કે 'શબ્દ' પુદ્ગલ છે, ભાષા સમુહ પુદ્ગલો છે. પરમાણુનો જથ્થો છે. ફોટોગ્રાફી શોધી કાઢી. 'છાયા' 'ઉદ્યોત' આ બધાનો જૈન શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ કરનારને, આજની કોઇ પણ સાયન્સની શોધથી આશ્ચર્ય થશે નહિ. પરમાણુની શક્તિનો વિસ્તાર આલેખવામાં તો મહામના જૈન પરમર્ષિઓએ કમાલ જ કરી નાખી છે.

સ્પષ્ટતાથી વાત એ કરવી છે કે વિજ્ઞાનના મૂળીયા પણ ધર્મશાસ્ત્રોમાં સંકળાએલા છે. ફેર એટલો કે **ધર્મ અને ધર્મ શાસ્ત્રો તારક અને રક્ષક છે. વિજ્ઞાન વિનાશક-મારક-ઘાતક અને ડુબાડનારૂં પ્રત્યક્ષ પુરવાર થઇ ચુકયું છે.** વિજ્ઞાન હંમેશને માટે અસ્થિર અને ફેરફારોનું યુકત છે, ધર્મના સિદ્ધાંતો અચલ અને સદા એક વાત કરનારા છે. આવા ધર્મશાસ્ત્રોનું રક્ષણ બહુમાન-પૂજન-આદર અને પાત્ર પ્રમાણે પ્રચાર, એ છે આર્ય સંસ્કૃતિનો ઉઠાવભર્યો શણગાર.

શબ્દ પંડિતો યા અણસમજુ આત્માઓ બોલ્યા કરે છે કે આ જમાનામાં આ બધુ ન ચાલે. ભલા! આ જમાનો માનવતા વિહોણો છે? સદ્ગૃહસ્થો વિનાનો છે? આર્ય સંસ્કૃતિ સાવ ભુસાઈ ગઇ છે? સદાચારના શિક્ષણની જરૂર નથી? સદાચાર અને વિવેક વિનાની કેળવણીએ કેવો કારમો ઉત્પાત મચાવી મૂકયો છે? શિક્ષણ અને

કેળવણી એ તો આર્ય પ્રજાનું ગૌરવ છે. સાચા સંત મહંતો સત્યભાષામાં તેના ઠેકેદારો છે. છતાં આજે આટલી અધોગતિ કેમ ? આટલું અજ્ઞાન અને દારિદ્ર શાથી ? લખલુટ ખર્ચ વિદ્યા અને કળા પાછળ થવા છતાં. કહો કે **વિદ્યાને નામે અવિદ્યા અને કળાને નામે સ્વચ્છંદ શિખવાડાય છે.** બાકી ભારત વર્ષની આ ભવ્ય ભૂમિમાં તો પ્રલય કાળે પણ સાચા જ્ઞાનની ઝબક ક્ષણવાર ઝબકીને પ્રકાશશે.

જમાનો-ધર્મ અને નીતિ પર તો પાંચસો પાનાનું પુસ્તક આલેખન થાય. તો કાંઇક સાચી સમજણ ખડી કરી શકાય. વાસ્તવિકતા સાવ વિસરાઈ ગઇ છે એટલે ધર્મ પર પ્રહારો થયે જાય છે પરિણામે વ્યવહાર બગડી ગયો છે. વ્યાપાર-ધંધા-કારીગરી-લેતી-દેતી-વ્યાજવટંદરના પણ વ્યવહાર શુદ્ધ નિયમો ઘડાએલા જ છે. રાજ્યનીતિ-પ્રજા-રાજા અમલદાર, પ્રજાના સુખ-દુઃખ, વફાદારીના ધોરણ, પુસ્તકોના પાને મોજુદ જ છે. આવા ઉંચા-પ્રેકટીકેબલ રચનાત્મક મુદ્દાઓ તરફ બેધ્યાન થવાથી, આજની ભયંકર પરિસ્થિતિ સર્જાઇ છે.

મનઘડંત વિચારો-ધારાઓ અને પરિણામે આપત્તિ-વિપત્તિ. માર્ગ જડે નહિ. એક સાંધે અને તેર તૂટે. ચારે બાજુ વિષચક્ર. ચારે બાજુ સ્વાર્થ-સ્વાર્થ અને સત્તા લોલુપતા, આર્ય લોહીમાં આ બધું કયાંથી પેસી ગયું-જન્મી ગયું ?

હજારો વર્ષથી ચાલી આવતી શાંતિ અને સુખના અવતાર સમી-ધર્મનીતિને 'જુનવાણી' 'રૂઢી' 'વેવલાપણુ' વિ. વિ. શબ્દોથી નવાજી પ્રજાને ઉભગાવી નાખી. કાળ

નથી ફર્યો પણ હૈયા શૂન્ય યા શૂના બન્યા છે. વિનાશક ચીજો અને પદ્ધતિઓને 'જમાના'ના ઓઠા નીચે અપનાવી લીધી. દેહ દુર્બલ બન્યા. છાતીમાં જોમ નહિ. મનની સાચી વિચાર શક્તિ માંદી પડી. હાથ પગ ઢીલા. મહેનતથી કાયર. ખુરશી ટેબલ અને ૬ કલાકના કામની શોધ. **ઉગમણે બુમ પડે અને આથમણે નાશે.** પ્રજાના સૂર–નૂર–ઉર નિસ્તેજ બની ગયા. રાતદિવસ ખાવા-પીવાની ચિંતામાં જ બળ્યા જલ્યા. કોઈને પેટની ભૂખ તો કોઈને પટારાની મહાભૂખ. સત્તા ભૂખનું તો સાક્ષાત્ પ્રદર્શન. ધર્મ ઘટે ધન જાય. સંપત્તિને સાહ્યબી. દેવાનો પાર નહિ અને લેવાનું નામ નહિ. કહે છે ૬૦ અબજનું અજબ દેવું !

આતો માત્ર સામાન્ય રૂપરેખા. બાકી શું બની ગયું અને શું બની રહ્યું છે આલેખતા કલમ કંપે. હૈયું ધ્રુજે. શું થશે આ બનશેની તો કલ્પના જ શી ? સઘળું પ્રાયઃ અવળુ હોવા છતાં, ભારત વર્ષ સંસ્કાર ભૂમિ છે. અણુ અણુમાં પરમાત્માનો પવિત્ર સાદ છૂપાએલ છે. સંત-મહંતની મીઠી પ્રશાંત વાણીના પરમાણુઓ પથરાએલા છે. તેને પકડવાના પ્રયોગો પણ ગતિમાન છે. સફળ થાય કે ન થાય. પણ સર્વને શાંતિ આપે એવા વિશ્વને સર્વ-શ્રેષ્ઠ દોરવણી આપે તેવા પ્રબળ સાધનો આજે છે છે ને છે. તદ્દન નિર્મળ ને નિષ્પક્ષપાતી.

માનવ સૌંદર્યને નિહાળતા આવડે, તે જ એ સાધનોને પામે. માનવનું શરીર ભલે અશુચિથી ભરેલું હોય. મહીં બેઠેલો આત્મા અતિ તેજસ્વી છે. દૃષ્ટા છે. સર્વ જ્ઞાનમય

છે. અનંત સુખનો ભર્યોભર્યો છે. જકડાએલો છે કર્મની જંજીરોથી. પહાડના પહાડ ખડકાયા છે તેના પર પૂર્વના દુષ્કૃતના. ઘેરા ઘનઘોર વાદળ છવાયા છે તે જ્ઞાન જ્યોતિ પર. કર્મ કોઇ અજાણ અજાયબીભરી ચીજ નથી. પોતે કરેલા સારા નરસા કાર્યોની વાસનાનો મહાજથ્થો છે. દૂર કરવો એને પોતાના હાથની વાત છે. **વાસ્તવિકતાનું યથાર્થ જ્ઞાન સબળ સાધન. વાસ્તવિકતાનું સાચું ભાન એટલે ધર્મ. ધર્મયુક્ત પ્રગતિ એટલે વ્યવહાર.**

હવે આ ત્રણેનો સુસંયોગ કરાવી દઈએ. એટલે સુખ શાંતિ અને સમાધિ. આત્મા અમર છે. અવિનાશી છે. દેહ ભાડુતી છે, બદલાતો છે. ક્ષણ વિનાશી છે. આત્મા સિવાયના સર્વ પદાર્થો ક્ષણજીવી છે. રૂપ-રંગ બદલાતા જ રહે છે. તેનો મોહ-પ્રેમ-ચાહના એક મોટો વિભ્રમ છે. દેહથી સર્વથા-સર્વદા છૂટાપણું એ જ મુક્તિ. આત્માના તેજનું પૂર્ણ પ્રગટીકરણ. આ થયું વાસ્તવિક જ્ઞાન.

આ સાચા જ્ઞાનમાં પરિપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર હરકોઇ આત્મા મહામાનવ બની જાય છે. એના તરફ કોઇ પણ સજ્જનને ભક્તિ-પ્રેમ જાગે એ સ્વાભાવિક છે. એવા આત્માનું કોઇ ઐહિક દુઃખ યા આપત્તિ પોતાની બનાવી લેનાર ધન્યવાદને પાત્ર છે. આમાં ગુણ પ્રત્યેનું અલબેલું આકર્ષણ રહેલું છે. જ્યારે દીન-હીન દર્દી પ્રત્યેની હમદર્દી એ દયા છે. અનુકંપા છે. દયા, કે ભૂખ તરસનું દુઃખ દૂર કરવામાં પાત્ર કુપાત્રની ઝાઝી વિચારણા કરવી પડતી નથી. **દયા અને દાન એ દેશ ભારતના**

**આદર્શ હતા.** એ હતા ત્યાં સુધી આબાદી અને જાહો-જલાલી રહી.

સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાયુકત પવિત્ર આત્માઓ જે દેશ કે નગર-ગામમાં વસતા હોય, ત્યાંની પ્રજાને સદા આશ્વાસન જ હોય છે કે આપણા સુખ-દુઃખનો બેલી આપણી સાથે જ છે. આર્યાવર્તનું આ સુલક્ષણ હતું. આથી ગરીબને માલદાર પ્રત્યે માન રહેતું. અદેખાઈ નહિ. શ્રીમંત તો સહાયક જ હોય. કદી ઉન્મત્ત નહિ.

બધા પરસ્પરના આર્યધર્મ પ્રત્યે સહિષ્ણુ હતા. ટીકાખોર કે નિંદાખોર નહિ. ધર્મવાદ જરૂર થતા પણ પ્રમાણિક રીતે. આજ તો ધર્મવાદને બદલે પ્રાંતવાદ-ભાષાવાદ અને જાણે બધુ વાદમય હૈયાહોળીનું જ વાતાવરણ. **પ્રેમનો પ્રલય અને દ્વેષના દ્વાર ખુલ્લા.** પછી શુધ્ધ ધર્મ કે સાચા વ્યવહારની તો પડી જ કોને હોય ! અને ત્યાં ઉચ્ચ કોટિના સંયમ-ધર્મની, પાંચ ઈંદ્રિયોના નિગ્રહની, કે શરીર પરના મોહત્યાગની વાતો-અણુઓને વાયડી લાગે તેમાં શી નવાઈ ?

છતાં બધુ જ સારૂં સાફ નથી થઇ ગયું; બીજકો પડેલા જ છે. પરમ સત્યને સમજાવનાર અને સમજનાર પણ છે જ. ભલે અતિ અલ્પ સંખ્યામાં. એ બીજને અંકુશ લાવી-પુષ્પ ફળ પાંગરે તેવી સુયુકિતપૂર્વકની યોજનાની જરૂર છે. ફકત એક જ પંચવર્ષીય. સમાચાર પત્રો કે માસિકો પોતાના અગ્રલેખમાં આ વાતને સ્પર્શે. વિનીત ડાહ્યા નાયકો વાણીમાં વાસ્તવિકતાને વેગ આપતા થાય. આયાવર્તના સંતમહંતો જરા મૂળસ્થાને પાછા ફરે.

બસ ઉન્નતિ-પ્રગતિ અને આગેકદમ !

વારિ એટલે પાણી જેવી નિર્મળ વાસ્તવિકતાથી માનવી નિર્મળ બને. ધીરજ પૂર્વકની મતિથી સદ્ધર્મને સમજે. તે સમજમાંથી ઉગતા શુદ્ધ વ્યવહારને રોજીંદા જીવનને અપનાવે. પુણ્ય પાપના ફળરૂપ સુખ દુઃખને સમભાવે સહે. શકય સંયોગોમાં પોતાનું બીજાના ઉપયોગમાં આવે તેવી ભાવના રાખે. પરંતુ પડાવી લેવાની ઈચ્છાને ઠુકરાવે પરમાત્મ તત્ત્વમાં અટલ શ્રદ્ધા રાખે. સૌનું ભલું ઇચ્છે. બુરૂં તો દુશ્મનનું પણ નહિ, માનવતાનો દીપ પ્રગટશે. ઘરઘર જ્યોત-પ્રકાશ ફેલાશે, મન મોકળા બનશે. ભાઇચારોને ભાતૃભાવ દેશને આબાદ બનાવશે. પ્રજાને ઉન્નતિના શિખરે સ્થાપશે. **વાસ્તવિકતા-ધર્મ અને વ્યવહાર એક સાંકળે સંકળાએલા સાચી શાંતિ અને શૌર્યની સુંદરતા વ્યાપક બનાવશે.**

## મહામંગલ પર્વ

પર્યુષણ પર્વ એ મહામંગલ પર્વ છે તે અંહીં લેખક પૂ. શ્રી યુક્તિપ્રયુક્તિ અને અનુભવની એરણ પર ચડાવીને રજૂ કરે છે. આ મહામંગલ જેના દિલમાં વસે તેનું કલ્યાણ જ થાય એમ આ લેખ સમજાવે છે.

વિશ્વમાં મંગલ સૌને ગમે છે. 'મંગલ' શબ્દ સાંભળતા જ આનંદ લહરી આવી જાય છે. અપમંગલ કોઈને

ગમતું નથી. મંગલ સૂચક વસ્તુઓ જોવા ઇચ્છે છે. ખરીદવા ઇચ્છે છે. ખાવા ઇચ્છે છે. સંઘરવા સૌ ઇચ્છે છે. લિસ્ટ લખીએ તો ઘણું મોટું બની જાય. છતાં સર્વનું મંગલ થાય જ છે એમ નથી એ હકિકત છે. ઇચ્છવા છતાં, પ્રયત્ન કરવા છતાં શા માટે મંગલ ન નિપજે?

બસ આ છે એક કોયડો. સાધારણ નહિ, આજ કાલનો નહિ, અનાદિકાલનો. 'મંગલ'ની વાંચ્છા છતાં અપમંગલ કેમ બને? સુખની તાલાવેલી છતાં દુઃખ કેમ આવી ચીટકે? સૌભાગ્યની ઝંખના છતાં દુર્ભાગ્ય લમણે શા માટે? આનંદમંગલના પ્રસંગે શોકના ઘેરા બનાવ કેમ?

કોઈ ઇશ્વરને દોષ દેશે. કોઇ આજુબાજુના નિમિત્તને આગળ કરશે. પણ પગ નીચે બળતું પ્રાયઃ મોટા ભાગને દેખાશે નહિ? 'મંગલ'ની કામના વાળા તેં કોઇનું મંગલ કર્યું? અરે ઇચ્છયું પણ? કયાંથી ઇચ્છે? પૂર્વ ભવમાં કોઇનું ભલું કર્યું નથી, ઇચ્છયું નથી, તેથી તો દુઃખ અને દુર્ભાગ્યમાં સબડે છે. એ આત્માને વળી આ ભવમાં પરનાં મંગલની ઇચ્છા જ કયાંથી જન્મે? તો શું આ ભવમાં પણ એનો ઉધ્ધાર નહિ જ? ના એમ તો એકાંતે કેમ જ કહેવાય? માર્ગ છે. માર્ગનો ખપી હોય; ખપી બને તો.

'અપમંગલ' નું મૂળ પોતે છે એમ સમજે છે. ગત ભવોમાં કોઇનું હિત કર્યું નથી. હિત ઇચ્છયું નથી. અહિત મોટે ભાગે કરેલું. અહિત ઇચ્છિવામાં કમિના રાખેલી નહિ. એના ફળ રૂપે 'અપમંગલ' સિવાય સાંપડે શું? મંગળના ભગીરથ પ્રયત્નો ના કામિયાબ જ નિવડે

ને ? છતાં આટલાથી ચેતે. પોતાની ભૂલોનું ભાન થાય. તો જરૂર 'સુભગ' બને. એમાં લવલેશ શંકા નહિ. કરે તેવું પામે, વાવે તેવું લણે. એ સામાન્ય વ્યવહારની વાતો છે.

સારૂં કાર્ય કરે તેવું સારૂં થાય. પણ સારૂં શું ? હિતકર શું ? મંગલ શું ? આ પ્રશ્નો કેટલા સજ્જનને ઉઠે ? સારાનું ફળ સારૂ પણ તે કેટલા કાળ માટે ? અને પછી શું ? સદાએ સારૂ જ આત્માના હાથે થવાનું જ ? અને ન થાય તો ખોટાનું ફળ ખોટું પણ ઉભું જ ને ? તો પછી સદાને માટે 'મંગલ' બની રહેવાની ખાત્રી નહિ જ ને ? તો સદા 'મંગલ' બની રહે તેવો ઉપાય કે માર્ગ ખરો કે નહિ ?

આર્યાવર્તની આર્ય ભૂમિ પર થઇ ગયેલા સંતમહંતો, ઋષિ પરમર્ષિઓ, અને તેથી આગળ વધીને તે સર્વના આધારભૂત સર્વવિદ વીતરાગ પરમાત્માઓ 'સદામંગલ' નો પરમોચ્ચ રાહ બતાવી જ ગયા છે. રાહની શોધમાં હોય તેને માટે, રાહ પર ચાલવાની તમન્ના હોય તેને માટે, માર્ગ સાદો સરળ અને આટીઘુંટી વિનાનો પણ સમજ ધીરજ ને માગતો. ધીરવીર અને ગંભીર માટેનો. બે દુ ચાર જેવો. આંક અને અક્ષર જ્ઞાનનો શ્રધ્ધા જેવો.

આત્મા અસલમાં 'મંગલમય' છે, 'અપમંગળ' એની સાથે અસલથી લાગેલ છે. સુવર્ણ સાથે માટીની જેમ. માટી દૂર થઇ શકે છે. સુવર્ણ સુવર્ણ રૂપમાં શોભી શકે છે. કેમિકલ પ્રયોગ કરવો જ પડે. 'શુદ્ધિ'ની ક્રિયા અતિ આવશ્યક. 'મંગલ અપમંગલ' સુખદુઃખ, સૌભાગ્ય, દૌ-

ભાગ્ય, બધા કર્મના ખેલ છે. 'કર્મ' **આત્માની સારી નરસી કૃતિ છે. તેને પુણ્ય-પાપ કહીએ. તેના ફળને સુખ-દુઃખ કહીએ.** મારૂં નહિ તેને મારૂં માન્યું. તે માટે અનેક જુઠ પ્રપંચ કર્યા. તેનું ફળ રિબામણ આવતા મુંઝવણ થાય. જે પોતાનું હતું તેની ઓળખ ના થઈ. પરમાં ભાન ભૂલ્યા. ગાંડા અને પાગલ બન્યા. પરવશ બની સ્વની-પોતાનાની હોળી સળગાવી. હવે શોક શો ?

શરીર પોતાનું નહિ. શરીરને ખાતર, પોતાના માનેલા ધન-કણ અને કુટુંબ પોતાના નહિ. પોતે એકજ આત્મા. આ ભવ પર-ભવ અને ભવની પરંપરામાં ભટકનાર. ભટકવું મટાડવું હોય. સ્વના 'સચ્ચિદાનંદ' સુખમાં મહાલવું હોય. આત્મ તેજમાં રમવું હોય. અંધકારમાંથી પરમ પ્રકાશમાં જવું હોય. અંધકારમાંથી પરમ પ્રકાશમાં જવું હોય તો ક્ષણભંગુર સંસારના સુખોનો મોહ ઘટાડે જ, અરે તે મોહનો નાશ કર્યે જ છૂટકો. સ્વકૃત પાપના ફળરૂપ દુઃખોને સમભાવે સહેજ છૂટકો. આ નાનો સરખો, પણ વિશાળ સુખને દેનારો, ઉપદેશ જ્ઞાનીઓનો છે. સમજે, સ્વીકારે, હૈયે ઉતારે તે ફાવે, આ માટે જ-આમાં આગળ વધવાના હેતુથી જ ધર્મક્રિયા-દાન શીલ, તપ, ભાવના, પરોપકાર, અનુકંપા, દયા મહાદયા સર્વ કાંઈ કરવાનું છે. સજ્જન-શ્રાવક કે સાધુ બનવાનું છે.

હરહંમેશ સઘળું ના બને તે આત્માઓ માટે 'પર્વો' યોજ્યા પરમોપકારીઓએ. સઘળા પર્વો સાધ્ય ન બને તેવાઓ માટે 'મહા મંગળ પર્વ'નું અમૃતપાન કરાવવા

સર્વાંગી યોજના ઘડી આત્મ–ઘડવૈયાઓએ. કોઈ તેને કહે 'પર્યુષણા'. કોઈ કહે પર્યુષણ. ઉપનામ આપે કોઈ 'પાપચૂસણ'.

પાપો જ્યાં સુધી ચુસાઇ ન જાય ત્યાં સુધી 'મંગલ' મળે જ કયાંથી ? જ્યાં સુધી પાપો આત્માના ગળી ન જાય, નાશ ન પામી જાય સર્વથા, 'મહા મંગલ' લાવવું કયાંથી ? **'મહા મંગલ' માત્ર મોક્ષ**. મોક્ષ, આત્માની કર્મ મુક્તિથી જ મળે. કર્મની મુકિત કષાય મુકિત વિના કયાંથી હોય ? કષાયથી અલગા તોજ થવાય, જો છુટી જાય પંચેન્દ્રિયની વિષયવાસના. તો પામવું હોય 'મહા મંગલ' કે વચલા ગાળાના 'મંગલ' તો શરણે જાવ 'મહા મંગલ-પર્વ' ને 'મુકિત એક કુદકે મળી જતી નથી વચ્ચે સ્ટેશન કરવા જ પડે. અને તે પણ સાધ્યની સિધ્ધિ માટે, તે માટે વચલા ભાવો 'દેવ-મનુષ્યના' ધર્મ સામગ્રી યુકત મળે એટલે 'મંગલ'. 'મંગલ' 'મહા મંગલ' ને લાવે જ લાવે.

પર્યુષણાનો પરમ મંગલ દિવસ ભાદ્ર શુકલ ચતુર્થી. વેર–ઝેરના વિષને વમવાનો, અંતિમ વાર્ષિક દિવસ. શમ-રસમાં ઝુલવાનો ઝુલો. આત્માના ઉંડાણમાં ઉતરવાનો સફળ પ્રયોગ. સદ્ગતિ સાધવાનું શુભ મુહૂર્ત. પાપથી પાછા હઠવાનું ઉત્તમ ટાણું. સાધર્મીક ભાવના શોણુલાને સફળ બનાવવાનો સુભગ દિવસ. આત્મા ઠરે, પાપો બળે. સુખની શ્રેણી સર્જાય. મહા સુખના સીસા–પાયા નખાય, ધન્ય દિવસ.

એક સપ્તાહ અગાઉ, પંદર દિવસ પહેલા-માસ દોઢ

માસ પહેલા, સન્માન-સત્કાર થાય એ રૂડા પર્વના. ૪૫ દિવસના ૩૦-૧૫-૮ દિવસના ઉપવાસ. આયંબિલ એકાસણા તો ઢીલા પોચા માટે પણ સહજ. નાણા કોથળી ખૂલે ધનવાનોની. કોઇની મને તો કોઇની શરમે. પણ પ્રવાહ દાનનો શરૂ થાય જ. સાતે ક્ષેત્રમાં અને ધર્મની શાસનની પ્રભાવનામાં. તપની પ્રભાવના અનુમોદનાનો પાર નહિ. પાજી પણ રાજી થાય અને ઉમળકો આવે ઠીક ઠીક ખર્ચી દે. પેલા પશુ પક્ષીને પણ અભયદાન મળે. પશુશાળાના પ્રાણીઓ પણ ગોળ ઘાસ પામે. અને સાધર્મિક વાત્સલ્યના તો ઉછાળા જ હોય ને? નવકારશી અને સંઘ જમણ તો હોય જ અને તપના પારણા માટે આગ્રહ કેવો અને કેટલો? અત્તર વાયના અને પૂર્વ પારણા તો હોય જ હોય! ભારે બહુમાન પૂર્વક જ. પાટલા થાળી મુકીને પીરસણીયા મીઠા અને વિવેક ભરેલા, અને ભોજન? ભલાભાઈ એ તો વિવિધરંગી અને મહેક મારતા જ હોય ને? આવું તે પૂછાય? આતો જૈનોના જમણ. ગુરૂભકિતના લ્હાવા. ભાવ-નિર્મળ-સાધન નિર્દોષ અને સંયમ પોષક

ગીત-ગાન અને વાજિંત્રનો પાર નહિ. વરઘોડા શોભા-યાત્રા એક પછી એક જોયા જ કરો. રથયાત્રા રળીયામણી શાસન શોભાકારી. પાઘડીઓ દુપટ્ટા ભલે ન દેખાય પણ હૈયાના સાચા ભાવ સાજનના મુખ પર તરવરે. ઉત્સાહનો આંક નહિ. શોભાનો થોભ નહિ આગમન સન્માન ઘીની ઉછામણી અને રૂપૈયાની બોલી. ઘરે પધરાવે અને રાત્રિ જાગરણ કરે. મીઠાઇઓ વહેંચે અને રૂપૈયાને રાંક બનાવી દે. અનુકંપાદાન તો શણગાર રૂપે. ગરીબો હરખે અને

ગરીબના બાળ નાચે કુદે. આતો જિનેશ્વર દેવોના માર્ગનું 'મહાપર્વ' 'મહામંગલ'. મોક્ષદ્વારની ચાવી લાગી જેને હાથ તે ફાવ્યો. સંસારમાં રૂલવું બંધ. દુઃખવિનાશ સર્વના શિવસુખ દર્શન.

પ્રવચન વ્યાખ્યાન વાણી ? એ તો ધર્મની રાણી. રાતડા આત્મા ત્યાં જ બને. ધર્મ રંગે રંગાય. કંઇક ઘર ભંગાય. સાધુ બને સાધ્વી બને અને મહેલાતો મોટી રચાય. સ્ફટિકમણિના નિકેતન નિવાસો સર્જાય. અંતે તો સઘળુ સ્ફટિકમણિની સિદ્ધશિલાથી ઉર્ધ્વ કાયમીવાસ માટે. તે ઓછા કાંઇ 'નવતત્વ'ના નિર્મળ જ્ઞાન વિના મળે ? સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રનો ત્રિવેણી સંગમ તો જ સધાય. તે સધાય તો જ મુકિત પમાય. સાધવા માટે સાધુપણું પંચમહાવ્રત ધરવાપણું, આગમનો અભ્યાસ અને સ્વાધ્યાયનું શરણું, તપ તેનું રક્ષણ કવચ. સાધુના સ્વાંગમાં અને ધર્મ ધ્વજ બગલમાં. ચાલમાં, બોલમાં સમિતિ ગુપ્તિ. પેલી 'નવ-વાડ'ની ગુપ્તિ એ પ્રાણ. આંખમાં અમી. વેણમાં હિત. મિઠાસ સદા શુભ ધ્યાનમાં,

આ છે અમારા 'મહામંગલ' પર્વોની પ્રસાદી. પામે તે અનુભવે. વર્ણન થાય નહિ. ઘીનો સ્વાદ કેવો, ચાખે તે જાણે. 'પર્વાધિરાજ તો પર્વાધિરાજ' જ છે. **પામરને પણ પરમ બનાવે.** ગાંડાને ડાહ્યા બનાવે. ભાન ભુલેલાને સુમાર્ગે સ્થાપે. ખાઉકણને તપસી બનાવી દે. વિષયીને બ્રહ્મ-ચારી કરી દે. પાજીને રાજી કરી દાની બનાવે, નાસ્તિકને આસ્તિક મળે. આવા મહાન તારક ઉદ્ધારક મહાપર્વની સામે ચેડા કરનારની શી ગતિ થશે. તે તો જ્ઞાની જાણે !

શાન બઢાવવાને બદલે 'મહાપર્વની મહામંગલ'ની હાનિ કરનારાઓ કેવી હાનિ પામશે તે વિચારતા આત્મા ભાવ-દયા દ્રવે છે.

'મહામંગલ પર્વ'ની વિભૂષા કેટલી કરીએ' કલમ નાની ક્ષયોપશમ અતિ આછો છતાં ગુરૂકૃપાબળ મોટું. તેમાંથી નિપજતો શાસન ભાવ હૈયે ઉછળતો. તે ભાવનું અમૃત બિંદુ 'ભુવન' ને 'મંગલ' મહામંગલ આપે અને 'ચંદ્ર' નિર્મળ મહાશાસન સદા જયવંતુ વર્તે.

卐

# તિથિ પ્રકરણ-હકિકત અને ઈતિહાસ

(જૈન સંઘમાં પર્વતિથિનું આરાધન ઘણું અગત્યનું છે. તે અંગે જે મંતવ્યભેદ ચાલે છે તેના ઊંડાણમાં થોડા ઉતરાય તો ભેદ ટળી જાય અને તેથી એક શાસન-હિત-ચિંતક મુનિરાજશ્રી આ વિષય અંગે હકિકત અને ઈતિ-હાસનું અત્રે નિરૂપણ કરે છે. જે વાંચકોને સત્યની પ્રતીતિ કરાવશે. —સ.)

(૧)

**શાસન** અને શ્રી સંઘ. શ્રી સંઘ અને ધર્મ. ધર્મ અને આચાર. આચાર અને સિદ્ધાંત. સિધ્ધાંત અને સામાચારી. આ બધા પરસ્પર સંલગ્ન છે. મુક્તિ માર્ગની સુંદર સાંકળ છે.

તિથિ અંગે આરાધના. તિથિકાળ આગમીય. પ્રતિક્રમ-ણની આચરણા-સામાચારી. આ અંગે સં. ૧૯૩૫ સુધી

સામાન્ય વાતાવરણ. સં. ૧૯૫૨ માં પ્રશ્ન ઉભો થયો. સં. ૧૯૫૨ માં ભાદ્ર સુ. ૫ નો ક્ષય પંચાંગમાં હતો. ભાદ્ર શુકલ ચતુર્થી અવ્યાબાધ હતી. સંવત્સરી આરાધનામાં કોઇ વિક્ષેપ હતો નહિ. પ્રશ્ન પંચમીનો ઉઠયો. પંચમીની આરાધના કેવી રીતે કયારે કરવી? આગલે દિવસે તો સંવત્સરીની આરાધના અવ્યાબાધ મળે છે. આ સિવાયની પંચમી હોત તો તો क्षये पूर्वा तिथि कार्या-નિયમથી ચતુર્થીને દિવસે પંચમીની આરાધના થતી આવી છે.

એક વર્ગે સંવત્સરી સાથે જ પંચમીની આરાધના શાસ્ત્ર પાઠોના સબળ-આધારે કરી. બીજા વર્ગે તે વર્ષ પુરતા બીજા પંચાંગના આધારે ૬ઠ્ઠનો ક્ષય સ્વીકારી, પંચમી ઉભી રાખી, ચતુર્થીની સંવત્સરી યથાસ્થિત કરી. બન્ને વર્ગે ભાદ્ર શુકલ ચતુર્થી અવ્યાબાધ રાખી. અપવાદરૂપ એક પૂજ્યે ચારેક સાધુ સાથે ત્રીજનો ક્ષય કરી, ત્રીજે ચોથ કરી ચોથે-સંવત્સરી ન કરતા ત્રીજે જ કરી,

સં. ૧૯૬૧ માં ભાદ્ર સુ. ૫ નો ક્ષય પંચાંગમાં આવ્યો. ભારતવર્ષના સકલ શ્રી શ્વે. મૂ. પૂ. સંઘે ચતુર્થી સંવત્સરી ઉદયાત્ ચતુર્થીએ જ કરી. પૂ. આ. શ્રી સાગરાનંદ સૂ. મ. એ પણ અલબત્ત જાહેર કરીને કે હું કુવૃષ્ટિ ન્યાયથી બધાની સાથે થાઉં છું. કુવૃષ્ટિ ન્યાયની સંગતતા અસંગતતામાં હાલને તબકકે ઉતર્યા વિના સં. ૧૯૮૯માં પહોંચીએ. સં. ૧૯૮૯માં ભાદ્ર સુ. ૫ નો જ ક્ષય પંચાંગમાં હતો. ત્યાં પાછા પૂ. સાગરજી મ. જુદા પડયા.

સં. ૧૯૯૨ માં ભાદ્ર સુ. ૫ બે હતી. ધારણા સરળ અને સ્પષ્ટ હતી. પૂ. સાગરજી મ. સિવાય બધા ભાદ્ર સુ.

૪ ઉદયાત્ અવ્યાબાધ રાખીને જ આરાધના કરે એ સ્વાભાવિક ગણાય. પણ વાતાવરણમાં પલટો આવ્યો वृद्धौ कार्या तथोत्तरा નિયમથી પૂ. બાપજી મ. ના સમુદાયે આ. શ્રી ભદ્ર સૂ. મ. પૂ. લબ્ધિસૂ. મ. પૂ. પ્રેમસૂરિ મ. પૂ. ભક્તિ સૂ. મ. પૂ. કર્પૂર સૂ. આદિ મ. સાહેબોએ ભાદ્ર સુ. ૪ ને પંચાંગ પ્રમાણે અવ્યાબાધ રાખી સંવત્સરીની આરાધના કરી. પહેલી ફલ્ગુ પંચમીના પારણા થયા અને બીજી ઉદયાત્ પંચમીએ પંચમીની આરાધના કરી. પૂ. નેમિસૂ. મ. આદિ મ. સાહેબોએ બે ચોથ બનાવી બીજી ચોથે એટલે પહેલી ફલ્ગુ પંચમીએ સંવત્સરી કરી. જો કે તેઓશ્રીના પ્રચલિત કરેલા નિયમ પ્રમાણે બીજાપંચાંગમાં બે છઠ મળી શકતી હતી, જ્યારે પૂ. સાગરજીએ બે ત્રીજ બનાવી પહેલી ફલ્ગુ પંચમીએ સંવત્સરી કરી, બસ આ ૧૯૯૨ થી પ્રગરણ મંડાયા આધુનિક 'તિથિ પ્રકરણ'ના.

સં. ૧૯૯૩ માં પણ ભાદ્ર સુ. ૫ બે હતી. બાણું પ્રમાણે બને એ સ્વાભાવિક છે. પણ એક વિશેષતા ૯૩ ની હતી. પૂ. બાપજી મ. ને માત્ર પોતાને (પોતાના સમુદાયને ભાદ્ર સુ. ૪ ઉદયાત્ આરાધના માટે આજ્ઞા કરી) વચનબદ્ધતાના દોરે કરી ૯૨ માં અલગા રહેવું પડયું હતું. તેઓશ્રી ૯૩ માં ઉદયાત ચતુર્થીની સંવત્સરી આરાધી ખૂબ જ આનંદ પામ્યા. એટલું જ નહિ પણ ત્યાર બાદ તેઓશ્રીએ પ્રસંગ પામી–પ્રશ્ન થતાં ખૂબ જ સ્પષ્ટ ખુલાસો પણ કર્યો કે :–

સંવત્સરી ૧૯૯૨ માં શનિવારે છતાં રવિવારે કરેલી શાથી? એ વખતે વાટાઘાટની શબ્દ જાળમાં હું ઠગાયો હતો....મને કોઈએ પૂછયું કે પૂછાવ્યું તે બધાને મેં ભા.

સુ. ૪ શનિવારે જ સંવત્સરી કરવી જોઇએ....પહેલી પાંચમે સંવત્સરી થાય જ નહિ એમ કહેલ. તદુપરાંત 'ચતુર્દશી છતાં વિરાધીને પૂનમે ચતુર્દશી કરવી એ મહાપાપ છે. વિ. વિ.

પછી તો એક વર્ગે સંવત્સરીના ઉદયાત્ પ્રશ્ન સાથે સાથે બે પુનમે બે તેરસ આદિની ચાલી પડેલી પ્રથાને પણ તિલાંજલિ આપી. પંચાંગો અલગ છપાવ્યા એટલે ઉહાપોહ ઓર વધી ગયો કે વધારી દેવામાં આવ્યો, અને જેઓને ધર્મ-આરાધના-સામાચારી કે તિથિ સાથે ઝાઝી લેવાદેવા નહિ. દેવ-ગુરૂ ધર્મના સાચા સ્વરૂપ જ્ઞાનની કાંઈ પડી ન્હોતી, માત્ર જમાનાના પવને ઉડતા હતા, તે બધાએ તો, (બે વર્ગ તો બાજુએ રહ્યા) અનેક ગુલબાંગો ઉડાવી વાતાવરણ કલુષિત કરી મૂકયું.

સૌજન્યનિધિ કસ્તુરભાઇએ આ વાતાવરણનો અંત આવે અને શ્રી સંઘ સમાધિપૂર્વક આરાધના કરી શકે એ હેતુથી પૂ. સાગરજી મ. અને પૂ. રામચંદ્ર સૂ. મ. વચ્ચે લવાદી પદ્ધતિથી ચર્ચા પાલીતાણામાં મૌખિક રીતની પણ ગોઠવી અને પરસ્પરના લખાણ-ઉત્તર-પ્રતિઉત્તર લવાદને બન્ને પૂજ્યોની સમ્મતિથી સોંપાયા.

પરિણામ-શાસ્ત્રી અર્થમાં પરિણમ્યું. પણ સમાજનું સદ્ભાગ્ય નહિ તે છેવટે કસ્તુરભાઈને પણ જાહેર નિવેદન કરવું પડયું કે પૂ. સાગરજી મ. જેવા લવાદ પર ખોટો આક્ષેપ કરી પોતાની લેખીત કબુલાતને આઘી મૂકે છે એ દુઃખદ બીના છે. આ આશયની જાહેરાત પછી વાતાવરણ ક્ષુબ્ધ બને એ સ્વાભાવિક છે.

પછી તો સં. ૨૦૦૪ અને ૨૦૧૩ અને ૧૪ માં પણ ભાદ્ર સુ. ૫ નો ક્ષય આવ્યો. ત્યાં પણ એક વર્ગે ગુરૂગત પ્રણાલિકામાં પણ ફેરફાર કર્યા વિ. ઇતિહાસથી સમાજને કોઈ સંગતિ કે ફાયદો પ્રાપ્ત થયો નહિ.

સં. ૨૦૧૪ ના સંમેલને સાધુ સંસ્થાને માત્ર એક ડાઘ આપ્યો. અને આવે વખતે કસ્તુરભાઇ જેવા પરદેશ જઇ બેઠા એ પણ એ ક્ષતિ જ હતી. પણ તે સાલમાં આરાધના અંગે એકતા જળવાઇ. અલબત્ત વર્ષોથી ચાલતા–મનાતા પંચાંગને વિસર્જન કરી કાયમ માટે 'જન્મભૂમિ' પંચાંગનો સ્વીકાર કરીને. જરૂર આ બધું થયું. વિધિપૂર્વક.

આ દરમ્યાન એક વાત બહુ પ્રચલિત બની હતી. જે વર્ગે શાસ્ત્રીય માર્ગ સ્પષ્ટ રીતે અપનાવી લીધો તે બધાએ વર્તમાન મુખ્ય પૂજ્યોને સમ્મત કરીને નહિ. શાસ્ત્રીય સંવત્સરી છોડાઇ ત્યાં બીજી સમ્મતિ મળવાનો કે મેળવવાનો અવકાશ નહિ. સાથે સાથે કાળબળની વિપરીત અસરમાંથી શાસ્ત્ર સિદ્ધાંત રક્ષણનો પ્રશ્ન પણ બળવાન ઉભો જ હતો. આનો કાંઇક માર્ગ કાઢવાની સદ્બુદ્ધિથી અને બીજા વર્ગને પણ નજદીક આણી પોતાને પ્રાપ્ત સત્યમાં ભેળવવાની ભલી ઇચ્છાથી પૂ. પ્રેમ સૂ. મ. આદિ મ. સાહેબોએ એક અપવાદિક પટ્ટક–સં. ૨૦૨૦ માં પીંડવાડા મુકામે જાહેર કર્યો. જેથી કલ્યાણક તિથિઓ અને સંવત્સરી આદિ તિથિની શાસ્ત્રીય આચરણા–અવ્યાબાધ રાખી માત્ર બે પુનમ બે અમાસના પ્રસંગે ચાલુ પ્રથાની બે તેરસનો અપેક્ષા સાથે અપવાદિક સ્વીકાર થયો અને શ્રી સંઘમાં કામચલાઉ એકતાનું પ્રસરણ ગણાયું.

ત્યાર પછી ચાલુ ૨૦૨૮ ના ચાલુ વર્ષે ભાદ્ર સુ. ૫ બે આવેલ છે. પક્કવર્તી વર્ગને તો તદ્દન સુગમ છે. કોઇ વિકલ્પ વિચારવાનો રહેતો જ નથી. ઉદયાત ભાદ્ર સુ. ૪ સોમવારે શ્રી સંવત્સરી મહાપર્વની નિરાબાધ આરાધના કરશે. પહેલી ફલ્ગુ પંચમીએ પારણું થશે. દ્વિતીય ઉદયાત્ પંચમીની આરાધના કરશે. બીજા વર્ગને તેમના નિયમ પ્રમાણે એટલે કે ૧૯૫૨ પ્રમાણે બીજા પંચાંગનો આધાર લઈ બે છઠ્ઠનો સ્વીકાર કરી ભાદ્ર સુ. ૪ અવ્યાબાધ રાખવી હશે તો રાખી શકશે. બાકી તો બે પાંચમની બે ચોથ અને બે ત્રીજ કરી ફલ્ગુ પંચમીએ બીજા વર્ગમાં આરાધના થશે.

આ છે સાદો સીધો સરળ ઈતિહાસ, ૧૯૫૨ થી ૨૦૨૮ સુધીનો. હવે અકબર બાદશાહ પ્રતિબોધક જગદ્ગુરૂ પૂ. વિજયહીરસૂરીશ્વરજી મહારાજાના કાળથી સં. ૧૯૩૫ સુધીના પ્રસંગો સામાન્ય રીતે અવલોકીએ. તે પહેલા ભાદ્ર સુ. ૫ સંવત્સરી પર્વને સ્થાને ભાદ્ર સુ. ૪ અને તેને અનુસરીને ત્રણ ચોમાસીમાં અષાડ સુ. ૧૪, કા. સુ. ૧૪ અને ફા. સુ. ૧૪સે આરાધનાની ત્રણ પક્ખી કેવી રીતે સમાઈ ગઈ એ જોવું જરૂરી થઈ પડશે.

શાતવાહન રાજાએ પૂ.કાલિકસૂ.મ.ને વિનંતિ કરી કે પંચમીએ ઈંદ્રમહોત્સવમાં મારે હાજરી આપવી પડશે. માટે ભા. સુ. ૬ઠે સંવત્સરી રાખો. પૂ. શ્રીએ अंतराविअ सेवकप्पइ, પાઠને ધ્યાનમાં રાખી ૬ઠ્ઠ ન રાખતા ચોથ મંજુર કરી અને અ. સુ. ૧૪ પછીના પચાસમે દિવસે જેમ ભાદ્ર સુ. ૪ની સંવત્સરી કરી તેમજ ભા. શુદ ૪ પછીના સીત્તેરમે દિવસે (કા. સુ. ૧૪ સે કા. સુ. ૧૫ ને બદલે) ચોમાસી કરી. અને તે રીતે ત્રણ ચૌદશના

પક્ખી ત્રણ ચોમાસીમાં અંતર્ગત બન્યા. ત્યાર બાદ ત્રણસો વર્ષ સુધી એકધારી આરાધના ભાદ્ર સુદ ૪ ઉદયાત્ તિથિએ સંવત્સરીની ચાલ્યા જ કરી. પ્રાયઃ કોઈ પ્રશ્ન ઉઠયો નથી. પણ પૂ. હીરસૂ. મ. ના વખતમાં તેઓશ્રી સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થયો કે 'પુનમ અમાસની વૃધ્ધિએ પહેલાં તો બીજી તિથિ આરાધ્ય ગણાતી હતી. પણ કોઇક એમ કહે છે આપ પહેલી તિથિને આરાધ્ય જણાવો છો તો તે કેમ?' ઉત્તરમાં પૂ. હીરસૂ. મ. જણાવે છે કે, 'પુનમ અમાસની વૃદ્ધિમાં બીજી તિથિ જ આરાધ્ય તરીકે જાણવી' બીજો પ્રશ્ન વડા કલ્પના છઠનો ઉભો થયો. 'જ્યારે ચૌદશે કલ્પવંચાય અથવા અમાવાસ્યા આદિ તિથિની વૃદ્ધિમાં અમાવાસ્યાએ અથવા એકમે કલ્પ વંચાય ત્યારે છઠનો તપ કયે દિવસે કરવો?' ઉત્તરમાં શ્રી પૂ. શ્રી ફરમાવે છે કે 'જ્યારે ચૌદશે (કે અમાવાસ્યા આદિએ) કલ્પ વંચાય ત્યારે છઠનો તપ અમુક દિવસે જ કરવો તેવું દિવસનું નીયતપણું નથી. ઠીક પડે તેમ કરવો. એમાં આગ્રહ શો?' ત્રીજો પ્રશ્ન ભાદ્ર સુ. ૫ ની આરાધના સંબંધી થયો. 'જેણે શુક્લ પંચમી ઉચ્ચરેલી હોય. તે જો પર્યુષણાનો અઠ્ઠમ બીજથી કરે તો શું તેણે પાંચમનું એકાસણું અવશ્ય કરવું જોઇએ? કે જેવી ઇચ્છા?' પૂ. શ્રી જણાવે છે--'મુખ્ય વૃત્તિથી તેણે ત્રીજથી અઠ્ઠમ કરવો જોઈએ. જો તેણે કદાચ બીજથી અઠ્ઠમ કર્યો હોય તો પાંચમનું એકાસણું કરવાને માટે આગ્રહ નથી. કરે તો સારૂં.' ચોથો પ્રશ્ન પંચમી અને પૂર્ણિમાના ક્ષય પરત્વે પૂછાયો. 'પાંચમ *તિથિ તુટી હોય તો તેનો તપ કઇ તિથિમાં કરવો? અને પૂર્ણિમા તુટી હોય તો શામાં?* પૂ. શ્રીએ ખુલાસો કર્યો કે,

'પાંચમ તિથિનો ક્ષય હોય ત્યારે તેનો તપ પૂર્વ તિથિમાં કરાય છે. પૂર્ણિમા તુટી હોય ત્યારે તેરસ ચૌદશનો કરવો. તેરસે ભૂલી જવાય તો પડવે પણ (એટલે કે ચૌદશ પડવે).

ત્યારબાદ પૂ. શ્રી સેનસૂ. મ. સામે પણ પ્રશ્નો ખડા થયા છે. જેમ કે--'અગીઆરસની વૃદ્ધિ હોય ત્યારે શ્રી હીરવિજયસૂરી મહારાજનો નિર્વાણ મહિમા, પૌષધ–ઉપવાસ વિગેરે કૃત્ય, પૂર્વની કે પછીની અગીઆરસે કરવું?' પૂ. શ્રી જણાવે છે કે, 'ઔદયિકી અર્થાત્ બીજી અગીયારસે શ્રી હીરવિજયસૂરિ મહારાજનો નિર્વાણ પૌષધ વિ. કરવો.' બીજો પ્રશ્ન--'રોહિણીનો ઉપવાસ અને પંચમી આદિનો ઉપવાસ કારણ હોય તો જે તિથિમાં તે મળી જતી હોય તેમાં કરાય કે નહી?' ઉત્તરમાં પૂ. શ્રી જણાવે છે કે 'કારણ હોય તો મળતી તિથિમાં કરાય અને કરાવાય એવી પ્રવૃત્તિ દેખાય છે. કારણ વિના તો ઉદય તિથિમાં જ કરાય એમ જાણવું.

સમકાલીન શ્રી ધર્મસાગરજી ઉ. સમક્ષ પ્રશ્ન ઉભો થયો કે 'પુનમના ક્ષયે તમે શું કરશો? પૂ. શ્રી એ સમાધાન આપ્યું કે 'વાહ, તમારી વિચાર ચતુરાઈ! કારણ કે ચૌદશને દીવસે ચૌદશ પુનમ બન્ને વિદ્યમાન હોવાથી પુનમની આરાધના પણ ચૌદશ ભેગી થઈ જ જાય છે.'

અઢારમો સદીમાં તિથિચર્ચાને અંગેનો કોઈ ખાસ ઈતિહાસ હોવાનું પ્રાયઃ જાણમાં નથી. એટલે સત્તરમી સદીની માન્યતા પ્રચલિત રહે એ સ્વાભાવિક છે. પરંતુ ઓગણીસમી સદીમાં તિથિ વિષયક પૂર્વ માન્યતામાં હલી ચલી થવા માંડી, કારણ તરીકે દેવસૂરગચ્છ અને અનસુરગચ્છ બે વિભાગ

અને તેથીએ વિશેષ તત્કાલીન ગાદીપતી શ્રી પૂજ્યોની સ્વેચ્છાપૂર્વકની આજ્ઞા ખાસ કારણરૂપ લેખાય. દા. ત. આનંદસૂરિગચ્છ પુર્ણિમાની વૃદ્ધિએ એકમની વૃધ્ધિ કરવામાં માનતો અને તેના આધાર રૂપે 'ત્રયોદશ્યાં વિસ્મૃતૌ તુ પ્રતિપદ્યપીતિ' પાઠનો ઉપયોગ થતો (આ પણ એક આશ્ચર્ય ગણાય ને?) બીજી બાજુ દેવસૂરગચ્છના યતિઓ બે પુનમને સ્થાને બે તરસની વૃધ્ધિના આગ્રહવાળા બન્યા. આ ખેંચતાણનો અંત આણવા ૧૮૬૯માં સુરત મુકામે લેખ કર્યો કે '૩૬૫બની ઉદયાત્મક તિથિ માનવી. ત્રણ ચોમાસીની પુનમનો ક્ષય હોય તો બારસ તેરસ એકઠા કરવા. બીજા માસની પુનમનો ક્ષય હોય તો પડવાનો ક્ષય કરવો' આની સામે પણ પૂર્ણિમા-ચૌદશમાં મળેલી દેખાય છે પણ પ્રતિપદામાં દેખાતી નથી' વિ. ચર્ચા શરૂ થઈ સાથે જ પૂર્ણિમા ક્ષયે તેરસના ક્ષયનો વિરોધ પણ શરૂ થયો.

આમ ઓગણીસમી સદીના પ્રાયઃ છેલ્લા ચરણમાં 'તિથિ પ્રકરણ'ના ગણેશ મંડાયા એમ કહી શકાય. ભલે સંવિગ્ન સાધુઓ તે વખતે હતા. વિદ્વાન અને ત્યાગી પણ હતા. જૈન સંઘમાં પૂજનીય હતા. પણ સંખ્યા કેટલી? વિહારના ક્ષેત્રો કેટલા? જ્યારે બીજી બાજુએ શ્રી પૂજ્યોનું સામ્રાજ્ય હતું. તેઓ પરિગ્રહધારી અને સાધ્વાચારમાં શિથિલ હતા. એ તો હકીકત છે સંખ્યાબળ ઘણું. સંવિગ્નોને પણ શ્રી પૂજ્યોની આજ્ઞામાં રહી ચાતુર્માસ કરવા પડતા. ધાર્મિક કાર્યો—માન્યતાઓમાં શ્રી પૂજ્યોનો બોલ તે જ છેલ્લો નિર્ણય. આ પરિસ્થિતિ પ્રાયઃ વીસમી સદીના પ્રથમ ચરણ સુધી ચાલુ રહી. દા. ત. :—

સં. ૧૯૨૮માં ભાદ્ર સુદિ એકમો બે હતી. તે વખતના શ્રી પૂજ્ય ધરણેંદ્રસૂરિએ આજ્ઞાપાત્ર કાઢયું કે 'આગામી પર્યુષણામાં બે પડવા છે તેને બદલે તમ્હારે બે તેરસો કરવી.' સામાન્ય સાધુઓ અને યતિઓ જ નહિં પણ શ્રી રાજનગર (અમદાવાદ) ના પ્રસિધ્ધ ચાર ઉપાશ્રયોમાં રહેલા સંવિગ્ન વિશિષ્ટ મહાત્માઓને પણ આ વિચિત્ર આજ્ઞાનું પાલન કરવું પડયું. આવી તો કાંઈક અશાસ્ત્રીય રૂઢિઓ અને વિપરીત માન્યતાઓ યતિકાળમાં પ્રચલિત થઇ પડી અને પરિણામે અજ્ઞાન કારણે કુસંપનું વાતાવરણ ફેલાતું રહ્યું. સં. ૧૯૩૫ માં શ્રી પૂજ્ય ધરણેંદ્રસૂરિએ ભાદ્ર. સુ. ૨ના ક્ષયે શ્રાવણ વદિ ૧૩ નો ક્ષય જાહેર કર્યો. પૂ. શ્રી ઝવેરસાગરજી મ. (પૂ. શ્રી સાગરજી મ. ના ગુરૂજી) એ તે સામે જાહેર કર્યું કે.... 'અબકે પર્યુષણમેં એકમ દુજ ભેલી કરણી.'

આ રીતે સં. ૧૮૬૯થી પાછલા કાળમાં અને ૧૯૫૨ થી આધુનિક યુગમાં તિથિપ્રકરણની શરૂઆત ગણાઇ. પણ આધુનિક યુગ છાપાનો એટલે ઉહાપોહ મોટો દેખાય. સં. ૧૯૫૨ માં સુક્ષ્મચિંતક સુશ્રાવક અનુપચંદભાઈના શુભ પ્રયાસથી વાતાવરણ મઝેનું રહ્યું. સં. ૧૯૮૧માં છપાએલ 'પ્રશ્નોત્તર રત્નચિંતામણિ' માં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે.

સં. ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુ. ૫ નો ક્ષય હતો. તે પરથી અનુપભાઇએ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજને પૂછેલું....તેનો જવાબ એ આપ્યો કે પાંચમનો ક્ષય આ વખતે કરવો સારો છે. ત્યારબાદ જેઠ મહિનામાં શ્રીમદ્ આચાર્ય મહારાજે કાળ કર્યો....શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી સિધ્ધિસૂરિજી છાણી ચોમાસું રહ્યા હતા.

તેમની પાસે સુરત, અમદાવાદ વગેરે ગામોના કેટલાક ભાઈઓ આવ્યા હતા ત્યાં અનુપચંદભાઈ પણ ગએલા હતા, તેઓને એ બાબતમાં સેનપ્રશ્ન હીરપ્રશ્ન વિગેરેના પુરાવા આપી તેઓનું સમાધાન કર્યું. સઘળા એ પ્રમાણે કરવા સમ્મત થયા....

સં. ૧૯૮૯માં ભાદરવા સુ. ૫નો ક્ષય હતો અને આખા તપાગચ્છે ભાદરવા શુદિ ૪ના દિવસે સંવચ્છરીપર્વની આરાધના કરી હતી. પણ શ્રી સાગરજી મ.ના સમુદાયે આ વખતે પણ ઔદયિક ત્રીજને ચોથ કલ્પીને આરાધના કાર્યક્રમ બહાર પાડયો હતો. જેની સામે શ્રી વિજયનીતિસૂરિજી મહારાજે એક પુસ્તિકા બહાર પાડી તેનો વિરોધ કર્યો હતો.

આ પ્રમાણે લગભગ ૪૦ વર્ષમાં ત્રણવાર ભાદ્ર સુ. ૫ ના ક્ષયે પૂ. સાગરજી મ. સિવાય પ્રાયઃ બધાએ ચતુર્થી અવ્યાબાધ આરાધના માર્ગ તપાગચ્છમાં કબુલ રાખ્યો હતો. જરૂર કેટલેક સ્થળે બીજા પંચાંગના આધારે ૬ નો ક્ષય માની તોષ લીધો હતો. પણ સો વર્ષમાં ન આવેલી ભાદ. સુ. ૫ બે ૧૯૯૨માં આવી અને તેથી ક્ષયને માનનારા પણ વૃદ્ધિમાં ગોટાળે ચડી ગયા. અને કહેવું જોઈશે કે આ બાબતમાં અંતર્ગત મુખ્યતઃ પૂ. નેમિસૂ. મ. હતા. પછી તો અનેક પ્રકારના આંદોલનો વહેતા થાય એ સ્વભાવિક છે. પણ તેને બહુ ગણનામાં લેવા યોગ્ય નહિ.

સં. ૧૯૯૭ માં પૂ. બાપજીએ અમદાવાદમાં પોતાને વ્યાખ્યાન સભામાં પૂછાએલ પ્રશ્નોના ઉત્તરમાં જણાવેલ કે 'શાસ્ત્રની આજ્ઞાની વિરાધના થાય એવી પરંપરા હોય જ નહિ.....આપણે સંમેલન (૧૯૯૦) થયું તે વખતે આ વાત કરી હતી, પણ તે વખતે તો–

'આ વિષય આપણા એકલા તપગચ્છનો છે અને અહિં બીજા ગચ્છોના પણ આવેલ છે.' આથી વાત પડતી મુકાઇ હતી....શાસ્ત્રની આજ્ઞા મુજબ તો બે પૂનમની બે તેરસ અને પૂનમના ક્ષયે તેરસનો ક્ષય થાય કરે નહિ.'

સં. ૧૯૯૯માં પૂ. સાગરજી મ. અને પૂ. રામચંદ્રસૂ. મ. વચ્ચે લવાદી ગોઠવી, આ તિથિપ્રકરણનો અંત આણવા કસ્તુરભાઈ તરફથી પ્રયત્ન થયો. જેમાં પૂ. સાગરજી મ. તરફથી નવમુદ્દાઓ પૂ. રામચંદ્રસૂ. મ. તરફથી ૨૫ મુદ્દાઓ. બંને પૂજ્યો તરફથી તેનું પોતાની માન્યતાનુસાર ખંડન પાલીતાણામાં લવાદની હાજરીમાં મૌખિક ચર્ચા. ત્યારબાદ લવાદનો નિર્ણય કબુલ રાખવા બન્ને પૂજ્યોએ લેખિત કરાર કસ્તુરભાઈને સોંપ્યો. લવાદનો સંસ્કૃત-ભાષામાં નિર્ણય અને પોતે જ તેનું ઇંગ્લીશ કરીને પણ મોકલેલ. કસ્તુરભાઈએ તેનું ગુજરાતી કરાવીને તે પણ પ્રગટ કર્યો. તે લેખિત કરાર અને લવાદનો આખરી નિર્ણય નીચે પ્રમાણે છે.

**કરાર** .– તિથિચર્ચાને અંગે અમે બન્નેએ (આચાર્ય મહારાજ સાગરાનન્દસૂરીશ્વરજી અને આચાર્ય રામચન્દ્ર-સૂરિજીએ) જે જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા તથા તેના સમર્થનમાં જે લખ્યું અને ખંડનમાં જે લખ્યું તે કસ્તુર-ભાઇ લાલભાઈ મારફત ડોકટર પી. એલ. વૈદ્યને મોકલી આપવામાં આવેલું. તેના ઉપર વિચાર કરી અમો બન્નેની રૂબરૂ ચર્ચા કરી ડો. પી. એલ. વૈદ્ય તેમનો નિર્ણય કસ્તુર-ભાઇ લાલભાઇ મારફત મોકલી આપે તે સઘળા ઉપર અમો બન્ને તેમજ અમારો શિષ્ય સમુદાય કોઇપણ જાતની મૌખિક

અથવા લેખિત ટીકા પ્રગટ કરશે નહિ અને છતાં જો કોઈ કરશે તો તેને અમારી આજ્ઞા બહાર જાહેર કરવામાં આવશે.

૭-૩-૧૯૪૩ **આનન્દસાગર દ. પો.**

**પાલીતાણા :** **વિજયરામચંદ્રસૂરિ.**

એ પ્રમાણે બન્ને આચાર્યોએ રજુ કરેલા મુદ્દાઓની યથાયોગ્ય વિચારણા દ્વારા અને જૈન શાસ્ત્રોની સમાલોચના દ્વારા નકકી થએલ નિગમન અને નિર્ણય આ પ્રમાણે છે :-

**નિર્ણય :—**

૧. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોમાંના તપાગચ્છના ચારેય પ્રકારના જૈન સંઘે લૌકિક અને લોકોત્તર બન્નેય પ્રકારની આરાધનાઓમાં અમે જણાવ્યા પ્રમાણે તિથિ ક્ષય-વૃધ્ધિ અધિકમાસ સાથેના જોધપુરના ચંડાશુચંડૂ પંચાંગનો ઉપયોગ કરવો. જૈનટિપ્પણ કે જેનું બીજું નામ સિધ્ધાન્ત ટિપ્પણ છે તે ઘણા કાલથી વ્યુચ્છિન્ન થયું છે તેથી તેનો પ્રચાર જ નથી. આગમોને અનુસરતું જૈનટિપ્પણ ફરીથી ચલાવવાનું શકય જ ન હોવાથી શ્રી જૈન સંઘ અત્યારે તેને સ્વીકારી શકે તે પણ અશકય જ છે.

૨. ચંડાશુચંડૂ પંચાંગને અનુસારે તિથિઓની વૃદ્ધિ કે ક્ષય આવે ત્યારે ઉમાસ્વાતિના વચનના પ્રઘોષ તરીકે પ્રસિદ્ધ 'क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा' એ શાસ્ત્રનો પંચે નિશ્ચિત કરેલા અર્થ પ્રમાણે આધાર લઇને તિથિનો નિશ્ચય કરવો.

૩. ઉપર બતાવેલા ઉમાસ્વાતિના વચનનો પંચે એવો અર્થ નિર્ણીત કર્યો છે કે-ટિપ્પણમાં કોઈપણ તિથિનો ક્ષય

જણાય ત્યારે ક્ષીણ તિથિની આરાધના માટે પૂર્વની તિથિ કરવી, એટલે કે ક્ષીણ તિથિ વિષયક આરાધન પૂર્વની તિથિએ કરવું. શ્રી જૈન સંઘ આરાધના માટે ઔદયિકી તિથિની અપેક્ષા રાખે છે. તિથિનો ક્ષય થાય ત્યારે તેવી (ઔદયિકી) તિથિની અત્યન્ત અપ્રાપ્તિ થવાથી; અપૂર્વ વિધિને કરનારા 'ક્ષયે પૂર્વા તિથિ કાર્યા' એવા શાસ્ત્ર વડે ક્ષીણ તિથિની સ્થાપના તેની પૂર્વ તિથિમાં કરાય છે. એ રીતે ક્ષીણ તિથિ ઔદયિકી બને છે અને તેથી આરાધના માટે તે ઉપયોગી બને છે. એટલે અષ્ટમી ક્ષીણ હોય ત્યાં તેની પૂર્વની સપ્તમીને જ આરાધના માટે અષ્ટમી કરવી. એ પ્રમાણે ચતુર્દશીના ક્ષયે તેની પહેલાની ત્રયોદશીનો ચતુર્દશી તરીકે સ્વીકાર કરવો અને પાક્ષિક પ્રતિક્રમણ તે તિથિએ જ કરવું. પૂર્ણિમા અને અને અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે, તેની પૂર્વની ચતુર્દશીનો પાક્ષિક આરાધન માટે ઉપયોગ કરાતો હોવાથી, અભિગ્રહ રૂપ તેનું તપ વગેરે શ્રી હીર પ્રશ્નમાં દર્શાવેલા માર્ગે ત્રયો- દશીએ કરવું પાક્ષિક અનુષ્ઠાન સાથે વિરોધ ન આવતો હોય તો ચતુદર્શીએ કરવું અથવા યથારૂચિ પ્રતિપદાએ પણ કરવું. પાક્ષિક પ્રતિક્રમણ, એ તિથિનિયત અનુષ્ઠાન છે. તેમાં મુખ્ય તિથિ ટિપ્પણ પ્રમાણે આવતી ઔદયિકી ચતુ- ર્દશી છે, તેથી પૂર્ણિમા અમાવાસ્યાનો ક્ષય હોય તો પણ, પાક્ષિક આરાધન મુખ્ય એવી ચર્તુદશીએ કરવું, અને ક્ષીણ તિથિ સંબંધી અભિગ્રહરૂપ તપ વગેરે રૂચિ પ્રમાણે તેની પહેલાં કે પછી આરાધવું. એ પ્રમાણે ભાદ્રપદની સુદ ચર્તુ- ર્થીના ક્ષયે સાંવત્સરિક પ્રતિક્રમણ, તેની પૂર્વની તૃતીયામાં ચતુર્થી તિથિને સ્થાપીને કરવું. ભાદ્રપદની સુદ પંચમીનું

પ્રધાન પર્વતિથિપણું જ રહ્યું નથી. તેથી તેનો ક્ષય થાય ત્યારે, તેમાં કરવાનો તપ વગેરે અભિગ્રહ યથારૂચિ પહેલાં કે પછી કરવો. સાંવત્સરિક સાથે વિરોધ ન આવતો હોય તો ભાદ્રપદ સુદ ચતુર્થીએ પણ કરવો. ભાદ્રપદ સુદ પંચમીના ક્ષયના કારણે તૃતીયાનો ક્ષય શાસ્ત્રોથી સિદ્ધ થતો નથી. કલ્યાણકો વગેરે પણ સિધ્ધાંતમાં કહેલી તિથિએ જ કરવાનાં હોઈ તે વિષયમાં પણ આજ નિયમ લાગુ પાડવો. આ અર્થ સ્વીકારતાં જે પર્વ અને અપર્વ તિથિઓનો સંકર વગેરે અને આરાધનાનો સંકર વગેરે દોષો આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજી કલ્પે છે. તે દોષો શાસ્ત્રોમાં જણાતા નથી તેથી અને એવા દોષો થાય ત્યારે પ્રાયશ્ચિત કરવાનું વિધાન નહિ હોવાથી, તે દોષ રૂપ નથી જ.

૪ वृद्धौ कार्या तथोत्तरा' એ શાસ્ત્રનો આ અર્થ છે :- ટિપ્પણમાં તિથિની વૃધ્ધિ જણાય ત્યારે આરાધના વગેરે માટે પાછલી એટલે બીજી તિથિ સ્વીકારવી. વૃધ્ધિ પામેલી તિથિ બે વાર ઉદયને સ્પર્શે છે. એટલે (તેમાની) કઈને ઔદયિક ગણવી એવો સંદેહ થએ છતે 'वृद्धौ कार्या तथोत्तरा' એવા નિયમ વિધિ કરનારા શાસ્ત્ર વડે પછીની તિથિનું જ ઔદયિકપણું નક્કી થાય છે. લૌકિક ટિપ્પણમાં આવતી તિથિઓ વૃદ્ધિ પામે ત્યારે આગલી અને આગલીની આગલી તિથિની વૃદ્ધિ ગણવાની બાબતમાં આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજીએ જે પ્રમાણો અને શાસ્ત્રો રજુ કર્યાં છે તેનું પ્રામાણ્ય અને શાસ્ત્રત્વ અસિદ્ધ જ રહે છે. જીતવ્યવહારના બળથી તે સિધ્ધ થાય છે એમ જો કહેતા હોય, તો જીતવ્યવહારની સાબીતી માટે જે ચાર અંશો હોવા જોઈએ, તે અધુરા

રહેતા હોવાથી જીતવ્યવહાર પણ અસિદ્ધ રહે છે. આ પ્રમાણે અષ્ટમીની વૃદ્ધિ હોય ત્યારે બીજી અષ્ટમી, ચતુર્દશીની વૃદ્ધિ હોય, ત્યારે બીજી ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા બે દિવસે હોય ત્યારે બીજી પૂર્ણિમા અને બીજી અમાવાસ્યા, ભાદ્રપદની સુદ ચતુર્થીની વૃદ્ધિ હોય ત્યારે બીજી ચતુર્થી જ ગ્રહણ કરવી. ભાદ્રપદ સુદ પાંચમનું તો પ્રધાન પર્વ-તિથિપણું જ ચાલ્યું ગયું છે, એમ અમે આગળ અનેકવાર કહી ગયા છીએ. વૃધ્ધિ પામેલી તિથિનો પહેલો દિવસ અધિક માસની પેઠે નપુંસક છે તેથી તે આરાધના માટે ઉપયોગી નથી જ. તિથિનો ઉપયોગ ન કરાય તો તેને માટે શાસ્ત્રમાં ક્યાંય કશું પ્રાયશ્ચિત જોવામાં આવતું નથી. તેથી તિથિના તેવા અનુપયોગમાં દોષ જેવું કાંઈ નથી.

૫. તિથિઓની વૃધ્ધિ અને ક્ષયના વિષયમાં, તિથિઓનો ફેરફાર કરવાનું આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજીએ શાસ્ત્રસિધ્ધ તરીકે જે રજુ કર્યું છે તેને તપાગચ્છના શાસ્ત્રો અનુમત થતાં નથી જ. આ વિષયમાં તેમણે રજુ કરેલો જીતવ્યવહાર પણ શાસ્ત્રથી સિધ્ધ થતો નથી.

૬. સાંવત્સરિક પ્રતિક્રમણ એ તિથિનિયત આરાધના છે. તે ટિપ્પણ પ્રમાણે આવતી ભાદ્રપદ સુદ ચતુર્થીએ આરાધવી. પૂ. શ્રી કાલકાચાર્યે કોઈ રાજાની વિનંતિને માન આપીને, ભાદ્રપદ સુદ પંચમીએ નિયત થએલા તે દેશના ઈન્દ્રમહોત્સવ સાથે વિરોધ ન થાય તે માટે અને ષષ્ઠીએ સ્થપાતાં શાસ્ત્રવિરોધનો ભય હતો તે માટે, તે ચતુર્થીએ સ્થાપી છે અને તપાગચ્છના સર્વ જૈનસંઘે પણ તેને માન્ય રાખી છે. એ રીતે જીતવ્યવહારથી સિધ્ધ થયેલી

ભાદ્રપદ સુદ ચતુર્થી જ સાંવત્સરિક પ્રતિક્રમણને માટે નિયત તિથિ છે. તેને લીધે પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણને માટે ચતુર્દશી નિયત તિથિ છે. ભાદ્રપદ સુદ પંચમીનું પ્રધાન પર્વતિથિપણું જ ટળી ગયું છે, તેથી તેની વૃદ્ધિ અને ક્ષય નિમિત્તે શાસ્ત્રથી અસિદ્ધ તૃતીયાની વૃદ્ધિ કે ક્ષય ચલાવવો તે કદાગ્રહ જ છે.

૭. અષાડની પૂર્ણિમાથી આરંભીને અથવા ચોમાસાના દિવસ એટલે અષાઢ સુદ ચતુર્દશીથી આરંભીને, ભાદ્ર સુદ ચતુર્થી સુધીમાં જે એક માસને વીસ રાત્રિની ગણના શાસ્ત્રોમાં જણાય છે તે પ્રાયોવાદ (આશરાની ગણના જ) છે. એજ પ્રમાણે ભાદ્રપદ સુદ ચતુર્થીથી શરૂ કરીને કાર્તિક સુદ ચતુર્દશી સુધીનાં જે સિત્તેર રાત્રિની ગણના છે તે પણ પ્રાયોવાદ છે....પ્રાયઃ ઘણા સંવત્સરોમાં તેની ગણના પુરી થાય જ છે. શ્રાવણ કે ભાદ્રપદાદિ અધિક માસ આવે ત્યારે તે દિનગણાના શાસ્ત્રનિર્દિષ્ટ સંખ્યાને મળતી આવતી નથી જ. તે પ્રસંગે જૈનો જેમ અધિક માસના દિવસો નથી જ ગણતા તેમ ક્ષીણ વૃદ્ધિ તિથિઓની ગણના પણ તેમણે ન જ કરવી અને તેને લીધે સાંવત્સરિક પ્રતિક્રમણની નિયત તિથિને ન જ ફેરવવી.

૮. લૌકિક ટિપ્પણનો સ્વીકાર કરવામાં પર્વ અને અપર્વ-તિથિઓનો સંકર તથા આરાધનાનો સંકર વગેરે જે દોષો આચાર્ય સાગરાનન્દસૂરિજીએ કલ્પેલા છે, તે દોષો શાસ્ત્રોમાં ક્યાંય જણાતા નહિ હેવાથી તેમજ તે દોષો નિમિત્તે શાસ્ત્રોમાં પ્રાયશ્ચિતનું વિધાન નહિ હોવાથી, તે કલ્પેલા દોષો દોષ રૂપ જ નથી, એમ સિદ્ધ થાય છે. 'હીરપ્રશ્ન' વગેરે શાસ્ત્રોમાં પૂર્ણિમા વગેરેના ક્ષયે, કરવાના તપ વગેરેની જે વ્યવસ્થા

સૂચવેલી છે તે યોગ્ય જ છે એમ અમો માનીએ છીએ. બધાએ પણ તે જ વ્યવસ્થાનો આશ્રય લેવો.

અંતે આ વિવાદમાં ઉતરેલા બન્ને આચાર્યોના વિષયમાં કાંઈક જરૂર જણાવવું જોઈએ. 'વાદિ પ્રતિવાદિ' શબ્દ પ્રયોગ અને 'અર્થપ્રતિઅર્થી' શબ્દ પ્રયોગ કાંઈક પ્રયોજનને ઉદ્દેશીને જ અમે છોડી દીધો છે. તે તેમણે જરૂર ધ્યાનમાં લેવું જોઈએ. તેમાં પ્રથમ આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજી : એમની વિદ્વતા સાર્વજનીન છે. શ્વેતાંબર જૈન આગમોના સંપાદનથી તેમનું 'આગમોદ્ધારક' બિરૂદ યથાર્થ જ છે; અને સંવિગ્નગીતાર્થ એવા તેઓ, તપાગચ્છના સાધુઓ અને શ્રાવકો તરફથી ઘણું શ્રેષ્ઠ માન પામેલ છે. આગમોમાં કહેલા આચારની પ્રતિષ્ઠા એ જ મહાન પ્રયોજનને ઉદ્દેશીને સિદ્ધાંત ટીપ્પણનો પ્રચાર કરવાનું તેમને અભિમત છે, પણ જૈનાગમોમાં મળી આવે છે તેટલા માત્ર સાધનોથી સિદ્ધાંતટિપ્પણની રચના અશક્ય છે અને તેનો પ્રચાર અતીવ અશક્ય છે, એ જ કારણને લઈ આ વિવાદમાં તેમનો નિગ્રહ થાય છે. તપાગચ્છના અત્યારના સઘળાય જૈનો ચંડાશુચંડૂ પંચાંગને આધારે લૌકિક વ્યવહારો કરે છે. અને સિદ્ધાંતટિપ્પણ ન હોવાથી લોકોત્તર આરાધના પણ તેને જ આધારે કરવી સમુચિત છે: વળી જીતવ્યવહારની સિદ્ધિ માટે એમણે કહેલાં શાસ્ત્રો શાસ્ત્રાભાસ છે; તેથી જીતવ્યવહારની અસિદ્ધિ છે.

આચાર્ય શ્રી વિજયરામચન્દ્રસૂરિજી પણ સંવિગ્ન ગીતાર્થ છે અને પ્રવચનદક્ષ છે. તપાગચ્છના જૈનોને તેઓ પણ બહુમાનનીય છે જ; પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન

એમણે પ્રબલ યુક્તિઓથી સમર્થિત કર્યું છે. આધુનિક જૈનોએ માનેલા પંચાંગમાંની તિથિ વિગેરેના ફેરફારો ન સહી શકતા અને શાસ્ત્રોમાં તેવા ફેરફાર કરવા માટેનાં સમર્થક પ્રમાણો નહિ જોતા, તેઓએ 'સાર્વજનીન કોઈપણ પંચાંગને આધારે લૌકિકની પેઠે લોકોત્તર વ્યવહાર ચાલે છે માટે તેને જ સમર્થન આપવું જોઈએ.' એવી બુદ્ધિથી જ, આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજીનું પ્રતિપક્ષપણું સ્વીકાર્યું અને પ્રબલ યુકિતઓથી પોતાના મતને બળવાન કર્યો છે. ઉમાસ્વાતિના વચનના પ્રઘોષને અંગે અધ્યાહારાદિને છોડીને પર્વ અને અપર્વ તિથિઓનો વિભાગ કર્યા વિના, યથાર્થ અર્થને અનુસરવા પૂર્વક તેમણે પોતાનો મત સમર્થિત કર્યો છે તેથી તેમનો અભિપ્રાય પંચે સ્વીકાર્યો છે. જો કે આ વિવાદમાં તેઓનો આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજીની સાથે વિરોધ છે, તો પણ તેમની વિદ્વતાનો, સંવિગ્ન ગીતાર્થપણાનો, તેઓ પણ બહુ આદર કરે છે, તેમાં અમને સંશયનો જરાપણ અવકાશ નથી.

પુણાથી વિક્રમના ૧૯૯૯માં વર્ષે, જ્યેષ્ઠ શુકલ પ્રતિપદા ગુરૂવારે

**પંચઃ- વૈદ્ય શ્રી પરશુરામ શર્માની પોતાના હાથની સહી**

સામાન્ય રીતે પ્રસ્તુત પ્રકરણ સમજવા માટે આટલો ઇતિહાસ અને હકીકત સુગમ થઈ પડશે. હવે મુખ્ય મુખ્ય શાસ્ત્ર પાઠો આદિનું અવતરણ ગુજરાતી ભાષામાં અવલોકવાથી સત્યનું સંશોધન કરવાનું હસ્તગત થઈ શકશે.

**(૧) સં. ૧૪૮૬ શ્રી પર્યુષણા સ્થિતિવિચાર'**-કર્તા સહસ્રાવધાની પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરિ સેવાકારી

પૂ. શ્રી હર્ષ વિ. ગણિવર.

જ્યાં જે માસ તિથિ યા નક્ષત્ર વધ્યાં હોય તે ત્યાં જ છોડી દેવાય છે એ જ સર્વપ્રસિધ્ધ વ્યવહાર છે.

વિષમકાલના પ્રભાવથી જૈન ટિપ્પણાનો વિચ્છેદ થએલો છે.... પૂર્વગીતાર્થ આચાર્યદેવોએ 'આ પણ આગમના મૂળવાળું છે' એમ પ્રતિષ્ઠા દીક્ષા આદિ સર્વ કાર્યોના મુહૂર્તોમાં લૌકિક ટિપ્પણું જ પ્રમાણ કર્યું છે.

(૨) ૧૫૦૬ **'શ્રી શ્રાધ્ધવિધિ'** કર્તા પૂ. આ. શ્રી રત્નશેખર **સૂ**. મ.

પ્રાતઃકાળમાં પચ્ચક્ખાણ વખતે જે તિથિ હોય તે તિથિ પ્રમાણ કરાય છે. લોકમાં પણ સૂર્યોદય અનુસારે જ દિવસ તિથિ આદિનો વ્યવહાર છે.

ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ છે. બીજી કરવામાં આવે તો આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધના લાગે,

શ્રી ઉમાસ્વાતિજી મહારાજનો પ્રઘોષ આ પ્રમાણે સંભળાય છે.

ક્ષયમાં પૂર્વતિથિ કરવી, વૃધ્ધિમાં ઉત્તર તિથિ કરવી. શ્રી વીર પ્રભુનું નિર્વાણ (કલ્યાણક) લોકના અનુસારે કરવું. પા. ૧૫૨

(૩) **સોળમો સૈકો- શ્રી હીરપ્રશ્નોત્તરાણિ,** ઉત્તરદાતા. અકબર બાદશાહ પ્રતિબોધક જગદગુરૂ આ. શ્રી હીર સૂ. મ.

પુનમ અમાસની વૃધ્ધિમાં બીજી તિથિ જ આરાધ્ય તરીકે જાણવી.

જ્યારે ચૌદશ કે અમાવાસ્યા આદિયે કલ્પ વંચાય

ત્યારે છઠનો તપ અમુક દિવસે જ કરવો તેવું દિવસનું નિયતપણું નથી. ઠીક પડે તેમ કરવો એમાં આગ્રહ શો? પા. ૪૫

જેણે શુકલ પંચમી ઉચ્ચરેલી હોય તેણે મુખ્ય વૃત્તિથી ત્રીજથી અઠ્ઠમ કરવો જોઈએ. કદાચ બીજથી કરે તો પાંચમનું એકાસણું કરવા માટે ફરજીઆત નથી. કરે તો સુંદર.

(૪) **સોળમો સૈકો 'શ્રી સેન પ્રશ્ન'** ઉત્તરદાતા પૂ. આ. શ્રી વિજયસેન સૂ. મ.

'ક્ષયમાં પૂર્વતિથિ કરવી જોઈએ અને વૃદ્ધિમાં ઉત્તર તિથિ કરવી જોઈએ' એવા શ્રી ઉમાસ્વાતિજી વાચકના વચન પ્રામાણ્યથી વૃદ્ધિ હોય ત્યારે થોડી પણ આગલી (બીજી અગ્રેતના) તિથિ પ્રમાણભૂત છે. પા. ૬૭

(૫) **સં. ૧૬૧૫ 'શ્રી તત્વતરંગિણી'** કર્તા મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર.

કારણ કે અમારે તો આગલી કલ્યાણક તિથિના ક્ષયે પૂર્વની કલ્યાણક તિથિમાં બન્નેની વિદ્યમાનતા હોવાથી ઈષ્ટાપત્તિ જ અમારો ઉત્તર છે. પા. ૯

આગમના અવિરોધે કરીને જ આચાર્ય પરંપરાનું ઉપાદેયપણું છે. પા. ૨૮ સંપૂર્ણ છે એમ કરી વૃધ્ધિમાં પૂર્વતિથિ ન લેવી. જે દિવસે જે તિથિ સમાપ્ત થતી હોય તે જ દિવસે તે તિથિ લેવી પ્રમાણ છે.

એ જ પ્રમાણે ક્ષીણ તિથિમાં પણ 'આજે મેં બે કાર્યો કર્યાં' ઈત્યાદિ દૃષ્ટાંતો સ્વયં વિચારી લેવા. પા ૧૮

(૬) **સં. ૧૬૨૮ 'શ્રી કલ્પસૂત્ર કિરણાવલી**

વૃત્તિ'-કર્તા મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર.

પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશને દિવસે નિયત છે. તે ચૌદશની જ્યારે વૃધ્ધિ થાય છે ત્યારે પહેલી ચૌદશને તજીને બીજી ચૌદશને ગ્રહણ કરવી. દિવસની ગણત્રીમાં તે ચૌદશ કે અન્ય તિથિની વૃધ્ધિથી સોળ દિવસ પણ પંદર જ ગણાય છે. એ રીતે ક્ષય થયે છતે ચૌદ દિવસ પંદર જ જાણવા.

(૭) **સં. ૧૬૭૭ 'શ્રી કલ્પદીપિકા'** કર્તા આ. શ્રી જગદ્ગુરૂ હીરવિજયસૂરીશ્વરજી પ્રશિષ્ય પંડિતપ્રવર શ્રી જયવિજયજી ગણિવર,

એટલા માટે અન્ય વૃધ્ધિ પામેલો માસ જવા દો. ભાદ્રપદની વૃધ્ધિમાં પણ પ્રથમ ભાદરવો પર્યુષણના કાર્યો માટે યોગ્ય નથી જ. અભિવર્ધિત પ્રથમ તિથિ તેના કૃત્યો માટે જેમ. તે આ પ્રમાણે–પાક્ષિક પ્રતિક્રમણ જે ચૌદશના નિયત છે. તે ચૌદશની પણ વૃધ્ધિ થાય ત્યારે પ્રથમ ચૌદશને છોડી દઈ બીજી ચૌદશ ગ્રહણ કરવી. પા. ૪

(૮) **સં. ૧૬૯૬-'શ્રી કલ્પસૂત્ર સુબોધિકા-** કર્તા શ્રી હીરસૂ. પ્રશિષ્ય મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર.

ભાદરવાની વૃદ્ધિ થઈ હોય તો પ્રથમ ભાદરવો અપ્રમાણ જ છે. જેમ ચૌદશની વૃધ્ધિમાં પહેલી ચૌદશ અવગણીને બીજી ચૌદશે પાક્ષિક કૃત્ય કરાય છે. તેમ. પા. ૧૭૪

(૯) **સં. ૧૭૦૭ શ્રી કલ્પ કૌમુદિ :** કર્તા મહોપાધ્યાય શ્રી શાન્તિસાગરજી ગણિવર.

જે કાર્યોનું ભાદરવામાં કરવાનું વિધાન છે તે કાર્યો ભાદરવા માસની વૃધ્ધિ થાય તો પહેલો અપ્રમાણ માસ

છોડી દઈને બીજા પ્રમાણભૂત માસમાં કરવા જોઈએ પા. ૨૧૨.

**(૧૦) સં. ૧૭૨૮-'શ્રી પાક્ષિક પર્વસાર વિચાર'**-પૂ. આ. શ્રી જ્ઞાનવિમલ સૂ. મ.

જ્યારે પાક્ષિક વિગેરે તિથિ પડે ત્યારે પૂર્વતિથિમાં કરવું, પછીની તિથિમાં નહિ. તેમાં તેની ગંધનો પણ અભાવ હોવાથી. પા. ૩.

**(૧૧) સં. ૧૯૩૫ 'હેન્ડબીલ'** પૂ. શ્રી ઝવેર. સાગરજી મ. પૂ. સાગરજી મ. ના ગુરૂદેવ:

એથી પણ માલમ પડે છે કે જેમ તિથિની હાનિ વૃદ્ધિ આવે તે તેમજ કરવી માટે આ પર્યુષણામાં એકમ બીજ ભેગી કરવી.

**(૧૨) 'શ્રી વૈરાગ્ય શતક'**-પૂ. આ. શ્રી વિજય-પદ્મ સૂ. મ.

તિથિની મુખ્યતાવાળા તપમાં સૂર્યોદય વેળાની તિથિ લેવી. તિથિનો ક્ષય થાય તો પહેલાની તિથિ લેવી અને વૃધ્ધિ હોય તો બેમાં બીજી તિથિ લેવી. પા. ૫૦૭.

**(૧૩) 'શ્રી સિધ્ધચક્ર માસિક'**-ઉત્તરદાતા પૂ. આ. શ્રી સાગરાનંદ સૂ. મ. પ્રશ્ન ૭૭૬ નો ઉત્તર:- જ્યોષ્કિરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોને જાણનારો મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈન શાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ, કેમકે તેમાં અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ, બીજ, પાંચમ વગેરે ગણાવી છે. વળી જો પર્વતિથિઓનો ક્ષય ન થતો હોય તો ક્ષયે પૂર્વા તિથિ કાર્યા એવો શ્રી ઉમા-

સ્વાતીજીનો પ્રઘોષ પણ હોત નહિ.

પ્રશ્ન ૮૩૯નો ઉત્તર....ક્ષય અને વૃદ્ધિ પ્રસંગો નિયત છે.

પ્રશ્ન ૭૬૧નો ઉત્તર....અર્થાત્ બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય. બે અમાવાસ્યા હોય તો તેરસ ચૌદશનો છઠ્ઠ થઇ પહેલી અમાવાસ્યાએ પારણું કરી બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય. અને બે પડવા હોય તો પણ તેરસ ચૌદશનો છટ્ઠ થઇ, અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય.

પ્રશ્ન ૮૬૭નો ઉત્તર :- મૂલસૂત્રોમાં અષાઢ આદિ મહિનાઓનો અને પડવા આદિ તિથિઓનો વ્યવહાર હોવાથી પ્રથમ પણ વ્યવહાર લૌકિક ટિપ્પણાને અંગે હોવો જોઇએ એમ કહી શકાય.

વર્ષ ૪. અંક ૨૩ પા. ૫૩૩ :- હીર પ્રશ્નમાં પૂર્ણિમા અમાવાસ્યાની વૃદ્ધિમાં ઔદયિકી શબ્દ બીજી તિથિને અંગે ગુણનિષ્પન્ન છે. બાકી સૂર્યોદય તો બન્નેમાં જ હોય છે.

વર્ષ ૪. સં. ૧૯૨૦ પા. ૪૫૪ પર્યુષણ બેસવાની તિથિ પલટે. કલ્પવાંચનાની તિથિ પલટે, તેલાધરની તિથિ પલટે, પણ પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ, જે ચૌદશ અને ચોથ છે, તે પલટે જ નહિ.

(૧૪) **સં. ૧૯૮૯ 'પર્યુષણ પર્વની તિથિનો વિચાર અને સંવત્સરી** નિર્ણય'–'કર્તા : પૂ. આં. શ્રી વિજયનિતી સૂ. શિષ્ય પૂ. ઉ. દયાવિજયજી.... હવે આ વખતે ભાદરવા સુ. ૫નો ક્ષય છે... ભાદરવા સુદી ૪..પ્રધાન વાર્ષિકરૂપ હોવાથી તેનું કૃત્ય પણ ચતુર્થીએ કરવું જોઇએ એટલે વાર્ષિક કૃત્યમાં પંચમીના કૃત્યનો સમાવેશ થાય.

આવો પ્રસંગ ૧૯૫૨ની સાલમાં બન્યો હતો. આ સંબંધે બહુશ્રુત પંન્યાસજી ગંભીરવિજયજીને બે પત્રો તથા પૂજ્ય શ્રી રાજેન્દ્રસૂરિનો પત્ર તેમાં ભાદરવા સુ. ૫ નો ક્ષય હોય ત્યારે સંવત્સરી ક્યારે કરવી તે સંબંધે ઉહાપોહ કરી ભાદરવા સુદિ ૪ને શુક્રવારે સંવત્સરી કરવાનો અભિપ્રાય આપ્યો છે.

શાસ્ત્રકારે ઉદયતિથિને પ્રમાણભૂત માનેલી છે. ભાદરવા સુદિ ચોથને દિવસે સંવત્સરી પર્વની આ. કાલકસૂરિની આચરણા છે, અને તે ઉદયતિથિ છે, તો તે છોડી ભાદરવા સુદિ ત્રીજે સંવચ્છરી પર્વ શા આધારથી કરી શકાય? (પા. ૬)

આ પ્રમાણે ઇતિહાસ હકીકત શાસ્ત્ર પાઠો આદિ માન્યતા ટીકા ટીપ્પણી સિવાય આલેખનમાં લીધી છે. જ્યારે એક પ્રશ્નનો ઉકેલ એક યા બીજા કારણે ન જ આવતો હોય અને સમજપૂર્વક યા ગેરસમજથી યા અજ્ઞતાના કારણે શ્રી ચતુર્વિધ સંઘમાં વાતાવરણ પ્રશાંત ન રહી શકતું હોય, ત્યારે પ્રથમ તબક્કે સામાન્ય ભણેલ અને સામાન્ય સમજવાળી વ્યક્તિ પણ હકીકત સમજવી જ હોય, તો તેનાથી તદ્દન દૂર ન રહી જાય, તે રીતે રજુ કરવાની આ પણ એક પધ્ધતિ છે. બાકી સમાધિપૂર્વક શ્રી સંઘમાં અને જૈન ધર્મમાં શ્રદ્ધા ધરાવતા સમાજમાં આરાધના થઇ શકે અને સાધર્મિક અને ભાતૃભાવ બન્યો રહે એવા માર્ગો પણ છે જ. અને તે પણ શાસ્ત્રમાન્યતાને છેહ દીધા સિવાય. આ બાબતમાં લેખક અવસરે જરૂર પડે પોતાના વિચારો રજુ કરવા યત્નશીલ રહે એ સ્વા-

ભાવિક છે. છતાં સમાજને તાત્કાલિક શાન્તિ અને સમાધિનો માર્ગ મળી રહે તે માટે પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. ના કેટલાક મનનીય વિચારો અમદાવાદમાં ૨૦૨૮ ના માગસર માસમાં રજુ થએલ તે પ્રસ્તુતમાં રજુ કરી દેવા હિતાવહ માની રજુ કરવામાં આવે છે :–

પહેલા તિથિ નક્કી કરીને પછી આરાધના થાય. ૧૦ તિથિ–૧૨ તિથિ કલ્યાણક તિથિઓ, કોઈપણ વ્રતની આરાધનાની શરૂઆતનો દિવસાદિ માળાપરિધાનાદિ દિવસ, પ્રથમયાત્રા યા શ્રી સંઘ યાત્રા દિવસાદિ વિચાર કરતા બધી તિથિઓ આરાધ્ય બની જાય છે.

અહિંયા રોજ આવનાર પૈકીના કોઈને બીજી આરાધના કરવી હોય તો તેને અલગ વ્યવસ્થા કરી આપવી જોઈએ. જેથી વિક્ષેપ કલેશાદિ થાય નહિ. સમાજના કોઈ પાપોદયે સત્યનો વિચાર કરવાની પણ તૈયારી નથી. વધુ ને વધુ આરાધક થાય એ જ ભાવના રાખવી. જૈન દૃષ્ટિનું પંચાંગ વિચ્છેદ પામ્યું છે. ભલામણ કે આધાર બધા નોંધી લે. રહી જાય તો પાનાં પુસ્તક માંગીને નોંધી લે. સમજાએ સત્ય સ્વીકારે. પણ કોઈની નિંદામાં પડે નહિ. બરાબર સમજી લે. સાચી આરાધના કરે–કરાવે. સાચા ખોટાનો વિવેક કરી–કરાવી, આરાધના બે તિથિની નહિ પણ એકની જ કરીએ છીએ.

પાંચમા આરાના જુલ્મો અને ઉત્પાતોની તમને ખબર નથી. આપણા જેવા પૂર્વર્ષિઓ હોત તો શાસન આપણી પાસે કેવી રીતે આવત ? અન્યમતની સાચી વાત ન સ્વીકારે તે દ્વાદશાંગીની વિરાધના કરે છે. તત્વતરંગિણિ, પ્રવચન

પરીક્ષા વિ. માં તિથિનો ખુલાસો છે. કોઈપણ ચોગાનમાં સમજાવવા તૈયાર છીએ. તપગચ્છની પરંપરા તદ્દન શુદ્ધ છે. એમ અમારો ગર્વ અને દાવો છે. શ્રી દેવસૂરિજીના ખરેખરા અમે છીએ. પરંપરા શાસ્ત્રાનુસારી ગણાય. કલ્પ સૂત્રના ટીકાકારોએ પણ સામાચારીમાં સ્પષ્ટ ઉલ્લેખો કર્યા છે. પણ સમાજના કમનસીબે સામાચારી વંચાતી નથી. ન સમજાય તો સમજવા યત્ન કરી શુધ્ધ આરાધના કરો. ખોટું તજવાની, સાચું સચોટ આરાધવાની આજ્ઞા છે, નિંદા કે ખોટો ઉહાપોહ કરવો નહિ.

અમને કોઈ પકડ નથી. કોઈપણ નવું પ્રમાણ લાવીને મૂકે અને સાબીત કરે કે અમો કરીએ છીએ એ ખોટું છે તો જાહેરમાં માફી માગી મિચ્છામિ દુક્કડમ્ દેવા તૈયાર છું. પહેલાં પણ આ કહેવાયું છે. પણ શાસ્ત્ર ખોલવા તૈયાર નથી. બહુમતના હિસાબે તો જૈન ધર્મ છોડવો પડે અગર નિગોદગતિ પસંદ કરવી પડે. માટે વિક્ષેપ ન વધે એની કાળજી જરૂર રાખવી

શ્રી સાગરજી મહારાજશ્રી અમારા ભલા માટે અમે માનીએ છીએ એવું લખી ગયા છે. અમે બે એકલા બેસતા. મેં કહ્યું, 'જુઓ સાહેબ, ૧૯૯૧ના ફકરા સિદ્ધ-ચક્રમાંથી હું ટાંકુ. આપણે બન્ને સહી કરીએ. અને હેડીંગ બાંધીએ કે અમારા બન્નેની આ માન્યતા છે.' પણ સ્વી-કાર થયો નહિ. હું ઉત્પાદક નથી. મેં માર્ગ કાઢયો નથી. પૂ. દેવસૂરિજી જેવા મહાપ્રમાણિક મહાપુરૂષ પૂ. હીરસૂરિ મ. ને ઉવેખે ? હારજીતનો પ્રશ્ન નથી. કોઈપણ હારે તેમાં શાસનની શોભા નથી. સત્ય સ્વીકારવામાં હાર નથી.

અનંત ઉપકારીના વચન મળે ત્યાં સુધી વચનાનુસારે ચાલવાનું છે. તિથિની બાબતમાં જાણકાર થવાનો પ્રસંગ પછી ઉભો થયો. ૧૦૦ થી ૧૫૦ વર્ષના ગાળામાં ત્યાગ પ્રધાન **જૈન** શાસ્ત્ર ભોગ પ્રધાનની આજ્ઞામાં આવી ગયું હતું. ત્યાગીઓને તેમની આજ્ઞામાં રહી તેમના પટ્ટક પ્રમાણે ચોમાસુ કરવું પડતું.

આ. શ્રી મુનિ સુંદર સૂ. મ. આ બધું ફેરવવા ઇચ્છતા. પણ તેમનો અકુદરતી દેહાંત થયો. પૂ. સત્ય વિ. મ. ક્રિયોધ્ધાર કરે નહિ. સંવિજ્ઞ શાખા સ્થાપે નહિ અને પીળા વસ્ત્ર થાય નહિ. તેઓશ્રીએ-શ્વેત-જીર્ણ-માનોપેતને આંખ સામે રાખી સુયોગ્ય રક્ષણ શાસનનું કર્યું. મારે તમને જરાએ ગરમ કરવા નથી પણ આરાધક બનાવવા છે. પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન ન આવ્યો હોત તો હું ચર્ચા કરત નહિ. (ખરેખર ઘણા અઠવાડીઆ પછી પ્રશ્નોત્તરીના અનેક પ્રશ્નોના ખુલાસા પછી છેલ્લે જ આ પ્રશ્ન ચર્ચાયો હતો.)

પ્રામાણિક સાથે વાત કરવાની તૈયારી. પાઠો અને આધારો પૂર્વક વાત થાય. સૌની સમક્ષ રજુ કરી-હાર થાય તો સત્ય સ્વીકારી ખોટું છોડવું જોઇએ. ફજીઆ સાધુના છે. એમ માની દૂર રહ્યા. જાણવા મહેનત કરી જ નહિ. એ ખરેખર દુઃખદ બીના છે. જ્યાં સુધી ગરબડની ખબર ન્હોતી ત્યાં સુધી અમે પણ કર્યું છે. અમારા પૂ. ગુરૂઓએ પણ કર્યું છે. ૨૦૦૪ સુધી બધાએ ચોથ સાચવી અને ૨૦૧૩ માં કેમ ન સાચવી? અમારા પૂ. ગુરૂઓ કહી ગયા છે કે આ ફેરવવા યોગ્ય છે. શાસન અને ધર્મની

વાતમાં પકડ કરતા પહેલા આધાર જોવા જોઇએ. બીજી પણ ખોટી પરંપરાઓ ચાલે છે એ સુધારવાની તકાત ન હોય તો ન બોલીએ પણ સુધરેલીને બગાડાય ? છતાં શ્રી સંઘ એકત્રિત થઇ આધારો દ્વારા સુધારવા માગતો હોય તો પહેલું નામ મારૂં લખજો.

અજ્ઞાન શ્રાવક વર્ગને મારી સલાહ. ભગવાનના માર્ગને અનુસરનાર કોઇપણ સાધુને તમે માનો તેમાં વાંધો નહિ, પણ સમજ્યા વિના બીજાની ટીકા–ટીપ્પણ ન કરવા, મધ્યસ્થ રહેવું પણ સમજ્યા પછી સત્યમાં મકકમ રહેવું. સમર્થ શ્રુતજ્ઞાનીઓ–પ્રાવચનિકો–લાલસાવાળા બની કોઇ પ્રરૂપણા કરે, અને ૨૫માં ૨૪ પણ કદાચ તેવા હોય ત્યાં એગોડવિ નિઈવાઈ પ્રમાણં–એક પણ સત્યવાદી પ્રમાણ. શિષ્ટ કહે તે પ્રમાણશિષ્ટ તે કે જે રાગદ્વેષ રહિત પ્રામાણિક હોય. જે પરંપરા સિદ્ધાંતનું ખુન કરે તે પરંપરા જ નથી, આરાધના દ્વારા નિર્જરા એજ મારો સમજાવવાનો હેતુ છે.

કોઇની ગેરહાજરીમાં કોઇની વાત કરવી એ મને ઠીક લાગતું નથી પણ અનુકંપા આવે છે અમે ગેરમાર્ગે હોઇએ અને અમને સમજાવે, અને અનુકંપા કરે તો અમે રાજી છીએ. આટલું બધું હોવા છતાં–સુનિશ્ચિત હોવા છતાં–કોઇ ભૂલ બતાવે તો સુધારવા તૈયાર છું. એઓ એમની ભૂલ સમજવા તૈયાર હોય તો સદાને માટે કાગળ પર મારી સહી સમજવી.

‘જે તિથિ જે આરાધતો હોય તેનો વિરોધ કરવો નહિ અને એમને સગવડ કરી આપવી, એમાં સહી કરવા તૈયાર હોય તો તે રીતે પણ સહી કરવા તૈયાર છું.

આરાધના કરવી છે અને કરાવવી છે. સંઘની શાંતિ સમાધિનો આ પણ એક માર્ગ છે.'

**(—પૂ. રામચંદ્રસૂ. મ.ના અમદાવાદના વ્યાખ્યાન-માંથી)**

પ્રસ્તુત પ્રકરણ આલેખન આ રીતે સૌની સમાધિ અને જાણના શુભ હેતુથી પૂર્ણ કરાય છે. આલેખન હકીકત છે. ઉઘાડો ઇતિહાસ છે. અને સંગ્રહિત પાઠો આદિનો સીધો સાદો અનુવાદ છે. છતાં કોઈ જિજ્ઞાસુને વિશેષ જાણવાની જિજ્ઞાસા હશે તો રૂબરૂ મળી શકાશે. શાંત શૈલીથી સ્પષ્ટ રીતે ગુરૂ કૃપા પૂર્વક જિજ્ઞાસા તૃપ્ત કરવા પ્રયત્ન જરૂર થશે. સૌ વાંચો-વિચારો-સત્ય સમજવા પ્રયત્નશીલ બની શ્રી ચતુર્વિધ સંઘમાં શાંતિ-સમાધિ સ્થાપવા અને સુવિહિત આચરણા કરવા-કરાવવામાં ઉદ્યમશીલ બનો એજ શુભાભિલાષા.

# આપણી કરૂણા—ભક્તિ

**મા**નવી અને કરૂણા વિનાનો! જૈન અને ભક્તિ વિનાનો! સંભવે ખરો? કરૂણા દયા-હૈયાની કોમળતા, એ તો માનવતાનું મુખ્ય લક્ષણ. ભૂખ્યાને દેખતા છતી શક્તિએ આપવાનું મન ન થાય? અપંગ આંખ સામે

ચઢતાં શકય સહાય કરવા હૈયું ન તલશે ? આર્ય પ્રજાની આવી અધોદશા હોય ? પણ છે અને આવી પડી છે. આવી દશા એ હકીકત છે. શાથી ? પુણ્ય અને પાપના તત્ત્વો હૈયામાંથી, ઘરમાંથી, કુટુંબમાંથી વિદાય થવા લાગ્યા માટે ને ? મેં પૂર્વભવમાં કંઈક સારૂં કર્યું છે. માટે હું સુખી છું. સમૃદ્ધિથી ભરપુર છું. મારૂં કર્તવ્ય છે કે દુઃખીના સહાયક બનવું જ જોઈએ. તો જ મારી લક્ષ્મી ફળવતી નહિ તો વાંઝણી. આવા સર્વ સામાન્ય વિચારોને કેમ દેશવટો મળી ગયો ? પરભવની શ્રદ્ધા ઉડી ગઈ માટે ? કે અમન ચમનમાં આવા વિચારને અવકાશ જ નથી ? લક્ષ્મીનંદનો અઢળક લક્ષ્મી મૂકીને લાંબી સોડે સૂઈ જતા શું નથી દેખાતા ? ક્રોડપતિ આજનો કાલે કંગાલ થતો આંખે નથી ચડતો ? વ્યાધિ અને સકળ રોગોની તો હારમાળા ચાલી છે. ચેતન ચેતશે નહિ તો પસ્તાશે. પૈસો પામર છે માનવી મહાન્ છે.

જૈન એટલે જિનેશ્વર દેવનો ઉપાસક. પરમાત્મા દેવાધિદેવ મહાવીર ભગવંતનો ભક્ત, ભગવંતની ભક્તિ કરે અને ભગવંતના ભક્તને ભૂલી જાય તો ભક્તિના હેતુ-માં જ ખામી ગણાય ને ? નાથને જરૂર પૂજો. શક્તિ પ્રમાણે ઉત્કૃષ્ટ દ્રવ્યોથી અને હૈયાના ઉછળતા ભાવથી ! ઉછળતા ભાવમાં સાધર્મિક ભકિતનો ઉમળકો અને અમલ સમાએલ જ છે, નાથની ભકિત શા માટે ? જન્મ-મરણની જંજાળમાંથી મુકત થવા જ ને ? દ્રવ્ય ભકિત શા માટે ? લક્ષ્મીના મોહમાંથી છૂટવા જ ને ? સાધર્મિક એ જ આશ-યનો અને એ જ માર્ગે હોય ને ? એને દેખી આત્મામાં

ઉર્મિઓ ઉઠે જ ઉઠે. સાધર્મિકની ધર્મભાવના દૃઢ કરવાનું મન થાય જ થાય. એના સદ્ગુણ ગાતા જવાય, અને ધર્મ કરવાની અનુકુળતા કરતા જવાય, **સાધર્મિકની તો ભક્તિ જ હોય. કરૂણા દયા નહિ. કરૂણા દયા દીન, દુઃખી અપંગની.**

સાધર્મિક એટલે સમાન ધર્મી. ભકિત માટેનું સુપાત્ર. મહાપુણ્યે સુપાત્ર મળે. એની ધર્મભાવના વધે. આત્માના પરિણામ ઉંચા બનતા જાય. ભગવંતના ધર્મ પ્રત્યેનો અનુરાગ વૃદ્ધિગત બન્યે જાય, એવી હરકોઈ શાસ્ત્રોકત વિધિ પૂર્વકની પ્રવૃત્તિ સાચી ભકિત. સાધર્મિક કર્તવ્ય અને સહાયની દૃષ્ટિએ સાધર્મિક તો ભ્રાતા—ભગિની માતા યા પિતાને સ્થાને ભાગ ભજવી શકે છે. ભજવવામાં કૃત-કૃત્યતા અનુભવે છે. સાધર્મિકની વિધિપૂર્વકની ભકિતમાં જિનેશ્વર દેવની જ ભકિત છે. કારણ કે પ્રભુ આજ્ઞાનું પાલન છે, ખરેખર સાધર્મિક ભકિતના આનંદ અનુભવમાં ત્રિલોકીનાથ, મહાવીર ભગવંત પ્રત્યે અતિ બહુમાન જાગે છે. નાથને ચરણે સર્વ સમર્પિત કરવાની ભાવના વેગ પકડે છે. સંસાર ત્યાગની તમન્ના જાગે છે. અરે કંઈક સાધર્મિક આવા ઉદાર ભકત આત્માને અનુસરે છે.

કરૂણા ધર્મની જનની છે, ભકિત ભગિની છે. ભકિત એ શકિત છે, મોક્ષ માર્ગ માટેની દૂતિ છે, **કરૂણા ભક્તિ આપણી બનશે, આપણે નાથના બનશું.**

# દુનિયાની એક અજાયબી !

વિશ્વમાં અનેક આશ્ચર્યો નજરે પડે છે. મોટા ભાગને તેની પાછળનું રહસ્ય જડતું નથી. વૈજ્ઞાનિકો પણ ઉકેલ શોધી શકતા નથી. એક સ્ત્રી કોઇ પણ માનવીને આંગળીથી સ્પર્શ કરે. તે રીતે તેનું ભૂત ભાવિ કહી શકે. મોટે ભાગે તે સાચું પણ પડે. એક વ્યકિતને તમે એક રંગનું નામ કહો. તે પરથી તે અગમ નિગમની આગાહી કરે.

ત્રણ વર્ષનો બાળક સંસ્કૃતમાં યા તદ્દન અપરિચિત ભાષામાં વકતવ્ય આપે. એક નાનો બાળક જુદી જુદી ભાષામાં કાવ્ય બનાવે. આ બધું શું છે? આની પાછળ કોઇ કાર્ય–કારણ વ્યવસ્થા છે જ નહિ? જરૂર શાસ્ત્રોમાં–આગમોમાં આના ઉકેલ પડેલા છે, પણ તે ઉંડા ધૈર્યભર્યો અભ્યાસ માગે છે. સાથે જ આજના વિજ્ઞાનની દષ્ટિએ સમજ આપવાની તાકાત માંગે છે.

પણ આ સઘળું એટલું અજાયબ નથી. જે અજાયબીની રજુઆત કરવી છે તે તદ્દન નિરાળી છે. સારીએ દુનિયાનું આકર્ષણ રમા અને રામામાં છે. યૌવનના કામણ અને લક્ષ્મીનાં લાલસા. એમાં ભળે સત્તાનો શોખ. પછી જોઇ લ્યો સંસારીનો રોફ. રાજ્યોના રમખાણ શેમાંથી? મહાન ગણાતા માંધાતાઓના અંધાપાની પેદાશ કયા પાપમાંથી? પ્રજાના ભોગે પણ પ્રદેશ વધારવાની પાપેચ્છા કેવી?

જીવનભર શ્વાનજીવન ગુજારીને પણ ભોગોપભોગ મેળવવા મજુરથી પણ બુરો ઢસરડો કરી જીવવા મથવું. તેમાં અશકય અપ્રાપ્યની પણ લાલસા. ત્યારે દેહ છોડીને જવાનું નક્કી. જનાર કોણ એનો ખ્યાલ જ નહિ. કયાં જશે! શું થશે એના વિચાર નહિ. શાથી જીવનભર ભયંકર વિટંબણા ભોગવી? સુખનો લેશ નહિ દુઃખનો પાર નહિ. આની પાછળ કારણ શું? એની કલ્પના કરવાનું પણ નહિ.

આવા ભયંકર કોટિના જમાનામાં ક્ષેમંકર તત્વ જોવા મળે? જોવા મળે તો આનંદ ખરો? ક્ષેમંકર તત્વની સાક્ષાત્ મૂર્તિ દેખાય તો? હાલતી ચાલતી અને જીવંત! વિલાસ અને લાલસા લલચાવી રહ્યા હોય. ભોગ–ઉપભોગની સામગ્રી કુદકે વધતી હોય. સુંવાળા સ્પર્શની ઝંખના રાત દિવસ પીડતી હોય. એને વળી સંસ્કાર કેન્દ્રનું ઉપનામ અપાતું હોય. સમાજ તેવા વર્ગને 'સીવીલાઈઝડ' તરીકે અપનાવતો હોય. વેષવિભૂષા વિકારવૃત્તિને વેગ આપતી હોય. સીનેમાસૃષ્ટિ સંસ્કાર સૃષ્ટિને બાળી ખાખ કરતી હોય. જીવનની રહેણીકરણી પાશ્ચિમાત્ય ઢબને વરી હોય. ખાનપાન અને હરવું ફરવું, હરાયા ઢોરના અનુકરણમાં પરિણમાયું હોય, છતાં શિક્ષિત વર્ગમાં બોલબાલા ગણાતી હોય.

આવા લલચામણા કાળમાં ક્ષેમંકર આર્ય સંસ્કૃતિની વાત કરવી મુશ્કેલ, ત્યાં તો તેને અપનાવવી. અપનાવીને કંકને અળખામણા બનવું. અપમાનિત બનવું. છતાં તેમાં અડગ બની તેમાં આગળ વધવું. તેની શિખર

ટોચે પહોંચવું. એ અજાયબી ખરીને ? તો પછી આર્ય સંસ્કૃતિની મુગટ મણિસમ **જૈન** સંસ્કૃતિના શિખરે પહોંચે તો ? મહાઅજાયબી જ ગણાય ને ? અને તે પણ સ્ત્રીજાતિ સુકોમળ–સુડોળ અને યૌવનના હિંડોળે હીંચતી ?

**જૈન સંસ્કૃતિ કહો કે મહાસંસ્કૃતિ કહો. વિશ્વ-કલ્યાણકર મહાશાસન કહો કે વિશ્વ–બંધુત્વની ઉદાત્ત ભાવના કહો.** એનાં મૂળ અતિ ઉંડાં. જેટલી વિશાળતા તેટલી જ ગંભીરતા. જેટલી ગહનતા તેટલી જ સ્વચ્છતા. જેટલી તાત્ત્વિકતા તેટલી જ સ્પષ્ટ સરળતા.

સકળ વિશ્વમાં–સારાએ બ્રહ્માંડમાં બે તત્ત્વ મહાજ્ઞાનીઓએ જોયાં–એક ચેતન બીજું જડ. ચેતન–આત્મા, જડ પરમાણુ. બન્ને અનાદિનાં. બેનો સંયોગ અનાદિનો. સંયોગ એ જ સંસાર. આત્માનું સ્વરૂપ સુખમય. સત્ –અસ્તિત્વ, ચિદ્–જ્ઞાન–આનંદ–સુખ. જ્ઞાનની મસ્તીમાં સ્વ-સ્વરૂપના સુખનો સદા ભોક્તા, પરની અપેક્ષા નહિ, બાહ્ય સાધનથી સુખ તે નાશવંત, ક્ષણિક અને પરિણામે દુઃખ-દાયી. સુખ એટલે શાશ્વત. દુઃખના લેશ વિનાનું અનંતાનંત કાળે પણ તેજરૂપે રહેનારૂં.

આ સાદા–સીધા તત્ત્વજ્ઞાનની ભૂમિકા એ જ મહાસંસ્કૃતિ. બીજો બધો એનો વિસ્તાર. વિસ્તારના પેટાભેદ ઘણા. એમાંથી કેડી–માર્ગો નીકળે. કોઈ કાંટાળા તો કોઇ ફુલવેર્યા. કોઇ સ્વરૂપને સાચવનારા તો કોઇ વિરૂપને ભજનારા. ધ્યેય પ્રાયઃ સર્વનો સારો.

આમાંના મૂળ માર્ગને પકડી તેના સ્વરૂપને ભજનાર એક અનોખો વર્ગ. તેમાં સ્ત્રીશક્તિનો વધારે ફાળો. આંખને

આકર્ષે અને મનને વિચારમાં નાખી દે તેવો. બાળ વયને વટાવતી, યૌવનના ઉંબરે ઉભી રહેલી ભવ્ય બાળાઓ. સંસારના સઘળાએ આકર્ષણને સ્વપ્રભાથી આંજી નાખે. આત્માના આકર્ષણને ભારે વેગ આપે. અસ્થિર સંસારની અસારતાને ઓળખે, લક્ષ્મીની વિજળી ઝબુક ચપળતાને પારખે. યૌવનના વ્યાધિભંગુર આડંબરને આંબી દે. સર્વજ્ઞ સર્વદર્શી–વીતરાગના માર્ગે પુણ્ય પગલા માંડે.

ચારે બાજુ રેડીઓના સ્વીચ ખુલ્લા હોય, તાલાવેલી જગવે તેવી નગ્ન તર્જોના સૂર સંભળાતા હોય. વાતો અને વિચારોમાં મોહરાજાનું તાંડવ ખડું થતું હોય, તે ટાણે આત્મકલ્યાણનું લક્ષ્ય. તેમાં તલ્લીન. પારમેશ્વરી ક્રિયા પ્રત્યેનો અનુરાગ, ચીવટપૂર્વક તેનો અમલ. છ કાયની રક્ષાનો સદાનો અભરખો. પગલે પગલે પ્રાણીરક્ષા, ક્ષણે ક્ષણે આત્માની સંભાળ, રૂવે રૂવે સ્વાધ્યાયની ધૂન. પ્રદેશે પ્રદેશે પરમાત્મા પ્રત્યે અનોખો પ્રેમ, ધન્ય માનસ ! ધન્ય આચાર !

જમાનાની ધુમરીએ ન ઘુમાતાં સત્યને આદરવું. માન–અપમાનમાં ન લેપાતાં તદ્દન આત્મલક્ષી બનવું. મન-વચન–કાયા ત્રણેને આત્મસંગોપનમાં લગાડી દેવા. દેહનું દમન, ઇંદ્રિયોવશ, કાયાનું કામણ નહિ. મનવા-નરને સ્વાધ્યાય–સાંકળથી સાંધવું. આહાર-વિહાર આજ્ઞાધિન. રસનાને રોકવી. ઇષ્ટમાં આનંદ નહિ, અનિષ્ટમાં ખેદ નહિ, આવું તે એ પવિત્ર નિર્દંભ જીવન.

એ જીવનને જીવતા પવિત્ર સ્ત્રીઆત્માઓ સાધ્વીજી તરીકે ઓળખાય છે. મહાશાસનનું બીજા નંબરનું ઉચ્ચતમ અંગ છે. સર્વજ્ઞપણાનો અને મુક્તિપ્રાપ્તિનો અધિકાર છે.

હરકોઈ વીતરાગ પરમાત્માના શાસનમાં તેમની સંખ્યા, સાધુઓ કરતાં બે ગણી હોય છે. મુક્તિગમનમાં પણ તેમજ. આજના આંધીયુગમાં પણ સંખ્યા તો મહાસતીઓની દુગણી જ છે. સ્વાધ્યાયનો તેમને રંગ છે. તપ આત્મસાત્ કરેલો છે. ત્યાગમાં કમીના નથી, અને વૈરાગ્ય !

સંયમદીક્ષા લેનારના પ્રસંગો નજરે નિહાળ્યા. ઘરે સુખનો પાર નહિ, લાડકોડમાં ઉછરેલ. આજના કહેવાતા એજ્યુકેશનમાં પણ આગળ. પણ પવિત્ર સંસ્કારો માતા-પિતાના, વીતરાગ ભગવંતના જીવતા-જાગતા દેવમંદિરો, ગુરૂદેવોના વૈરાગ્યવાડી શુધ્ધ સત્યના પ્રરૂપક વ્યાખ્યાનો અને પવિત્ર સાધ્વીગણની સુશીતળ છાયામાં વાસ. નાનપણથી વ્રત-પચ્ચક્ખાણ-ત્યાગ-તપનો અનોખો અભ્યાસ, વિરાગ-વાસિત હૈયાં, સર્વ ત્યાગના અરમાન જાગે, વૈરાગ્ય ઉછળતો. પાલખી કે વાહનમાંથી ઉતરે, જાણે ઇંદ્રાણીઓ સ્વર્ગથી ઉતરી. આભુષણો ઉતારે. જાણે અનાદિની વાસનાનો ઉતાર. હૈયું નાચે, આંખો આત્મ-મસ્તીમાં આનંદે.

'દુનિયાની આ અજાયબી'ને હજારો નેત્રો નિહાળે. સ્ત્રીની શોભા કેશકલાપ. એની વિભૂષાના અનેક પ્રકાર. આજ તો એ જ કેશ કલાપની ૨૫૦ થી માંડી ૧૫૦૦ રૂ. ની વીગ બને. એ જ કેશનું મુંડન સહર્ષ. હાથમાં ધર્મ-ધ્વજ, રજોહરણ અને મુખવસ્ત્રિકા. બન્ને અહિંસા-સંયમનાં ઉચ્ચ પ્રતિક. પળે પળે કર્તવ્યનું, કરેલી ભીષ્મ પ્રતિજ્ઞાનું, ભાન કરાવનાર.

દુનિયાના સઘળાએ પેનલ કોડ રદ. હિંસા કરૂં નહિ, કરાવું નહિ, કરતાને સારો ગણું નહિ કે ટેકો આપું

નહિ, મનથી પણ નહિ, વચનથી પણ નહિ, કાયાથી પણ નહિ, તેજ પ્રમાણે જુઠ-ચોરી-અબ્રહ્મ અને સંગ્રહખોરીનો તેવો જ ત્યાગ. કયાં સુધી ? આ દેહ છેલ્લો શ્વાસોશ્વાસ લે ત્યાં સુધી અખંડ. આ કાળની મનસ્વી માનુની પણ કમાલ કરે છે ને !

એનો જન્મ અજાયબ સ્થાનમાં. **શ્રાવકકુળ એટલે વિશ્વશ્રેષ્ઠ સંસ્કારભૂમિ.** પુણ્યોદયનો પ્રથમ પરચો. એનો ઉછેર પણ આશ્ચર્યકારી. આર્યમાતા દીકરીને કેડે કે આંગળીએ દેવ ગૃહે લઇ જાય. મસ્તક ભૂમિને સ્પર્શાવે. ઘંટાનાદ કરાવે. બાળકીનો આત્મા જાગૃત બને.

ભાઈ-બ્હેનને ગુરૂ સ્થાન ઉપાશ્રયમાં સાથે લે. પૂજ્યોનાં પવિત્ર દર્શન કરે-કરાવે, નોકારશીનાં પચ્ચક્ખાણ ઉચ્ચરાવે. ત્યાગ-તપના સંસ્કાર જાગૃત થાય. મોટી બ્હેન બપોરે ગુરૂણીજીનું સાન્નિધ્ય સધાવે. સામાયિકની મહાતારક ક્રિયામાં બેસાડે. ચારિત્રના બીજ નંખાઇ જાય. પછી તો કંઇક ખેડાણ થાય. કંઇક અમૃત વર્ષા વર્ષે. શ્રાવિકા-કુમારી સર્જાય કે વિશ્વવત્સલ મહાસતી સાધ્વીજી તરીકે સમાજમાં સુધા વર્ષાવે.

સમાજને સમાધિ-સુધાની જરૂર ખરી કે નહિ ? શાંતિ અને સુખની તમન્ના ઇષ્ટ કે નહિ ? એક સારો લેકચરર રોકવો હોય તો માસિક ૩૫૦ થી ૫૦૦, એક બાહોશ સેક્રેટરી ૮૦૦ થી ૧૦૦૦. આ વાત્સલ્ય હૈયાને એક જ ઘરનો આહાર ન કલ્પે. પાંચ-પંદર ઘેર ફરે. આહાર લાવે. તે પણ કોઇ ઘેર અડચણ ન પડે તે રીતે. કપડા સાદા અને અતિ અલ્પ, પ્રવાસમાં-વિહારમાં જાતે ઉંચકી

શકે તેટલાં સઘળાં સાધન. કાષ્ટનાં પાત્ર અને જરૂરી જ્ઞાન ધ્યાનનાં પુસ્તક.

મુંબઈ જાય કે કલકત્તા. પાટણ કે પાલીતાણા, કચ્છ કે મારવાડ પગે ચાલીને. અડવાણા પગે. હાથમાં ઉષ્ણ જળનો ઘડો. પાસે નહિ પૈસો કે નહિ આહાર. જ્યાં જાય ત્યાં સદાચારના ઉપદેશ શ્રાવિકાગણને. પ્રેરણા સંસ્કાર ધનની. વિવેક કરાવે ભક્ષ્ય-અભક્ષ્યનો પેય અપેયનો. ત્યાગ કરાવે ક્રોધ અને માયાનો. સાદુ જીવન-સાદો ખોરાક-સાદો પહેરવેશ અને ઉદાર હૈયું. આ એમના અણમોલ બોલ.

જગત્‌ભરમાં છે કોઈ સંસ્થા આની હરોળમાં? છે કોઈ આવી યોજના? જડી આવશે ગણ-સમુદાય આની હરીફમાં? વિશ્વ કલ્યાણકર-નક્કર અને અડોલ પુરૂષાર્થ! આવા અણમોલ રત્નો રક્ષણ માગે? વિચિત્ર વિશ્વમાં રક્ષણ તો રત્નોનું જ હોય ને? પુણ્ય પ્રકર્ષ તો રક્ષણ કરશે જ? સમાજની-શ્રી સંઘની કાંઈ વિશિષ્ટ ફરજ ખરી? પૂ. આચાર્યાદિ પદસ્થોની કે સ્થવીરોની ઉચ્ચતમ યોજના ખરી?

સુશ્રાવક-શ્રાવિકા ભક્તગણ સજાગ ખરો? ન્યોચ્છાવરતા એમને હૈયે બેઠેલી? આ અજાયબ રત્નો જોતાં હર્ષથી રૂંવાટાં ખડાં થાય? મારૂં જેટલું ભક્તિમાં વપરાય તેટલો મારો ઉદ્ધાર. દીકરા-દીકરીથી પણ અધિકેરો પ્રેમ!

એક પ્રસંગ યાદ આવી જાય છે. એક સમજુ આત્મા-એ શુદ્ધ બુદ્ધિથી કહ્યું, 'દુનિયાની આ અજાયબી'ને જોઈતું રક્ષણ મળતું નથી. આ અજાયબીનું સર્જન હાલમાં ન થાય તો? પ્રશ્ન નિર્મળ ભાવથી હતો.

રત્નોની ખાણ જુજ હમણાં હજારનો હીરો ૮૦૦માં અંકાય છે. ઉત્પન્ન બંધ કરવું ? નકલી ઇમીટેશન વધી પડયું, ઇમીટેશનના વ્યામોહે અસલીની ઉપેક્ષા થાય ! આવા પ્રસંગે શાણાઓએ સાવધાન બનવું. હીરામાં કેવું તેજ છે એના રાખનારને કેવા કેવા ભૌતિક લાભ થાય છે કેવા પ્રકારની આત્મશાંતિ પ્રાપ્ત થાય છે. સમજાવવા મોટી હીલચાલ ઉપાડવી. રત્નોનાં પ્રત્યક્ષ દર્શન કરાવવાં. અંદર પડેલા ગુણોનો અનુભવ-પરચો કરાવવો

**'દુનિયાની આ અજાયબી' અસલ રત્નખાણ** છે. એનું તેજ એ જ વિશ્વનું રક્ષણ. એ તેજનું રક્ષણ એ જ આબાદી છે એ તેજનો ફેલાવો એટલે ભવિષ્યની પેઢીનું સ્વાસ્થ્ય, સંસ્કાર ધનની વૃદ્ધિ. સ્ત્રી સમાજની શ્રાવિકા સમુહની સર્વતોમુખી ઉન્નતિનું એ રક્ષા સ્થાન છે. સારાએ સમાજનું કલ્યાણ એમાં સમાએલું છે.

પરમાત્મા સ્થાપિત શ્રી સંઘના એ મહા અંગ પ્રત્યે સ્પષ્ટ કહેવા દો-ભારે ઉપેક્ષા સેવાઇ રહી છે. એના પરિણામની જવાબદારી કોની ? એ જ્ઞાની પર છોડીએ. પણ સાથે પૂજ્યોને-મહા પૂજ્યોને વિનંતિ કરીએ. શાસનના સ્થંભભૂત ગણાતા ઉપાસક ગણનું ધ્યાન દોરીએ. ફરજ કપરી છે. મહાનિર્જરાની સાધક છે. પુણ્યાનુબંધી પુણ્યને બંધાવનાર છે. આપ આ બધું ઉંડે ઉંડે સમજો છો છતાં આપણે શું કરીએ ? કાળનો મહિમા છે, કોઇ યુગપ્રધાન પ્રગટશે. કોણ કોનું માને તેમ છે. ભારે અરાજકતા છે. આપણે તો આપણા સ્વાધ્યાયમાં સારા. આ બધું પુરતા પ્રયાસ પહેલાં જ-જરાએ પ્રયાસની માત્રા ફોરવ્યા સિવાય જ ?

પ્રાંતે શાસનદેવને પ્રાર્થના. શક્તિ બક્ષો, ભક્તિ બક્ષો, બક્ષો દિલની તમન્ના. શ્રી સંઘમાં જાગૃતિ પેદા થાય. શાસન સમર્પિતોમાં નિષ્પક્ષપાત ભક્તનો પરાગ પેદા થાવ. 'અનુપમ તેજના રક્ષણે પ્રશાંત પ્રભાવક બનો—અનુપમ જાગૃતિ આણો વિશ્વના આંગણે 'દુનિયાની એક અજાયબી.'

## રક્ષાકાળમાં રક્ષણ નીતિનો સાબદા બની અભ્યાસ કરો !

દેવાધિદેવ શ્રીમદ્ મહાવીર ભગવંતની અવિચ્છિન્ન શાસન પરંપરા એકધારી ચાલી આવે છે. સેંકડો પ્રત્યાઘાતો-દુકાળો-ઉપદ્રવો, દાર્શનિક હુમલાઓ અને પરજાતિય વિપ્લવો છતાં એ સુવિશદ સ્ફટિક પરંપરાને, ટકાવનાર, રક્ષનાર—પ્રચારનાર પૂ. સાધુ—સાધ્વીગણ.

એના જ્વલંત નિયામકો ૧ શ્રીમદ્ ભદ્રબાહુ સ્વામીજી ચૌદપૂર્વધર. ૨ શ્રી સ્થુલભદ્ર સ્વામી. ૩. શ્રી વજ્રસ્વામી ૪. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વર. ૫ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ. ૬ કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વર. ૭ શ્રી હીરવિજયસૂરીશ્વર. ૮. શ્રીમદ્ મહામહોપાધ્યાયજી. ૯ શ્રીમદ્ આત્મારામજી આદિ અનેક.

દક્ષિણ પ્રદેશમાં મહારાજા ખાર્વેલ અને તે વખતના

રક્ષક મહાન્ આચાર્યો આદિ પણ યાદ કરવા જ રહ્યા. એક અપેક્ષાએ ખાર્વેલ એટલે મહાન્ ધુરંધર ધર્મરક્ષક અને તેવો જ ધર્મરક્ષાનો કાળ આજે જૈનશાસનના પટાંગણમાં આવી ઉભો છે.

અને તે માટે જ શાસન સાપેક્ષ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ વિચારવા સુજ્ઞો અંગુલિ નિર્દેશ કરે છે. ધર્મ એ જ રક્ષક છે. એ સનાતન સિદ્ધાંત છે. તેમ ધર્મમાર્ગમાં વિવેક અને અસલીપણું એટલું જ આવકારદાયક છે. કૃત્રિમતા અને બનાવટ ધર્મપ્રાણને કોરી ખાનાર કીડા છે. આદર્શ સામે આંખ, ધ્યેય સામે લક્ષ્ય, ધર્મનાં કવચ છે.

રક્ષાકાળમાં રક્ષણ નીતિનો સાબદા બની અભ્યાસ કરવો પડે છે. રક્ષણનીતિ શાસનનું અતિ જરૂરી ભવ્ય અંગ છે. પાલન નીતિ અને રક્ષણનીતિમાં ફેર રહે એ સ્વાભાવિક છે. અજાણને આશ્ચર્ય ઉપજાવે એવો આ કોયડો છે. આજે રક્ષણ નીતિ પ્રાયઃ આંખ સામે નથીઃ શાસ્ત્રોમાં સર્વાંશે ઉભી જ છે.

કોઇ અપવાદિક મહાત્માઓ પાસે તેની જાણકારી હશે અને છે. કદાચ તે કૃપાળુઓનો પુણ્યપ્રકર્ષ ઓછો પણ હોય તો સજાગ આત્માઓએ ખોજ કરી તેનો અભ્યાસ કરવો ઘટે. પૂ. સાધુ–સાધ્વીગણને તે માટે તૈયાર કરવા શ્રી શ્રાવક સંઘે હૈયાની વિશાળતા સાધવી પડશે. હૈયું વિશાળ બને પછી શું બાકી રહે?

આ તૈયારી દરમ્યાન પૂ. સાધુ–સાધ્વીગણ અને સમાજ વચ્ચેની વધતી જતી દિવાલ દૂર થવી જોઈશે. જે સારૂં થઈ રહ્યું છે તે અનુમોદનીય જ છે. જે ધર્મક્રિયાઓ માર્ગસ્થ બની માર્ગનો ખ્યાલ આપી રહેલ છે તે તો ચાલુ જ

રહેશે અને ચાલુ રહેવી જ જોઇએ પણ તે વર્ગમાં પણ વસ્તુ તત્ત્વનું રહસ્ય ઉણપ પામતું જાય છે તે જાગૃત થવું જોઈએ.

પણ જે વર્ગ ધર્મથી, પૂ. સાધુ-સાધ્વીથી આઘો ને આઘો જ ખસતો જાય છે તે માટે શું ? ઉપેક્ષા તો ન જ થાય. પ્રયત્ન કરવો જ રહ્યો. ધર્મ સમાજ માટે છે. ધર્મ વડે સમાજ ટકવાનો છે. તેમ ધર્મ સમાજમાં જ પ્રચાર પામવાનો છે. તે સમાજના આત્માઓની ઉપેક્ષા કેમ ચલાવી લેવાય ? પરમ પ્રભુ શ્રી મહાવીર દેવે સત્યો સમાજને જ આપ્યાં છે. મહાસમાજ માટે જ મહાસંસ્કૃતિનું સ્થાપન કર્યુ છે. ઇંદ્રાદિ દેવો સમવસરણ-મહોન્નત વ્યાસપીઠ તે હેતુથી જ સર્જતાને ?

શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના પણ સિધ્ધાંત રક્ષાનો કોટ જ છે ને ? અને અનુકંપાદાન-ઔચિત્યદાન ધર્મના જ શણગાર છે ને ? નાથનું વર્ષીદાન એટલે અનુકંપાનો ધોધ. ઔચિત્યનું ઉંચું પાલન. ધર્મની મહાપ્રભાવના એમાંથી જન્મે. મુંગો બોધ. લક્ષ્મીની ચંચળતા. સંસારની અસારતા.

શ્રી ચતુર્વિધ સંઘ અને ઇતર સમાજ પણ કલ્યાણભાગી બને એમ કોણ ન ઇચ્છે ? પણ સક્રિય ઇચ્છુક મુખ્યતયા તો પૂ. સાધુ-સાધ્વીગણ જ ગણાય. તે મહાસંસ્થાના સુશીલ ગૃહસ્થો રહે. હોય અને હોવા જ જોઈએ.

જમાનાની હવા-કાળનું પરિબળ-યોજીત કૃત્રિમ મારક યોજનાઓ સમાજનો સર્વતોમુખી હ્રાસ કરી રહેલ છે. તન-મન અને ધન ધક્કે ચઢી ગયાં છે. આત્માનો તો પત્તો જ નથી. ત્યાં અધ્યાત્મની વાત જ કેવી ? અને અધ્યાત્મ વિના આબાદી કયાંથી ? સુખ શાંતિ કેવા ?

આ બધાનો સુમેળ સાધવો પડશે તે સાધવો પૂ. સાધુ-સાધ્વીગણને હાથ છે. ખાલી ટીકાઓથી કંઇ જ નહિ બને. સક્રિય માર્ગ ચિંધવો પડશે. શકય સાધનો દ્વારા સાધુ મર્યાદામાં રહીને પણ સખ્ત પ્રચાર કરવો પડશે. વાણી દ્વારા-વર્તનદ્વારા અને સક્રિય પ્રેરણાદ્વારા.

કબુલ કરીએ પ્રચારકો ભૂલ્યા છે. માર્ગ પદ્ધતિ અવળી લઈ બેઠા છે. છતાં આશય ખરાબ નથી. કીર્તિમોહની માત્રા વધી જવાથી પણ એમ બને એની ના નહિ પણ સવળી પદ્ધતિ-સીધો માર્ગ અખત્યાર કરી દીવાદાંડીરૂપ તો બનવું જોઇશે ને ? ખાલી પ્રત્યાઘાતો આપવાથી તો ત્યાં આઘાં ને આઘાં જશે. પરસ્પરની રાગદ્વેષની માત્રા વધતી જશે અને તેવી માત્રાનો વધારો એટલે ધર્મનો વધુ હ્રાસ. ધર્મનો હ્રાસ એટલે સમાજનું સ્વાસ્થ્ય ખલાસ. સ્વાસ્થ્ય જતાં રહે હાડપિંજર, હાડપિંજર એટલે બિહામણું દુઃખદ ચિત્ર.

દુઃખદ ચિત્રો તો સમાજમાં આજે રોજબરોજ ઉપસી જ રહ્યાં છે. બેકારી-મોંઘવારી-ધંધાનો અભાવ-હરકોઈ વસ્તુની ભયંકર ખેંચ, કમ્મરતોડ કરવેરા, સરકારી હાલાકી, કાયદાની કારમી નાગચુડ અને આ બધાને પરિણામે અનીતિ-અધર્મ-શીલભંગ-વ્યભિચાર, દગોફટકો, લુંટફાટ, લાંચ-રૂશ્વત-દંભ માયા વગેરે આત્મ વિનાશક અનિષ્ટો ઘેરા રૂપમાં વ્યાપક બન્યાં છે અને બનતાં જ જાય છે.

આ સઘળું મિટાવવા માટે માત્ર વાણીનો વિલાસ નહિ ચાલે. સૌ પોતપોતાની મર્યાદામાં સક્રિય બને તો જ ધારી સફળતા મળે. પણ આ કઢંગી પરિસ્થિતિનો ખ્યાલ પૂ.

સાધુ સાધ્વીગણ આપી શકે. ધર્મરક્ષાની આ અણમોલ પળ છે. શાસન નીચે ગોઠવાએલી ભયંકર સુરંગને નકામી બનાવવાનો મોકો છે. વિશ્વકલ્યાણકર જૈનશાસનનો પૂ. સાધુ-સાધ્વીગણ જાગૃત થશે તો સમાજની ઉન્નતિ દૂર નથી. પછી તો ભળશે સંન્યાસીગણ અને અન્ય આર્ય-સંસ્કૃતિના ઉપાસકો. માર્ગની દોરવણી માગશે પૂજ્યો પાસે અને રળિયાત બનશે સમાજ.

આજનાં આ બધાં દુઃખ કૃત્રિમ અને યોજના પૂર્વકનાં છે ભારતને માથે, આટલું કહેવા લખવા માત્રથી બધું નહિ થઈ જાય. જરૂર શુભકાર્યમાં આંગળી ચીંધનારને પણ પુણ્ય છે. કોઈ પ્રશ્ન પણ કરે કે શું પૂજ્યો વેપાર-ધંધાની અને સમાજના ખાનપાનની પંચાત કરવા બેસે ? ભલે કરે પ્રશ્ન. અમારા ભવ્યાતિભવ્ય જૈનશાસનની ખૂબી જ ન્યારી છે. તેમાંએ રક્ષણનીતિની તો બલિહારી જ છે. **સાધુતાને ડાઘ લાગે નહિ અને સૌનું સંરક્ષણ થાય એનું નામ તે જૈનશાસન.**

આંખ શાસ્ત્ર સામે, હૈયું નાથની આજ્ઞામાં, મન માર્ગના વિકાસમાં, તન સમાચારીના પાલનમાં, પ્રક્રિયા પ્રાણિગણની ઉન્નતિની, માર્ગ મળે આગમમાંથી, હૈયું ફલિતાર્થ કાંઠે, મન મર્યાદા બાંધે, તન થાક ના માને, પ્રક્રિયામાં સમાજનો સર્વ રીતે વિકાસ, વિકાસમાં આત્મધનની મુખ્યતા રહે જ રહે. સાધુ સારા નીપજે; સદ્ગૃહસ્થોનો પાર નહિ, સાધુ પુરૂષોનાં સન્માન-ભક્તિ વધે. ખોટા આડંબર ઘટે, અસલી આગળ આવે, સાચી નોબતો ગડગડે, બિચારા બનાવટી બડબડે.

**સમાજ અને ધર્મ તાણા-વાણાથી વણાએલ છે. ધર્મ વિના સમાજ સંભવે જ નહિ.** ધર્મ સમાજમાં રહે, સમાજમાં જોવા મળે, વિશ્વ મહાસમાજ છે, વિશ્વના કોઈપણ ભાગમાં અંશતઃ પ્રાયઃ ધર્મ છે જ. ધર્મના સ્ટેજ જુદા જુદા છે, એનો ખ્યાલ ભુલાતો જાય છે. નીચામાં નીચા સ્ટેજથી માંડી ઉંચામાં ઉંચા સ્ટેજે ધર્મના મંડાણ છે. **ધર્મ એ જ સર્વ પ્રાણીનું શ્રેયસ છે, મંગળ છે, ઉન્નતિ છે, પ્રગતિ છે, પ્રકાશ છે.**

એ શ્રેયસને-મંગળ પ્રકાશને પ્રચારનાર-ફેલાવનાર, સમજાવનાર ખરેખર પૂ. સાધુ-સાધ્વીગણ છે. વિશ્વમાં નિઃસ્વાર્થ કલ્યાણ-પ્રચારક આજ એક સંસ્થા છે. ત્યાગ એનો પાયો છે, ક્રિયા એનું ચણતર છે, જ્ઞાન એનો શણગાર છે, આત્મખોજ એની પ્રવૃત્તિ છે. પાદવિહારથી પગે ચાલીને કોલ્હાપુરથી કલકત્તા જાય છે. શહેર કે ગામ સર્વને ઉત્તમ માર્ગે દોરે છે. ન્યાય-નીતિના પાઠ ભણાવે છે. અહિંસા, ત્યાગ, તપના ઉપદેશ આપે છે, પાસે પૈસો નહિ, ખોરાક સાથે રાખવાનો નહિ, ભિક્ષા-ગોચરી-ફરે અને શરીરને ટકાવે. રાત-દિવસ શાસ્ત્રનો સ્વાધ્યાય અને શકય દેહનું દમન.

સમાજના સુખ-દુઃખના દ્રવ્ય-ભાવથી સક્રિય ભાગી સાધુ. વગર પૈસે વગર વેતને. પાંડિત્ય સઘળુ સમાજના કલ્યાણ માટે, છતાં સમાજ મોટે ભાગે ભૂલ્યો છે. સાચી આંકણી કરી શકયો નથી. છાપાની છીછરી વાતોથી દોરવાઈ ગયો છે, અને સરકારની ચુંગાલમાં એવો ફસાયો છે કે વિચારવાની પળ મળતી નથી. જરૂર કાંઇક અઘટતું પણ બનતું હશે, પણ તે તો સમાજમાં સોગણું કયાં નથી બનતું ?

વળી જાગૃત સમાજ-શાણો-સમજુ સમાજ નાની-નાની પીડા તો પળમાં દૂર કરી શકે. એમાં હો હા અને હોબાળાની જરૂર જ ક્યાં રહે છે, પણ છાપાઓનું તૂત જબરૂ. કાગનો વાઘ પણ બની જાય, ખેર. આપણે તો પૂ. સાધુ-સાધ્વીગણ શ્રીસંઘ અને સમાજ વચ્ચે ખેલદીલી જે હતી તેને જાગૃત કરવી છે. સમાજને સર્વ રીતે સદ્ધર બનાવવા કોશિષ કરવી છે. આર્યસંસ્કૃતિને જાગૃત કરવી છે. તેના શિખરસમી જૈન સંસ્કૃતિને તે માટે સમજવી છે.

સમાજોન્નતિના વિરાટ અને વિશાળ ઉપાયો પૂ. સાધુ-સાધ્વીગણ તેમના સ્વરૂપમાં રહી સમજાવવા સાબદા બનશે. સક્રિય યોજના ત્યારે જ શરૂ થશે. સમાજની સર્વતોમુખી દુઃખદાયી અવસ્થાના વિશિષ્ટ અને જડમૂળના કારણો તેઓ જ સમાજ પાસે મૂકી શકશે. વચગાળામાં સક્રિય યોજનાઓ દ્વારા, સાધર્મિક ભક્તિના પ્રકારો દ્વારા, અનુકંપાના દ્વાર ખુલ્લા કરવા દ્વારા, ધનિકોના ધનના સદ્વ્યયમાં અનેક પ્રકારો ઉમેરાવા દ્વારા, સમાજને શુધ્ધ ધર્મ માર્ગે દોરી શકશે.

આનંદની-ખુશદીલીની વાત તો એ છે કે ભગવંત ભાષિત ધર્મક્રિયાઓમાં-સદનુષ્ઠાનોમાં સદ્વ્યય કરનારા પુણ્યશાળીઓ જ વિશેષે કરીને આજે પણ સાધર્મિકની-સમાજની-કુદરતની હોનારતે સારા પ્રમાણમાં સંભાળ રાખે છે. પૂ. સાધુ-સાધ્વીગણ અને સમાજ ઓતપ્રોત બની પરમાત્માના માર્ગે આગળ વધો એ જ શુભ કામના.

⊙

# શક્ર સુઘોષા બજાવે !

શક્ર અને સુઘોષા એક અનુપમ વિજ્ઞાન છે, જ્ઞાન એ તેજ છે. વિજ્ઞાન છાયા છે. સુઘોષા માત્ર ઘંટનાદ નથી. શક્ર સૌધર્મ દેવલોકના મહાન્ અધિપતિ ઇંદ્ર છે એટલું જ નહિ શક્રેંદ્ર પરમાત્માના પરમ ભક્ત છે. **સુઘોષા હૈયાની ભક્તિનો આંતરનાદ છે.** સત્યના પરમ ઉપાસકની ઝલ્લરી છે.

શક્રેંદ્ર બત્રીસ લાખ વિમાનનો–દેશોનો ચક્રવર્તી મહારાજા છે. થોડા કાળ પહેલાં કહેવાતું કે બ્રિટિશ રાજ્યમાં સૂર્ય આથમતો નથી પણ તે તો આથમ્યો. જ્યારે લોક–ભાષામાં શક્રેંદ્ર સદાજીવી છે. યુવાની સદા તાજગીભરી રહે છે. રોગ યા શોકને પ્રાયઃ અવકાશ નથી. હા, ખેદ જન્મે છે કોઇ ફેરા. મહા સત્ત્વવાન્ ભવ્ય પુરૂષ પર આફતનો ડુંગર ઉભો થાય ત્યારે. છ માસ સુધી ખેદિત દશામાં ગાન તાન બંધ કર્યા. પરમોત્કૃષ્ટ વિભૂતિ પરમાત્મા મહાવીર દેવ અને અધમ સંગમના પ્રસંગે.

**સૌધર્મેન્દ્રને વીતરાગ ભગવંતમાં પોતાનો સ્વચ્છ ઝળકતો આત્મા દેખાય છે.** પોતાના આત્મામાં રહેલી અનંત શકિતનું દર્શન થાય છે. એ દર્શનમાંથી વીતરાગતાનું દર્શન હુબહુ થાય છે અને તેમાંથી જન્મે છે સભાન-સજાગ દશા.

એ 'સભાન-સજાગ દશા' પોતાના અસંખ્ય આશ્રિતોમાં જન્મે માટેજ સુઘોષાનો 'ધર્મનાદ.' 'ધર્મનાદ' ઉચ્ચારે 'હરિણૈગમેષિ સેનાપતિ' આ 'હરિણૈગમેષિ' એ જ આપણા મહોપકારી શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ. જે મહર્ષિના પુણ્યપ્રતાપે આગમોના શ્રુતસાગરના ક્ષીરનું પાન કરી આપણે પુષ્ટ બની રહ્યા છીએ.

આજના વિષમ કાળમાં-ભયંકર કોટિના પતન કાળમાં સુઘોષાનો નાદ હજુ કાયમ છે. ૩૨ લાખ વાયરલેસ રેડીઓમાં ઉતરેલો દિવ્યધ્વનિ. ફોનોગ્રાફની રેકર્ડોમાં મહર્ષિઓએ મઢી લીધો છે. ૪૫ આગમોમાં સૂક્ષ્મ ઉંડાણમાંથી સંગ્રહિત છે. બાકીના સ્થૂલ-વિસ્તૃત રૂપમાં ઘર ઘર ગવાય છે.

તેના અર્ક રૂપે અમૃતમય એક સૂત્રમાં-વાકયમાં વણી લીધો છે. વણકર ભારે કારીગર, તાણા-વાણાની ગુંથણી ગજબની, ન ખસે તાણો કે ન ખસે વાણો. પૂર્વધર પરમ-શ્રુતવાહક શ્રીમદ્ ઉમાસ્વાતિજી એટલે અજબ-ગજબના અનુપમ ચિંતક. સારીએ શ્રુતગંગાનું-દ્વાદશાંગીના ગણધર હૈયાનું ગુંફન ગુંથ્યું એક તારે. सम्यग्दर्शन-ज्ञान चारित्राणि मोक्षमार्ग:। અને બોલ્યા શક્રેન્દ્રનું હૈયું નાચ્યું. આંખો વિકસી ગઈ અને આત્મા આનંદ વિભોર બની ગયો.

શું કહ્યું? તપનું નામ ન આવ્યું એમ. અરે ભાઈ, એ તો અભેદ્ય કિલ્લો. નગરની આજુબાજુ હોય જ. એના કાંગરાએ હિરાખચીત અર્જુન સુવર્ણના. એના વિના ચારિત્રની શોભા નહિ. એ કવચ ધારણ કરે ને આત્મા અજેય બને.

'તપ' શબ્દ જ કેવો મહિમાવંતો છે. નિર્યુકિત અર્થ અને ધાત્વર્થ કયાં કરવા જઈએ? સીધો ને સાદો અર્થ. 'ત' એટલે તરવું 'પ' એટલે પ્રકાશ. પ્રકાશ પામીને અંધારથી પાર ઉતરવું. 'તપ'માં તેજ છે એ તો સર્વ જાણે છે. તેજથી પ્રકાશ ફેલાય એ સ્વાભાવિક છે, પાર કયાં ઉતરવું? અંધાર કયાં દૂર કરવો? એ તો જૈન શાસનના સંસ્કાર પામેલા બાળ જાણે.

ત્રણ વર્ષનાં ગભરૂ ગુલાબ જેવા બાળકો ત્રણ દિવસના ઉપવાસથી અઠ્ઠમ કરે. ૭ થી ૧૪ વર્ષના જૈન કુળમાં જન્મેલ, ઉગતા બાળક–બાળિકાઓ આઠ દિવસના ઉપવાસ અનિ ઉલ્લાસથી કરે. મનમાં પ્રમોદ. હૈયામાં હર્ષ. તનમાં થનથનાટ. વદન પર આનંદની ઉર્મિ. અને તારક ક્રિયામાં અપ્રમાદ. અભિમાન જરાએ નહિ. ધર્મનું ગૌરવ ઘણું. ધન્ય આત્માઓ!

પાંચમા આરાના કળીયુગમાં પણ 'સુઘોષાનો નાદ' નિનાદ કરે છે. ૭૦ ને ૮૦ એ પહોંચેલા ૩૦ દિવસ આહાર છોડે. ૪૫–૬૦ અને ૯૦ પણ ખરાજ. આ તો સર્વજ્ઞ સ્થાપિત શ્રીમદ્ તીર્થંકરદેવનું મહાશાસન છે. મહાસંસ્કૃતિથી સભર સનાતન અનાદિન ધર્મ છે. સત્ય છે. પરમ તેજ છે. પક્ષહીન સાર્વીય શુદ્ધ માર્ગ છે.

તપ એટલે તેજનો અંબાર. પાપને પ્રજાળતો શાંત સુધામય અગ્નિ. હીમ તો બાળે, ભડથુ બનાવે. આ તો તારે, તેજ આપે. શકિત આપે. સ્વર્ગ આપે. મુક્તિ આપે.

આ તો માત્ર બાહ્ય કિલ્લાની વાત વિચારી. પ્રશ્નનો જવાબ આલેખ્યો. બાહ્ય કિલ્લામાં વચ્ચે વજ્રકિલ્લો વ્યાપક

છે. અકાટય અણુનમ-અદાહ્ય. એમાં વળી છ પ્રકારની અદ્ભૂત દિવ્ય રાસાયનિક ક્રિયાનું મહા વિજ્ઞાન વિસ્તૃત છે. ધી ગ્રેટેસ્ટ સાયન્સ-ગંભીર છે. અતૂલ છે. અમાપ્ય છે. પ્રેકટીકેબલ-અમલી છે.

પણ જેટલું ધ્યાન બહારના કિલ્લા તરફ આજે છે એટલું એના સામે ભાગે આંતરકિલ્લા તરફ છે? ગજબનો પ્રશ્ન થયો. બહારથી અંદર જવાય ને? દરવાજે ન આવેલો કિલ્લામાં પ્રવેશ કરશે? કિલ્લા પર ફરનારો કોક ફેરા નિરીક્ષણ કરતા પેલો અંદરનો ભેદી ભાગ દેખાઈ પણ જશે. પણ કોઇ કુશળ કારીગર ધ્યાન દોરે તો?

અજબ વાત છે તમારી. કારીગરો તો અમારા જૈન-શાસનમાં આજે પણ સંખ્યાબંધ છે. આજના વિજ્ઞાન યુગને આંટી ખવરાવે તેવા. પણ....પણ સૌ પોતપોતાનામાં છે. સૌને મોટે ભાગે શાસનની પ્રભાવના કરવી છે. 'સુઘોષા' તો જોરજોરથી બજાવે છે. કંઇક આત્માઓ ઝબકી ઉઠે છે-દોડે છે મહોત્સવમાં-તપની આરાધનામાં શકય લાભ પણ લે છે. પણ પેલી અંદરની ઉંડી ચાવી-કળ બતાવવા તરફ બહુ ઓછા કારીગર મહાશયોનું ધ્યાન જાય છે.

કાળનો મહિમા હશે. કાળનો વાંક જરાએ કાઢશો નહિ. કેવો મઝાનો કાળ જાણે કળીયુગમાં સતયુગ. ગુજરાતના પેલા પાટનગરમાં કહે છે કે ૧૨૦૦ થી ૧૪૦૦ અટ્ઠાઈ અને તે ઉપરના તપસ્વી પુણ્યવાનો અને ગામોગામ, શહેરે શહેર અધધધ-પારાવાર ૮-૧૫-૩૦ ની આરાધના! પણ પેલા દક્ષિણ પ્રદેશમાં એક જ શહેરમાં ૧૩ માસખમણ. ભારે આશ્ચર્યકારી તપનો સુકાળ.

અને તપ જ શા માટે? તપસ્વીની ભક્તિ કરનારા પણ **આ અંધાર-રેશનીયા-કૃત્રિમ-તંગીના તોફાની જમાનામાં**-કમાલ. પુણ્યાનુબંધી પુણ્યના પટારા ભરી રહ્યા છે ને? કહે છે અને હકીકત છે કે પેલી અલબેલી મુંબઇ નગરીમાં એક ગુલાબ હાલમાં ખીલ્યું. માળી-બાગવાન અનુભવી અને કુશળ કારીગર. ખીલવ્યું તે એવું ખીલવ્યું કે ફોરમને પાર નહિ. એની ફોરમ ૮ હજાર પુણ્યાત્માએ લીધી પણ ગુલાબ શાંત-નમ્ર અને પાંદડીએ પાંદડીએ હરખાતું.

વળી શ્રવણ પટમાં શાંત વાયુ કહી જાય છે કે ગુલાબને હવે સહસ્ત્રદળ કમળ બનવાનું મન થયું છે અને પેલા બાગવાનને પોતાના શાસન ઉદ્યાનમાં ભવ્યાત્માઓને જિનભક્તિની સુરભિ આપવાના કોડ વધ્યે જ જાય છે.

'જિનભક્તિ માટે જ શકે સુઘોષા બજાવીને? જિનભક્તિ એટલે સમ્યગ્દર્શન. એની ઓળખ એટલે સમ્યગ્જ્ઞાન. એની આજ્ઞાનું પાલન એટલે સમ્યગ્ચારિત્ર. એ ત્રણે અદ્દભૂત રત્નોનું રક્ષણ એટલે તપ.

ત્રિવેણી સંગમ-સુરમ્ય કુદરતની કળાને આનંદ તપની નૌકા તરતી મુકી. સુકાની સુઘડ-સ્વચ્છ અને દરિયાનો ખેલાડી-ભવ્યાત્માઓ ધર્મ-વિહારના સહેલાણી. શુધ્ધ ભાવનાનું પુણ્યબળ ઉછળે પછી લીલા લહેર.

શાસન આજે તપથી જ પ્રાયઃ જીવતું છે. ભારતવર્ષના ભયસ્થાનો પણ એજ આઘાં રાખે છે. પર્યુષણ અને ચાતુર્માસના શણગાર વિવિધ તપો જ છે. જ્ઞાનીઓની યોજના

પણ એજ ખુબીથી ભરેલી છે. **ધર્મની કોઇ પણ આરાધના તપ-ઉદ્યાપન અને મહોત્સવથી જ દીપે છે.** આબાલવૃદ્ધ સહુનું આકર્ષણ બાહ્યભૂમિકાથી જ શરૂ થાય છે.

છતાં વર્ષોના વર્ષો સઘળીએ સુંદર શ્રીમદ્ તીર્થંકર ભાષિતપૂર્વના પુણ્યબળે જ મળનારી-ક્રિયાઓ કરવા છતાં, મોટા ભાગમાં અંતરવૃત્તિ આછી-પાતળી પણ સુધરતી ન દેખાય, ધર્મના થ ભલા ગણાતાઓમાં મોટા ભાગમાં ફોરમનો પ્રાયઃ અભાવ દેખાય, દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેના સાચા સાત્વિક બહુમાનનો અભાવ પરખાય, વ્યવહાર સાચવવા માત્રનો માર્ગ જ બની રહે, અંતઃકરણમાં પરમપ્રભુના પરમમાર્ગને પામ્યાની ખુમારી નહિ. ધનાઢ્યપણામાં ધર્મ મળ્યાનો મલકાટ નહિ. અરે, ઘરે કાર હોવા છતાં, છેવટે રવિવારે પણ શાસનના રાજાસમા સુવિહિત આચાર્યદેવોને પણ વંદન કરવાના કોડ નહિ ? એ પુણ્ય-એ સામગ્રી ક્યાં લઈ જવા આવી હશે ? આ તો ઓઘની વાત છે. ગણ્યાંગાંઠ્યા અમીરી હૈયાના ધનાઢ્ય-ધર્માત્માઓ નથી તો એમ તો નહિ જ.

મધ્યમવર્ગને ધર્મ તો ગમે છે-પણ પેલી કારમી મોંઘવારીએ છેલ્લાં પાંચ વર્ષમાં માઝા મૂકી અને તેમાંએ છેલ્લા દોઢ વર્ષમાં પાછા દોઢા થયા. ખેર, સામુદાયિક પાપોદય, પણ તે તો પોતે વિચારે. અમારા આજના આઢ્ય ઈંદ્રો 'સુઘોષા' નહિ તો 'ઝલ્લરી' પણ બજાવે કેવી ? :—

"અમે પ્રમાદવશ છીએ: સુખશીલીયા વધુ પડતા બની ગયા છીએ. પણ અમારૂં હૈયું ધર્મ તરફ ઝોકવાળું છે: ધર્મક્રિયા આરાધી શકતા નથી. જે પુણ્યવાન્ આત્માઓ

ધર્મ સમજીને ધર્મ આરાધવા માંગે છે. સામગ્રીના અભાવે સંયોગને વશ બની સંકોચ પામી રહ્યા છે. તે અમારા સાધર્મિક બંધુઓને અમારૂં આમંત્રણ છે. અમુક અમુક ટાઇમે અમે તેમની સાથે ધર્મભાવે, ભ્રાતૃભાવે મળવા ઇચ્છીએ છીએ. જરૂર આવે અને અંતર ખોલી અમારી સાથે વાત કરે. એમાંથી શકય કરવા દ્વારા અનુમોદનાના અમોઘ સાધનને અમે જરૂર પામી જઇશું."

તપ તપનારા-ક્રિયા કરનારા ભાગ્યવાન્ આત્માઓ પણ તપના હાર્દને સમજે—સુગુરૂના સાન્નિધ્યમાં સમજવા પ્રયત્ન કરે, ક્રિયાઓની પાછળનું ભવ્ય આત્મતારક રહસ્ય પામે અને લાખના વેપારમાં પાંચસોના નફાને બદલે હજારની મુડીમાં લાખ કમાવાનો કિમિયો શીખી લે બસ પછી જોઇ લો રોનક.

આ કાળ તો બહુ સુંદર છે. વિજ્ઞાન ધર્મને-ધર્મના સિધ્ધાંતોને વધુ ને વધુ સાબિત કર્યે જ જાય છે. સર્વજ્ઞના સિધ્ધાંતો શ્રધ્ધાથી તો શ્રધ્ધેય છે જ. પણ ઘણી ઘણી વાતો યુકિતથી-વિજ્ઞાનથી વધુ શ્રધ્ધેય બની ગઇ છે.

**વિજ્ઞાન વામણુ છે. આગમજ્ઞાન વિરાટ છે.** હજારો વર્ષ આગળ વધેલું છે એ સાબિત થાય છે.

તેવા સુંદર સામગ્રીભર્યા કાળમાં અમારા પૂ૦ પુણ્ય-પુરૂષો—અમારા ધર્મ બંધુઓ—સમાજના સુખી નાયકો-શુધ્ધ માર્ગદર્શન આપવાની તમન્નાવાળા વિદ્વાનો-પૂર્વગ્રહથી પર બની—આંતર સત્યને પરમાર્થથી સમજી નિષ્પપક્ષાપાતપણે જ્યાં જે ખુટે છે તે ઉમેરવા પ્રયત્ન કરે.

બસ આજ છે આજનો વિશાળ–વિશદ પ્રતિઘોષને આપતો અતિ જરૂરી 'સુઘોષા' નાદ. ઇંદ્રો છે અને હરિણૈગમેષી પણ છે જ. નથી માત્ર આત્માની તિવ્ર તમન્ના. શાસનદેવ સૌમાં તે જાગ્રત કરો એજ અભિલાષા.

# જ્યોત–ઉદ્યોત–પ્રકાશ અને છાયા

પરમકૃપાળુ પરમાત્માના મહાસામ્રાજ્યમાં એક અટલ અફર કાયદો છે. સામ્રાજ્યની મર્યાદામાં રહેનાર હરકોઇ પ્રાણી સુખનો અનુભવ કરે છે. સુખ સાંસારિક અને આત્મિક એમ બે કક્ષામાં મૂકી શકાય. પ્રાણી માત્રનો સ્વભાવ સુખની ઇચ્છા છે. સુખને માટે તલસતો જીવ પ્રયત્ન કરે જ. પ્રયત્ન કોનો કેટલો ફળે એ જુદી વાત છે.

સુખનો ઇચ્છુ આત્મા સહારા માટે કોઇ ઇશ્વરી તત્ત્વને પકડી લે છે. તેમાં તેને શ્રદ્ધા હોય છે. કાર્ય સફળ થતાં શ્રદ્ધા વધી જાય છે. એ દૈવી તત્ત્વને કોઇ ઇશ્વર પરમાત્મા વિશ્વવિધાતા તરીકે ઓળખે છે.

આ એક રૂઢ માન્યતા પાછળ આર્ય સંસ્કૃતિ કામ કરી રહી છે. દેવતત્ત્વ પ્રત્યેની લોહીમાં ઉતરી આવેલી શ્રદ્ધાની આ નિશાની છે. માટે જ શ્રદ્ધા એ જ્યોત છે, શ્રદ્ધા એ સર્વવ્યાપક છે. શ્રદ્ધા છે કે, ઘર નથી જ પડી જવાનું

તો જ ઘરમાં રહે છે. બાળકને પાકી શ્રધ્ધા છે કે મા ઝેર નથી આપવાની. માટે જે આપે તે ખાય છે–પીવે છે. વેપારી નફાની શ્રધ્ધાથી જ વેપાર કરે છે. સ્ત્રી પરની શ્રધ્ધા જ ઘરનો વહીવટ સોંપે છે.

તેવી જ રીતે **પરમ સત્ય પરની શ્રદ્ધા જીવન પથ ઉજાળે છે.** શ્રદ્ધા એ જ્ઞાનને પેદા કરનાર નિર્મળ અતિ જ્યોત છે. શિક્ષક પર શ્રદ્ધા નહિ તો જ્ઞાન નહિ. અનુભવી પર શ્રદ્ધા નહિ તો વ્યાપાર નહિ, વ્યવહાર નહિ, જીવન નિર્વાહ નહિ.

પરમાત્મા માર્ગ પર સચોટ શ્રદ્ધ નહિ તો જીવનમાં જ્ઞાનનો ઉદ્યોત નહિ 'બાબા વાક્યં પ્રમાણમ્' નહિ માનનાર 'બાબા' ને ઓળખતા જ નથી. 'બાબા' બાબા કેવી રીતે બન્યા? આત્મામાંથી પરમાત્મા કેવી રીતે થયા. પરમાત્મા એટલે પૂર્ણતા. પૂર્ણતા એટલે જ્યોતનો સર્વતઃ સાર્વીય પ્રકાશ અને પ્રકાશ પહેલાં ઉદ્યોતની અતિ જરૂર. આટલી વાતો પરની સામાન્ય શ્રધ્ધા વિના છાયાને પણ ન પમાય. તો જ્યોત પ્રગટાવવાની તો વાત જ ક્યાં?

'તમસો મામ્ જ્યોતિર્ગમય' બોલનારો આજનો એજ્યુકેશન ઉપાસક વર્ગ તમસ્ એટલે અંધારૂં એ શું? અને જ્યોતિ એટલે આત્મ–જ્ઞાન. આટલું સરળતાથી સમજવા પ્રયત્ન આદરશે? તો તો પછી આજની અડેડાઇ અને અભિમાન સાથે અકડાઈ પણ પ્રયાણ કરી જાય.

વસ્તુતઃ જ્ઞાનની પરખ જ્ઞાનની ન રહેતાં અજ્ઞાનની બનતી ગઈ. પ્રકાશને બદલે અંધકારે વ્યાપક રૂપ લીધું.

જ્યોત તો ક્યાંએ બુઝાઈ ગઈ. દુનિયા અથડાતી—કુટાતી બની ગઈ. જમાનાના જેટલા ઝેર હતા તે બધા ફેલાતાં ગયાં અને ભારતભરમાં દુઃખની આંધી અને ડમરી દિન—પ્રતિદિન જુજુઆ રૂપમાં જોર પકડતી જ ગઇ.

બીજી બાજુ સંપૂર્ણ સુખ પ્રાપ્તિનો ઉચ્ચ તાત્વિક માર્ગ પણ તેવી જ રીતે ઘેરાતો ગયો. **જૈન ધર્મ એ એક સાર્વીય માર્ગ છે. અમૂકનો જ એ ધર્મ એમ નથી.** તેના સિધ્ધાન્તો સર્વજન કલ્યાણકર છે. પોત-પોતાની કક્ષામાં રહી પ્રોપર પ્રોસેસથી, વિધિમાર્ગને વફાદાર રહી, સૌ કોઈ એનો મહાન અદ્ભૂત લાભ ઉઠાવી શકે છે.

જૈનધર્મ એ વાડો નથી, પણ ધારાસભાના બંધારણની જેમ બંધારણીય ઉચ્ચ કોટિનો આજ્ઞામાર્ગ છે. એના કાયદા અફર. એના બાયલોઝ દ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવને અનુસરી સાધક રીતે ફરી શકે. પણ મૂળ સિધ્ધાંતો સ્વચ્છ અને અડગ. સર્વકાળે સર્વના કલ્યાણસાધક નિયમમાં ફેરફાર કરવાનો વિચાર એ જ અવળી મતિ.

અવળી અને વિભ્રમ કહો, માયા કે અજ્ઞાન કહો, **મોહ કે મિથ્યાત્વ** કહો. પણ એ તારકને મારક માને છે. વિઘાતકને સાધક માને છે. અને પોતાને અને પરને માટે દુઃખના ડુંગર ઉભા કરે છે. વિશ્વને વિરાટ સત્યમાંથી ઉંડા વમળમાં નાખી દે છે.

કુદરતના કાનૂન એક સરખી ગતિથી વહ્યા કરે છે. તે અનાદિત પ્રવાહને શુધ્ધ, સ્પષ્ટ અને સ્વચ્છ રૂપમાં જૈનધર્મ રજુ કરે છે. તે સમજાવવા વિવિધ ભૂમિકાઓ ખડી કરે

છે. જેથી શક્તિ પ્રમાણે સૌ આચરી પણ શકે. અમલમાં આવે તો જ લાભ કરે ને? ખાલી વાતોથી શું વળે?

અનાદિ કાળથી આત્મા જુદા જુદા શરીરને ધારણ કરતો આવ્યો છે. એમાં 'કર્મસત્તા' નામની પરકીય સત્તા કામ કરી રહી છે. એ સત્તાની જાળમાં જકડાએલો આત્મા સ્વસત્તાને નિતાન્ત ભૂલી ગયો છે. ગુલામ બની રહ્યો છે. ગુલામી યુગની ભયંકર યાતનાઓ ભોગવી રહ્યો છે. યાતનાઓનો અતિ ઘોર સમૂહ એ છે એનો સંસાર. આ છે જૈન ધર્મની ઉદ્યોતક જ્યોત. એ પામે, એની છાયામાં આવે, તે સંસાર તરે.

આવો ઉચ્ચ કોટિનો તારક માર્ગ અદ્ભુત કોટિના વિશાળ તત્વજ્ઞાનથી ભર્યો કુલ્યો આજે પણ અડીખમ ઉભો છે પણ તેની આજુબાજુ પણ ઘેરાં-જાળાં પથરાતાં જાય છે. પાથરવા-તેના પ્રકાશને રૂંધવા-અગમ્ય પ્રયત્નો છેલ્લા પચાસ વર્ષથી ચાલુ જ છે. ત્યાં વળી તેનો ઉદ્યોત સ્વકીયોને હાથે છેલ્લા વીસ વર્ષથી વેરવિખેર થઈ રહ્યો છે. આ નગ્ન સત્ય છે. શાબ્દિક હૈયાવરાળ નથી.

સ્વકીયોમાં પાછા બે ભેદ. એક પોતાને પ્રગતિ જુથમાં મૂકે છે અને સામાને 'રૂઢિચુસ્ત' તરીકે ઓળખાવે છે. શબ્દોની સાઠમારીમાં ઉતર્યા સિવાય પરમાર્થને સાધવાની જ જો તાલાવેલી હોય તો તો જેવું વિકટ પરિણામ આવ્યું છે અને વેગ પકડી રહ્યું છે, તેવું બનત જ નહિ.

પણ ભગવંત વીતરાગ દેવના અસલી સ્વરૂપને અને તેના સાધક સાધનોને રૂડી રીતે સમજવાં નથી. જમાનાના

નાશક પવનમાં ખેંચાવું છે અને ધર્મની પ્રગતિ સાધવાની સૂફીયાણી વાતો કરવી છે. સફળતા ક્યાંથી મળે?

બીજી બાજુ બીજો વર્ગ ધર્મના સાધક સાધનોને પૂર્ણ વફાદારીથી વળગી તો રહ્યો પણ તેમાંનો કેટલોક વર્ગ તેના હાર્દને તેના તારક ધ્યેયને ધીમે ધીમે વિસરતો ગયો અને ટીકાખોરોનો ભોગ બનતો ગયો. એમને જો ટીકાકાર મળ્યા હોત, હૈયાના સમજણભર્યા નાદે અંગુલી નિર્દેશ કરનારા મળ્યા હોત તો પરિણામ રૂડું આવત. પણ આ તો ગજ ગ્રાહ ચાલ્યો છે. જાણે પવિત્ર જૈન ધર્મના બે જુદા જ ફાંટા.

આમાં જો હૃદયની સચ્ચાઈ અને વિશાળતાનો મેળ જામ્યો હોત તો અનેરૂ અદ્‌ભૂત પરિણામ જોવા મળત. પોતાને પ્રગતિમાં માનનાર વર્ગ માર્ગના મર્મને સમજવા તૈયાર હોત અને સાધનોને વફાદાર વર્ગ તેમને હૈયાસરસા લઈ સાધર્મિક ભાઈચારાથી સાંભળવા–સંભાળવા અને અપનાવવા તૈયાર હોત તો સ્વર્ગ સર્જાત.

કદાચ કોઇક પ્રયત્નો થયા પણ હશે, પણ તે હવામાં ઉડી ગયા હશે. કોઈનો પણ વાંક કાઢવો અત્યારે અસ્થાને છે. **પણ હવે શું?** એ જ એક વિચારણીય મુદ્દો છે.

દીગમ્બરભાઈઓને ભાઈ તરીકે અપનાવવા અનેક પ્રયત્નો થયા. ઉદારતાથી કામ લેવાયું પણ પરિણામે? હાલાકી વધી કે ઘટી? ભાવીના ગર્ભમાં શું એ હશે! આપણે તો લાંબી ફર્લાંગો હવામાં ભરવી નથી, ચંદ્રલોકમાં જવું નથી, પણ સુધર્મની ધરતી પર ઉભ્યા રહી સાધના કરવી છે. સાધ્યને સદા આંખ સામે રાખવું છે, સાધનો

તદ્રુપ જે બતાવે તેને અપનાવવાં છે, કોણ કેટલું કરે છે એ જોતાં પહેલાં કોણ સત્યને સંપૂર્ણ રીતે માનસપટમાં અપનાવે છે તે જ મુદ્દાને આગળ રાખવો છે.

આને માટે શ્રી શ્વે. મૂ૦ પૂ૦ ધર્મને માનતા-પાળતા સમાજની નજર હૈયાના હાર સમા તારક પ. પૂ. શ્રમણ વર્ગ પર જાય એ તદ્દન સ્વાભાવિક અને સુયોગ્ય છે. પણ હસ્તદ્વયની અંજલી લલાટે લગાડી, અતિ નમ્રપણે પણ ખુલ્લા મનથી અને દીલના દર્દે કહેવા દો કે ત્યાં વળી આખો ઘેર અજબ વિચિત્ર સર્જાતો જાય છે.

હવે લાંબુ ચોડું વર્ણન તે વિશ્વના તેજ સમી પવિત્ર સંસ્થાનું કરવું મુનાસિબ નથી. કારણ કે પેપરો અને માસિકોની દેવડીએ ઘણું ઘણું નગ્ન-સ્વરૂપે આલેખાયે જ જાય છે. આપણે 'વા વાયો ને નલીયું ખસ્યું. તે દેખીને કુતરૂં ભસ્યું ' વાળી સ્થિતિથી આનંદ નથી માનવો. 'દર્દનું નિદાન અને સુયોગ્ય ચિકિત્સા તરફ મનને દોરવું જરૂરી છે અને તે પણ 'સમતુલાના ગણિતથી' વિધિપૂર્વક.

શબ્દોના સાથીયા પુરવા માત્રથી ઉકેલ નથી મળવાનો. હોહા કર્યા વિના સંગીન સક્રિય દૃઢ પગલે, વિના સ્વાર્થ હૈયે, પક્ષથી પર રહી માર્ગ કાઢવો જ જોઈશે. **સામાન્ય નિદાનમાં ઉત્સૂત્ર પ્રરૂપણાનો ચાલુ થએલો પ્રવાહ અને ચારિત્રમાં ધષ્ટતા તો મુખ્ય છે જ** પણ ધર્મના ઉદ્યોતના નામે ઉત્તર ગુણોની હદ વટાવી મૂલ ચારિત્રને ઘાતક થઈ રહેલી પ્રવૃત્તિઓ અને શાસન પ્રભાવનાને નામે કેટલાક અંશે પોષાતી પરિગ્રહ સંજ્ઞા પણ નિદાનનાં આછાં કારણ નથી જ. પછી એના આડમાર્ગો ગમે તેટલા હોય.

જ્ઞાનભંડારો ભલે ફાલે ફુલે-નવ્ય સર્જાય પણ તેની અંતિમ માલિકી કોની? ઉપાશ્રય કે જ્ઞાનમંદિરોને નામે ભલે નવ્ય ઈમારતો સર્જાય પણ તેની માલિકી વ્યકિતની તો નહિં જ ને? તીર્થો-દેરાસરજી, જ્ઞાન-ભંડારો-મંદિરો, તેની રક્ષકપોષક રકમો-ઉપાશ્રયો શાસનના જ ગણાયને? તેની વ્યવસ્થા શાસનના સિદ્ધાંત-કાનુન પ્રમાણે જ થાય ને? મનઘડંત વિચારો અને કલ્પનાઓ શું કામ આવે? પક્ષીય ધોરણ એ જ દર્દનું મૂલ આખરે ને?

સંભળાયું, વંચાયું, લખાયું અને હજુ પણ અંધકાર-યુગને ભૂલાવે તેવી તે કહાની ગવાયે જાય છે. કેટલી બધી શાસન માલિન્યની કહાની હશે? કે સૌનાં હૈયા પ્રજળી ઉઠયાં છે, પણ વ્યકિત કે સમૂહ કે સત્તાના કોઈ પક્ષીય ધોરણે તે કહાની ઉપર જગત્ ઝબકી ઉઠે, એવો આંચળો ઓઢાડ્યો. રે કાળ તારી પણ બલિહારી!

ઠીક, કર્મવશ પ્રાણી ભૂલે. ભયંકર પાપની ગર્તામાં પણ ગબડી જાય. કદાચ વ્યકિતગત અપેક્ષાએ કરૂણા નજરે ક્ષમાપાત્ર પણ બને. પણ સમષ્ટિ દૃષ્ટિએ, જનમન પવિત્રતાની દૃષ્ટિએ, વિશાળ વ્યાપક પવિત્ર સાધુ સંસ્થા અને સર્વ કલ્યાણકર મહાશાસનની દૃષ્ટિએ શું? વ્યવસ્થિત બદી, આકરો ચેપ, વધુ મરકી જ વ્યાપક રૂપમાં ફેલાવેને? આથી વધારે સમીક્ષા પણ શી!

આ એક કરડું ઘાતક દૃષ્ટાંત આંખ સામે રાખીને પણ, નથી તો સમુદાયના સ્વામીનો સૂર સંભળાતો, નથી તો સમુદાયનો ખળભળાટ જણાતો. નથી તો અન્ય સુવિહિત

પરમપૂજ્યોની પરસ્પરની વિચારણા હવામાં ગુંજતી. જાણે સીધોસાદો બરફનો થર ન જામ્યો હોય, સીમલાની કાતિલ ઠંડી.

પણ એ કાતિલ ઠંડીમાં યુવાન હૈયાઓની શ્રદ્ધા ઓગળી જાય. જમાનાને નામે કોઇક ગુલબાંગો વધુ વહેતી થાય. ગુલ્બાંગો સત્યને પણ અસત્ય ઠેરવે. તે પડદા નીચે પામરો ધર્મધ્વંસક પ્રવૃત્તિ કરી શકે અને એનું પરિણામ ? વ્યક્તિ કરતાં સત્યનું રક્ષણ પ્રાણસમ નહિ ? કાળ જોયા કરવાનો ને આંખ મિચામણાં કરવાનો જ છે ?

ઘરમાં આછી આગ લાગી છે, વાયોલીનનો સૂર કર્ણ-પ્રિય બન્યો છે, આગ વધતી ગઈ, વાયોલીન સુરક્ષિત રહેશે ? વગાડનાર સાંભળનાર બન્ને ? પરમ પ્રભુનો પરમ તારક માર્ગ કીડાઓથી કોરાઇ રહ્યો છે, જાળી જેવો બનતો જાય છે. તે ટાણે પણ તદ્દન ઉપેક્ષા ? હૈયા કંઇક પૂજ્યોનાં પણ કોરાતાં હશે, પણ આપણે શું કરીએ ? આપણું પુણ્ય નહિ. ના, સૌ સૌના પ્રમાણમાં પ્રયત્ન આદરી કાથીના વળ ચઢાવા માંડે. અન્ય સબળનો સહકાર પ્રાપ્ત કરે, કાંઇ અશક્ય નથી. પોતપોતાનામાં બળ જાગૃતિ ખર્ચાય છે કે નહિ ? દોરડું બનશે જ.

આ તો ચિકિત્સાનો પ્રાસંગિક ઉપાય વિચાર્યો પણ મહાશાસનમાં રહેલો પંચાચારમય સુધર્મ સર્વનો રક્ષક બની રહે તે માટે તેની અંદર રહેલી મહાજ્યોત–ઉદ્યોત, પ્રકાશ અને છાયા તો જોવા જ જોઇશે ને ?

જ્ઞાનની મહાજ્યોત ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે દર્શનનો ઉદ્યોત હૈયામાં જામે છે. સમ્યગ્દર્શનને પરમ પૂર્વધર

ઉમાસ્વાતિજીએ અપેક્ષિત પ્રથમ સ્થાન આપ્યું. પંચાચારમાં મુખ્યતા તો દર્શનાચારની જ વ્યાપક છે. દર્શનાચારનાં અનુષ્ઠાનો શ્રધ્ધા અને જ્ઞાનના પાયારૂપ બને છે. સુથારનો દીકરો આઠથી દશ વર્ષની ઉંમરે જ વાંસલો હાથમાં લે છે. ખાલી છોડીયાં પાડે છે. એક સુંદર આકર્ષક રમકડું બનાવવાની સ્પષ્ટ સંજ્ઞા નથી હોતી. પણ સોળમે વર્ષે સફલ કારીગર બની જાય છે.

પવિત્ર તારક અનુષ્ટાનો, પૂર્વ સંસ્કારથી ગણુથી પાંચ વર્ષની ઉંમરે શાસનના બાલક બાલિકાઓમાં શરૂ થઈ જાય છે. ધ્યેય સ્પષ્ટ નથી હોતું. જ્ઞાનની માત્રા સંસ્કારની હોય છે એમ કહીએ તો ચાલે. પણ પ્રેક્ટીકલ લેબોરેટરીમાંથી જ્ઞાનની માત્રા પ્રકાશિત થઈ જાય છે. રોમ રોમ આનંદની સરવાણીઓ વહેતી થાય છે, તે નિર્દોષ–તાત્વિક આનંદ શ્રદ્ધા અને જ્ઞાનના પુરને પ્રગટાવે છે, દર્શનાચારમાંથી જ્ઞાનાચાર વિકસે છે–ખીલે છે અને શાસન રહસ્યનો જ્ઞાતા આત્મા બને છે તે રીતે જ્યોત પ્રગટે છે.

જ્યોતનો પ્રકાશ ઘેરો બનતો જાય છે. સમ્યકત્વની કરણી પ્રાણપ્રિય બને છે. દેશવિરતિ અને સર્વવિરતિનો સાચો પ્રકાશ હૈયામાં સર્ચલાઈટ બને છે. માનસપટમાં વૈજ્ઞાનિક રાસાયનિક ક્રિયા ચાલુ થઈ જાય છે. આત્મશક્તિના અને પુરાણી વાસનાના માપ નીકળે છે અને શક્તિ પ્રમાણે દેશ કે સર્વવિરતિનો અમલ થાય છે. ચારિત્રાચારનાં બહુમાન દિગંતવ્યાપી બને છે. કંઈકના હૈયામાં પ્રકાશ કે છાયા જામે છે.

તપાચારનું તેજ તો સર્વતોમુખી પ્રશંસાપાત્ર બને છે. તપનો મહિમા અતિ ભારી. એ તો કર્મ કટારી, દે દુઃખડા સર્વ મટાડી. સૌ જનની સાચી વાટલડી, માયાને દેશવટો. માનને સ્થાન નહિ. લોભ હૈયામાં માત્ર તપોવૃધ્ધિનો, ક્રોધ તો એનું ઝેર, એ રહી જાય તો વર્તાવે કાળો કેર. અને તપ હૈયું સદા કરે ફેર, ઉંચામાં ઉંચું આલંબન સંયમ શરીરનું લોખંડી કવચ. મહાવ્રતોની જબરજસ્ત વાડ. છાયા પણ પવિત્ર બનાવે. અશકતો માટે અનુમોદના વિશિષ્ટ છાયા બની જાય છે.

પાંચમો આચાર ઉદાર છે. એનું નામ વિર્યાચાર. સ્વશકિત અનુસાર સંયમમાં અને ધર્મના સમાજ કલ્યાણના કાર્યોમાં આત્મશકિત ખીલવવી એ છે એનું રહસ્ય. અપ્રમાદનું સેવન અને પ્રમાદનું વિસર્જન એ છે એનું હાર્દ.

પાંચે આચારો એના મૂળ રૂપમાં વિસ્તારથી સમજવા જેવા છે. એ સમજતાં ધર્મનું સાચું સ્વરૂપ નકશાની માફક ખડું થઈ જાય છે. ધર્મનો એ પાયો છે. ધર્મ તેના પર જ નિર્ભર, સમાજનું ઐહિક–પારલૌકિક અને આધ્યાત્મિક કલ્યાણ એમાં પૂરેપૂરૂં વિચારાયું છે. માટે જ એ સનાતન સત્ય છે. સમાજનો આદર્શ બની રહે છે. પક્ષ વિહોણો નિર્દંભ માર્ગ છે. એના પર સામાન્યથી પણ પાંચસો પાનાનો સરળતાથી ગ્રંથ લખી શકાય.

આ રીતે સર્વોત્તમ માર્ગ શાંતિનો–ચિરશાંતિનો જૈનધર્મ બતાવે છે માટે જ એ વિશ્વ કલ્યાણકર છે. રાગ, દ્વેષ અને મોહથી સર્વથા પર, સર્વજ્ઞ, સર્વદર્શી આત્મા માત્રને તે પરમાત્મા માને છે. વ્યકિત પૂજા નહિ પણ

ગુણપૂજા એ ઓજસભરી પ્રણાલિકા છે. 'નમો અરિહંતાણમ્' આંતર રિપુને જીતનારને નમસ્કાર એનો મહામંત્ર છે. જેને ક્રોધાદિ કષાયો જીત્યા, વિશ્વમૈત્રી સાંગોપાંગ સાધી તેને બાહ્ય દુશ્મન તો હોય ક્યાંથી ? પરમાત્મા બનેલ જે માર્ગ કથે અને બતાવે ત્યાં સંપૂર્ણ શ્રદ્ધા મૂકવામાં એકાંત લાભ જ હોય એવા 'બાબા'નું વાક્ય પ્રમાણ કરવું એમાં જ માનવની ઉન્નતિ–પ્રગતિ અને પૂર્ણતા.

ગુરૂસ્થાને કંચનકામિનીના ત્યાગી, સર્વ પ્રાણીગણના રક્ષક જ ટકી શકે. તેના જ સત્કાર–સન્માન હોય, નહિ પક્ષપાત કે ભેદ. માટે જ 'નમો લોએસવ્વસાહૂણમ્' વિશ્વના સર્વ સાચા સંતોને નમસ્કાર.

આમ આત્માની 'જ્યોત' પ્રગટાવવા ધર્મનો ઉદ્યોત અતિ જરૂરી છે. પ્લેટફોર્મ અને પ્રેસ દ્વારા અનિશ્ચિત અને ક્ષણિક ધ્યેયો માટે ઓછા પ્રચાર થાય છે ? તો જનકલ્યાણના સાચા ઉપાયને વહેતો રાખવા શું શું સુયોગ્ય માર્ગો અને ઉપાયો અપનાવવા ? એ તો સમાજના નેતા અને ગુરૂસ્થાને રહેલા આત્માઓએ વિચારવું રહ્યું.

તેમાંએ વિશ્વ શ્રેષ્ઠ શ્રમણ સંસ્થા. ત્યાગી અને વિવેકી. સદાચાર અને સન્માર્ગનો પૂંજ, તેની પવિત્રતા અને શુદ્ધ આકર્ષણના રક્ષણ માટે ? આર્ય સંસ્કૃતિના સંસ્કારો સજીવન રાખવા માટે ? ભારત વર્ષની અસલી શાન સાચવી તેની બઢતી માટે ? સમાજના સુખ–દુઃખના ઔષધ માટે ?

જ્ઞાનની–સમ્યગ્ જ્ઞાનની જ્યોત જલતી રાખવી પડશે. સત્યમાં શ્રદ્ધા અને અસત્યના ત્યાગની કળા ફુરતી જાગૃત

કર્યે જ છૂટકો. તેના ઉદ્યોતમાં નીતિના માર્ગો પાછા ઝળહળતા બનશે, પરસ્પરનો અભાવ ટળી જશે. મીલમાલિક અને કામદાર વચ્ચેના ઘર્ષણનો વિનાશ થશે. દુકાનમાલિક અને ગુમાસ્તાનો ભૂતકાળનો હૈયાપ્રેમ પ્રકાશમાં આવશે, પરસ્પરની સહાનુભૂતિ અને સત્કાર ભારતવર્ષમાં સ્વર્ગ કયાં ન ખડું કરે! લૂંટવાની અને સંગ્રહખોરીની વૃત્તિ કયાં ન મરવા પડે?

અને ચારે બાજુ પ્રકાશ પથરાતાં તેની દિવ્ય છાયા દુનિયાના પ્રદેશોમાં ફેલાયા વિના રહેશે? દિવ્ય છે ભારતની ભોમ, અનોખા છે એના ઋષિ-મહર્ષિ અને પરમર્ષિ. પરમ સુખદાયી છે એમના સંદેશાઓ.

સૌ એ સંદેશ ઝીલે, સમાધીના ઝુલે ઝુલે. આત્માનંદ અનુભવે. સંસારના સર્વશ્રેષ્ઠ માનવી બને. મહામાનવમાંથી પરમાત્મપદે પહોંચે. પરમ પ્રકાશને વિશ્વમાં વ્યાપક બનાવે એ જ ભાવના.

## મહાદીપની જ્યોતિ દેવલોકમાં દીપી ઉઠી.

સાગરના તીરે ઉભો માનવી. સાગર અનંત-અફાટ. સાગરનું નામ 'સંસાર.' માનવીને પાર ઉતરવો સાગર. નાવિક મળ્યો અરિહંત. 'નૌઆ'નું નામ મહાશાસન. મહાશાસનને પામે ભવ્ય. ભવ્ય શુધ્ધ દૃષ્ટિનો અધિકારી. 'નૌઆ'

વિહારની મોજ માણી શકે. અરિહંતના હલકારા, હૈયે અનુભવી શકે. પોતાના આત્માના તાર હલાવી શકે. પરની પામરતા ફીટાવી શકે. કૈંકનું કલ્યાણ સાધી શકે. કીર્તિ તેની દાસી.

આવા એક મહામાનવને જન્મ–મરણ વસમા લાગ્યા. વસમો લાગ્યો સંસાર કારાવાસ. સંસારની કામનાઓ એટલે ભયંકર ભુતાવળ. આત્મા કંપી ઉઠયો. પહોંચી ગયો પાલી-તાણા. ચડી ગયો ગિરિરાજદાદાને દરબાર. મૂર્તિ દીઠી અને આત્મા દૃઢ બન્યો. શોધ્યા વિજયદાનસૂરીશ્વરજી ગુરૂમહારાજ લીધા સંયમના દાન. વિજય કર્યો કષાય પર. સંયમધન સમિતિ–ગુપ્તિ ભંડાર–સ્વાધ્યાયનો પ્રકાશ તપ એ જ તેજ

જ્ઞાન દીપક પ્રકાશ્યો. ગુરૂકૃપાનું તેલ ભરપૂર. વાટ બનાવી ઉદ્યમની. સંસ્કૃત–પ્રાકૃત, ન્યાયતર્ક અને વ્યાકરણ સાહિત્ય ને કાવ્ય. પ્રકરણ ને કર્મગ્રંથ. કમ્મપયડી ને ચૂર્ણિઓ સાથે જ વિનય ને વૈયાવચ્ચ પુરા. મનના કોડ નહિ અધુરા.

આ મહામાનવ પ્રેમચંદજી સં. ૧૯૪૦માં જન્મ્યા. ૫૭માં સાધુ બન્યા. છોંતેરમાં પન્યાસ અને 'સિદ્ધાંત મહોદધિ'નું બિરૂદ પરમ ગુરૂદેવ તરફથી. ૮૭માં ઉપાધ્યાયજી. ૯૧માં આચાર્યપદવી. ગુરૂદેવની આજ્ઞા પાલન ખાતર એ પદને દીપાવ્યું અંત સુધી સોભાગી મહાત્માએ.

વચ્ચે ૯૯માં વડોદરા–પ્રાચ્ય સંસ્કૃત ભંડાર નિહાળતાં કર્મ સાહિત્ય સર્જનની ઉર્મિ. તેનું મહાસર્જન–૮૫ વર્ષની પાકી વયે. યુવાનીભરી જહેમત વિ. વિ. હવે તો જગ

જાહેર છે. પંચાચાર પાલનમાં–પળાવવામાં શૂર હતા–વીર હતા. શાસનપ્રભાવના અનોખી કરી. ૨૦૨૪ના વૈ. વ. ૧૧ રાત્રે ૧૦–૪૦ મીનીટે ખંભાત નગરે દીપકની જ્યોત ઉર્ધ્વ-ગામી બની. ૮૪ વર્ષ, ૨ મહિના, ૧૧ દિવસ. માનવલોકમાં ૬૭ વર્ષ ૬ મહિના અને ૬ દિવસ વિશ્વને પ્રકાશ આપ્યો. હવે પ્રકાશ ફેલાઈ રહ્યો છે વિબુધોના આવાસમાં, ઈંદ્રની અલકામાં.

પણ તેનાં કિરણ તેજ તો પૃથ્વી પર છે જ. તેમના સાધુજીવનની ફોરમ. તેમનું સર્જન. ૩૦૦ ની સંખ્યામાં. દરેકનાં ચિત્ર જુદાં. પણ આંખને ગમે તેવા આહ્‌લાદક અને પોષક. તપનું ચિત્ર વિવિધરંગથી ભરેલું. આયંબિલ વર્ધ-માનનો રંગ ખુલ્લો શ્વેત. કાળા કર્મને બાળે. શુકલ ધ્યાનની શ્વેતશ્રેણીએ ચઢાવે. સંયમનું ચિત્રામણ ચમકાવે. ભલભલાને આકર્ષે. મનને ડોલાવે, રંગ–૧૭–રેખા–૭૦-૭૦. ત્યાગ એ તો મોક્ષની નિઃસરણી. સુવર્ણની જ બનેલી. રંગ અર્જુન સુવર્ણનો. સ્વાધ્યાય પંચરંગી પીકચર. આગમથી ટીકા સુધીનું. ગુજરાતી આદિ ભાષાઓથી ભરપૂર. વિદ્વતા એ તો જૈન મુનિઓનો ઈજારો. રંગબેરંગી કલરો. વ્યા-ખ્યાન શૈલીનું તો વરદાન. સાક્ષાત્ હુબહુ જીવનચિત્ર. પરમ ગુરૂદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી. સિદ્ધાંત મહોદધિ, કર્મસાહિત્ય પ્રકાંડવેત્તા શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજીના પરમ વિનેય પટ્ટાલંકાર. ટીકાકારો પણ અનેક. પૂ. જગચ્ચંદ્ર-વિજયજી આદિ પદાર્થકારો, પૂ. જયઘોષવિજયજી. પૂ. ધર્માનંદવિજયજી આદિ. અનેક ચિત્રો ઉપસાવ્યાં આ મહા ચિત્રકારે. શાસનમાં અકબર બાદશાહ પ્રતિબોધક શ્રીમદ્

હિરવિજયસૂરીશ્વર પછીના લાંબા કાળે આવા સમર્થ ગચ્છાધિપતિ ભારત વર્ષ પામી શકયું છે.

તેઓશ્રીની એક લાક્ષણિક શૈલી હતી. જે કોઈ આત્મા પાસે આવે તેને એક ઉત્તમ પ્રેરણા. **"હવે તારે કયારે નીકળવું છે?" "જો સંસાર છોડી સાધુ થયા વિના કલ્યાણ નથી."** સંપૂર્ણ અને મૌલિક તત્વ સાદી સીધી ભાષામાં. ખૂબી તો એ કે બાલ યુવાન વૃદ્ધ સર્વને ઘડીભર વાત હૈયા સોંસરી ઉતરી જતી. અને તેમાંથી કૈંક આત્માને ઉંડી કાયમી અસર થઇ. સાધુપણું સ્વીકાર્યું. રૂડી રીતે પાળે છે. અનેક મહાન મહાત્માઓ તૈયાર થયા.

લગભગ પોણોસો આત્માઓ સંયમ લેતા લેતા રહી ગએલા તે તો લેખકે નિહાળ્યા. બે વર્ષના ગાળામાં મહર્ષિને વંદન કરવા આવેલા. કહે પણ ખરા "જો આ પૂરી ભાવના ને રહી ગયો" "મુડી ને વ્યાજ બન્ને બાકી રહ્યાં છે." ખરેખર આ પણ એક વિશિષ્ટ કળા હતી, આત્માને જાગૃત બનાવી રાખવાની.

આ બધું કેમ બનતું? આંખમાં ધર્મ-અમી હતું. બુધ્ધિ તારવાની હતી. હૈયું વાત્સલ્યથી ઉભરાતું હતું. ફટાટોપ બીલકૂલ નહિ. સાદાઈની સંયમમૂર્તિ. દેખાવ કે દબદબાનું નામ નહિ. કરૂણાનો ધોધ. સૂર સદા સાવચેતીનો. સ્વયં સાવધાન.

શિષ્યવર્ગ સદા આકર્ષાએલો સાથી રહેતો? બાળભાવે નિજની ક્ષતિઓ ખુલ્લી કેમ કરતો? જ્યાં હોય ત્યાંથી ભક્તિભાવ જ કેમ બતાવતો? ડુંટીના આશિર્વાદ મેળવવ કેમ ઝંખ્યા કરતો? નિર્મળ ચારિત્યના પ્રેરક-ખેવક અ

રક્ષક હતા. શબ્દોમાં જોમ હતું. ઉચ્ચારમાં આગાહી હતી. સંસારની ઝણઝટથી મન પર હતું. સૌના આત્માને માર્ગ-પર રાખી ઉંચે લઈ જવાની તિવ્ર ભાવના હતી. વીતરાગનું શાસન આત્મસાત હતું....

દીક્ષિત જીવનનાં લગભગ ૪૦ વર્ષ તો મૂક સેવક તરીકે પસાર કર્યા. પરમગુરુદેવોની સેવા–વૈયાવચ્ચમાં. વિદ્યાર્થીની વિશિષ્ટ અવસ્થામાં, ગુરૂકૃપાયુક્ત સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિમાં, સ્વકીય આત્માનું ઉચ્ચતર ચારિત્ર્ય જીવન ઘડવામાં.

ઓ, કુશળ કારીગર! તારી કળા ખરેખર લક્ષ્યવેધી બની. આનંદ પ્રમોદ નિર્દોષ તને જ વર્યા હતા અને તે હથિયાર વડે જ તેં અનેરા ઘાટ ઘડયા. ઘાટ તે કેવા સુંદર! આજે ભારતીય જનતા નયને નિહાળે છે, મુક્ત કંઠે પ્રશંસા કરે છે. તારા અદ્‌ભૂત નિર્માણના જીવંત ઘાટ પણ તેં શાસનને અનુરૂપ અનોખા ઘડયા. સાહિત્યક્ષેત્રે ઝીણવટભર્યા સર્જન. એ તો તારી યશઃકલગી અમર રહેશે.

સો વર્ષના ગાળામાં એક નવીનતા આંખ સામે તરી આવે છે. દીક્ષા ભૂમિ તો પાલીતાણાનું મહાપવિત્ર તીર્થ. ગુરૂવર્ય તો વિજયદાનસૂરીશ્વરજી. સમર્થ શિષ્ય તો વ્યા-ખ્યાન વાચસ્પતિ શાસન પ્રભાવક સિધ્ધાંત રક્ષા કટિબધ્ધ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજી આદિ. પન્યાસપદવી તો લોઢણ પાર્શ્વનાથાધિષ્ઠિત દર્ભાવતી તીર્થ. ‘સિધ્ધાંત મહોદધિ’ ગુરૂબક્ષીસ તો જ્ઞાનક્ષેત્ર મહેસાણા. આચાર્ય પદ રાધનપુર–ધર્મનગરી. ગ્રંથ પ્રકાશન જૈનપુરી અમદાવાદ. સ્વર્ગવાસ ભૂમિ–ખંભાત બંદર–પ્રાચીન તીર્થ શ્રી સ્તંભન પાર્શ્વનાથજી.

મહોત્સવ, પ્રતિષ્ઠા, અંજનશલાકા તો જૈનાચાર્યો દ્વારા થયા કરતા જ હોય. છેલ્લાં સાતેક વર્ષ 'હાર્ટએટેક'નાં બાજુએ મૂકો. બાકી સઘળું એ જીવન તપોમય ! એકાસણું-વૃત્તિ સંક્ષેપ, રસત્યાગ એ તો જીવનવ્રત. સ્ટ્રેચરમાં પગ અટકાયાથી બેસવું પડે, ભારે દર્દ દીલને. પણ શિષ્યો ભારે ભક્તિવાળા. શ્રાવક ગણને લાભ મળવો મુશ્કેલ ત્યાં ભાડુતીની તો કલ્પના જ કયાં ? સ્ટ્રેચર ઉંચકવામાં ખરેખર શિષ્યગણે નિર્જરા સાધી છે. પન્યાસજી મહાત્માઓ પણ આ ભક્તિમાં આનંદ માનતા. ગિરિરાજ પર પણ ત્રણે દિવસ ભારે વિનતિ અને આગ્રહ પૂર્વક શિષ્ય વર્ગ લઈ ગયો ત્યારે જ શાંતિ અનુભવી. આ હતી સંસ્કાર સ્વામીની રેડાણ કળા !

આદર્શ આંખ સામે મોટો. બુધ્ધિ નાની. કલમ આઠ આંગળની. ગુણશ્રેણિ અતિ લાંબી. શું લખવું ને શું ન આલેખવું. જાઇ-જુઈ–ગુલાબ, મોગરો કે શતદળ અરવિંદ કમળ મળે નહિ. સાદી પણ સામાન્ય સુરભિ ભરી પાંદડીઓ–ચરણે ધરી તોષમાત્ર માનવો રહ્યો. એ તોષ એ જ પોષણ કરશે આત્મ–ધર્મનું.

લેખકનો શિષ્ય ભાવ, ૨ વર્ષથી નિકટનો બનેલો. છેલ્લા બે વર્ષથી તો ગણવેશ વીરનો આપી પાસે રાખ્યો. કંઈક શીખ આપી. અનુભવજ્ઞાન સરિતાનાં મીઠાં પાન કરાવ્યાં. અગમ–નિગમના ભેદ સમજાવ્યા. આગમ–ચાવી પણ પાત્રતા પ્રમાણે બતાવી. સંયમનો આસ્વાદ અનુભવાયો. સમિતિગુપ્તિના પાઠ ભણાવ્યા. ભાવ દેહ–દ્રવ્યદેહની પૂરી રક્ષા કરી. આત્મીય બાળ ગણી ઉન્નતિના પંથે મૂકયો.

એ સ્મિત ભર્યું મુખડું ભૂલાય એમ નથી. આત્મ રમણુતાના એ ઉદ્દગારોનો ગુંજ મનમાં ગુંજ્યા જ કરે. "જો સમજ" કહી સાધુ જીવનની આંટિઘુંટી આંખ સામે ખડી કરનાર કાબેલ જાદુગર ગયો. સંયમ–મંત્ર ફુંકનાર ગારૂડી ગયો. પણ એ મીઠી યાદ–સમય પરનાં સ્વસ્તિક વચનો–આંખમાં આંખ ઠેરવી આપેલી પ્રેરણાઓ તો જીવતી જાગતી જ છે. એ જ દોર વડે સ્વર્ગમાં પણ આકર્ષિત રહેશે લેખકનો આત્મા.

યશોગાથાઓ રચાશે. કાવ્યો અને પ્રશસ્તિઓનું પ્રકાશન થશે. સાચા મહાપુરૂષનો પુરૂષાર્થ ભારતભરમાં ચિરંજીવ થશે પણ સેવક તો નીજની સાદી ભાષામાં--હૈયાની નમ્રતાથી મહોપકારીના ઉપકાર ભાવને સતત આંખ સામે રાખી નત મસ્તકે કોટીશઃ વંદનાની પાંખડીઓ પરમ પવિત્ર ચરણ કમળોમાં ધરી તોષ માને છે.

## તીર્થો અને આપણી જવાબદારી.

**સંસાર સમુદ્રથી** તારે તે તીર્થ. એવાં પવિત્ર તીર્થો ભારતભરમાં **પથરાએલાં** છે. એ તીર્થોની જાળવણીની જવાબદારી પણ આપણી એટલી જ છે. **સમેતશિખર**, કેશરીયાજી, **અં**તરીક્ષજી, મક્ષીજી જેવા તીર્થોમાં આપણી કેટલીક બેકાળજીથી અંતે આપણે થોડું–ઘણું ગુમાવવાનું બન્યું છે. પૂ. મહારાજશ્રીએ આ અંગે આપણી સમક્ષ કેટલીક હકીકતો રજુ કરી છે તો તે વિચારણીય છે એટલું જ નહિં પણ તીર્થ રક્ષા અંગે જાગતા રહેવાની જરૂર છે.

**આ**ત્માને ભવસાગરથી તારવાને સમર્થ સ્થાવર તીર્થો ધર્મી આત્માને મન પ્રાણથી અધિક છે. રાગ અને દ્વેષ સંસાર પોષક અને વર્ધક છે. તેનાથી છૂટવાને તીર્થ ઉત્તમ નિમિત્ત છે. તે જ તીર્થની રક્ષાનો પ્રશ્ન ઉભો થાય ત્યારે શું કરવું ? રક્ષામાં પ્રાયઃ અલ્પ પ્રમાણમાં કે અધિક પ્રમાણમાં રાગદ્વેષ તો આવી જ જાય, પછી ભલે તે શુભ-ભાવના હોઇ અલ્પબંધ કરે.

આ પ્રશ્ન જરા ઉંડાણથી સમજી લેવા જેવો ગણાય. રાગદ્વેષથી સર્વથા સર્વાંશે પર જિનેશ્વર દેવો. તેના ઉપાસક–ફોલોઅર્સ જૈન. સંસારના પદાર્થો પરથી રાગદ્વેષ ઘટાડી અહમ્ અને મમત્વને ફંગોલી દેવામાં પ્રવૃત્ત વિશિષ્ટ **જૈન. સંસારના ભોગોપભોગ–ધનદોલત–શરીર અને સંબંધી પરનો રાગ મહાભૂંડો છે એમ હૈયાથી માનનાર જૈન.** રાગ હોય ત્યાં દ્વેષનો સંભવ.

અનાદિકાલીન વાસનાઓથી વ્યાપ્ત રાગદ્વેષને દૂર કરવા માટે કરવું શું ? ભયંકર શત્રુ સામે ઉપાય પણ ભયંકર. આત્માની સ્વાભાવિક શાંતિ અને સુખને લુંટનાર સામે યુક્તિથી કામ લેવું પડે ને ? ઝેરને ઝેરથી મરાય. કાંટાને કાંટાથી કઢાય. રાગદ્વેષને રાગદ્વેષથી કાઢવાની પ્રબળ યુક્તિ જ કારગત નિવડશે.

**ઘર પરનો રાગ મંદિર પર. પેઢી પરનો રાગ ઉપાશ્રય પર. ધન પરનો રાગ ધર્મ પર. સંબંધી પરનો રાગ સાધર્મિક પર.** જડ પરનો રાગ-ચેતન પર. શરીર પરનો રાગ આત્મા પર. આ તો એવો અખ-

તરો છે કે કરે તો લાભે. શાંતિ–સુખ–સમાધિ પામે. ગૃહ. સ્થપણામાં કર્માધીન બની ન છુટકે રહેલો પણ કોઇ અશકિત પીડતી હોય. કોઇને આશકિત.

ખૂબી એ છે કે રાગ કરવાને ટેવાએલો અનાદિકાલીન આત્મા સ્વાર્થિક–સંસારી બદબોથી ભરેલા-રાગથી તદ્દન પર બનવો એકદમ અશકય. તોફાની બનેલ નદીનું પૂર ન હાથથી રોકાય. ન રેતી–સીમેન્ટની થેલીઓથી રોકવાનું બને. નાની નાની નહેરો પૂરને નાથે. નુકશાનને બદલે ફાયદો. ખેતર લીલાછમ. ગામ તણાતાં બચે. ગામવાસી કિલ્લોલ કરે.

કીડી–કંથુઆને બચાવવા તલસનાર–પશુ–પંખીને–કુતરાદિને પોષનાર. દીન–હિન માનવને રક્ષનાર. પરનું દુઃખ જોઈ ન શકનાર. સામાનું દીલ પોતાના વચનથી દુઃખાતાં, ક્ષમા માગનાર માનવ–મહામાનવ. શ્રી રામ જેવા મહા–માનવોને શ્રી સીતા દેવીના શીલની રક્ષાર્થે, મહા યુધ્ધ કરવું પડયું. વીતરાગ પ્રાયઃ દશાને પામેલા મહામુનિ વાલીયે રાવણને કડક શીક્ષા કરવી પડી. શ્રી અષ્ટાપદ તીર્થના રક્ષણ માટે. આ શું સમજવું ?

ગૃહસ્થ ગૃહસ્થપણામાં પોતાની પાડોશની કે પોળની દીકરી-બ્હેનની મશ્કરી થતાં સામનો કરે કે નહિ ? કરવો પડે કે નહિ ? ન કરે તો ગૃહસ્થાઈ લાજે ક નહિ ? અને તે વખતે પણ શાણા સદ્દગૃહસ્થનું હૈયું કેવા ઉચ્ચ વિચાર ધરાવતું હોય ! એ વળી વાત જ જુદી.

એક બંગલો બબલદાસનો છે. રજીસ્ટર્ડ માલીકી નોંધાએલ છે. ગબલદાસ ગેરહાજરીનો લાભ લઇ બંગલો બથાવી બેઠો. બબલદાસે અરબી સમુદ્રમાં ઝંપલાવવું કે સમજાવવા

પ્રયત્ન કરવો? ખૂબ સમજાવ્યું, કાલાવાલા કર્યા, બંને બાજુના સંબંધીઓ આવ્યા. ભાઈ સમાધાન પર આવો!

કેવું સમાધાન? અડધું તારૂં અને અડધું મારૂં. એમ? કોનું જાય? અરે ભાઇ મારૂં તારૂં શું? જ્યાં ત્યાં ઝગડો પતાવો ને? સંસારમાંથી શું સાથે લઇ જવાના છો? બબલદાસ અડધો બંગલો આપી દેશે ને? જરાય નહિ. શા માટે આપી નથી દેતો? અન્યાય થાય છે માટે ને? કોર્ટ કોને રક્ષણ આપશે? કોર્ટ એટલે ન્યાયનું આસનને?

એક પ્રસંગ યાદ આવી જાય છે. એક જૈન શેઠીયાએ એક જૈન ભાઇ પર સાચો દાવો દાખલ કર્યો. સામો ના મકર જ જાય. સાક્ષી પુરાવા થયા. હુકમનામું ખર્ચ સાથે થયું. ટાઇપ થઈ મળી ગયું. ત્યાં ને ત્યાં ફાડી નાખ્યું. શેઠ બોલ્યા સાહેબ, પૈસાનો કે લેણાનો પ્રશ્ન નહોતો. સાચા ચોપડાને જુઠ્ઠા બનાવવાની કોશિષનો સામનો હતો. હજુ જરૂર હોય તો મારો સાધર્મિક છે. બીજા આપવા તૈયાર છું. ન્યાયાધીશ આફ્રિન બની ગયા.

ધર્મપાલન નીતિ ઉત્તમ છે. રાગ-દ્વેષ ઘટતા જાય. અને દેવ ગુરૂ-ધર્મ-સાધર્મિક અને તારક તીર્થ પર પ્રેમ વધતો જાય એનું નામ ધર્મપાલન. ધર્મ રક્ષણ-નીતિ-પાલનની કસોટી છે. દેરાસરજી પર આફત આવી, ચોર-લુંટરાઓની ધાડ આવી. મૂર્તિ ભંજક પાપી અંદર પેસી ગયો, પૂજા કરનાર પલાયન થઇ ગયા. એ ધર્મપાલન નહોતું. ધર્મ કરતાં સ્વાર્થ સાધવાની વૃત્તિ હતી. ચોર આત્માઓ ઉભા રહી ગયા. સામા પર ભાવદયા અને દ્રવ્યદયાના ભાવ સાથે સામનો કર્યો, છેવટે ઘા કરવો પડયો. એકાદ

કુકૃત્યનો બદલો ભોગવવા પરલોક પ્રયાણ કરી ગયો. સમાજ રક્ષણ કરનારને ખુની કોર્ટમાં ખૂનનો કેશ દાખલ કરશે ? કે સરકાર અને સમાજ–વીર–રક્ષક-ધર્મમૂર્તિ તરીકે નવાજશે ? દેશના વડાપ્રધાન છે, કોઇ દેશદ્રોહી છૂરી કે રીવોલ્વરનો ઉપયોગ કરવા મથી રહ્યો છે. સામાન્ય પ્રજાજન તેને ઉડાવી દે છે. દસ્તાવેજી પુરાવા બોલે છે. મહાકાવત્રું હતું. તે પ્રજાજનને 'પદ્મવિભૂષણ'થી પણ વિશિષ્ટ એવોર્ડ અને મેળાવડાની હારમાળાથી વધાવી લેવાશે ને ?

મહાન્ આચાર્ય છે. કોઇ દ્વેષીએ હુમલો કર્યો પોતે શાંત રહેશે પણ શિષ્યો ? ભકતજનો ? **આચાર્યનો સંયમ એ ધર્મ. ભક્તજન રક્ષણ માટે પ્રાણ આપે એ એનો ધર્મ.** એકમાં પાલન, બીજામાં પાલન અને રક્ષણ બન્ને. **એકે રાગ દ્વેષને કાબુમાં લઇ ધર્મ કર્યો. બીજાએ રાગદ્વેષને પ્રશસ્ત બનાવી ધર્મ કર્યો.** પરમાત્મદશાની તો વળી વાત જ જુદી. એ છેલ્લી કોટિનો પરમાદર્શ છે એ મેળવવાને હૈયું કુણું બનાવીને ધર્મપાલન–રક્ષણ બન્નેની મહા જરૂર.

શુભ દૃષ્ટિકોણથી, ભાઈચારાની માનનીય પવિત્ર ભાવનાથી હવે પ્રસ્તુત વિચારીએ. શ્રી અંતરીક્ષજી તીર્થનો પ્રશ્ન ઘેરો બન્યો છે. પોતપોતાની રીતિ–નીતિ પ્રમાણે સૌ લખે છે, બોલે છે, તેનાં ટીકા–ટીપ્પણ આપણે કરવાં નથી. વાસ્તવિકતાને જરૂર વિચારવી છે. સ્પષ્ટતા અને નિડરતાથી. જરાએ લાગણીવશ થયા વિના.

એક વાતની સ્પષ્ટતા જરૂર કરી લેવી જોઇએ. અત્યાર સુધીમાં શ્રી **જૈન** શ્વે. મૂ૦ પૂ૦ શ્રીસંઘ કદી કોઈ સ્થળે

આપણા દીગમ્બર ભાઈઓના કોઈ પણ તીર્થ પર હક્ક કરતો ગયો નથી. તેવો પ્રચાર પણ કર્યો નથી. જરૂર પોતાની સંપૂર્ણ માલીકીના વહીવટી તીર્થોમાં પણ ખૂબ જ ઉદારભાવે, દર્શનની, પૂજનની અને વધુ પડતી ઉદારતાના અમલે સ્વતંત્ર સ્થાન કરવા દેવાની પણ સ્થિતિ સર્જી છે.

આ બધાના પરિણામ મીઠા આવ્યાં કે કડવાં ? એની તેજ–છાયા આલેખવાની જરૂર રહેતી નથી. આપણે તો પરિસ્થિતિની વાસ્તવિકતાને ખડી કરવી છે. કડવાશ દેખાય તો દૂર કરવી છે, મીઠાશ મારક, ઘાતક અને મહાઉપાધિકારક બની રહેતી હોય તો વિચાર કરવો છે. ભાઈચારો બની રહે અને છાશવારે પડતી મહાહાલાકી કાયમ માટે દૂર થાય એવો માર્ગ કાઢવો છે. 'સાપ મરે નહિ લાઠી ભાંગે નહિ અને કોઈને ડંખ દે નહિ' એવું શાણપણ શોધવું છે.

ભગવંત શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનકાળની આ વાત છે. માલી-સુમાલી વિદ્યાધરો. પૂજા પ્રભુશ્રીની કર્યા વિના ભોજન નહિ લેવાનો નિયમ. તેમાંથી મૂર્તિનું નિર્માણ. સરોવરમાં પધરામણી. શ્રીપાલકુષ્ટિ (શ્રીનવપદજીના શ્રીપાળ જુદા)નું અંગપ્રક્ષાલન–કોઢનાશ–પ્રભુશ્રીનું અધવચ્ચે અદ્ધર રહેવું. શ્રીપુરનગર–પ્રતિષ્ટા મહોત્સવ. ત્રિકાળપૂજન.

કાળબળે પ્રતિમાજી નીચે આવતા ગયાં. હમણાતો અંગલૂછણું નીકળે ત્યારબાદ શ્વે–દીગં. વચ્ચેના વિવાદ. વર્ષોની રામાયણ પછી પ્રિવિકાઉન્સીલનો ચુકાદો. દિગમ્બર ભાઈઓ પૂજનમાત્રના ત્રણ કલાકીવારા–માલકી. વહીવટ–

પરંપરા-વિધિવિધાન-અલંકાર-વિ. વિ. સંપૂર્ણતઃ શ્વે. ભાઈઓના. આ બધું જગજાહેર. તેનું પિષ્ટપેષણ શું કરવું?

વચ્ચે વળી નાનામોટા છમકલાં ચાલ્યા જ કરે. કોર્ટ સુકાય નહિ. બન્ને પક્ષે પૈસાનું પાણી. ખેર પૈસો તો ચલ અને નાશવંત જ છે ને? પણ પેલી કડવાશ ઉભી થાય અને વધે તેનું શું?

બધું બન્યું અને બનતું આવ્યું છે અને કદાચ અનેક પ્રસંગોએ બનતું પણ રહે. પણ હવે શું? ધન્ય છે પેલી મામા–ભાણેજની જોડલી અને એમના શાણા સાથીદારોને! કે ખામોશથી–સુબધ્ધ સૈનિકની રીતે સેનાપતિ બનવાની જરાએ ભાવના વિના–જરૂર લાગે અન્યને સેનાપતિ બનાવી કામ કરવાની ઉચ્ચવૃત્તિ ધારણ કરી રાત દિવસ સ્વભોગે મથી રહ્યા છે.

આ રીતનો પ્રયાસ જરૂર અનુમોદાય છે. પણ એમ પણ સાંભળવામાં આવ્યું કે, દીગં. ભાઈઓએ એક નવીજ જાતનો કેસ પાછો ઉભો કર્યો છે કે દાખલ કર્યો છે. અને વળી શિખરજી તીર્થનો પ્રસંગ તો સૌની જાણમાં છે. જો આ બધું આંખ સામે બનતું હોય અને શ્રી શ્વે. સંઘ દરેક વખતે થોડા આંખ મિચામણાં કરી ભાઇચારાના ન્યાતાથી દરેક વખતે થોડું થોડું જતું કરશે, તો ઘણું ખોવાનું બને.

અને વળી શ્રી કેશરીયાજી તીર્થ અને મક્ષીજી તીર્થ ભયમુક્ત તો નજ ગણાયને? એતો સ્વભાવિક છે કે નબળી કડી જુએ એટલે ઘુસણગીરી ફાવે. એમાં સામાનો શો

વાંક કાઢવો ? આપણને જેટલી આપણી સંસારીમાયા મકાન બંગલા-મહેલાત-જમીન-મિલ્કત વહાલી છે તેના શતાંશે પણ ધાર્મિક તીર્થો અને મિલ્કતો વહાલાં છે કે નહિ ? અને તે વીતરાગ શાસનના શુદ્ધ પ્રચાર માટે. વિશ્વકલ્યાણકર સુ-ધર્મના સાધનની અપેક્ષાએ કે પછી શુભસાધનોની નિમિત્તોની જરૂર નથી એવી નાસ્તિકતા જન્માવવી છે ?

આપણે તો પ્રસ્તુતમાં ઉકેલ લાવવાની વાત કરોને ! કોઇ એવો ઉપાય સત્યના ધોરણ પર છે કે કાયમ માટે બન્ને વર્ગ એકત્રિત બની અહિંસા-સંયમ અને ત્યાગના સિદ્ધાંતને તેના સાચા સ્વરૂપમાં વિશ્વ સામે ખડો કરી શકે? શબ્દના સાથીયા નહિ. સાચા અસરકારક.

ખૂબ પ્રયત્ન કરો. તેમાં સહાયક બનો શુધ્ધ વિચારથી-સત્ય ઉચ્ચારથી. કાયાની નિર્મળતાથી. સાદા-સરળ અને શાંત શબ્દોની વાણીના પ્રચારથી. ઉશ્કેરણિની જરૂર નથી. સત્ય સમજાવવા પૂરપાટ પ્રયત્નની જરૂર છે. સ્વપક્ષે અને પરપક્ષે. ધર્મ માટે-તીર્થોની રક્ષા માટે પૂર્વજોએ પ્રાણ આપ્યા છે. આપણે અત્યારે તેવું કાંઇ કરવાની જરૂર ઉભી નથી થઈ. પણ વસ્તુ સ્થિતિનો પાકો ઘેરો ખ્યાલ હરકોઇ આત્મામાં રમતો ન હોય એ કેમ ચાલે ? લડાયક વૃત્તિ નથી જગાવવી પણ ખમીર તો જાગતું રાખવું ને ?

ક્ષમા કરશો. પણ અમારા બાહોશ પૂજ્યો મોટે ભાગે આ બાબતમાં બરફ વૃત્તિ નથી ધારણ કરતા શું ? જાગૃતિ અને દિશાસૂચન એ તો તેઓશ્રીના હાથમાં જ ને ? શ્રી સંઘ આજે પણ મુખ્યતયા તેઓશ્રીનો દોરવાયો દોરવાય છે ને ? વિનંતિ કરવામાં વાંધો નહિ. કયાં જઈ રહ્યા છીએ ? કયાં

જવું જોઇએ? શ્રી સંઘને, શ્રી જૈન ધર્મ પાળતા સમાજને એકધારૂં સ્વચ્છ માર્ગદર્શન આપવાનો કાળ પરિપકવ થઇ ગયો છે

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજી-શ્રી શામળા પાર્શ્વનાથજી. હૃદયના અંતરીક્ષમાં અજબ ગજબની સાત્વિક વૃત્તિ જન્માવે, કાજળ-શ્યામ દ્વેષી વિચારો પ્રલય પામે. શુકલધ્યાનના પાયા રૂપ ધર્મ વૃત્તિ જાગૃત થાય અને સમાજમાં સાચી શાંતિ સ્થપાય એ જ ભાવના.

**આત્મા પરના પૂર્વજન્મના શુભ સંસ્કારો આ ભવમાં સન્મતિ પેદા કરે છે.**

'ગુલાબ' કેટલું સુંદર અને આકર્ષક નામ! સૌને ગમે. સૌમાં સુરભિ ભરે. મૃદુ-સુંવાળુ રેશમી પાંદડીઓથી શોભતું ગુલાબનું ફૂલ. રંગ આછો ગુલાબી.

મોગરો-જાય-જુઇ-કેવડો સુગંધિદાર ફૂલની જાત. છતાં ગુલાબ એ ગુલાબ. કાંટામય હોવા છતાં. કાંટા વાગે તો પણ ગુલાબ ચુંટાય. કરમાય તો પણ મહેક ન જાય. સૂકી પાંદડી પણ આરોગ્ય આપે. આરોગ્યનું રક્ષણ કરે-આરોગ્યની વૃધ્ધિ કરે.

માનવ ગુલાબની ફોરમ અધિકેરી. સર્વશ્રેષ્ઠ. **ભાવ આરોગ્ય એની લાલી.** એ લાલી સ્વને પ્રગતિમાં મૂકે તેમજ પરની પ્રગતિના અવરોધને દૂર કરે.

માનવ–ગુલાબ–અને લાલી. એ ત્રણે મુદ્દાઓ ધ્યાન ખેંચે એવા સમજીને વાગોળવા જેવા. વાગોળે તે ફાવે. અનોખા ઝરણાંની સેરો છૂટે. એથી છૂટે અજ્ઞાન અંધકાર. અજ્ઞાન જેવું શૂલ અને દુઃખ નહીં. જ્ઞાન જેવું સુખ નહીં. જ્ઞાન અમૃત જેવું નહીં. અમૃત અમર બનાવે. અમર બને. જન્મે નહીં. જન્મે તે મરણ પામે જ પામે.

જન્મ અને મરણ. અનાદિનું ચકકર ચાલુ જ. દેહ ધારીને જંજાળ ભારી. જન્મે અને તુરત પણ મરે. જન્મે ભાંખોરીયા કાઢે, પા પા પગલી માંડે, બા, મમ મમ બોલતો થાય. પાંચ સાત સ્લેટ ફોડે તોડે. એકડો ઘુંટતો થાય. બારાખડી શીખે. નિશાળે જાય. ગરમીના દિવસો આવે. કોકને જોરદાર લૂ પણ લાગી જાય. ફાની દુનિયા અને નશ્વર દેહનો ત્યાગ પણ કરી દે.

બચ્ચા તે ભણ્યા. વેપારી થયા. નોકરી–ગુમાસ્તી કે કલાર્કશીપથી આગળ વધ્યા. યુવાનીને વર્યા. પરણ્યા- પસ્તાયા. અધુરે સંસારે, અધુરે કોડે સ્વર્ગને માર્ગે સંચર્યાં. આધેડ થયા. સંતતિ અને કુટુંબની વ્યવસ્થામાં ગુંચવાઇ ગયા. જાળમાં ફસાયા. ચિંતાનો પાર નહીં. ચિંતા એટલે ચિતા. ચિત્તાની ફાળથી આકરી ફાળ. લોહી થીજાવી દે. લો બ્લડ પ્રેશર થાય. ગરમી માથે ચઢી જાય. હાઇબ્લડનો હુમલો આવી જાય, લકવો થાય. અને રિબામણનો પાર નહીં.

ભાગ્યશાળી કંઈક વૃદ્ધ થયા. અનુભવી બન્યા. સંસારની અસારતા અને ધર્મનો રક્ષક ભાવ સમજાય. પણ રાંડયા પછીનું ડહાપણ, ધર્માનુષ્ઠાન થાય નહીં. જ્ઞાનનું નામ નહીં. મુંઝવણનો પાર નહીં. ખોડા ઢોરના જેવી ગતિ.

આતો બધી સંસારની ગતિ. સૌના અનુભવની–આ વાતોને 'ગુલાબ' સાથે શું સંબંધ? ગુલાબ કરમાય છે. માનવ પણ કરમાય છે. શરીર પર કરચલીઓ પડે. દાંત પડી જાય. ગુલાબી ચહેરો બોખો ખોખરો બની જાય. ભ્રમર–શ્યામ કેશકલાપ પણ ચાંદની જેવો સફેદ બની જાય. તે તો હજીએ ઠીક દેખાય. પણ અડધા કાળા અડધા ભુખરા–ધોળા મનને ન ગમે તેવા પણ ગમાડવા પડે.

ગુલાબની પાંદડીઓ વેરાઈ જાય. માનવના સ્વપ્ના ઉડી જાય. ધાર્યા–વિચાર્યા જીવનના અરમાનો એળે જાય. સંતાપની ગણતરી જ નહીં. વિટંબના વધતી જાય. જીવનની લાલી ઉડી જાય. જીવન અકારૂ લાગે.

બાહ્ય લાલી જીવનની પરાધીન છે, આંતર લાલી પર તેનો ખરો આધાર છે. ગુલાબનું આંતર સત્ત્વ ખલાસ અને ગુલાબ પણ ખલાસ. માનવની આંતર લાલી એટલે પુણ્ય. વિશિષ્ટ પુણ્યનો આધાર ક્ષયોપશમ. કર્મનો નાશ અને પ્રશાંતતા એ છે ક્ષયોપશમ. વિશિષ્ટ પુણ્યની ખૂબી અનેરી હોય છે. એમાંથી જન્મેલી લાલી પ્રાયઃ કરમાતી નથી, પણ વૃદ્ધિ જ પામ્યા કરે છે.

આજ ઘણાંને એવો પ્રશ્ન થાય છે કે, **પુણ્ય એ શું ચીજ છે?** પુણ્ય એટલે સદા ખીલતું અને ખીલવટમાં રાખતું ગુલાબી ગુલાબ. **પૂર્વજન્મમાં કરેલ સત્કૃત્યોનો**

**સ્ટોક.** દાન-શીલ-તપ-શુધ્ધ વિચારોના આત્મા પરના શુભ સંસ્કારો. **આ શુભ સંસ્કારો આ ભવમાં સન્મતિ પેદા કરે છે.** સન્મતિમાં પેદા થતા અનુકૂળ સંયોગો એટલે સુખ-**સુખ એટલે માનવ ગુલાબની બાહ્ય લાલી.**

આંતર લાલીનું સ્ટેજ ઉંચું આવે છે. દેહધારી આત્મા સ્વનું ભાન મેળવે છે. પોતાને પોતાની અસલ લાલી આંખ સામે ખડી થાય છે. તેને પ્રગટ કરવા પ્રયત્નશીલ બને છે. પ્રયત્નમાં પથરા ઘણા પડે. ઝાડી ઝાંખરા અને ખાડી પણ નડે. પડે-પછડાય- **અને** ઉભો થાય. કષાયો કારમી રીતે પીડે. વિષયો વિકરાળ વરૂ વાઘ બની ભરખી ખાવા તૈયાર થાય. આ બધાને જાગૃત આત્મા મહાત કરે. મહાત કરવાની તાકાત ધરાવે. હતા ન હતા બનાવી દે. અને દબાએલા આત્મસ્વાથ્યને પગટ કરે. આત્માની અનંત શક્તિને જાગૃત કરે. અને અનંત જ્ઞાનનો સાક્ષાત્કાર કરે. જ્ઞાનામૃતની દુનિયામાં લ્હાણ કરે.

શાશ્વત સુખનો માર્ગ વિશ્વ સમક્ષ ખડો કરે, એમાં આવતા કેડી માર્ગો અને ભયંકર લુંટારાઓની પારખ કરાવી દે. ક્રોડો અને અબજો ગુલાબની એકત્રિત લાલીને સાવ ઝાંખી પાડતી કૃત્રિમ લાલીનો પાકો ખ્યાલ સર્જી દે.

જ્ઞાન એટલે જ્ઞાન. **સમ્યગ્જ્ઞાન એટલે આત્માની લાલીનું વિવેકભર્યું જ્ઞાન.** વિવેક સાર અને અસારનો, દેહ-લક્ષ્મી-સંપત્તિ વૈભવ એ સાર? કે દેહને ધરનારો દેહધારી આત્મા એ સાર? **આત્મા પરભવમાં હતો. આ ભવમાં છે. આગામી ભવમાં પણ હશે.** આત્મા પરલોકમાં જાય, દેહની રાખ થાય. લક્ષ્મી

સંપત્તિ-વૈભવના માલિક ભોક્તા બીજા બને. સંપત્તિ પ્રાપ્ત કરવામાં કરેલ પાપનો ઢગ પરલોકમાં સાથે થાય.

**આ છે ભેદજ્ઞાન આત્મા અને શરીરનું.** આ જ્ઞાન એટલે પ્રશમ રસ અને પ્રસન્નતા. સુખમાં સુખી દુઃખમાં પણ સુખી, સુખમાં ઉન્માદ નહીં. દુઃખમાં દીનતા નહીં. મુખ ખીલતા ગુલાબ જેવું. આજુ બાજુના માણસો પણ સમતા સુરભિ પામે. એ સુરભિની પરાગ-પોળમાં-ગામમાં-દેશમાં-વિશ્વમાં ફેલાય. કંઈકને આત્મ-ગુલાબનું આકર્ષણ થાય. આત્મ-લાલી ખીલી ઉઠે. ખીલી ઉઠે વિશ્વની વાડી. શાંતિ-સમાધિ અને સુખની ફોરમ વિશ્વમાં ફેલાય. આ છે 'ગુલાબ'ની કળામય આછી ગુલાબી લાલી.

આ કાળના સ્થાપક શ્રીમદ્ તીર્થંકરદેવ. આત્મકળાના પ્રપિતામહ. આત્માની અનંત શક્તિના પ્રગટ કર્તા. ઉન્માર્ગે ચડેલા આત્માને સન્માર્ગે સ્થાપનાર-સર્વદા અનંતઅક્ષય સુખમાં આત્માને મહાલતો બનાવનાર.

સદાના આનંદને માટે બે માર્ગ બતાવ્યા. સાધુજીવન અને શ્રાવકજીવન. પહેલામાં સંસારના સર્વપદાર્થનો ત્યાગ. બીજામાં અંશે ત્યાગ અને સર્વ ત્યાગની ભાવના. સન્માર્ગના એક જાગતા પ્રચારક અને બીજા સહાયક અને સેવાભાવી.

ધર્મના ચાર પ્રકાર પ્રકાશ્યા, દાન-શીલ-તપ શુદ્ધ મનના શુભ વિચારો. તે માટે ત્રણ તેજસ્વી તત્ત્વ બતાવ્યાં (સમ્યગ્) દર્શન-જ્ઞાન અને ચારિત્ર. અનુસરે તે તો ફાવે જ ફાવે. પણ શ્રદ્ધા સંવેગથી હૈયામાં ધારણ કરે તે પણ તેનાં ફળ ચાખે.

આવા શ્રદ્ધાયુક્ત માનવ-ગુલાબ અનેક નવ્ય ગુલાબોને સર્જે. પછી તો એની પરંપરા ચાલે. અને પરાગ-સ્ટોક

વધતો જાય. આકર્ષણ પણ અનેરૂ બનતું જાય. દાન અને દયાના ધોધ વહે. અનુકંપાનાં દ્વાર ખુલી જાય.

ઉઘાડા સુવાનું કે ભૂખે પેટે પીડાવાનું રહે નહીં. દીન દુઃખીનો સહાયક વર્ગ વધી જાય. **દાયક અને યાચક વચ્ચે પુણ્ય-પાપની ચર્ચાઓ થાય.** પુણ્ય પાપનાં તત્ત્વનો સુંદર બોધ પ્રસરે. પરને પીડવાનું અને અન્યને લુંટવાનું ગમે જ નહીં. સૌના પ્રત્યે પ્રેમ અમીનાં ઝરણાં ઝરે.

ભાવદયાનું ઝરણું દ્રવ્યદાનથી પણ અધિક. શાંતિ આપવા મથે. અસાર લક્ષ્મીથી સારભૂત આત્મતત્ત્વને સંગ્રહી લે. આતમ ગુલાબ વિકસ્યે જ જાય. કરમાવાની વાત નહીં, પાંદડી કરમાવાની કોઈ તક નહીં. સુગંધ-ફોરમ અક્ષય-અખૂટ અને પછી તે આત્માની અસલ લાલી સર્વતોમુખી ખીલી ઉઠે ઝળકી ઉઠે.

એના તેજ-અંબારમાં કંઈકનાં અજ્ઞાન અંધકાર નાશ પામે. પ્રકાશના કિરણો વ્યાપક બનતાં દુનિયાભરમાં સાચી શાંતિની સ્થાપના થાય. મોટે ભાગે સૌ આપવા ઈચ્છે, લેવા નહીં. શ્રી રામ શ્રી ભરતને ગાદી લેવા કહે. શ્રી ભરત શ્રી રામને કાલાવાલા કરે. અને પેલાં શ્રી કૈકેયી અરણ્યમાં દોડી જાય. શ્રીરામને સમજાવીને પાછા લાવવા.

આ છે સંસ્કારની ભુમિ. આ છે આર્યાવર્તની આર્ય-ભૂમિ. 'ગુલાબ'ની ફોરમ કદી અસ્ત ન પામે. કોઈને કોઈ આતમ ગુલાબ ખીલતું હોય કે અન્યને ખીલવતું હોય. સદા સુંદર સુરમ્ય 'ગુલાબમય' ભારતવર્ષ વિકાસ પામો. સાચા સંસ્કારનું ધામ બન્યું રહો. નિજના ગુલાબની પાંદડીઓમાંથી પ્રકાશને પાથરતું રહો. અને નિજની ભવ્યતાને વિશ્વવ્યાપી બનાવી વિશ્વકલ્યાણની કામના પૂર્ણ કરતું રહો. આ "ગુલાબ" પણ એવું જ કાર્ય કરો.

# પવિત્રતા અને પામરતા

વર્તમાન કાળમાં જૈનશાસનની રક્ષા માટે શક્ય નહિં કરનાર ને તે પ્રત્યે ઉપેક્ષા ભાવ ધારણ કરવા તરફ વળનાર વર્ગ સંઘમાં વધતો રહ્યો છે. શક્તિ હોવા છતાં આ પરિસ્થિતિ નભાવી લેવામાં ભાવિનું અમંગળ છે, તે હકીકતને અનુલક્ષીને પૂ. મહારાજશ્રી જે કાંઈ જણાવે છે, તે જરૂર સમજવા જેવું છે.

અનંત ઉપકારી અનંત જ્ઞાનીનું મહાશાસન એટલે? વિશ્વના સર્વતોમુખી કલ્યાણ માટેનું પવિત્રમાં પવિત્ર ઉત્કૃષ્ટ બંધારણ. એક પણ મુદ્દો એક પણ નિયમ બાધાકારી પીડાકારી નહિં જ. વિશ્વના કોઈપણ ભાગમાં લાગુ પડે. સુખકર અને દુઃખહર. શાંતિ; સુખ, સમાધિને સર્જનાર જ. સૌના ભલામાં ભાગ. કોઈના પણ બુરાની ચાહના પણ નહિ. ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ પણ એમાંથી આબાદી મેળવે.

આબાદી સૌને ગમે. બરબાદીનો વિચાર પણ બદી પેદા કરે. પણ સદાચાર સૌને ગમે! અનાચાર પ્રત્યે તિરસ્કાર કેટલો? **મહા સંસ્કૃતિ એટલે જ સદાચારનો આદર.** સંસ્કાર ભૂમિનું ઉત્થાન સ્થાન. **સંસ્કારની ઉચ્ચતમ ભૂમિકા એટલે શ્રમણ સંસ્થા.** સર્વત્યાગનું સર્વોચ્ચ સ્થાન. સૌને ગમે તેવું. વિશ્વભરના પીનલ કોડ–ફોઝદારી કાયદા રદબાતલ.

પૂ. શ્રમણ એટલે સ્વપર સાધક મહાત્મા. કોઇનો પ્રાણ લે નહિ કે દુઃખ દે નહિ. તે માટે પ્રેરણા પણ ન કરે. અન્યને દુઃખ દેનારને સારો ગણે નહિ. તેવી જ રીતે જુઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહમાં પણ. પરિગ્રહ એટલે ધન–સંપત્તિ, બાગ–બંગલો, કારખાનું–ફેક્ટરી, મીલ–ખાણ વ. વ. એ સઘળું પોતે ત્યાગ કરે. બીજાની પાસે તે રખાવે નહિ, રાખતાને સારો ગણે નહિ. ટેકો તે બાબતમાં આપે નહિ.

કયા પુણ્યાત્માને આવી સર્વ કલ્યાણકારી સંસ્કૃતિ ગમે નહિ? કયો ગાંડો આ સારી રીતે સમજ્યા પછી ડાહ્યો ન બને? આર્ય સંસ્કૃતિનો કોઇપણ આત્મવાદી ધર્મ આવા પ્રચારમાં જ રાજી હોય. ઢબ પધ્ધતિ જુદી હોય. સમજ ઓછી પાતળી અગર જરા આઘી પાછી પણ હોય.

આર્ય સંસ્કૃતિની ટોચે પહોંચેલ મહા સંસ્કૃતિ. તેના જયારે ત્યારે સ્થાપક સર્વજ્ઞ–સર્વદર્શી. **૨૦ મી કે ૨૨ મી** સદી તેમાં સમાય. એરોપ્લેન, હેલીકોપ્ટર, એટમબોમ્બ કે મેગ્નેટોબોમ્બ ધ્યાન બહાર નહિ જ. ઈલેકટ્રોન્સ કે ટેલીવીઝન–રેડીઓ ધ્યાનમાં જ. તે વિશ્વતારક તીર્થંકર પરમાત્માએ શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી? શા માટે? કલ્યાણ સાધક વર્ગની ભાવરક્ષા માટે, 'સવિજીવ કરૂં શાસન રસી' પૂર્વ ભવનો સિદ્ધાંત શક્ય હોય તો સૌને સાચા સુખને માર્ગે ચડાવી દઉં.' તે જ મહાન લોકોત્તર વિભૂતિ ચતુર્વિધ સંઘનું કોર્ડન કરે છે.

આ પવિત્ર યોજના પાછળ કેટલો ઉંચો આદર્શ? પવિત્રતાની કઇ કોટિની રક્ષા. પૂ. સાધુ–સાધ્વી ગણ ઉપા-

શ્ય, સેવ્ય, ભકિતપાત્ર. શ્રાવક-શ્રાવિકા વર્ગ ઉપાસક, સત્ય સર્વનો આદર્શ ધ્યેય. એકનું મહોચ્ચ પાલન, સર્વ ત્યાગની ભૂમિકા બીજાનું અણુ પાલન, દેશથી અંશથી ત્યાગ-ભાવના મહોચ્ચ પાલને પહોંચવાની.

આજે આ મહત્તમ યોજનાનું અસ્તિત્વ છે કે નહિ ? છે તો આદર્શ ખડો છે કે નહિ ? તેના અપૂર્વ ફાયદા પ્રત્યક્ષ દેખાય છે ને ? સંસ્કૃતિનો-આર્યસંસ્કારનો ટકાવ-પાલન આ યોજના પર નિર્ભર છે ને ? તો આ યોજના વિશિષ્ટ રક્ષણ યોગ્ય ખરી ને ? કાળનો ઝપાટો, જમાનાનું જડત્વ સ્પર્શી ન જાય તેટલી તકેદારી રાખવી ને ?

ચીજ જેટલી વધુ કિંમતી તેટલું જ રક્ષણ અધિક. સાચી કિંમત સમજવી રહી. વસ્તુના ગુણ દોષ તેના સ્વરૂપે સમજવા જોઈએ. હીરાનું મૂલ્ય લાકડાનો વેપારી કરશે ? સોનાની પરીક્ષા લોઢું ટીપનારો કરી શકશે ? **'રત્ન પરીક્ષા પેખત રત્ન પ્રધાન'** પરમારાધ્ય મહોપાધ્યાયજી કહે છે ઝવેરાતની પરીક્ષા અનુભવી ઝવેરી કરી શકે.

સાધુપણું શું છે ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એટલે શું ? વિધિ—નિષેધના માર્ગ કયા ? અપવાદ કયાં અને કયારે ? ક્ષમ્ય અપરાધ કયો અને અક્ષમ્ય કયો ? વ્યકિતગત ક્ષમા અને સમષ્ટિગત હિતની તુલા, આ બધાનો તરતમતા ભાવે અભ્યાસ કોનો ? અભ્યાસીની ઉંડી ગંભીરતામાંથી જ્ઞાન મેળવવાની તાલાવેલી કેટલી ? બાહોશ ઝવેરી બાર મહિનામાં જ તૈયાર થઈ જાય ?

સેવા એ ઉત્તમ ગુણ. સમાજ સેવા શ્રી સંઘ સેવા-શાસન સેવા-એક એકથી અધિક ખામોશ અને ધૈર્ય માગે.

સાથે માર્ગ પશ્ચાતનું વિશાળ જ્ઞાન પણ જોઈએ. એકલું પુસ્તકગત નહિ. અનુભવ અને પરંપરાગત સમાચારી સાથેનું.

શરીરનું એક અંગ વિકલ બન્યું છે. સીવીલમાં બતાવ્યું. સર્જરીમાં ટેસ્ટ કરાવ્યો નક્કી થયું સામાન્ય પાક થાય છે. દવા અને ટેબ્લેટસ આપ્યા. તથાપ્રકારના પાપોદયે દર્દ ન શમ્યું. વધતું ચાલ્યું. ઓપરેશન એક જ ઈલાજ. ઓપરેશન કર્યું. ફરીથી વિકારગ્રસ્ત તે ભાગ દૂર કર્યે જ છુટકો ને? નહિ તો સારૂંએ શરીર સડે કે નહિ? દુર્ગંધ વ્યાપક બનતા મરકી પ્લેગ ફાટી નીકળે કે નહિ?

શરીર માટે બધી કાળજી. સમાજના કે શ્રી સંઘના ભાવ શરીર માટે? દુનિયાનો દરજ્જો જેથી વધવાનો છે. વિશ્વનું ગૌરવ જે વિના ઉન્નત મસ્તકે ટકી શકવાનું નથી તે મહા સંસ્થા માટે નરી ઉપેક્ષા. ખાલી વાણીનો વિલાસ બે ચાર કટારો માસિકમાં કે દૈનિકમાં. એક બે ભાષણ પ્લેટ પરથી અને સંતોષ. આ પણ એક જાતનું લોકરંજન ને? સમાજમાં સારા કહેવાય અને 'પામરતાનું' ઢાંકણ.

'પામરતા' શબ્દ ભારે કહેવાય? જરાએ નહિ. **'પવિત્રતા'ના રક્ષણની પ્રાયઃ સદંતર ઉપેક્ષા એટલે જ 'પામરતા.'** શ્રીમદ્ તીર્થંકર ભાષિત અનુષ્ઠાનો કોને ન ગમે? એ જેને ન ગમે તેને પામર કહો કે નહિ? તે જ અનુષ્ઠાનોનો રક્ષક શ્રી ચતુર્વિધ સંઘ એ જ શ્રી સંઘની છતી શક્તિએ ઉપેક્ષા તે પામરતા નહિ?

કોર્ટમાં કેસ ચાલતો હોય. લાખોનો પ્રશ્ન હોય કે પ્રેસ્ટિજનો પ્રશ્ન હોય. કેટલી ચીવટથી કાળજી રખાય? ટાઈમનો કેટલો ભોગ અપાય? રાત દિવસ ચિંતા કેટલી?

સ્વપ્નમાં પણ એજ તરવરે? સીવીલ–સેસન ડીસ્ટ્રીકટ હાઈ-કોર્ટ અને સુપ્રીમ સુધી પહોંચાયને? વર્ષો જાય પણ છોડાય? છોડાય એક પવિત્ર શ્રી સંઘની વ્યવસ્થા. ટાઈમનો ભારે અભાવ.

ધર્મ જોઈએ તેવો ગમ્યો નથી. શાસન હૈયે જચ્યું નથી. તેનો વિશ્વોપકાર વિચારાયો નથી. પૂ. સાધુ–સાધ્વી ગણની સર્વ શ્રેષ્ઠતા હૈયે બેઠી નથી. તેની પરમોચ્ચ પવિત્રતાના મહામૂલ્ય આત્મામાં અંકાયા નથી. નહિ તો સર્વશ્રેષ્ઠ શ્રાવક કુળમાં જન્મ, હામ-દામ અને ધામની પુણ્ય પ્રાપ્તિ, ધન–સંપત્તિનો પાર નહિ. મોભો અને પ્રેસ્ટીજ પાર વિનાના. આ બધાનો સદુપયોગ કરે તો? સમાજ પડતો બોલ ઝીલે નહિ? અને તે પણ મહાસમાજના, શ્રી સંઘના સ્થિરીકરણ માટે શાસન સંગત ઉત્થાન માટે! પણ તે માટે શાસન શૈલીના અભ્યાસ માટે! ટાઈમ કયાંથી લાવવો? મુખ્ય મુખ્ય ગામ શહેર કે નગરના શ્રી સંઘના સંપર્ક માટે ટાઈમ કયાંથી લાવવો? પવિત્ર પૂજ્યોના સત્સંગમાં આવી યોજના–માર્ગ માટે ટાઇમ કયાંથી લાવવો? નિષ્પક્ષપાત બની શ્રદ્ધાયોજીત હિંમત દાખવવી પડે ને? સારૂં સૌ લગાડે! ખોટું કોણ લગાડે?

આવી તૈયારીવાળાને મધ્યમ વર્ગનો સાથ મેળવવો એટલે રમત. મધ્યમ વર્ગના હૈયા આળા. તુર્ત અસર કરે. સ્વપ્રાપ્ત શક્તિનો સદુપયોગ કરવાની તૈયારી. પુણ્ય-બળ ઓછું એટલી પુણ્યવાન્ શ્રધ્ધાળુની નેતાગિરિની રાહ જોયા કરે.

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષ માર્ગ:—એ વિશ્વકલ્યાણનું પવિત્રતમ મહાસૂત્ર, આ સૂત્રને દોરે ગુંથા-

એથી સૌની ભાવના એક. માર્ગ એક. વ્યવહાર એક. અમલ શકિત અનુસાર.

**દર્શન** —શાસ્ત્ર વિરૂદ્ધ વાચાને સ્વીકારે નહિ, ટેકો આપે નહિ. **જ્ઞાન**–રાગદ્વેષની વૃત્તિ વધારનાર અભ્યાસને વિદ્વત્તાને વખોડી કાઢે. **ચારિત્ર**–સદાચારથી દૂર લઇ જનાર હરકોઇ પ્રવૃત્તિને ઉખેડવા પ્રયાસ કરે.

બાપ દીકરા દીકરીને શાણપણથી સમજાવે. માર્ગ પર ચાલવા પ્રેરણા કરે, યોગ્ય સાધનો યોજી આપે. ન માને આંખ લાલ કરે. કડકાઇ કરે છતાં ન જ માને–ઉધ્ધત બને. અન્યને ચેપ લગાડે તો ? કુટુંબમાંથી અલગા કરે, છેવટે અને ન છૂટકે. પણ વિશ્વના ચોગાનમાં એનો ઢંઢેરો પહેલેથી જ ન પીટ્યા કરે.

દીકરો ભારે દેવું કરે તેમ છે. કુટુંબને આફતમાં મૂકી દે તેમ છે. છેલ્લી કોટિના તે પ્રસંગે કાયદાની રૂએ યોગ્ય શબ્દોમાં જાહેરાત પણ કરવી પડે ને ? અને તે જાહેરાતને સમાજ આવકારે ને? અને પાછળ પણ ભાવ દયા જીવતી હોય ને ?

સંસાર પ્રસંગમાં ‘સાબદો’ બનનાર આત્મા ધર્મ પ્રસંગમાં પામર કેમ ? સમાજના ઉત્થાનમાં રંગીલો કેમ નહિ? મહા સમાજની પવિત્રતાના રક્ષણ માટે. ઉજમાળ કેમ નહિ ? સ્પષ્ટ શબ્દોમાં કહેવું પડે કે આત્માનો અનોખો રંગ નહિ માટે. **મહાશાસનની સનાતન સદા સુખકારી મહોપકારિતા સમજાઇ નથી માટે.**

ભાઈ, આપણે શું કરીએ ? એ તો પૂજ્યોના કામ પૂજ્યો કરે. એ તો પદસ્થોને માટે ભાર. પદસ્થો ફરમાવે અમારા વડીલ પૂ. આચાર્ય ભગવંતો શીરતાજ છે. શીર-

તાજના ઉદ્‌ગારો. અરાજકતા ભારી છે. કોણ કોનું સાંભળે તેમ છે? ભાવી યુગ પ્રધાન પર છોડી દો.

પણ કર્યો પ્રયત્ન થયો. દીલથી–મનથી શુધ્ધ નિષ્પક્ષ યોજના પૂર્વક બે ત્રણ વર્ષ આ પવિત્ર કામ માટે કોણે ગાળ્યા. કોઈ ઢંગધડો વિનાનો માત્ર દેખાવનો પ્રયત્ન થયો હોય તે પ્રયત્ન કહેવાય ?

જૈન ધર્મ પાળતા સમાજમાં આજે જ્ઞાન છે. ધ્યાન છે. સમજ છે. ત્યાગ તપશ્ચર્યા અને વિદ્વતા છે. લેખન કળા અને વકતવ્ય કળા છે. શાસ્ત્ર સિધ્ધાંત અને આગમોનું ઉંડાણ છે. ન્યાય કાવ્ય અને સંશોધન શક્તિ છે. પૂ. સાધ્વી ગણમાં પણ સારા પ્રમાણમાં છે. યુવક અને યુવતિઓમાં અંશે છે જ. પણ આ બધાની જેટલી પણ ટકાવારી છે, તેનો સમાજને સુબદ્ધ લાભ મળે એવી માર્ગસ્થ યોજના ?

એજ્યુકેટેડ—શિક્ષિત વર્ગને માર્ગની ભવ્યતા સમજાય. હૈયે ઉતરે. સદાચારની કેડી પકડવાનું મન થઈ જાય. ઈતરોને અનુપમ સિદ્ધાંતો તરફ આકર્ષણ જન્મે. આ માટે શાસ્ત્રગત માર્ગો નથી ? છે જ. શુધ્ધ પ્રણાલિકાને નુકશાન ન પહોંચે, શુધ્ધતા તરફ સર્વનું મન ખેચાય. આ માટે રચનાત્મક તો બનવું જ પડે ને? **સુકાળમાં સૌ જમાડે. દુકાળમાં જમાડે તે વીરલો !**

સંસ્કાર સર્વનાશને આરે પહોંચ્યા હોય. ધર્મના મર્મ ભૂલાતા હોય–ક્રિયાના કામણ ઓછા થતાં હોય. જમાનાનો જડવાદ વાજા વગાડતો આગળ વધતો હોય તેવા ટાણે નિષ્ક્રિય બની બેસી રહેવું, એ નરી 'પામરતા' નથી તો બીજું શું ? જે પુણ્યાત્માઓ યથાશક્તિ પવિત્રતાના રક્ષણ માટે પ્રચાર માટે પ્રયત્નશીલ છે, તેઓ તો વંદન અને

અભિનંદનને પાત્ર છે જ. 'પામરતા'નું દુઃખ તો નિષ્ક્રિયતાને છે. કોઈ વ્યક્તિગત આત્માને લાગી આવવાનું કારણ નથી. છતાં લાગી આવે તો આત્મકલ્યાણનો માર્ગ મોકળો બને છે.

સૌ કોઇ સમાજના અંગોના હૈયા મોકળા બનો. પામરતા બીચારી પામર બનો. પવિત્રતા અંગેઅંગમાં પ્રગટો. શ્રી સંઘ તેજસ્વી બનો. તે તેજના પુણ્ય પ્રતાપે વિશ્વમાં શાંતિ સુખ અને સમાધિ વ્યાપક બનો એજ મહેચ્છા.

## પૂ. શ્રમણસંસ્થા અને વર્તમાન

વાઘ દેખાય રે બાપલીયા વાઘ દેખાય. નદીના બન્ને કિનારે વાઘ! આ બે ચાર વરૂ અને તે શહેરમાં ફરતા! ખલાસ દુનિયા ખલાસ! બચવાનો કોઇ આરો જ નહિ. બચાવો રે બચાવો! મા બાપ કોઈપણ રીતે બચાવો!

બેએ બુમ મારી. પાંચે પોકાર કર્યો. પચીસે પડકારની વાતો કરી. સો બસો એકઠા થયા. વાતો કરી, વિનોદ કર્યો. ઠરાવો ઘડયા. પસાર કર્યા. જાણે દુનિયા સર કરી. સૌ સૌને ઘેર. કુદરત કરે મહેર. થાય લીલા લહેર.

વળી થોડી હલીચલી. મિટીંગ ભરાઇને વિખરાઈ. બે થઇ ત્રણ થઈ. ચૌથીએ ચોક પુરાણો નહિ. કરો વેરવિખેર.

બળતું ઘર કૃષ્ણાર્પણ, શહેરીઓનો સાથ નથી. નગરપાલિકા બેધ્યાન છે. અમારી જહેમતનો પાર નથી. ઉત્તર દક્ષિણથી આવ્યા. પૂર્વ પશ્ચિમથી આવ્યા. વાતો કરીને વેગળા થયા.

ભારે થઇ, ભાઈ ભારે. પાયામાં પુરાણ નહિ. ચણતરમાં ન મળે ચુનો કે ઇંટ. માટીના ઢગનો મહેલ. અને કડડભૂસ. વગર અવાજે ને વગર આંચકે. હૈયા વિનાની હામ. માપ્યા વિનાની ફાળ. ફુરસદ વિનાની ખાલી વાતો.

જગતભરમાં અજોડ સર્વશ્રેષ્ઠ પરમપવિત્ર શ્રમણ સંસ્થા એટલે ? આર્યસંસ્કૃતિના મુગટમણિસમ વિશ્વકલ્યાણકર પાવનકારી પરમતત્ત્વ. પોતે તરે અને પરને તારે. સર્વને સુગ્રાહ્ય, આદરણીય પદાર્થ પાઠ શીખવે. વિશ્વનો વ્યવહાર શુધ્ધ નીતિથી ચાલે. આત્માની અણમોલ મિલ્કત આત્મા પિછાણે. પ્રગટ કરી શકે. પરમપદને પામે. એજ એનો આદર્શ.

અનાદિકાલીન અને આમ પરમાત્મા યુગાદીશ્વરથી પ્રચલિત આ મહાન સંસ્થા. પંચમકાળ, દ્રવ્ય ક્ષેત્ર, ભાવની થયેલી કારમી અસરો દુષ્કાળ-ભયંકર બારવર્તી આદિ દુષ્કાળોના પંજામાંથી પસાર થઇ પાંગરેલી લીલીછમ વાડી. વાડીમાં ઘુસી ગયા પાંચ પંદર ગણવેષધારી. અમુક વ્યક્તિઓ પુરતી આ વાત. તેને ચડાવી દીધી હિંડોળે. વાયુ વધે અને ઘેન ચઢે. ઘેનમાં તો ભાઇ, કંઇનું કંઇ થાય. એમાં કોઈનો વાંક કેમ કઢાય ?

પુણ્યશાળી આત્માઓને ધર્મની શાસનની લાગણી થાય જ થાય. થાય માટે તો પુણ્યશાળી. માટે તો આગેવાન અને અગ્રેસર, ધ્યેય સુંદર, તમન્ના. પ્રશંસનીય. પણ ધીરજનો અભાવ.

માર્ગ પદ્ધતિનો પ્રાયઃ ખ્યાલ નહિ. વસ્તુના ઉંડાણમાં ઉતરવાનો તો ટાઇમ જ નહિ. વાતાવરણને માપવામાં માને નહિ. નાનાઓને સાંભળી વિચારવાની ઉદારતા નહિ. કંઈક સારૂ કરી છુટવું એ જ ધૂન. ધૂનમાંથી ધ્યાનસ્થ દશા પ્રગટી નહિ, દીવાળીના દીપક પ્રગટયા નહિ. આંધી ઉલ્ટી વધી. પવન જોરથી ફુંકાયો. અને અતિ આવશ્યક કાર્યની દીવા-દાંડી દેખાતી બંધ થઇ. અને પરિસ્થિતિ 'જૈસે થે.'

છતાં ચિંતા નહિ. નિરાશા નહિ ખેલ ભલે ગયો. ખેલાડી બધા જીવંત છે. ખેલદીલીથી ખેલ ખેલવો હોય તો, શાસનની સાચી દાઝ હૈયેથી ન ગઇ હોય તો. નામના અને કીર્તિના રસીયાનું આમાં કામ નહિ. આમાં કામ છે હૈયાધારણનું. પરિસ્થિતિના અભ્યાસકનું. શાસનશૈલીને સમજનારનું અગર સમજવા તયાર રહેનારનું.

પૂજ્યોનો પરિચય સાધે. એક, બે, ત્રણ ફેરા જરૂર પડે તો ચોથી વાર પણ. પૂરેપુરો ટાઈમ કાઢીને. કાંડા ઘડીઆળ સામે નજરવાળો ન ફાવે. સુખ દુઃખ પૂજ્યોના જાણવા તત્પર રહે. શકય સાધનોથી સમાધિ આપવા તકેદારી રાખે. આંતરિક આંટીઘુંટીનો ઉકેલ કરે. ઉપાસક વર્ગમાં પેઠેલી ખોટી માન્યતાઓને મિટાવવા તનતોડ પ્રયત્ન કરે. સાથ સૌનો મેળવે. તાગ પોતે કાઢે. માર્ગ મેળવે અને સુયોગ્યને ચિંધે સાથ સર્વાંગી મળશે. કામ સફળ બનશે. પુણ્યાનુંબંધી પુણ્ય બંધાશે નિર્જરાનો પાર નહિ.

એકલ વિહાર કાળ પ્રયોગ્ય નથી જ. છતાં તેની પાછળ પણ વજુદ વિનાના કારણો પડયા છે. શકય પ્રયત્ને દૂર કરાય તેમ છે. સીત્તેર ટકાની સફળતા આંખ સામે છે.

પણ ન્યાયની તુલાનું ધોરણુ સ્વીકારવું પડશે. પવિત્ર મહાત્માઓને શાંત ચિત્તે સાંભળવા પડશે. ગુરૂસ્થાને રહેલા પૂજ્યોને પંપાળવા પડશે. આળા થયેલ એ હૈયાને શાંત કરવા પડશે.

શરીર–સંઘયણુ બળ નબળા બનતા જાય છે. **દેશની કૃત્રિમ ભીંસ ભારે ભરડો જમાવી રહી છે.** પ્રાયઃ કોઇ બચ્યું નથી. કોઈના તન–ધન તો કોઇનો આત્મા. મન તો સર્વના માળવે શું પણ તાળવે જ ચોંટી રહે છે. ક્યારે શું થશે તે કોઈ કળી શકતું નથી. દવાઓ અને ટ્રીટમેન્ટો ગજબનાક ખર્ચાળ. નવ્યરોગોને પેદા કરનારી. જલ્દીથી યમ ધામમાં પહોંચાડનારી.

આવા ભયંકર વાવંટોળમાં જન્મેલ–ઉછરેલ કંઇક સારા સંસ્કાર પામેલા પૂર્વના પ્રબળ પુણ્યયોગે, વીતરાગવાણીના પ્રતાપે એજ્યુકેશનની અંધકાર છાયામાંથી ઉઠી. સાધુ સંસ્થામાં પ્રવેશે છે. આ વાત હરપળે આંખ સામે અને કોઇ પણ આંટી ઘાટીના ઉકેલ સામે મનમાં રમતી રહેવી જોઇશે.

ભયંકર કોટિનો વિકારી વિલાસ યુગ–આજના એજ્યુકેશનથી ઓતપ્રોત. ઘરના પવિત્ર વાતાવરણથી સંસ્કાર જાગૃત રહેલ–સુખી–સારા સુખી યુવાન–યુવતિઓ. આ પવિત્ર પંથે શ્રદ્ધા સંવેગથી ભર્યા ભર્યા હૈયે પગલા માંડે. તે મહાભાગ આત્માઓના શક્ય વિકાસ માટે આત્મોન્નતિના સોપાન પર ચડયે જ જાય. તે માટે કેટલો ભોગ આપવો જોઈશે !

આ માટે શાસન–સમાજ અને ધર્મના ઉંડા અભ્યાસી આત્માઓની જરૂર ખરી કે નહિ? તે માટે ટાઇમનો અને લક્ષ્મીનો પૂરેપૂરો ભોગ આપનાર લક્ષ્મીનંદનોનું કયુ જુથ

છે ભારત વર્ષના કોઈપણ ભાગમાં? ખાનદાન કુટુંબના અતિ સુખી યુવાન હૈયાવાળા પચીસ-માત્ર પચીસ આત્માઓ ભોગ આપશે? પચીસ લાખના શ્રી **જૈન** શ્વે. મૂ. પૂજક વર્ગમાં આટલી આશા ન રખાય?

કોણ કહે છે અસ્તવ્યસ્તતા નથી જન્મી શ્રી ચતુર્વિધ સંઘમાં? હકીકતને છુપાવવી એટલે સત્યનો હ્રાસ. સત્યનો હ્રાસ એટલે શાસન પ્રત્યે પ્રત્યાઘાત. બેવફાદારી કહીએ તો આકરૂં ગણાય. સાથે જ પાંચ સાત ટકાને પચાસ ટકા ગણવા ગણાવવા એમ હો પ્રત્યાઘાત, ઈરાદા વગરનું કાવત્રું બની જાય.

એક પ્રસંગ યાદ આવે છે. લેખકનો ભૂતપૂર્વ પર્યાય પાલીતાણામાં નવાણું યાત્રાનો આનંદ માનતો હતો. સાથી આરાધક સાથે જંગમ યાત્રા શરૂ કરી. એકે એક ધર્મ-શાળા. પ્રાયઃ કોઇ ઓરડો કે રૂમ બાકી નહિ. પૂ. સાધુ સાધ્વી ગણનો સારો એવો પરિચય થયો. તપા-પાયચંદ કે ખરતર સર્વનું હૈયું આનંદ વિભોર બની ગયું.

૮૦ ટકા પૂ. સાધુ-સાધ્વી. સંયમ-તપ-સ્વાધ્યાયની આરાધનામાં ઉલટભર્યા. તેમાંએ પૂ. સાધ્વી ગણોનો તપ, સ્વાધ્યાય માથું હલાવી નાખે! પણ કોઇને આંખે આ કેમ ચઢતું નહિ હોય? **કે પછી યાદશી દૃષ્ટિઃ તાદશી સૃષ્ટિઃ**? એક પૂ. કમળપ્રભાશ્રી સાધ્વીજી. પ્રાયઃ ૩૦ થી ૩૨ વર્ષના. ૯૯ કરે ચોવિહારા છઠ્ઠથી. દરેક છઠે સાત યાત્રા. પારણાની તાલાવેલી નહિ. પારણે એક યાત્રા તો ખરી જ. સ્વાસ્થ્ય અને સ્વાધ્યાય સુંદર. ધન્ય તપોબળ! ધન્ય શાસન?

હવે બાકીના ૨૦ ટકામાંથી ૧૦ ટકા માત્ર સહારો અને હુંફ માંગે. મળે તો ૮૦ ટકામાં ભળી પણ જાય. બાકીના ૧૦ ટકામાંથી ૫ ટકા સાધ્ય પણ કષ્ટ સાધ્ય. બાકીના ૫ ટકા તો જ્ઞાનીના જ્ઞાનમાં હોય તે ખરૂં.

તો ૫ કે ૭ ટકા ખાતર જાહેરમાં મહાન તારક સંસ્થાને નબળી પાડવી? કે પેલા ૨૦ માંથી ૧૫ ને પ્રેમથી સ્થાને લાવવા યત્નશીલ બનવું, અને ૮૦ માંના કોઇ જરાએ સીદાય નહિ. અસમાધિ પામે નહિ તેની પરિપૂર્ણ સક્રિય કાળજી રાખવી? નફા તોટાનું ધોરણ નિષ્ણાતોને હાથ.

કોઈ કહે આ બધું પૂજ્યોને હાથ. કોઇ કહે પૂજ્યોથી કાંઇ નહિ બને. એ તો પૂજકમાંથી કોઇ માર્ટીન લ્યુથર નિકળશે. શાંત થાઓ ભાઇ શાંત. પૂજ્યો પણ જોઈશે અને પૂજક પણ જોઇશે. માર્ટીન લ્યુથરની ધગશ પણ જોઇશે. એક હાથથી તાલી નહિ પડે. ખામોશ ગંભીરતા, ન્યાયનિપુણપણું અને વિશાળ ર્ય જોઇશે. **એથીએ વિશેષ ટાઇમનો પરિપૂર્ણ ભોગ જોઈશે.** જીવન ન્યોચ્છાવર કરવું પડશે.

આજનું કહેવાતું સ્વરાજ્ય, સુખનું કે દુઃખનું ધામ, તે તો તમે જાણો. તે મેળવવામાં ૨૦ વર્ષ, અને વિકસાવવામાં બીજા ૨૦ પુર થવાં આવ્યા. અને **વિશ્વકલ્યાણકર આ મહાશાસન સર્વ સુંદર તત્ત્વોનો અદ્ભૂત ખજાનો. સાર્વત્રિક વિજ્ઞાનનું મહાબીજક-સુખ અને શાંતિ માત્રનું જ સર્જક.** તેમાં પથરાએલી આછી પાતળી અસ્તવ્યસ્તતા અને પાયાની અવ્યવસ્થા ટાળવાને બે દુ ચાર વર્ષનો પણ એકાંત ભોગ નહિ?

ધનની આમાં જાજેરી જરૂર નથી. છતાં હશે તો ઢગ

મુખ્ય જરૂર છે, તન અને મનની. વારંવાર કહેવાનું-લખવાનું મન થાય છે સર્વથી વિશિષ્ટ જરૂર છે બે વર્ષ નિવૃત્ત બની શાસનના કામમાં લાગી જવાની.

લગણી લાગીરે મને શાસનની લગણી

હું તો બની ગયો મોટી મિલ્કતનો ધણીઃ

આ ભાવનાથી ઓત પ્રોત હૈયા સારા સુખી ધર્મીઓના બનવા જોઇશે. તો જ શાસન સુરક્ષિત રહી સર્વનું રક્ષણ સદા માટે બન્યું રહેશે.

પણ પાંચ-પચીસ કે પચાસ લાખનો આસામી એરકન્ડીશનમાં બેસી વિચારે કે આવા કામમાં ઝંપલાવાથી સમાજમાં મુખીયા તો બનાય. હેલીકોપ્ટર કે ચાર્ટર્ડ એરોપ્લેનમાં મિટીંગ એટેન્ડ કરી હારતોરા લઈ વિદાય થાય. કામ સુધરે નહિ વણસે ખરૂં. સાધકતા જન્મે નહિ. બાધકતા આડમાર્ગી બને.

આ તો માત્ર હકીકત છે. નહિ ટીકા કે ટીપ્પણ, નહિ હાસ્ય કે મૃદુ પ્રહાર. પાષાણ હૈયાને હલાવવાનો હળવો પ્રયાસ કહો તો ના નહિ. ઉંઘતાને જગાડવાની આહલેક કહો તો પણ મંજુર અને વિવેકભરી વિનંતિ કહો તો પણ મંજુર.

આ માટે શું કરવું અને કયા કયા ઉપાયો લેવા? કોણ કયાં ને કેવી રીતે સહાયક બની શકે? પૂ. સાધુ સંસ્થામાં કેવી રીતે વિચારપ્રવાહ વહેતો કરવો? તેમાં કેવા અભ્યાસની અને અનુભવીની સહાય જોઈશે? કોણ કયા સ્ટેજે સાથ આપશે? કોણ અત્યાર સુધીની પ્રવૃત્તિથી ઉભગી ગયા છે? અને તદ્દન ઉપેક્ષાવાળા છે? અને કોણ પરિસ્થિતિથી સમસમી ઉઠયા છે? આવું આવું સઘળું વિચા-

રવા, સમજવા, સાથ લેવા અને આપવા જે પુણ્યાત્માઓ તૈયાર હશે અને થશે તે પવિત્ર આત્માઓને પત્ર દ્વારા અને રૂબરૂ પ્રાયોગ્ય પરસ્પરની વિચારણાથી, અને પૂજ્યોની સહાયથી સઘળું એ પ્રાપ્ત થશે એમ નિઃસંદેહ હૈયા ધારણ રાખવી.

# તારૂ તારૂ એ તીરથ તારૂ

'તાર તારૂ રે એ તીરથ તારૂ,
લાગે મુને અતિ પ્યારૂં.
સેવું ભાવે સદા સુખ કારૂં,
ભવજળ તરવા સારૂ.'

સાદા શબ્દોમાં સુંદર ભાવ. **ભાવ એટલે આત્માનો પ્રકાશ.** ભાવ એટલે ઉન્નતિનું પગથીયું. ભાવ એટલે સદ્ વિચારોની શ્રેણી.

શુક્લ ધ્યાનની શ્રેણિએ ચઢવાનું પ્રથમ પગથીયું એટલે ભાવ. ભાવ જાગૃત કરવા-ભાવ પેદા કરવા, કરવાની છે તીર્થયાત્રા. તીર્થ અને યાત્રા એ જૈનોની જાગતિ જ્યોત. ધનવાનને ગમે ગરીબને ગમે. વૃદ્ધોને વહાલી લાગે. યુવાનોને આનંદ આપે. બાળકોને હર્ષ ન માય એવી તીર્થયાત્રા.

તારે એ તીર્થ. શેમાંથી તારે-શેમાંથી પાર ઉતારે? તળાવમાં ડુબતાને કોઇ તારે. નદીમાંથી કે સાગરમાંથી બહાર કાઢે. પણ તીર્થ કેવી રીતે તારે? તીર્થ એટલે શું?

તીર્થ એટલે તરીને ઠામ ઠરવાનો આરો, તીર્થ શ્રી તીર્થંકરે સ્થાપ્યું. સર્વજ્ઞ–સર્વદર્શી પ્રભુશ્રીએ સ્થાપ્યું. વીતરાગ પ્રભુશ્રી એટલે રાગદ્વેષ અને મોહથી તદ્દન અલગા. ન કોઇના પર ખુશ થાય ન નાખુશ. અને તારે બધા ભવ્યાત્માઓને.

કમાલ છે ને વાત? વીતરાગ અને તારક. ખરેખર વીતરાગ જ તારક બની શકે. **વીતરાગ જ સર્વ જાતના સુખના દેનારા બની શકે.** અહિંયા જ ખૂબી છે. તારકના તીર્થની. તીર્થની મહત્તા તારવામાં રહેલી છે અને **યાત્રાની મહત્તા તરવામાં રહેલી છે.**

તરવાનું મન કોને થાય! ડૂબતો હોય, ભયભીત હોય, બચવું હોય તેને જ તરવાનું–પાર ઉતરવાનું મન થાય ને? આટલી જ વાત હૈયે બેસી જાય તો તો 'તીર્થયાત્રા' આત્માના કલ્યાણ માટે અનેરૂં સાધન બની જ જાય.

અનાદિ કાળથી આત્મા સંસારમાં જન્મ–મરણના કારમા ભયંકર દુઃખો ભોગવી રહ્યો છે. માતાના ગર્ભમાં આવે ત્યારથી મરણ સુધીના સુખી માણસના દુઃખોનું લીસ્ટ કરવામાં આવે તો પણ હૈયું કાંપી ઉઠે. શરીર ધ્રુજી ઉઠે, પણ એ લીસ્ટ તરફ ધ્યાન કયાં જાય છે?

જે આત્માને આ દુઃખોથી છુટવાનું મન થાય. તેને માટે ભગવંતે તીર્થ–માર્ગ બતાવેલ જ છે. અને તે માર્ગના એક પ્રબળ સાધન તરીકે 'તીર્થયાત્રા' ના ઠામ ઠામ ગુણ ગવાય છે. ઈતરો પણ તીર્થયાત્રાને સારૂં મહત્ત્વ આપે છે. તો જન્મે જૈન કુળાચારે પણ જૈન કેમ મહત્વ ન આપે? તેમાંએ સંસારના સ્વરૂપનો જાણ આત્મા એ તો તારક તીર્થ દેખે અને હૈયું નાચી ઉઠે. નાચી ઉઠે એના તન-બદન અને આત્મા.

ભગવંત શ્રી ઋષભદેવે, પ્રભુ શ્રી પાર્શ્વનાથે; શાસનપતિ મહાવીરે સ્વ. શાસનની સ્થાપના કરી. **મહા શાસન એટલે તીર્થ. તીર્થ એટલે મહા આજ્ઞા.** મહાસંસ્કૃતિની સર્વકાલીન સ્થાપના એક સરખી. એની આદિ નહિ એનો અંત નહિ. **આવા મહાતીર્થને પામવા કરવાની છે તીર્થયાત્રા.**

શ્રીમદ્ તીર્થંકરદેવોના જન્મ, દીક્ષા; કેવળજ્ઞાન અને મોક્ષગમનની પવિત્ર ભૂમિઓ, પ્રભુશ્રીની વિહાર ભૂમિઓ, સંખ્યાત-અસંખ્યાતા અનંતા આત્માઓ મુક્તિએ પધાર્યા. જન્મ-મરણનો અંત કર્યો. અજન્મા બની દેહનો સદાને માટે ત્યાગ કર્યો. અનંત સુખમાં કાયમ માટે વિલસી રહ્યા. તે સઘળીએ તીર્થ ભૂમિઓની સ્પર્શના વંદના પૂજના એટલે તીર્થયાત્રા. પવિત્ર રજકણોથી પવિત્ર ભાવના જાગે. મેગ્નેટા બોમ્બ પેસીફીક મહાસાગરમાં ફુટે. તેની અસર દૂર દૂરના કોસ્મોસમાં થાય. હવામાન ફરી જાય, રોગો અને અનેક વ્યાધિઓ પેદા થાય. પારાવાર ખળભળાટ પેદા થાય.

તીર્થયાત્રાનો સવાઇ ભાવ-મેગ્નેટા ઝીંકાય. હૈયામાં આતસ ઉઠે. આત્મા પ્રજ્વલી ઉઠે. અનાદિ કાળના અનંત કર્મો કંપી ઉઠે. કેઇકિનો સદંતર નાશ થાય. રોગ, શોક, મોહના ઉત્પાદક અણુઓ ભાગે જ જાય. ભાગે જ જાય. જ્ઞાનનો પ્રકાશ પથરાય. અજ્ઞાન વેરાઈ જાય. નાથની ઓળખ થાય. પીછાન થાય. સાચા પ્રીતમ પર પ્રીતિ જાગે. પ્રીતમના પ્યારમાં એકતાન થાય. આત્માના સ્વરૂપનું ભાન થાય. પ્રીતમના પાસે પહોંચવાની તાલાવેલી જન્મે. નાથની, નાથના શાસનની આજ્ઞાઓ સમજવા સજાગ બને, સદ્ગુરૂની શોધ થાય.

**સદ્‌ગુરૂ મળે અને ભવની ભીતિ ટળે.** નાવિક સબળો મળે સંસારનો આરો આવી મળે. **સંસાર એટલે આંધિ-ચિંતાનો સાગર, સંસાર એટલે વ્યાધિ-રોગોનો પહાડ. સંસાર એટલે ઉપાધિ-જંજાળોની મહાજાળ.** આત્મા એટલે સદાની જીવતી જ્યોત-સત્. આત્મા એટલે અનંત જ્ઞાનનો ખજાનો-ચિદ્ આત્મા એટલે આનંદ સુખનો સદાનો ભોક્તા. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા-આજે રિબાઇ રહ્યો છે. પિલાઈ રહ્યો છે. દુઃખના દરિયામાં તરફડી રહ્યો છે. જન્મ-મરણના બિહામણા ચક્કરમાં ફસાઇ પડયો છે.

ફસામણમાંથી બહાર નીકળવા તીર્થ એ સાધન છે. સાધનની નજદીક જવું એ યાત્રા છે. તીર્થયાત્રા એટલે દુઃખનું વિસર્જન. તીર્થયાત્રા એટલે તીર્થંકરને ઓળખવા.

તીર્થંકર એટલે આત્માનું શુધ્ધ સ્વરૂપ. અનંત જ્ઞાન-દર્શન. સુખ-શક્તિનું પ્રગટીકરણ. આત્માની સંપૂર્ણ જ્યોત જીવતી-જાગતિ અનેકોને તારતી. **દરેક ભવ્યાત્માને અનંત શક્તિ-સુખ પ્રગટ કરવાનો સંપૂર્ણ હક્ક.** માર્ગ બતાવે તીર્થંકર. માર્ગ સાધે તે સાધક. જૈન શાસન તે માર્ગ-સાધન. દુઃખ-મુક્તિ તે સાધ્ય.

**સાધ્યનું એક વિશાળ સાધન તીર્થયાત્રા.** તીર્થ યાત્રા એટલે વેપાર-ધંધાની ઝણઝટથી શાંતિ. શાંત ચિત્તે આત્માનું અવલોકન. નશ્વર લક્ષ્મીથી શાશ્વત સુખની પ્રાપ્તિ. લક્ષ્મી પરની મૂર્છાનો ઉતાર. વિનશ્વર વિશ્વની ઓળખ. સદાસ્થાયી-આત્માની અપૂર્વ શક્તિનો ખ્યાલ.

'છ' '૬'-રી પાળતા શ્રી સંઘની તીર્થયાત્રાનો આજના કાળમાં બહુલતયા અભાવ. અભાવ જન્મ્યો ભાવનના હ્રાસ-

માંથી. નિમિત્ત બન્યા સંયોગો. સંયોગો સર્જ્યા કૃત્રિમ તંગીએ. કાયદાની કારમી ચુંગાલે, ખેર આત્મા આપણે સ્વાધીન છે. સાધનોનો સદુપયોગ, દુરૂપયોગ આપણે આધીન છે.—

એરોપ્લેન કે હોલીકોપ્ટર. કાર કે ટ્રેઈન. સ્વતંત્ર કે સમુહમાં કરવું છે આત્મ સાધન. પાદવિહાર-પગે ચાલતા જવાની સુંદર પ્રવૃત્તિ. એ સિવાયની પાંચ ૫-રીતો પલાયને? ઉલ્ટી વધારે સુગમતાથી પળાય. પણ પાળવી હોય તો ને? 'તો' એટલે સવા કળશીનો કોયડો!

મૂળમાં જ વાંધો છે. 'તીર્થયાત્રા' નો ભવ્ય આશય ભૂલાતો જવાય છે. ઓઘ પ્રેમ-ગતાનુગતિક કુળગત શ્રદ્ધા ઉભા છે તે અનુમોદનીય છે. પણ અજ્ઞાનની આંધિ વધતી જ જાય; અને 'રેડ સિગ્નલ' ન ધરાય તો? કરે છે તેટલું કરવા દો ને. નાહક એટલું કરતાય બંધ થઈ જશે. આ તે કાંઇ સમજવાળી વાત છે? કરનાર તો એની રીતે કરે છે અને કરવાના પણ છે. પણ પાસે આવનારને, પારચયમાં આવનારને સુયોગ્ય આત્મા સાચી વાત, સાચું ધ્યેય, સાચો માર્ગ ન સમજાવે? બધા સમજી જવાના નથી એ તો બે દુ ચાર જેવી વાત છે પણ સમજે તેવા પણ છે ને? સમજીને યથાશકિત અમલમાં મૂકે તેવા પણ છે ને? છતી શકિતએ અમલમાં ન મૂકવાના દુઃખને હૈયે ધારણ કરનારા પણ છે જ. સમજણ એ તો આત્માનું મૂળ ઘર છે. તો આત્માને પોતાનું ઘર તો બતાવવું ને?

રીઝર્વ ડબ્બામાં કે સ્પેશ્યલ ટ્રેનમાં તીર્થ કરનાર ભાગ્યશાળી આત્માઓ આટલું તો કરી શકે ને? રોજ એકાસણું બેસણું નહિ તો તિથિએ? તે નહિ તો યાત્રા-

કાળમાં દોઢેક માસ રાત્રિ ભોજનનો સદંતર ત્યાગ. સવારમાં નાનામાં નાની આપણી નોકારશી અને તે તો વળી કેવી! તામલી તાપસના સાઈઠ હજાર વર્ષના તપ કરતા પણ ચઢે તેવી ગજબ છે ને આ વાત, મહાશાસનમાં બધી આવી જ અજબ-ગજબની વાતો ભરી છે! જાણવી છે? દર્શન પૂજા, ભાવના શાંત ચિત્તે કરવા. ધકમક, ધમાલ કે ધાંધલથી આઘા રહેવું. સર્વ યાત્રિકો સાથે મીઠાશથી બોલવું. અસત્ય કે માયાથી બોલવું જ નહિ. આ તો સરળ અને ખર્ચ વિનાની મઝેની વાત. જે તીર્થ નજદીક આવતું હોય તેનો પૂર્વ ઈતિહાસ જાણવા પ્રયાસ કરવો. શકિત હોય તો તન-મન ધન અને ટાઇમનો ભોગ. અતિ સેવાભાવ ખીલવવો. સેવા તો આજે યુવાનોનું વ્રત ગણાય છે ને? પણ પ્રભુશ્રીએ **'વૈયાવચ્ચ' ગુણને અપ્રતિપાતિ સાધુ મહાત્માઓ માટે પણ કહ્યો જ છે.** સુમધુર કંઠે ગવાતા ભાવનાવાહી સ્તવન-સજ્ઝાયો ચાલુ ટ્રેને પણ ગુંજ્યા જ કરે ને? ગપ્પા મારવાની ટેવ તો એકદમ ન ટળી જાય. પણ ગપ્પામાં હોય, મહાસતી અને પુણ્યાત્માઓની તારક પુણ્ય કથાઓ. એમાંથી મળે દઢતા-વીરતા અને શ્રધ્ધાનો સુપુંજ. નફા વિનાની નાની વાત નહિ. નફા વિનાનો વેપાર નહિ.

વણિક પ્રાય: ખોટનો વેપાર કરે નહિ. ખોટ જાય તો હૈયું બળીને ખાખ થાય. પાંચસો ખર્ચે ને પુણ્ય-ભાથું બાંધ્યા વિના પાછો આવે? ભગવાનને પોતાના બનાવ્યા વિના ઘરમાં પેસે? મોજ, વિલાસ, રમત-ગમત, પાના-ગંજીફા, ટીખળ-તોફાન, શેત્રંજ-સોગઠીથી પાપનો પુંજ એકઠો કરવો? પાંચસો સાતસોનું પાણી અને ઉપરથી ખોટની

કમાણી? ખોટ તે કેવી? **તીર્થે કરેલું પાપ શતગણું બની વજ્રલેપ થાય.**

તીર્થો કેવા કેવા સુંદર–સોહામણા સ્વર્ગીય છે? દક્ષિણમાં જાવ, 'કુલ્પાકજી'માં માણિક્ય સ્વામી, અદ્‌ભુત યુગાદીશ્વર દેવ. સાથે જ લસણીયામાંથી નિપજાવેલા 'મહાવીર' સ્વામી. ભારતવર્ષમાં ન મળે જોડી. ઉર્ધ્વ**પદ્માસને અલૌકિક આનંદ આપતી કર્મોને કાપતી મૂર્તિ.** 'અંતરીક્ષજી'નો ઈતિહાસ તો અદ્‌ભૂત છે જ. અને અજીમગંજ આદિ સ્થળે નીલમો, માણેક અને રત્નમય પ્રતિમાઓ પૂર્વજોની શ્રદ્ધા અને જાહોજલાલીને આંખ સામે ખડી કરે છે. કાશી–બનારસ, ભદૈની અને ભગવંત પાર્શ્વનાથ, આપણા પ્રાણ પ્યારા શ્રી શંખેશ્વરજી, 'પાવાપુરી' એટલે વીરવિભુની દેશના–મોક્ષગમન અને અગ્નિદાહના ત્રણ ભવ્ય પ્રતિકો. અને પેલું નવ્ય–ભવ્ય સંગેમરમરનું અશોક વૃક્ષ અને ચતુર્મુખ ભગવાન. કમાલ છે દર્શન!

શ્રી શિખરજી એટલે જૈનોનું સાર્વભૌમ પ્રાચીન શિખર. શ્રી પાર્શ્વનાથજીની પાદુકાની ગગનચુંબી દેવકુલિકા એટલે આત્માની શક્તિનો સાક્ષાત્કાર. શામળા પાર્શ્વનાથ અને નવ્ય વીશ બિંબો. બસ ધર્મ અને આત્મા સિવાય કાંઇ નથી. **ખાન–પાન કે વેપાર નોકરી એ તો શરીરને ટકાવવાના સાધન. સાધનાને** કાંઇ સાધ્ય **બનાવાય?** આવું ઉચ્ચારે અને યથાશક્તિ અમલમાં મૂકે એ સાચો યાત્રિક.

કલકત્તામાં બાબુનું દેરાસર–શીતળનાથ પ્રભુ. **કાજળને બદલે કેશર આપતો અખંડ દીવો.** એ દીવાની જ્યોત

સર્વ યાત્રિકોના હૃદયને પીળા કેશરીયા રંગે રંગે. કર્મની કાજળતા દૂર કરે.

શાસનપતિ શ્રી મહાવીરદેવના કલ્યાણક અને વિહારની ભૂમિ બિહાર, એટલે વિહાર. રાજગૃહી અને નાલંદા. જ્યાં થયા ચૌદ ચૌદ ચોમાસા. નાથના ચરણ રજથી પવિત્ર પાંચ પહાડ.

આવા કલિકાલના વિષને હરવામાં નાગમણિસમ તીર્થો. સર્વને તે તારે. ભાવનાના પૂરમાં ખેચે. સંસાર અને આત્માના અસલી સ્વરૂપનું ભાન કરાવે. કર્મ નિર્જરા થોક બંધ થાય. પુણ્યાનુબંધી પુણ્યના ભાથા બંધાય સૌ સદ્ગતિના ભાજન બને. આ ભવ અને પરભવમાં સાધક સુખમાં વિલસે. ધીમે ધીમે પણ મુક્તિના ભોક્તા બને. એ રીતે તીર્થના પરમ પવિત્ર વાતાવરણથી પવિત્ર બને. યાત્રાને સાચી યાત્રા બનાવી દે. તન-મનની લાલીને ખીલવે. આત્માનું ભાવ-આરોગ્ય પ્રાપ્ત કરે, અન્યોને પણ તીર્થયાત્રા કરાવી સાધર્મિક ભાવને ખીલવે. વિશ્વભરમાં તારક તીર્થની તારક યાત્રાનો સુઘોષ બજાવે અને સ્વ-પર કલ્યાણને સાધે એજ અભિલાષા.

## * તપ, ત્યાગ અને ભાવના *

વીતરાગ ભગવંતના અદ્વિતીય મહાશાસનની એક એક વાત વિશ્વના સાચા સૌન્દર્યને વધારનારી છે. તત્ત્વજ્ઞાન

હોય કે વિશ્વ વ્યવસ્થાનું ધ્યાન હોય ઘડીભર મંત્રમુગ્ધ બનાવી દે છે, તેમાં પણ કર્મ સિધ્ધાંતની ઝીણવટ જ્યારે છણાય છે ત્યારે તો કોઈ પણ નિરાગ્રહી સજ્જન તેના પર વારી જાય છે.

આ સર્વ વિશિષ્ટ વિચારણાનું ધ્યેય આત્માને અનાદિકાલીન બંધનમાંથી છોડાવી, સર્વકાલીન મુક્ત દશામાં મુકવાનું છે. તે માટે 'ભાવના' એ સાર્વીય સાધન છે. તે **ભાવના જ્યારે તેના ઉત્કૃષ્ટ રૂપમાં સમત્વ પામે છે ત્યારે આત્મા સિદ્ધ-મુક્ત-નિરંજન નિરાકાર બને છે.**

**ભાવનાનું ઉત્પત્તિ સ્થાન ત્યાગ છે.** ત્યાગ વિના ભાવના સાકાર બનતા નથી. ત્યાગ વિના આત્માની ભવ્યતા-સાચી સુંદરતા પ્રગટ થતી નથી. ત્યાગ ભાવનાનું ખુલ્લું પ્રતિક છે. ત્યાગ પાછળની ભાવના જુજુઆ રૂપે રમતી હોય છે. ભાવના આંતરલક્ષી અને બાહ્યલક્ષી એમ બે રૂપે મૂખ્યતયા સંભવિત છે.

ત્યાગના અનેક પ્રકાર અને અનેક ભૂમિકાઓ હોય છે. તે **ત્યાગને તેજસ્વી બનાવવા તપ એ મોટી સરાણ છે.** તપના વિવિધ પ્રકારોમાં મૂખ્યતયા બાર પ્રકારો સુબધ્ધ છે સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગ ભગવંતોની તે અનાદિકાલીન પ્રસાદી છે. તે પ્રસાદ રેચક-પાચક-ઉત્તેજક અને ઠારક છે. પ્રશાંત રસનો વાહક અને ઘોર-ભયંકર કર્મોનો વિનાશક છે.

આટલી નાની સરખી પ્રસ્તાવના બાદ તપ-ત્યાગ-અને ભાવનાનો ત્રિવેણી સંગમ કેવી રાસાયનિક ક્રિયા પેદા કરે છે, કેવા આશ્ચર્યજનક પરિણામો નિપજાવે છે, અને આત્માને કેટ-કેટલા ઉંચા સ્ટેજે મુકે છે, વિશ્વ સકળમાં કેવા સુખ શાંતિ અને સમાધિ સર્જે છે તે જોઈએ.

વિશ્વની કોઈ પણ પવિત્ર ક્રિયા વ્યક્તિ કે સમુહના કલ્યાણના માટે શરૂ થાય છે, ત્યારે તે વિશ્વના પરમાણું ઓમાં એક વિશિષ્ટ હલીચલી પેદા કરે છે. આજના 'અણુ-યુગ'ના જમાનામાં આ વાતને સાબીત કરવાની જરૂર નથી. સૂર્યના કિરણો કેવા કેવા પરિણામો નિપજાવી શકે છે તે 'એકસ રે'ના યુગમાં સમજાવવું પડે?

વિશ્વ વત્સલ સર્વજ્ઞ પરમાત્માએ વિશ્વના સાર્વીય કલ્યાણ માટે જે સિદ્ધાંન્તો સ્થાપ્યા, જે ક્રિયાઓ બતાવી તે માટે જે માર્ગો યોજ્યા તે કેટલા બધા ઉન્નતિકારક-પ્રગતિ સાધક હતા અને છે તે તો આજનું વિજ્ઞાન જ સાબીત કર્યે જાય છે. અને **'બાબા વાકયં પ્રમાણમ્' સિદ્ધ થતું જાય છે.** જરા હૈયું ખોલી જુવે તો ખલ-કના ખેલ પ્રત્યક્ષ દેખાય એમ છે.

ભાવના પ્રધાન ત્યાગ અને ત્યાગપ્રધાન તપ એ સર્વજ્ઞ શાસનની સત્ય અને સચોટ અનાદિ કાલીન શુધ્ધ પ્રણાલિકા છે. મુક્તિ પ્રાપ્તિનો સ્વચ્છ અને સરળ સૈધ્ધાન્તિક માર્ગ છે માટે જ ત્રિવેણી સંગમના પાયા પર મહેલનું ચણતર કરવું છે.

તપ મૂખ્યતાએ બાર પ્રકારનો. તેના પણ બે ભેદ. બાહ્ય અને અભ્યંતર. બાહ્યથી આંતર ખીલે. આંતર બાહ્યને વેગ આપે. કેટલો સુંદર મેળ! આંતર અને બાહ્ય ત્યાગને દીપાવે. ત્યાગનું રક્ષણ કરે. ચારિત્રનું કવચ બને.

બાહ્ય તપ આંતર તપનું સાધક સાધન છે. આંતર તપ એટલે આત્માના મૂળભૂત સ્વકીય ગુણોને પ્રગટ કર-નાર. માટે જ તે અભ્યંતર તપ. પરસ્પરની સાધ્ય સાધકતા અદ્‌ભુત છે. સર્વજ્ઞ શાસનમાં નાના મોટા અનુષ્ઠાનો અને

પ્રક્રિયાઓ તાણાવાણાની માફક ગુંથાએલ છે. માટે જ પરસ્પર પૂરક બને છે. સામાન્ય દેખાતી દેરાસરજીમાં **'ઘંટ' વગાડવાની ક્રિયા કેટલી ગજબ, કેટલી અજબ? વૈજ્ઞાનિક પ્રક્રિયાથી કેટલી ભરપૂર?** કેટલો ઉંચો આશય એની પાછળ?

બાહ્ય તપના છ પ્રકારમાં પ્રથમ 'અનશન' એક ફેરાનું. બે ફેરાનું ભોજન, અગર દિવસો સુધીનું ભોજન અને શક્તિ હોય તો 'પાણી' પણ છોડવું તે શા માટે? 'આહાર' પુડીંગ એજ સર્વ ઉપાધિનું–દોડાદોડીનું મૂળ છે માટે ને? આહાર વિના કેટલા દિવસ ચાલે? ઉગ્ર તપસ્વી મહાત્મા હોય તો કદાચ છ માસ ચલાવી પણ શકે, પણ પાછું એકાદ દિવસ સુકુ લુખુ પણ દેહને આપવું પડે, નહિ તો 'આ નોકર દેહ' જોઇતુ આત્મસાધક કામ આપે નહિ.

'તો પછી શેઠ' બની બેઠેલ અન્યોનો 'દેહ' તો જીભને વશ. એના ઓર્ડર્સનો પાર નહિ. અને ટુંકુ પુણ્ય હુકમનો અમલ થવા ન દે. જોઇ લો પછી કમ્બખ્તી. એ કમ્બખ્તી ટાળવાને પણ 'અનશન'ની તક્તિ ઘરમાં મનમાં અને આતમરામમાં લગાવે જ છૂટકો.

અને તેમાંએ આજના ભયંકર કૃત્રિમ તંગીના ઉભા કરાયેલ 'હાઉ'ના કાળમાં? કાળથી, ક્રોધથી અને મરણથી બચવા માટે પણ 'અનશન' વધુ પ્રેકટીસ માગે ને? ભયંકર કોટિના દુર્ધ્યાન અને પ્રદેશથી બચવાનું આનાથી કયું ઉત્તમ સાધન મળશે?

'અનશન'ને ખીલવનાર–પોષનાર અને અનોખો ઓપ આપનાર એની માજાઇ સગી સહોદરા છે. એનો શુદ્ધ–સ્વચ્છ અને નિર્વિકારી પ્રેમ અનુપમ. જગતમાં જોટો જડે

નહિ. ભાઇ કરતા બ્હેન ભારે ચકોર અને ચબરાક. રૂપ-ગુણ અને સૌન્દર્યમાં પણ એની સરસાઇ કોઇ ના કરી શકે. મહેમાનને ખવરાવે સ્વાગત સારૂ કરે અને સદા તંદુરસ્તીનો આશિર્વાદ વરસાવે, અનશનને તો એ કદી ભૂલે જ નહિ. ગમે એવા માડીજાયાને કેમ વિસરાય. 'ઉણોદરિકા' એનું નામ.

જેવી સરળ તેવી જ રીશાળ, એને છંછેડીને કોઈ સુખી ન થાય. તૂર્ત જ વૈદ્ય ડો. ને શરણે મોકલે. આકળ વિકળ કરી મુકે ભલી હોય તો અઠવાડીયું મગના પાણી પર રાખે. **એને રાજી રાખે તેની જીવનભર કાળજી રાખે.** તેજસ્વી બનાવે કાંતિમાન રાખે. ભારે બે માથાની, પણ માયાળુ પણ તેટલી જ.

તપસ્વીઓને એની સાથે ઘણી પ્રીતિ. પૂર્વ પારણામાં અને ઉત્તર પારણામાં એનું સ્થાન સદા એમના હૈયામાં. એક રૂઢ અને બેશક સંપૂર્ણ સત્ય માન્યતા કે જેના હૈયામાં એ તેનો 'અનશન' તપ નિરાબાધ–વૃદ્ધિગત અને મહા-પ્રાણનો પૂરક

એની ખૂબી તો જુઓ ત્રણ–આઠ કે દશ અને તદુ-પરાંતના ઉપવાસી-અનશની આત્માઓના શરીર મન અને આત્માને એવા નિર્મળ તંદુરસ્ત–સુઘડ બનાવી દે કે એમ. ડી. અને એફ. આર. સી. એસ. પણ હેરત પામી જાય. ભારે નકશીકારી આર્ય મહિલા. 'ઉણોદરિકા' રહે સદા પ્રફુલ્લ.

એની પ્રીતિમાં ગુમાવવાનું કાંઇ નહિ અને કમાણીનો પાર નહિ. સાત ફુલકાની આતસ ભૂખ છે. પાંચ કે છ ખા, સો ટકા સાચી ક્ષુધા ઉઠી છે. સંપૂર્ણ–સારા દિવસનું એક ટંકનું અનશન નથી પાલવે એમ, ૮૦ ટકા આહાર

પેટને આપ. જઠરાગ્નિ તેજ રહેશે. પાચનક્રિયા વિકૃત થશે નહિ. લીવર નોર્મલ કન્ડીશન ભોગવશે. લોહી પુરતા પ્રમાણમાં બનશે, જ્ઞાન તંતુઓ થાકશે નહિ. તાજગીનો અનુભવ અનેરો થશે. આત્મા જ્ઞાન, ધ્યાન અને સ્વાધ્યાયમાં પાવરધો બની જશે. અને દુનિયા ચક્તિ થઇ જોયા કરશે.

તપના ટીકાખોરોને આ ચબરાજ મહિલા જડબાતોડ જવાબ આપે છે. 'તમારા કોક સંબંધી ભૂલથી મારો અનાદર કરી શકે. અને તમે મારા માલિક પિતા 'તપ'ને વગોવવા નીકળી પડો છો? કેટલું ભારે છે અજ્ઞાન તમારૂં? કેટલો વિચિત્ર કર્મબંધક અનાદર છે તારક 'તપોધર્મ' તરફ તમારો? ચૂપ રહો, વસ્તુના મૂળ સ્વભાવને સમજો, **ટીકાખોર બનવાને બદલે સાચા ટીકાકાર બનો.'**

ત્યાં તો 'વૃત્તિ સંક્ષેપ' નામનો ત્રીજો ભેદ ભેરી વગાડે છે. મુંઝાવ નહિ. હું મદદ કરવા તૈયાર છું. મારી મદદથી 'ઉણોદરિકા' પ્રસન્નમના બનશે, પંદરને બદલે પાંચ ચીજથી ચલાવો. અચ્છેર શાકને સ્થાને પાશેરથી પ્રપુલ્લતા અનુભવો. બેકારીનો ભાર કેડ ભાંગશે નહિ. જરૂરીયાતો થકવશે નહિ. બેતાજ બાદશાહની માફક રહી શકશો. અને આત્માને પાપના ભારથી બચાવી શકશો.

કમાલ વાત છે. વિશેષે કરીને આજની બેકાર દુનિયા માટે પણ આજની જરૂરીયાતોએ માઝા મૂકી છે પછી તે ખાન-પાનની હોય મોજશોખની હોય કે ભોગોપભોગની હોય. મોટા ભાગની તો તદ્દન નિરર્થક અને ભારે ખર્ચાળ. દેખાદેખીની જવાળાથી આજે મોટો ભાગ દગ્ધ બની રહ્યો છે. પુણ્યના

અંશોના કાંઈક ઉદયે બંગલા બાંધી બહાર રહેલાની અપ-ટુડેન્ટી તો રોજ રોકડા માંગે. ક્યાંથી લાવે ? અને ન લાવે તો બંગલાવાળા તરીકેની પોઝીશન કેમ સચવાય ? ખાનગી લોન આપે. સરકારી લોન ભરપાઈ કરે. ભયંકર કેડકચરી મોંઘવારીના સન્માન કરે. અને માંદગીમાં હૈયા-બાળું ખર્ચાળ ટ્રીટમેન્ટ આપે. પછી પોઝીશનને કેવી રીતે પંપાળે ! અને આ બધી દુગ્ધામાં પેલો 'સર્વરક્ષક ધર્મ' અને તેનો નિમકહલાલ દૂત 'પુણ્ય મિત્ર' તે તો સાંભળે જ ક્યાંથી ? ભારે કરી મૂકી છે આજના નવ્ય ઘડવૈયાઓએ ! કે પાછળ કોઈ જાળ બીછાવેલી છે તે તો જ્ઞાની જાણે.

આ વળી કોઈ બ્યુગલ વગાડતો બાળક આવી રહ્યો છે. દેખાય છે સુકલકડી પણ ભારે ચપળ, જાણે હરણિયાની ગતિ. એની વાચા તો સાંભળો. મારૂં નામ છે 'રસત્યાગ' મારો સાથી બને એનો બેડો પાર. ભલેને ચીજોનો અભાવ હોય. ભલેને તેલ 'સંગ્રહખોરીમાં દટાઈ જાય ભલેને 'ડોલર' બીહામણા હુંડીયામણમાં હડસેલાઈ જાય. ખાંડ છો ખવાઈ જાય. ગોળ દારૂમાં ફેરવાઈ જવા દો ! 'ઘી' ભારતમાંથી નામશેષ કરી નંખાય. દુધની ઓછપ વર્તાય અને ડેરીમાં સત્વ ચુસાઈ જાય. મીઠાઈના ભાવ ચાર આને શેરના બદલે ચારરૂપીયા થયા. તેમાં બંદાને શું ? આપણે તો ફાવટમાં જ છીએ.

પેલા વિશાળકાય સર્વકલ્યાણકર જૈન ધર્મના મહાત્માઓ અને તેમના ઉપાસકો મને સારી રીતે ઓળખે છે. અરે મારૂં ભારે સન્માન કરે છે અને મસ્ત બની સાધ્વીવર્ગ અને ઉપાસિકાઓ કમાલ રીતે મને સમાલે છે. છેલ્લા દશકામાં તો મારી કીર્તિ વ્યાપક બનાવી દીધી છે.

અનંતકાળ એમનો ઉપકાર હું માનીશ એમનું સર્વકલ્યાણ તો ટુંકા ગાળામાં જ. વર્ણન કરૂં ? હેબતાઈ જશો. મૂખ્ય વાત જ કરૂં. એ લોકો પહેલાં તો પાયો નાંખે છે પાયો ? હા, મહાન મહેલાતનો મજબૂત લોખંડી–સીસાપૂરક પાયો. 'વર્ધમાન તપોધર્મ'નો પાયો એક સાથે રાતદિવસ અવિરત જરાએ અટકયા વિના ચણતર ચાલુ રહે તો ચૌદ–૧૪ વર્ષ ૩ માસ અધિકે મહેલ તૈયાર થાય. પછી એનું ઓપનીંગ ઉજવણી ઉદ્યાપનાદિ શિખર ચઢાવી થાય. એ મહેલમાં નિરાશંસભાવે વસનાર મુક્તિ પ્રાપ્તિનો અધિકારી બને. વોટસ કે મતદાનની એને જરૂર નહિ.

ઓછી મુડીવાળા ધીમે ધીમે ચણતર ચાલુ રાખે. કંઈકના ચણતર અધુરા રહે, પણ પાયો પાકો એટલે જુદા સ્વરૂપે પણ પૂર્ણતા પામે.

એક દિવસ તદ્દન નિઃરસ ભોજન. દૂધ-દહીં, ઘી, તેલ, ગોળ, ખાંડ, મીઠાઈ મરચુ, છાશ કાંઇ નહિ માત્ર બાફેલ ધાન. બીજે દિવસે ઉપવાસ પછી બે દિવસ તેવા જ ખોરાકનું 'આયંબીલ' અને ઉપવાસ. એમ ૩-૪–૫ અને દરેકની પૂરવણી ઉપવાસથી. એમ વીસે દિવસ સળંગ તપોધર્મની આરાધના સાથે પરમાત્માના નામનો જાપ. દેવગુરૂ દર્શન અને ઉચ્ચકોટિની તારક આવશ્યક ક્રિયાઓ પછી ૬ થી ૧૦૦ સુધી અનુક્રમે શક્તિ સંયોગની અનુકૂળતા પ્રમાણે ક્રમે ક્રમે ચઢે અને ભાવનાના શુદ્ધ નિર્મળ ભાવનાના પૂરમાં બઢે, અને પાપના મહાપુંજ ઘટે ઘટે ને ઘટે જ.

પાંચ વર્ષના બાળક બાળિકાથી માંડી ૮૦ વર્ષના વયોવૃધ્ધ આત્માઓ 'આ રસત્યાગ'ના મહા કઠીન વ્રતને આજે

પૂરપાટ-સારી વિશાળ સંખ્યામાં આચરી રહ્યા છે. તે સ્ટેજે નહિ. પહોંચેલા અનેક આત્માઓ ૧ થી ૬ રસોનો જુદી જુદી રીતે દૈનિક ત્યાગ કર્યે જ જાય છે. અને તે રીતે રસનેન્દ્રિય પર કાબુ રાખી જીહ્વાને જીતી રહ્યા છે. સ્વાદ અને આસ્વાદના વિવિધ વાનગીઓના લલચામણા કાળમાં જીવંત છે આ તપોધર્મ.

પાંચમો પ્રકાર 'કાય ક્લેશ' સદાના ક્લેશને ટાળનારો છે. દેહ પરની મમતાને મારનારો છે. શીત-ઉષ્ણતાની વેદનાને સહન કરવાની તાકાત આપનારો છે. માથાના કેશકલાપને સ્વ કે પરના હસ્તથી કલાક એકમાં ચુંટીને ફેંકી દેનારો છે. દેહને દમીને યોગની ક્રિયામાં આગળ વધારનારો છે.

છટ્ઠો ભેદ પરિસ્થિતિને પહોંચી વળવાની તાકાત ધરાવે છે. જેમ બને તેમ ઓછી જગ્યાથી અને ઓછા સાધનથી જીવન નભાવાના મનસુબાવાળો છે. સૂવે તો પણ અંગોપાંગ સંકોચી કાચબાની માફક બેસે તો પણ વીરાસને કે ધ્યાનશ્રેષ્ઠ આસને. ઈંદ્રિયોને સ્થિર રાખવાની અજબ તાકાત ધરાવે છે. અને યોગની ક્રિયામાં આગળ વધે જાય છે.

છએ પરસ્પરના પૂરક છે. એની સમીક્ષા પણ મજેની છે. સૌથી વધુ કરડાશ 'ઉણોદરી'માં છે. કારણ કે એનામાં તકાત અને મીઠાશ ખૂબ જ છે. એને હૈયે ધારણ કરવામાં તો ભલભલા તપસ્વીઓ પણ કેટલીક ફેરા મુંઝાઈ જાય છે. 'રસત્યાગ' જરૂર અઘરો છે. ભારે તોફાની છે. પણ એને પણ કાબુમાં રાખી હંફાવી દેનાર આત્માઓને 'ઉણોદરી' કેટલીક ફેરા હંફાવી દે છે. કારણ કે કૃશોદરી એ જેમ સ્ત્રીનું સૌંદર્ય ગણાય છે તેમ બાહ્ય તપમાં 'ઉણોદરિકા' એ

તપસુંદરી સુવિખ્યાત છે. તપના સૌંદર્યને દેહની તંદુરસ્તીને અને આત્માની સમાધિને વધારવામાં એ ખૂબ જ પાવરધી ગણાય છે. અને તેથી જ એની કરડાશ ઘણી મીઠી લેખાય છે. એના ઉપાસકો તપોવૃદ્ધિમાં અને સ્વાધ્યાયમાં અજેય બની શકે છે.

દેહદમનમાં નહિ માનનારા, ટાયફોઇડ, ન્યુમોનીઆ-શ્વાસ-કેન્સર-ડીપ્થેરીયા વિ. જીવલેણ રોગોમાં, કમ્પલસરી, ઇચ્છા ન હોવા છતાં દેહદમનને આધીન બને છે, પ્રબળ ઇચ્છા હોવા છતાં વસ્તુ પ્રત્યે અતિરસ હોવા છતાં. ઘરમાં પૂરતા પ્રમાણમાં તે તે ચીજો હોવા છતાં તેનો ઉપયોગ તો શું પણ તેનો સ્પર્શ પણ કરતા નથી. જ્યારે સ્વયં ત્યાગ બુદ્ધિથી તે તે પ્રકારનો તપ આચરનાર 'ઇચ્છા નિરોધો હિ તપઃ' એ તપના ઉચ્ચ ધ્યેયને આત્મસાત્ બનાવે છે, આશાને દાસી બનાવે છે, આશાનાં ગુલામ નથી બનતા. આશા નિરાશાના ઝોલામાં જગત્ જળી રહ્યું છે, હૈયામાં બળી રહ્યું છે, જીવનની અંતિમ પળ સુધી તરફડી રહ્યું છે, આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપની દાહ અનુભવી રહ્યું છે.

આ દુઃખીઓની મહા દયા ચિંતવનાર અને સચોટ સાર્વીય ઉપાય બતાવનાર કોણ? ધન્વન્તરી વૈદ્યોથી પણ અધિકાધિક વિશ્વ વત્સલ, વીતરાગ પરમાત્મા. એ મહોપકારી મહાકારૂણિકની અકાટય આજ્ઞાને વફાદાર પરમ પૂજનીય-વંદનીય આચાર્યાદિ મહાત્માઓ. પોતે 'ઇચ્છા નિરોધ' કરે બીજાને ઉપદેશ આપી અપાવી-હૈયા-કૂણા બનાવી તે માર્ગે ચઢાવે. વગર પૈસે વગર બદલે દેહનું મનનું,

આત્માનું સ્વાસ્થ્ય પેદા કરી આપે. સાચી શાંતિ અને સમાધિમાં હુલરાવે.

બાહ્યના દરવાજામાંથી આંતર કિલ્લામાં માનવી પ્રવેશ પામે બાહ્ય તપને તપનારા આત્માઓનું લક્ષ્ય આંતર તપોગુણને ખીલવવાનું હોય એ સ્વાભાવિક છે. પેઢી કે દુકાનનું મુહૂર્ત કરનાર આજના જમાનામાં 'ઓપનીંગ' સેરીમની કરનારનું ધ્યેય સારી પેદાશ–નફામાં હોય. વેપાર મોટો અને નફો અલ્પ અગર ખોટ એટલે ભારે બેવકુફી.

આંતર તપોગુણ વિના આત્માના ગુણ પ્રગટે નહિ. તે પ્રગટ થયા વિના સુખની સચ્ચાઇ અનુભવાય નહિ. અને તે વિના હંસલો આત્માનંદની મસ્તી માણી શકે નહિ.

અભ્યંતર તપના પણ છ વિભાગ. પહેલું પ્રાયશ્ચિત, સ્વયં અકૃત્યને ભૂલનો પસ્તાવો. ગુરૂ કન્હે કથન અને તપ સ્વાધ્યાયથી નિરાકરણ. ફરીથી તેમ ન બની જાય તેની તકેદારી. મોટે ભાગે તેને જ્ઞાનમાત્રાથી શુદ્ધ બનાવી દે છે **'પશ્ચાતાપનું પુનીત ઝરણું સ્વર્ગથી ઉતર્યું. એ'** (કલાપી) આમાં એક સાવચેતી. ગુરૂ પાસે કહેતી વખતે હૈયું સ્વચ્છ, નિર્મળ હોવું જોઈએ. માયા–કપટનો કે સારા દેખાવાનો કે ગુરૂને માત્ર રાજી રાખવાનો આશય ન હોવો જોઈએ. આત્માને પાપથી હળવો બનાવી ઉચ્ચકક્ષાના ગુણોને પ્રગટ કરવાનો પવિત્ર આશય એજ સાચો પાવક છે.

પ્રાયશ્ચિતનો ગુણ પ્રગટે વિનયીમાં. બીજો ગુણ છે 'વિનય.' **દગાબાજ નમે દુગુણા.** એ વાતની છાંટ પણ અહિં નથી હોતી. વડીલોનો આદર–સત્કાર–સન્માન સેવા અને તે નિઃસ્વાર્થપણે એજ એનો આદર્શ.

# ✻ તપ, ત્યાગ અને ભાવના ✻

( લેખાંક-૨ )

'વિનય વિના વિદ્યા નહિ,
નહિ ગુણનું પૂર;
વિનય છે. વાજીકરણ,
સમજ તું બુધ્ધિ સૂર.'

વિનયથી જડ ચેતન બન્યા. **વિનયથી પૂજક પૂજનીય બન્યા.** 'વનો' વેરીને વશ કરે, 'વિનય' આત્મામાં એક વૈજ્ઞાનિક આંદોલન ઉભું કરે છે. મનમાં એક પ્રકારની રાસાયનિક ક્રિયા ચાલુ કરે છે. એ કેમિકલ પ્રયોગ અવનવા ચમત્કારો પેદા કરે છે. અનુભવે અનુભવાય.

'વૈયાવચ્ચ' સૌથી ઉત્તમ-તારક ગુણ સર્વજ્ઞ શાસનમાં ગણાય છે સ્વરૂપને સુખ-સમાધિ-શાંતિદાયી છે. વિનય ગુણનો પોષક છે. કરૂણા-ભક્તિનો પોષક છે. સંયમધનનો શોધક વર્ધક અને દિપ્તિકર છે. ઐહિક-પારલૌકિક સ્વાસ્થ્યને સર્જનાર છે.

ગૃહસ્થ અને સાધુ બન્નેના જીવનને ખીલવનાર આ 'તપોધર્મ' ને જરા ઝીણવટથી અને છણાવટથી અવલોકવા જેવો છે. એની માધુરી અને સૌંદર્ય તદ્દન અનોખા છે. આંતર તપમાં અપેક્ષાએ સ્વાધ્યાયથી પણ 'વૈયાવ્ચ' અધિકું સ્થાન ભોગવે છે. સ્વાધ્યાયમાંથી જે નવનીત લેવાનું છે. તે મૂખ્યતયા તો આજ છે.

શ્રેણી કેવી ટુંકી બની જાય? સિદ્ધિવધુ વરમાળા લઈને જ ઉભી રાહ જુએ ને?

સ્વાધ્યાય એટલે ઉપાસક અને ઉપાસ્યના પ્રાણ. સાધુ જીવનમાં તો તે તાણાવાણાથી વણાયેલ હોય. વાપરતા, ઉઠતા-બેસતા ચાલતા અરે કેટલીક ફેરા અર્ધ નિદ્રામાં પણ સ્વાધ્યાય ચાલુ હોય. સૂત્રનું સ્મરણ અર્થની વિચારણા પરમ તારક નમસ્કાર મંત્રનો જાપ દુન્યવી વિચારને પેસવાની તક જ ન મળે ને? પરમ શ્રુતધર ચૌદપૂર્વી મહાત્માઓ પણ ચૌદે પૂર્વનું રટણ એક મુહૂર્ત કાળમાં કરી જાય ને! સ્વાધ્યાય એટલે ખરેખર તો પરમાત્માને આંખ સામે રાખી પોતાના આત્માની સ્વરૂપ વિચારણા અને પરપુદ્ગલને-શરીરને આંખ સામે રાખી પોતાના આત્માની સ્વરૂપ વિચારણા અને પરપુદ્ગલને-શરીરને બંધન માનવાની માનસિક પ્રક્રિયા.

એ પ્રક્રિયા 'ધ્યાન' નામા પાંચમીના સાધક તીર્થંકર દેવો. સાધકદશા ધારાબધ્ધ વધતી જાય છે. પરમોત્કૃષ્ટ સાધક દશામાં એક પરમાણુ પર દૃષ્ટિ રાખી ધ્યાન મસ્ત બને છે. ધર્મ ધ્યાનમાંથી શુકલધ્યાનમાં પહોંચી જાય છે. અને ક્ષાયિક ભાવે શ્રેણિ ઉચ્ચ કોટિના ધ્યાનથી માંડી સર્વજ્ઞ સર્વદર્શી બને છે. એ ધ્યાનની પરાકોટિનું અલ્પ પણ વર્ણન અલ્પજ્ઞ આત્મા કેવી રીતે કરી શકે?

સાધકને સાધના માટે શરીર અને મનના યોગો પર ભારે કાબુ મેળવવો પડે છે. તેની શરૂઆત છટ્ઠા 'કાર્યોત્સર્ગ ભેદથી થાય છે. શરીરની સ્થિરતા, મન ધ્યાનમાં કે અજપા જાપમાં. આજુબાજુના વાતાવરણનું વિસ્મરણ-વિધિનું પાલન તો હોય જ. પછી વધતા વધતા વીરાસન વિ. સુયોગ્ય

સાધક આસનો દ્વારા દેહદમન અને ધ્યાનારૂઢ બની આત્મ શક્તિ પ્રગટીકરણ.

આ બારે પ્રકારના તપ કેવા પ્રકારની રાસાયનિક પ્રક્રિયા ઉભી કરે છે? તનમાં, મનમાં અને આતમમાં? સમાજને પણ કેવો સ્વચ્છ અને ઉર્ધ્વગામી બનાવે છે? અર્થશાસ્ત્ર અને રાજ્યનીતિને કેવો સરસ વેગ આપે? એ પણ અવલોકન માગે છે.

સર્વજ્ઞ આજ્ઞા યુક્ત કોઇ પણ ક્રિયા ધર્મ–સામ્રાજ્યની સામ્રાજ્યને સુખી અને આબાદ બનાવે છે જ. જે ધર્મમાં તાકાત છે સાર્વાંય સુખ સર્જવાની, ભવ્યાત્માઓને અખંડ-અનંત અવ્યાબાધ સુખ આપવાની, સુખ–શાંતિ–સમાધિ વિશ્વમાં જારી રાખવાની, તેનો જ એક પેટાભેદ છે 'તપોધર્મ.'

બાહ્ય તપ તો અર્થશાસ્ત્રનો ભારે પૂરક છે જ. બેકારી, મોંઘવારી અને કૃત્રિમ ઉભી કરેલી તંગી–શોર્ટેજ–ટાળનાર પણ છે જ. પણ મનને વિશાળ બનાવે છે. થોડામાંથી થોડું આપવાની વૃત્તિ પેદા કરે છે. દાન ગુણને ખીલવે છે. ભોગોપભોગની અનાદિ વાસનાને બાળી ખાખ કરે છે. તે રીતે આત્માને ઉજ્વળ અને દેશનો પણ દીપક બનાવે છે.

અને અભ્યંતર તપ! ગુન્હાહિત માનવીના મનને પણ પલ્ટાવી નાંખે છે. તેનામાં સેવાના કોડ ઉભા કરે છે. સમાજને સાચા રૂપમાં સેવક બનાવે છે. દેશનો વફાદાર નિતિમાન નર સર્જે છે. આત્મામાં અનેરૂં શૌર્ય પ્રગટાવે છે. વસ્તુના સત્ય સ્વરૂપને ઓળખી તેનો પક્ષકાર બનાવે છે. એ રીતે પોતે પોતાના અસલી સ્વરૂપને ઓળખી તેનો પક્ષકાર બનાવે છે, એ રીતે પોતે પોતાના અસલી સ્વરૂપને ઓળખી સાચો સંત બની શકે છે.

અને સંતોની દુનિયાએ દેશને-ભારતવર્ષને અને વિશ્વને શું શું નથી આપ્યું. એ સંતોના સનાતન આદર્શો જેટલા જળવાય છે, તેટલી સુખની માત્રા આજે અસ્તિત્વ ધરાવે છે. એ આજ્ઞાઓની અવજ્ઞા કરી કરીને ભારતની ભવ્ય પ્રજા આજે દુઃખની ગર્તામાં ધકેલાઇ રહી છે. આમાં એવીડન્સ અને પ્રુફ-મુદ્દા અને સાબિતિઓની જરૂર રહેતી જ નથી. આ તો અનુભવાતી-દાહ પેદા કરતી વાત છે.

તપની પાછળ રહેલું છે મહાતેજ 'ત્યાગ'નું. કોઈપણ વસ્તુ પરત્વેના રાગના ત્યાગ વિના સમર્પણ અને ભોગ આપી શકાતો જ નથી.' **સમર્પણ અને ભોગ ત્યારે જ ખીલે છે જયારે ત્યાગ હૈયામાં જામ થાય છે.** નશ્વર પદાર્થની નાશવંતતા અને ક્ષણિકતા સમજાઇ કે શાશ્વતની શોધ થાય. નાશવંત પદાર્થો-પૈસા-દેહ અને ભોગોપભોગનો ત્યાગ-સમર્પણ સદા સ્થાયીનો સંયોગ કરી આપે છે. તેનું પ્રગટીકરણ કરે છે.

ત્યાગ એટલે પાંચ આપીને પંદર લેવાની વૃત્તિ નહિ. પાંચસો ખર્ચીને પાંચ હજારની કીર્તિ મેળવવાની સસ્તી રીત નહિ. હું પણ સમાજમાં કાંઇક છું એ બતાવવાનો અહંભાવ નહિ. પણ અસાર લક્ષ્મી અસ્થિર શરીર પરના મોહ-મમતા ઓછા કરી સમાજ અને આત્માનું કલ્યાણ સાધવાની તીવ્ર મનોવૃત્તિ.

ત્યાગની યશોગાથા ભારતવર્ષમાં ગવાતી જ આવી છે, નિઃસ્વાર્થ ભાવ દેશ અને સમાજને ખાતર ભોગ આપનાર કોઇક ભામાશાહો, વનરાજો, રક્ષકો, વસ્તુપાલ તેજપાલની *યુગલ જોડીઓ, 'શાહ' બિરૂદના રક્ષકો સુવર્ણશાહીથી ઇતિહાસને પાને અંકાયા છે.*

એવા દેશના પ્રાણ સમા યુગવીરો પણ જેના ચરણ-કમળમાં શીર ઝુકાવતા–હસ્તદ્વય જોડી નતમસ્તકે આજ્ઞા ઉઠાવવામાં ગૌરવ અને મહા કલ્યાણ માનતા–તેવા મહા-ત્યાગી–પાંચ-પાંચ ભીષ્મ પ્રતિજ્ઞાધારી કંચનકામિનીના સર્વથા ત્યાગી–મહાત્માઓ ત્યાગની સુરભિ આજે પણ ભારતવર્ષમાં ફેલાવી રહ્યા છે.

જ્ઞાની, ધ્યાની, તપસ્વી પૂર્ણ વૈરાગી, સમાજના હિત-કાંક્ષી એ દિવ્યાત્માઓ તરફ સમાજનો મોટો ભાગ ઉપે-ક્ષિત છે. એ દુઃખનું આશ્ચર્યજનક મૂળ છે. તે આજના યુગની વિભૂતિઓથી મહાન પ્રજાને દૂર રાખવાના વ્યવસ્થિત પ્રયાસો થઈ રહ્યા છે. ખરેખર 'સીવીલીઝેશન'નું મોટામાં મોટું આ ભયંકર દૂષણ છે.

આમ કેમ બન્યું ? કયારથી યોજિત મંડાણ થયા ? એ બધા ઈતિહાસમાં ઉતરવા કરતાં એનું મૂળ જાણી તેના ઉપાયને આગળ કરવો એ જ વધુ શ્રેયસ્કર છે. 'ભાવના' નામનું એક તત્ત્વ વિશ્વમાં સદાને માટે સર્વ વર્ગમાં સ્થાયી રહે છે. સુકુળમાં જન્મેલ બ્હેનને ભાઇ પર ભાવ હોય છે. બાળક પર માતાને ભાવ હોય છે. પિતાને પુત્ર પર ભાવ હોય છે. સ્વાર્થથી ભરેલ કે સ્વાર્થથી પર પણ પરસ્પરના ભાવ તો હોય જ છે.

તેવી જ રીતે ગુણ અવગુણ અને ગુણી અવગુણી પર પણ યથાભાગ્ય ભાવ હોય છે. **ભારતવર્ષની ભવ્ય પ્રજામાં ગળથુથીમાં ગુણ અને ગુણી પર 'ભાવ'ના પાન થતા.** સ્હેજે સ્હેજે સમજણ થતા સુયોગ્યનો સંગ થતો. સંગમાં સુરંગ જન્મે. સુરંગ અવગુણની સુરં-ગને સળગાવી મૂકે. કુરંગ લાગે નહિ. શાંત વાતાવરણમાં ગંગાના નિર્મળ જળના ખળખળ વહેતા પ્રવાહના કુદરતી

સંગીતના તારે, જીવન-વ્યવહાર ચાલ્યા કરે, તેમાંથી અનેક સદ્ગુણો પ્રગટે ખીલે અને વ્યાપક બને.

યક્તિના નૂરમાંથી સમાજનું નૂર ઘાટું બને. સમાજે દિવ્ય બનતા દેશ સ્વર્ગ બને. સ્વર્ગમાં શું શું સુંદર ન મળે? માટે 'ભાવ' 'સદ્ભાવ' 'સદ્ભાવના' જે કચડી નાખવામાં આવી છે, મારી નાખવામાં આવી છે તેને જ જાગૃત કરવાની જરૂર છે.

તપ-ત્યાગ પ્રત્યેની જે ઉદાત્ત ભાવના ભારતવર્ષની અણમોલ મુડી હતી, છે અને રહેશે તેને વેગથી વિસ્તારવાની જરૂર છે. ખરેખર તો અનંત સુખની કાયમી પ્રાપ્તિ માટે. પણ દેશની આબાદી અને સંસ્કૃતિ રક્ષણ માટે પણ એક અમોઘ ઉપાય છે. બે પગે ચાલતો વિચારક માનવી આ વાતને તરત જ બિરદાવી લેશે. કારણ કે એની **આર્ય નસોમાં આર્યત્વનું ખમીર ભર્યું લોહી વહી રહ્યું છે.**

આજે આર્યાવર્તની આ દશા કેમ? ભારતની ભવ્ય ભોમ કેમ પોકાર કરી રહી છે? છાશવારે આત્મહત્યાના સમાચાર સવારના પહોરમાં? ભૂખમરાનો ભેંકાર રોજ ઉઠીને? દાનની ગણાતી આ દિવ્ય ધરતી પર? 'સુજલામ્ સુફલામ્'નું મધુર સંગીત સ્વપ્નમાં પણ નહિ? પેલી 'પિશાચિની-બેકારી' હાથે કરીને જ સર્જીને? આડમાર્ગે પ્રજાને આકર્ષીને, મૂળ માર્ગમાંથી ચ્યૂત કરીને જ ને? વેપારીના વેપાર ગયા ખેડૂતોની ખેતી ગઈ. ભરવાડની ભારે ડાંગ દેખાતી બંધ થઈ ગઈ. પેલો ભગલો હરિજન આખા ગામનો પ્યારો એનો તંબુરો અને મંજીરા? કોઇ ગામની ભાગોળે હવે રણકતા નથી. અને મીરા અને નરસૈયાના

ત્યાગ ગીતની માધુરી ?

બધાને જોઇએ નોકરી. કોઈ ડીગ્રી પાછળ દશ હજાર અને કોઇ પાછળ પાંચ હજાર. દેવું પણ થયું હોય. મોટે ભાગે બધે 'નો વેકન્સી'નો લતીફો લાગેલ હોય. દર વર્ષે લાખ નીકળે ને હજાર માંડ ઠેકાણે પડે. એવી જ પરિસ્થિતિને ? આ તો સામાન્ય કહેવાય. ગાગરમાં સાગર કયાંથી સમાય ?

ભાવનાનું પરિબળ ગયું. સાથે હૈયાની હામ ગઇ. આર્યત્વનું તેજ ઝાંખું પડયું, પગ ઢીલા હાથથી વજન ઉંચકાય નહિ. ચાર માઇલ ચલાય નહિ. અપટુડેન્ટીનો પાર નહિ. પાટલુનની કરચલી પર જ નજર. અઠવાડીએ સીનેમા જોઇએ. ઘેર ખાવાના ફાંફા બીજા ટંકના. **રાજકપુર ને માલાઓની એકટીંગ અને કટનો શોખ વધ્યો, સંસાર સળગી ઉઠયો.** પુણ્ય-ભાગ્ય પાંચ અપાવે અને પચીસ ખર્ચવા જોઈએ. મળે નહિ અને મન બળે. આત્મા-પરમાત્માને કોણ યાદ કરે ?

આ તો પરિસ્થિતિનું અતિ સામાન્ય બ્યાન થયું. પણ તેનો ઉપાય ? જેના અભાવમાં નાશ તેના અસ્તિત્વમાં સર્જન. આ સીધો સાદો ન્યાય ને....માનવીમાં માનવતા જાગે. દાનવતા વિદાય લે. દાન અને દયાના જુગજુના ગુણો સાથે પરસ્પરના વ્યવહારમાં સાચું સ્વાભિમાન જાગે ? ૧. હું અને ભારતની ભવ્ય ભૂમિ પર જન્મેલો, મારે તે ભીખ માગવાની હોય ? મહેનત કરીને જ રળું. હું **અને માલદાર શાનો ? જ્યાં સુધી મારી પોળમાં કોઇ પણ ભૂખે સૂતું હોય ?** ૨. શાણા નેતાઓ જરા શાંત ચિત્તે વિચારે, કયાંક ભૂલ થાય છે. નહિ તો દિનપ્રતિદિન પરિ-

સ્થિતિ કેમ કથળતી જાય છે? આટઆટલું ભયંકર આંકડાનું દેવું કરવા છતાં? વ્યાજ પણ દેવું કરીને ભરવું પડે એવી પરિસ્થિતિ કેમ થતી જાય છે? ૪. અમારી પ્રાણ પ્યારી પ્રજાની આ હાલાકી અમારાજ દ્વારા કેમ? કોઇ સમૂળ નાશક સ્વાર્થ તો કામ નથી કરી રહ્યો ને? ૫. પાયામાં કોઈ મહાપાપીના હાડકા અને ખોપરી તો નથી દટાયા ને? ૬. સંત–મહંતોની ભારે અવજ્ઞા અને તિરસ્કારનું મહાપાપ પલ્લે નથીપડયું ને? ૭. દુરાચાર–અનીતિ અને વ્યાપક સફાઇભરી લૂંટ તો ઘર નથી ઘાલી રહ્યા ને? આટલું દિશાસૂચન માત્ર અનેક ભૂલોને આંખ સામે ખડી કરશે. સદ્‌ભાવના ભુલ્યા ત્યાંથી ફરી ગણાવશે.

**સમાજ અને ધર્મ જુદા નથી. ધર્મ સમાજ માટે છે, સમાજમાં સમાજના જ કલ્યાણ માટે વ્યાપક બનાવવાનો છે.** સમાજની પ્રગતિ–ઉન્નતિ કલ્યાણ, ઉત્કર્ષ ધર્મ સાથે જ સંકળાયેલા છે. વિશ્વમાં કોઈ કાળે કોઈ પણ દેશનું કે સમાજનું ધર્મ વિના ઉત્થાન થયું નથી. વ્યક્તિથી સમાજ બને છે. સમાજોથી ગામ યા શહેર સર્જાય છે. અનેક ગામો અને શહેરોનો સમુદાય એટલે દેશ. માટે જ વ્યક્તિ મહત્ત્વની બની જાય છે. એનું મહત્ત્વ દેશ–વિદેશમાં ગવાય છે. એનું અનુકરણ થાય છે. વ્યક્તિ ભુલી. ભારે નુકશાન. વ્યક્તિ સુમાર્ગે સર્વનું કલ્યાણ.

ખરેખર ભારતવર્ષની ભવ્યતા નિસ્વાર્થ, ત્યાગી મહાન્ તપશ્ચર્યાને આચરનાર વિશ્વકલ્યાણની સદ્‌ભાવનાને સદા વ્યાપક બનાવનાર ઋષિ–મહર્ષિ અને પરમાત્મપદને પામેલા પ્રખર પુણ્યાત્માઓની આજ્ઞાને આધીન હતી. છે અને રહેશે.

સર્વજ્ઞ, સર્વદર્શી ત્રિકાળજ્ઞાની; પરમકારૂણિક જનકલ્યાણના વિવિધ માર્ગો ચિંધી જનાર રાગદ્વેષ અને મોહથી પર શ્રીમદ વીતરાગ પરમાત્માઓને ભૂલવામાં જ ભયંકરતા સર્જાઈ છે. શ્રી કૃષ્ણચંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવજીને માનનારાઓની પણ મૂળ આજ્ઞાઓ પ્રત્યેની બેદરકારીએજ બેકારી અને મોંઘવારીના ચક્રો ગતિમાન થાય છે. **'વૈષ્ણવ જન તો તેને કહીએ પીડ પરાઇ જાણે રે'** કેવી સુંદર સુદૃઢ પંક્તિ! 'ખુદા'એ સર્વનું રક્ષણ કરવાનું કહ્યું છે. આ વાત કેમ ભૂલાતી જતી હશે?

દર્દ ઘણું મોટું. 'કલ્યાણ'નું કદ હજુ છોટું. કહાણ મોટી કલમ છોટી. લેખકો લખલુંટ. કલમની ભારે છૂટ. અમારે કરવી છે સદ્ભાવનાની લુંટ અને લ્હાણ. સદ્ભાવનાનુ નૂર–સદા સર્જે છે ત્યાગનું પૂર. ત્યાગના પૂરમાં તણાઇ આવે તપના ઇંધન. ઈંધનમાં તાકાત ભરી છે દુષ્કર્મના કચરાને બાળવાની. સાચા આત્મ સુવર્ણને શુધ્ધ બનાવીને વિશ્વ સમક્ષ મૂકવાની.

**તપ, ત્યાગ અને ભાવનાના ત્રિવેણી સંગમમાં સૌ પવિત્ર સ્નાન કરે.** તન મન અને આત્માને શુધ્ધ બનાવે. એ શુદ્ધતાની સૌરભ ભારતભરમાં ફેલાવે. મહા પદ્મના સુગંધી રજકણો વિશ્વવ્યાપી બને. સૌને મહાસુગંધનું આકર્ષણ થાય. પરસ્પરની માનવતા ખીલે.

માનવતાની એ ખીલવણી માંધાતાઓને 'રૂક જાવ'નું એલાન કરે. લોહી ખરડયા હૈયાઓ ને હાથને સાફ કરવાની ફરજ પાડે. વિશ્વશાંતિના શુદ્ધ માર્ગને સાચા દિલથી અપનાવવાં આગ્રહ કરે. કેટલો અનુપમ–અનંત સુખદાયી માંર્ગ છે તપ, ત્યાગ અને ભાવનાનો!

# શાસનનો કોહિનૂર હીરો—
# સ્વર્ગમાં સ્થાન લે છે.

વિશ્વને આંગણે કોહિનૂર ક્વચિત્ જોવા મળે છે. પણ તે જડ અને યુદ્ધને આહ્‌વાન આપે એવો. માલિકને વિહ્‌વળ બનાવે. તેજમાં સર્વને આંજે.

વીતરાગ પરમાત્માના શાસનના કોહિનૂર અનોખા. એના તેજ સૌન્દર્ય સુધાભર્યા. એ તેજમાં નરી નીખાલસતા. એ સૌન્દર્ય તારક. જરાએ મારક નહિ. સામી નજર કરો ને પાવન થાવ. આંખમાં અમી ભરાય. હૈયામાં શાંત સાગર ઘુઘવે. મન પ્રમોદ પામે.

આવો જ એક અનોખી ભાત પાડતો કોહિનૂર. પ્રાપ્ત કર્યો શાસનમાં થઈ ગએલ ગીતાર્થ સમ્રાટે. વિજયદાનસૂરીશ્વર અમર નામ, સકળાગમ રહસ્યવેદી પરમર્ષિ.

સાચા ઝવેરીએ ઝવેરાત પારખ્યું. પાલીતાણા પવિત્ર નગરે પરમ પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજયગિરિવરની તળેટીમાં. ભાગવતી દીક્ષાની સરાણ પર ચઢાવ્યું. સં. ૧૯૫૭ કાર્તિક વદ ૬. પ્રભાત પ્રકાશી ઉઠયું, એ સૂર્ય સાથે ઉદય પામ્યા.

*ક્યી ખાણમાંથી કોહિનૂર નીકળ્યું? પીંડવાડાના સુશ્રાવક* ભગવાનજી પિતા. માતા કંકુબાઈ. શાસનના સુંદર ભાલે કુમકુમનો ચાંલ્લો કંકુબાઈએ કર્યો.

શાસનને એ ચાંલ્લો ૬૭ વર્ષ ૬ માસ ૬ દિવસ અખંડ શળ્યો. ૨૦૨૪ વૈશાખ વ. ૧૧ ના રાતના ૧૦-૪૦ મીનીટે એ દેદિપ્યમાન દિપક બુઝાયો. શા માટે બુઝાયો ? કહોને કે અમરલોકની જ્યોતિમાં ફેરવાઇ ગયો.

સડસઠ વર્ષ ઉપરાંતના દીર્ઘ સંયમ જીવનને જીવી જનાર મહાન્ આત્માએ કેવો કોહિનૂર-પ્રકાશ જગતમાં ફેલાવ્યો ? સંસ્કૃત-ન્યાય-તર્ક-વ્યાકરણ-પ્રાકૃતકા ય-આગમના ઉંડા અભ્યાસથી શાસનની સાન કેવી બઢાવી ? એ તેજને બિરદાવીએ.

સં. ૧૯૬૯માં 'ન્યાય'ના અધ્યાપક બદ્રીનાથ શાસ્ત્રી દ્વારા ગાયકવાડ ઓરીએન્ટ લાયબ્રેરીના વડા નિયામકનો યોગ થયો. સંસ્કૃતગિરામાં આત્મવાદ કર્મવાદ અને સમાજમાં તેની ઓતપ્રોતતા અંગે ગોષ્ઠિ થઇ. શ્રી અનંતકૃષ્ણ તામ્રપર્ણિએ ખૂબ જ ઉલટથી સારોએ પ્રાચ્યસંસ્કૃત ભંડાર બતાવ્યો. નિહાળતા કર્મ સાહિત્યના વિરાટ સર્જનની સરવણીઓ હૈયાને સ્પર્શી ગઈ.

**શ્રીમદ્‌નો વિનયયુક્ત વૈયાવચ્ચ ગુણ સૌનું જબ્બર** આકર્ષણ હતું, પરમગુરૂદેવશ્રીએ સં. ૧૯૭૬માં મહેસાણામાં **'સિદ્ધાંત મહોદધિ'** તરીકે બિરદાવ્યા. તે જ વર્ષમાં દર્ભાવતીમાં પંન્યાસપદની નવાજેશ થઈ ગઈ હતી. સુયોગ્યના સાચા માન.

સં. ૧૯૮૭ ઉપાધ્યાય પદ. એકાણુમાં અનિચ્છાએ પણ મીઠી સખત આજ્ઞાને વશ થવું પડયું. શાસનના જવાબદારીભર્યા તૃતીયપદને સ્વીકારી સાચા રૂપમાં જીવનભર શોભાવ્યું.

સં. ૨૦૧૧ માં એકી સાથે ૩૨ દીક્ષા અને ઉત્તરોત્તર વૃદ્ધિ, ૩૦૦ને ત્રણ રત્નોનું દાન-દાનેશ્વરીના લાડીલાએ કર્યું. અંતની પળ સુધી રક્ષણ કર્યું. સર્વના સંયમ ધનનું કંઈક સમુદાયોના સાધુ મહાત્માઓની વૈયાવચ્ચ એ અપૂર્ણ ગુણ હતો.

સં. ૨૦૧૫નો 'ચડવાણથી' નીકળેલો 'છરી' પાળતો હજાર પુણ્યાત્માઓનો પાદયાત્રી સંઘ પાલીતાણા માટે અને પીંડવાડાની અભૂતપૂર્વ અંજનશલાકાનો ભવ્ય પ્રસંગ દર્શનાચારની કલગીરૂપ હતા. એજ જન્મભૂમિમાં જન્મ થયો વિરાટ કર્મ સાહિત્યનો.

શ્રીમદ્‌ની વિરાટ હૈયાભાવના. તદનુસાર વિરાટ યોજના. અમલ પણ તેવો જ તાજગીભર્યો. પ્રથમ શ્રેણીના પંદર ગ્રંથ રત્નો. એ પ્રકાશ ફેલાવી રહ્યા છે. ચાર આકાર પામી રહ્યા છે. પ્રેસમાં ચારનું અર્ચન થઈ ગયું છે. પાંચેક પાના પર આલેખન પામી રહ્યા છે.

૨૦૨૪ વૈશાખ સુધી પ્રેસ કોપી જાતે તપાસી. પદાર્થોનું પરિશીલન, ટીકા આલેખનકારો સાથે ચર્ચા. ન્યાય-વ્યાકરણ-કાવ્યની દૃષ્ટિએ સૂચના. આવી ઉંડી ગવેષણા **'કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા'** વિના આ યુગમાં કોણ કરશે ?

ઓ **ચારિત્ર ચુડામણિ !** વિષમકાળના ઘેરા ઘનઘોર કાજળભર્યા વાદળમાં શુદ્ધ ચારિત્ર્ય જીવનની અમલી ખેવના કોણ કરશે ? અને પ્રેમભર્યા મીઠા હૈયામાંથી પાવક અગ્નિ કોણ પેટાવશે ? એ પવિત્ર અગ્નિના મીઠા કણીયાથી અનેક મહાત્માઓના મનમંદિરમાં કોણ પ્રકાશ ફેલાવશે !

ચૈત્ર સુ. ૧૫ થી વૈ. સુ. ૧૫ સુધીમાં આપને બે જોરદાર હુમલા શ્વાસના આવ્યા. આપ ખૂબ જ સમાધિમાં

રહ્યા. સતત એક ધારૂં શાસ્ત્રશ્રવણ. છેલ્લે આખીએ ઉપમિતિ પૂ. મુનિશ્રી જીનચન્દ્રવિજયજીએ દશ દિવસમાં સંભળાવી! શું આપની એકાગ્રતા! સાથે જ ક્રોધાદિ કષાયોની ઉંડી વિચારણા! અને પેલા 'વડા'ની ઉપમાએ આપે આ સેવકને કેવો ટકોર્યો! અને 'શાંત સુધારસ' દુહલાવી દુહલાવી પૂ. મુનિ શ્રી કીર્તિચંદ્રવિજયજી મીઠા સ્વરે સંભળાવે. આપ કૃપાળુનું હૈયું આત્મ-નૃત્યમાં રમે અને મનડું સંયમ મસ્તીમાં મલકે! સ્વાધ્યાયનો અપુર્વ આપનો આનંદ નિહાળું અને સુવિહિત નામધેય શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા યાદ આવે.

વૈ. વ. ૭ની સંધ્યા. ૬-૧૫ મીનીટે આપે કેવી ઉંડી શાસનગત ચારિત્ર્ય અને જ્ઞાનની પ્રેરણાના પાન કરાવ્યા. અને એક જ દિવસ પહેલા વૈ. વ. ૬ આચારાંગની ચાલુ વાચના અંગે સિધ્ધાંત પ્રેમની વાત નીકળી. **શું કમાલ અનુમોદના** આપે કરી છે આપના જ પરમવિનેય પટ્ટાલંકારની. તે વખતની આપની હસ્તમુદ્રા! મુખારવિંદની ગંભીર પ્રસન્નતા! હજુ સેવકના હૃદયપટ પર અંકિત થઈ ઉપસી આવે છે.

ખરેખર ગુરૂવર્યોની આવી છૂપી પણ નાભિની પ્રસન્નતા એજ મહા આશિર્વાદ છે પુણ્ય પુરૂષો માટે. અને **આ પળે જ યાદ આવે છે આપના પવિત્ર ઉદ્‌ગારો 'શાસન રક્ષાની-સિધ્ધાંત રક્ષાની ગજબ તાકાત છે એનામાં'** કેવો ભવ્ય ગુણપ્રમોદ. પણ હે કૃપાળુ! ઝવેરાતની પારખ કરી પોતાના કરનાર આપજ ને!

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એનું પાલન-પલાવન આ કાળમાં આપનું અજબ ગજબ. સતત જાગૃતિ. મુહ-

પત્તિના ઉપયોગ માટે આ અદના સેવકને કેટલી બધી ફેર્યા ટકોર્યો હતો? અને એજ જીવદયાનો મહોદ્દેશ છેલ્લી ઘડી સુધી. સાધુ મહાત્માઓ ૭૦. માંકડનો ઉપદ્રવ. બધાને મુકામ ફેરવવા નક્કી કર્યું. આપશ્રીએ તો સાંજે સાડી સાતે કમરો પણ બદલ્યો. પ્રતિક્રમણ પૂર્ણ પ્રફુલ્લતાથી કર્યું. તે વખતનું તે દિવસનું અને વૈ. વ. ૭ થી ૧૧ આઠ વાગ્યા સુધીનું આપનું સ્વાસ્થ્ય કેટલું સુંદર! નિત્યનિયમ પ્રમાણે સ્વાધ્યાય શ્રવણ શરૂ થયું. કર્મ મળોત્સર્ગ શરૂ થયો. દ્રવ્ય મળોત્સર્ગ પણ અંતિમ. નવનો સુમાર, ગભરામણ શરૂ. શ્રવણ વધુ એકતાનથી. ૯-૩૦ ગભરામણ વધી. ડો. આવ્યા અને **અમારા માટે આપે તૈયાર કરેલ મહાવૈદ્ય આપણા પટ્ટાલંકાર પણ સેવામાં તન્મય બની ગયા.**

સેવકને ચિકિત્સા ઉપચારનો યત્કિંચિત્ લાભ મળ્યો. પૂરી આશા બંધાણી. પણ અગમનિગમના ભેદ કોણ ભાખે? ૧૦-૩૦ આપે વીંટલા પર પવિત્ર મસ્તક મૂક્યું. આપના એ મુખ્ય અંતેવાસી શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજીએ કર્ણ પર મુખ રાખી ત્રણ સંપૂર્ણ મહા નમસ્કારમંત્ર સંભળાવ્યા. શરણા શરૂ કર્યા. તેઓશ્રીનો કંઠ રૂંધાયો. આપે છેલ્લો શ્વાસ રૂંધી લીધો ૧૦-૪૦ મીનીટે.

પૂ. પંન્યાસજી મહાત્માઓ સકળ પૂ. મુનિગણ અને તે સાથે વિશાળ શ્રાવક સમુદાય સૌની નજર આપના પર. સૌ આવાક્. કૈંક હૈયા હિબકારે ચઢયા, કૈંક સ્તંભિત બન્યા. અને આપની કૃપાના પરમપાત્ર આગમવિજ્ઞ પૂ. મુનિરાજ શ્રી જયઘોષવિજયજીની મૌનપણે પાચક સેવામાં રહેલી નમ્રતા, ખડેપગે નત મસ્તકે આપના ધ્યાનમાં જ કેન્દ્રિત હતી.

આપની ૫ વર્ષથી સતત સેવા કરનાર પૂ. જયસોમ-વિજયજી અને તેમના દાદાગુરૂ પૂ. મુનિરાજ ધર્મઘોષવિજયજીની આરાધના કરાવવાની તત્પરતા આગળ તરતા હતા. આપને માટે હૈયાનો ભાવ-ભક્તિ બહુમાન અને ન્યોચ્છાવરતા કયા પૂજ્યમાં નથી! અમદાવાદમાં રોકાઇ ગયેલ પૂ. પં. ભાનુવિજયજી ગણિવર અને પેલા પ્રાજ્ઞ યુવાન શાસન-સેવક પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજીની હૈયા હાલત વિચારતાં કંઇ કંઇ થઈ જાય છે.

એ જૈન આલમના અનોખ કોહિનૂર? ગુણ ગાવા શક્તિ નથી. ભક્તિનું નૂર તો જ્ઞાની પીછાને. પાંચસો પાનાનો ગ્રન્થ કાંઇક રેખા આપી શકે, પણ **આપની જીવન રેખા તો કર્મસાહિત્ય-સંયમ-સ્વાધ્યાય-દીક્ષા પ્રદાનમાં જ મુખ્યપણે અંકિત કરી શકાય ને?** હા, વૈયાવચ્ચ એ તો આપનો આત્મસાત્ મુખ્ય ગુણ. સર્વ વિખ્યાત પરમગુરૂદેવ! આપનું ઉંડાણ આપની વિચક્ષણતા કોણ પામી શકે તેમ હતું? **સાદાઈ-નિષ્પરિગ્રહતા અને કરૂણાના તો આપ જીવનમૂર્તિ.**

બસ, અગીઆર વાગે બોસરાવાની સાધુક્રિયા થઇ. પૂ. રામચન્દ્રસૂરીશ્વરજી, પૂ. પંન્યાસજી મહાત્માઓ આદિ તે જ હોલમાં લાંબો ટાઇમ બેઠા. શું થઇ ગયું એજ વિચારમાં ગરકાવ. સુશ્રાવક છગનલાલ કસ્તુરચંદની પેઢી પરથી ટેલીફોનની હારમાળા ચાલુ થઈ ગઇ.

તારઘર પર લોડ વધવા લાગ્યો. ઝાંખુ-ધુંધળું પ્રભાત ઉગ્યું.

જૈનશાળામાં નવકારમંત્રની ધૂન. જૈન-જૈનેતરનો ધસારો. આર્યસંસ્કૃતિનો તાદૃશ ચિતાર. નવ વાગતા તો કાર અને ટેકસીઓનો પાર નહિ. મુંબઇથી માંડી જામનગર સુધીની

જૈન આલમ બહોળા પ્રમાણમાં ખડી થઈ ગઈ. તવંગર મધ્યમ કે સામાન્યનો એક સરખો ભક્તિભાવ. એક સરખી હૃદયની અંજલિ.

પાલખી તો અનુરૂપ જ હોય. ઉછામણી જૈન શાસનની સુંદર પ્રણાલિકા. હૈયાભક્તિનો પ્રાદુર્ભાવ. લક્ષ્મીની અસારતા અને ચંચળતાની સભાન અવસ્થા. પધરાવવાનાં સાત હજાર બાહ્ય વગેરેના ૨૮ હજાર. અગ્નિદાહની પવિત્ર ક્રિયાના ૩૧ હજારનો લાભ લીધો કાંકરીયા-કલકત્તાવાળાએ.

પૂ. આચાર્યદેવાદિ નીચે પધાર્યા. સૌએ હૈયાભાવે પાર્થિવ દેહને અંતિમ નમન કર્યું. ૧-૩૦ પાલખી ઉપડી. ભારે જયનાદ, કાચાપોચાનું કામ નહિ. સારૂએ ખંભાત-સર્વ નાગરિક વર્ગ. દશ હજાર માનવમેદની. સઘળુંએ ભક્તિમય. દોઢેક માઈલની ભક્તિ-યાત્રા. સારે રસ્તે પુણ્યશાળી છગનલાલ કસ્તુરચંદની પેઢી તરફથી હજારો ઉછાળ્યા-ગરીબોને ઠાર્યા.

સુશ્રાવક બાબુભાઈ-સુદાની રમણભાઈ, જીવતલાલભાઈ, જેઠાલાલ ઘીઆ-બાબુભાઈ એરોવાળા-નરોત્તમભાઈ રાણપુરવાળા-કાન્તિભાઈ હળવદના-બાબુભાઈ ધ્રાંગધ્રાના-ગોવીંદજી ખોના આદિ મુંબઈથી, અમદાવાદથી સુશ્રાવક રમણલાલ વજેચંદ, ચંન્દ્રકાન્તભાઈ અને રમેશભાઈ, મોહનભાઈ-નરોત્તમભાઈ આદિ સર્વ અગ્રગણ્ય કાર્યવાહકો, વડોદરાથી વકીલ કેશરીચંદ, નગીનભાઈ, આશકરણજી આદિ, પીંડવાડાના ખૂબચંદજી લાલચંદજી આદિ દરેક શહેર-ગામ નગરના અગ્ર-મધ્યમ-ભાગ્યે જ કોઈ (સમાચારના અભાવે) બાકી હશે.

૪-૩૦ મીનીટે અગ્નિદાહની વિધિ થઈ. ભારે કરૂણાપૂર્ણ ભક્તિ દ્રશ્ય. શું બાળ કે સ્ત્રી, શું યુવાન કે શું

વૃક્ષ. સૌના હૈયા ઘડીભર થીજી જાય.

આ બાજુ **જૈન**શાળામાં ૭૦ સાધુ, વિશાળ સાધ્વીગણ. શ્રાવિકા સમુદાય સાથે દેવવંદન શરૂ થયું. દેવવંદનની અંતે પૂ. આચાર્યશ્રીનું ઉદ્બોધન સૌના અશ્રુભર્યા મુખડાં. **ખૂદ પૂ. શ્રીનો વારંવાર ગદગદ થઈ જતો કંઠ. આંખમાં અશ્રુબિંદુઓ. ભારે વ્યથા, માંડ નીકળતો શબ્દધ્વનિ.** ગજબનાક હતો એ સ્મરણ પ્રસંગ ભવ્યાતિભવ્ય ગુણાનુમોદના અંજલિનો. હૃ**દયમાં** હૃ**દયનો ટંકાર હતો.**

ઉદ્બોધનનો અતિ ઉપયોગી જનરલભાવ જરા આંખ નીચે લઈએ.

**આપણો સહુનો મોટામાં મોટો આધાર ચાલ્યો ગયો છે. એનું દુઃખ સૌને હોય એ સ્વભાવિક છે. પણ એમણે આપણને જે જે જીવનમાં જીવવાનો આધાર આપ્યો છે એ મહાન છે.**

જે જે મહાત્માઓએ આ મહાપુરૂષની સેવા કરી છે એમણે પોતાનું કામ કાઢી લીધું છે....**આરાધ્યપાદની સમાધિમાં મહાનિમિત્તભુત બન્યા છે. એ બધાએ અનુમોદનાને પાત્ર છે.**

કર્મસાહિત્યમાં સંતોષ આપવામાં....બધાએ આરાધ્યપાદનો જે આશય હતો. (તે જાળવવામાં), જે જે વસ્તુઓ પદાર્થો જુદા જુદા હતા એ એકત્ર કરીને જે ભોગ આપ્યો છે એજ આનંદનો વિષય છે.

એમના આશયને અનુસરીને એમની ઇચ્છા મુજબ આપણે શાસનની આરાધના કરીએ એ ઈચ્છનીય છે. એમની સંયમ અને સ્વાધ્યાયની ઇચ્છા...આપણે પુરી ન

કરીએ તો એમના ભક્ત ન કહેવાઈએ.

એમના જવાથી રડવું આવે એ મામુલી છે. સ્વભાવિક છે. આરાધનાનું આલંબન ગયું માટે દુઃખ થતું હોય તેણે તેમની આરાધનાની ઈચ્છા મુજબ વર્તવું જોઈએ. આરાધનામાં વેગ આપે, પોતાનું અને સાથીઓનું કલ્યાણ સાધે.

ઉદ્બોધન નાભિના સૂરથી થયું. સૌના હૈયા નમી પડયાં સૌને સાચી શીખ ગમી ગઈ. ભકિતયાત્રાથી પુણ્યશાળીઓ પાછા ફર્યા. ગુરૂદેવશ્રીના શ્રીમુખે મંગલિક સાંભળ્યું. ભક્તિયોગસભરથી કરૂણ પ્રસંગ શાસનમાં તો આત્મકલ્યાણકર ગણાય છે. આત્મકલ્યાણ નિર્જરા અને પુણ્યાનુબંધ પુણ્યથી સધાય છે. માટે જ મહાત્માઓ પાછળ મહોત્સવો અને દર્શનાચારને દિપાવતા પ્રભાવક પ્રસંગો ઉજવાય છે અને ઉજવાશે.

આપણા આત્મામાં કેટલો ઉજાશ–પ્રકાશ પડયો. કેટલું જ્ઞાનતેજ વધ્યું ? કેટલા ક્રિયાત્મક બન્યા ? શાસનપ્રેમ અને ધર્મ સૌરભ કેટલા વધ્યા એજ સાચું સ્ટાન્ડર્ડ છે. સહજ પ્રશ્ન થાય કે શાસનના મહાપ્રભાવક સમર્થ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજીથી માંડી અનેક સમર્થ વ્યાખ્યાતાઓ ટીકાકારો–પદાર્થ ગવેષકો વૈયાવચ્ચકારો–તપસ્વીઓ આદિનું મહાજુથ ત્રણસો શ્વેત કમળોને સર્જવામાં–ખીલવવામાં–ચુંટી ચુંટીને યોગ્ય સ્થળે ગોઠવવામાં આ **આશ્ચર્યકારી બાગવાન**માં કયી કયી જાતની કળાઓ–ચુકિતઓ અને સિદ્ધાન્ત સ્પર્શના પડી હશે !

આ યુગના મહાયોગીને શાસનની કેટલી ઉંડી ખેવના અને રખેવાળી ! લેખક સેવક, સ્વાનુભાવ આલેખે તો કદાચ આત્મશ્લાઘા કે ગૌરવ પણ ગણાઈ જાય. છતાં

સામાન્ય રેખાચિત્ર આનંદ ઉપજાવશે.

શાસનમાં ચાલી પડેલી દર્શનાચાર અને ચારિત્રાચારની અસ્તવ્યસ્તતા બદલ પૂરા સજાગ. ભાલ પ્રદેશ પર હાથ રાખી બોલે. 'શું કરીએ! જોતા ભારે દુઃખ ઉપજે છે. સમયની રાહ જોવી રહી.' કોઈ શાસન માલિન્યનો પ્રસંગ બને. ભારે વ્યથા પામે. હસ્તદ્વય જોડી લલાટે અંજલી જોડે. વીતરાગની વીતરાગતાનું સ્મરણ કરે. કોઇ નિઃસહાય-રોગપીડિત સાધુ મહાત્માની વાત જાણે. ગમે તે સમુદાય હોય. તુર્ત સ્વયં સાધુઓને મોકલી આપે. સેવકે નજરે આવા તો અનેક પ્રસંગો નિહાળ્યા છે. અનુભવ્યા છે. શ્રાવકગણની ભાવદ્રવ્ય ઉન્નતિ અને રક્ષાના વિચારો પણ સૈદ્ધાન્તિક અને વારંવાર.

કેટલું આલેખાય. જ્ઞાની મહર્ષિઓના હૈયા મહાજ્ઞાની જાણે. આપણે તો પરાગની અનુમોદના. હીરાનું તેજ ઝવેરી પારખે. તેની પ્રભા પણ ઝીલીએ તો બેડો પાર. બાગબાનનો બ્હેકતો બાગ તેમાં વિવિધ પુષ્પ-પરાગ-પામે; તે પામે.

એ પરાગનો એક પરમાણુ સ્પર્શી ગયો લેખકના આત્માને. વર્ષ વીત્યા બાવીશ અને ચોવીસમાં વર્ષે શાસનના આ કોહિનૂરે એક તેજ કિરણ ફેંક્યું. પેલા પરમાણુમાં સ્પંદન થયું ગૃહત્યાગ કરાવ્યો. અણગાર બનાવ્યો. પાસે રાખી સાધુતાના પાઠ પઢાવ્યા. સમિતિ ગુપ્તિના સાર સમજાવ્યા. તીર્થાધિરાજની યાત્રાનો અપૂર્વ આત્માનંદ આપ્યો. શાસ્ત્રસિદ્ધાંતના વાંચન કરાવ્યા. શ્રદ્ધામાં દૃઢતા પેદા કરી.

પણ....પણ ખરે ટાણે. તેઓશ્રીના પટ્ટાલંકારના આ અણુશિષ્યની કલ્પનામાં પણ ન આવે, તેવા સુંદર સ્વાસ્થ્યને

બતાવતા, બાજી પલ્ટી નાખી. પળના પલકારે બીજનું સાધી લીધું. **પણ પક્કા પાકા. સ્વમુખ્ય અંતેવાસીને પાસે જ રાખ્યા. સમાધિની-અંતિમ આરાધના વાણી પણ તેઓશ્રીની સાંભળી.** અને તુર્ત નશ્વર પંજરને છોડી શાશ્વત આત્મા સ્વર્ગમાં સિંહાસને બીરાજી ગયો. રાજી થતો થતો કે અહિંઆ પણ દર્શનાચાર સાધનાના વેગે ચારિત્રાચારની ભાવના જાગૃત રાખશું, **વિરાગને વિમાનનો આદર્શ બનાવશું, સ્વર્ગને કર્મના મર્મનું ભેદક બનાવશું**

ધન્ય મહોપકારી ગુરૂદેવ! ધન્ય આપના શ્રેયસાધક આત્માને? ધન્ય આપના આજીવન ધર્મ પુરૂષાર્થને! નમન આપની શાસ્ત્રકૃતિઓને! વંદન આપની નિઃસ્પૃહતા અને નિઃસંગતાને! આપના ત્યાગને હૈયે ધરૂં. આપની પવિત્ર પ્રેરણાને પુનઃ પુનઃ સંભાળું. **ભુવન** ત્રયમાં આપની **ચંદ્ર** શી ઉજ્વળ કીર્તિ **વિજય**વંતી બની રહો. કોટિશઃ વંદના. કોટિશઃ વંદના.

## * શાસન સંરક્ષક સૂરિપુરંદરો *

વર્તમાન જગત વિલાસને ભડકે બળી રહ્યું છે. દુઃખના સાગરે ડૂબી રહ્યું છે. ધન અને ભોગ ભરખી રહ્યા છે. યાતના અને પીડાઓનો પાર નથી. તેવે ટાણે વિશ્વને

સનાતન સત્ય સમજાવનાર એક માત્ર સાચા સંતો જ શાંતિ આપનાર બની શકયા છે.

અહિંસાના શુદ્ધ સત્યને જીવન કરણીમાં ઉતારનાર જૈન સાધુ મહાત્માઓ. ચલ-અચલ સર્વજીવોના રક્ષક મુનિવરો. રક્ષણ કરે-કરાવે, કરનાર-કરાવનારની પ્રશંસા મુક્ત કંઠે કરે. સર્વને અભય. તે માટે જુઠ નહિ, ચોરી નહિ, અબ્રહ્મ નહિ, પરિગ્રહ પૈસો ટકો નહિ. સંસારની જંજાળથી પર. સર્વના કલ્યાણની ઇચ્છા. સહન કરવાની શક્તિ. ખુલ્લા પગે ભારતવર્ષની ભૂમિ ખુંદવી. સન્માર્ગે જનતાને દોરવી. સત્ય, નીતિ, ધર્મનો ઉપદેશ આપવો. તત્ત્વજ્ઞાનના અમૃત પાવા.

વીસમી સદીનો વિષમ કાળ. સુધારાને નામે ધર્મમાં સુરંગ ચાંપવાની શરૂઆત. જૈન ધર્મમાં પણ વીતરાગતા-નાશક જુથ. વેષ મહાવીરનો. પ્રવૃત્તિ પ્રાયઃ સંસારી જેવી. માઝા મૂકી. ગણ્યા ગાંઠયા સંવેગી શુદ્ધ સાધુ ધર્મના ચાહક મહાત્માઓ. સત્તરમી સદીના મહા પૂજ્ય પરમ પંડિત સત્યવિજયજીને યાદ કરવા પડે.

૨૦ મી સદીના પૂર્વાર્ધમાં ન્યાયામ્ભોનિધિ પરમારાધ્યપાદ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી અપર નામઆત્મારામજી. જૈન શાસનના ઝળકતા સૂર્યનો પ્રકાશ વિશ્વમાં ફેલાયો. દિગંતમાં જૈન ધર્મની સુવાસ ફેલાવા લાગી. તેમના તારક ગુરૂદેવ શ્રી બુટેરાયજી મહારાજા, અને તેઓશ્રીના સમર્થ ધર્મરક્ષક પ્રભાવક સુશિષ્યો નીતિવિજયજી દાદા, પૂ. મૂળચંદજી મહારાજશ્રી પૂ. વૃદ્ધિવિજયજી મહારાજશ્રી આદિ તે વખતના ધ્રુવતારક અને રક્ષક હતા. તેમાં પૂ. આત્મારામજી સાહેબે જે રીતે ઝુંબેશોનો સામનો કર્યો,

પડકાર ઝીલ્યો, શાસ્ત્રના સનાતન સત્યને અબાધિત રાખ્યું તે તો વાણીના વિષયની બહારની વાત છે. સિંહના કામ સિંહ જ કરે. સત્યને ખાતર માનપાન અને સમૃદ્ધિનો ત્યાગ. અન્ન પાન વિના ચલાવી લેવાની વૃત્તિ. પોતે ભારે સમર્થ છતાં ઓજ કરીને સંવેગી ગુરૂ માથે ધારણ કરવા. અને તે પણ જે મહાત્માને વાદમાં હરાવ્યા હતા તેમના અદકા શિષ્ય હસતે મુખે સામા પગલે જઈને થવું. મૂર્તિ-મંડન અને પંજાબને મૂર્તિમંડિત કરવું. સત્ય અને ન્યાયનો સંપૂર્ણ પક્ષપાત. જિનવાણી જ અટલ અને અફર. તેનો જ ઘોષ. તેનો જ નિનાદ. ધન્ય સૂરિપુરંદર!

તેઓશ્રીના જ ચરણકમળમાંથી અદ્‌ભુત શાસન સામર્થ્ય મેળવનાર સદ્ધર્મ સંરક્ષક પ્રૌઢ પ્રતાપી સુવિહિત નામધેય શ્રીમદ્‌ વિજયકમળસૂરીશ્વરજી મહારાજા. અનન્ય પટ્ટધર બનાવવામાં સમગ્ર મુનિગણને કેટકેટલી મહેનત અને જહે-મત પડેલી! પંજાબી, તેજસ્વી શરીર. ગંભીર મુખમુદ્રા. સત્યના જ સમર્થક. સીત્તેરની ઉંમરે પણ ચશ્મા નહિ. એક જ સાદા આસન પર બિરાજમાન. દર્શન કરતાં કેવો આનંદ ઉપજે. અહોભાગ્યે આવા શાસન તેજના દર્શન થયેલા.

પૂ.શ્રી બિરાજમાન હતા ત્યાં સુધી શાસ્ત્ર મર્યાદાઓને તોડનારા ફાવ્યા નહિ. ધમપછાડા ઘણા થયા, લખવાનું ઘણું લખાયું. બોલાયું પણ એટલું. તીર્થંકર બનવાની પણ કલ્પનાઓ થઈ. નિજમાં સર્વજ્ઞપણાના ડોળ કરનારા પણ જન્મ્યા અને આથમ્યા. સાથ આપનારા સાધુઓ પણ મળ્યા પણ પ્રૌઢ પ્રતાપીના પ્રતાપ આગળ કશું નિપજ્યું નહિ. અમુક ક્ષેત્રોમાં નિજનો માર્ગ, બાહ્ય પંથ, ફેલાવવા પ્રયત્નો

થયા. પણ પૂ. શ્રીની હાજરીમાં સઘળુ નિષ્ફળ. કારણ કે નિડર શાસ્ત્રીય વક્તા હતા. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું તેજ હતું. શ્રધ્ધા નાભિમાં હતી. સ્વ–પર આત્મકલ્યાણ હૈયે રમતું હતું. ચારિત્ર ચુડમણિ હતા.

તેઓશ્રીના સ્વર્ગગમન બાદનો કાળ એક જબરજસ્ત આંધિનો હતો. જૈન કુળમાં જન્મેલ અને આપણા ગણાતાનો અમુક ભાગ ઉંધે માર્ગે ચઢી ગયો. તે આત્માઓમાં બુદ્ધિનો વિપર્યાસ જન્માવવામાં આવ્યો. જન્માવનારા માન-કીર્તિના ભૂખ્યા અને લોકહિતમાં રંગાએલા. શાસ્ત્રને અને તદ્ગત દૃષ્ટાન્તોને અવળી રીતે ખતવનારા. કંઇકના શ્રદ્ધાધનનો નાશ થયો. ક્રિયામાર્ગ પર પણ તરાપ આવી. જ્ઞાનની પરબોને નામે મિથ્યાજ્ઞાનનું વહેણ વહેતું થયું. તેના તે વખતના અને અદ્યતન પરિણામોની ચર્ચામાં ઉતરવું અપ્રસ્તુત થઇ પડશે. આવા કપરા ટાઇમમાં પૂ. શ્રીનો સુભગ વારસો પૂ. ગીતાર્થસૂરિ પુરંદર શ્રીમદ્ વિજય-દાનસૂરીશ્વરજી મહારાજા અને કવિકુલ કિરીટ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા કટિબધ્ધ હતા. 'તમઃતરણ' નામના ભયંકર કોટિના લેખથી શ્રી ભદ્રબાહુસ્વામી ૧૪ પૂર્વ-ધર શ્રુત સ્વામીથી માંડી પ્રાયઃ સર્વ સૂરિપુરંદરોને અને અન્ય પ્રકૃષ્ટ મહાત્માઓને વિચિત્ર દૃષ્ટાંત દ્વારા કેવા ચિતરવામાં આવ્યા તે આલેખવાને કદાચ આખો વિશેષાંક ઓછો પડે. તે સામે નિડરતાથી–સ્પષ્ટતાથી રદિઓ પૂ. વિજય લ. સૂ. એ અને તે વખતના પૂ. રામવિજયજીએ આપ્યો. પણ સાધુ સંસ્થામાં સૈધ્ધાન્તિક સત્ય બાબત દ્વિધાનું બીજારોપણ થયું. સત્યને સંપૂર્ણપણે પકડીને પ્રચા-રનારાની સામે કાદવ ઉછાળવા માંડયો જમાનાને નામે

તદ્દન ઉંધા પાટા જનતાને બંધાવા માંડયા. શાસનમાં ભયંકર શૂળ ખોસવામાં આવ્યું.

બીજી બાજુ અંગ્રેજ શાસકોએ એજ્યુકેશન સીવીલી-ઝીશેન અને પ્રગતિની સુંવાળી જાળ પાથરવા માંડી. જુવાળ વધતો ચાલ્યો. પાયામાં ઘા કરવા માટે દીક્ષાના પરમ પવિત્ર સિદ્ધાંતને તદ્દન ઉંધી રીતે ચિતરવા મંડયા. લોભ શું ન કરાવે? છાપાની સૃષ્ટિ પણ તેમાં સપડાઇ. આવા ભયંકર હુમલાના કપરા કાળમાં પ્રાતઃ સ્મરણીય પૂ. વિજય-દાનસૂરીશ્વરજીએ કમાલ કરી. નિજના શિષ્ય પૂ. પ્રેમ-વિજયજી અને પ્રશિષ્ય પૂ. રામવિજયજીને સંપૂર્ણ દોર આપી, રક્ષા-પ્રેરણા આપી, ચોક્કસાઇ કરતા રહ્યા. શાસન-સિધ્ધાંત રક્ષાનો કપરો કાળ હતો. રાજ્યોમાં પણ લાગ-વગથી ખોટા ચિત્રો રજુ થવા માંડયાં. અમ જેવા કેઇ વિરોધના વંટોળમાં સપડાયા.

અધુરામાં પુરૂં પવિત્ર ઉપધાન-ઊજમણા અઠ્ઠાઇ મહો-ત્સવ, શાસન પ્રભાવક શોભા યાત્રાઓની પણ ટીકા ટીપણ શરૂ થયા. વીરના ગણવેષમાં રહેલાઓએ પણ છડેચોક ટેકા આપ્યા. આમ જૈન શાસન અને શાસનની વિશ્વકલ્યાણકર પ્રણાલિકા ચુંથાવા માંડી. ભવ્યોજનોની આત્મસંપત્તિ ખુલ્લા બજારે લૂંટાવા માંડી.

હવે કરવું શું? પણ પૂ. વિજયદાનસૂરીશ્વરજી એટલે શૂરાતનનો ખજાનો. પૂ. ઉ. વીરવિજયજીના સુશિષ્ય પૂ. વિજયકમળસૂરીશ્વરજીના મુખ્ય પટ્ટધર પરમોકારી-વર્તમાન સાધુગણના આદ્ય સ્વામી શ્રી સુધર્માસ્વામી ગણધરની પાટ-પરંપરાને પૂર્ણ વફાદાર કેમ આ બધું જોઈ રહે? કેમ ચલાવી લે?

પોતાના પ્રશિષ્ય પૂ. રામવિજયજીમાં તેઓશ્રીએ અનેરૂં નૂર, શ્રદ્ધાનું—સમ્યગ્દર્શનનું નિહાળ્યું. પૂ. ગુરૂદેવ પં. શ્રી પ્રેમવિજયજી ગણિવરે સ્વ. શિષ્યમાં વિદ્વત્તાનું પૂર તો ઉભરાવ્યું જ હતું. સાથે બન્ને પૂજ્યોના આશિર્વાદનો મેળ મળ્યો. સિંહ ગર્જના શરૂ થઈ. સત્યોના નાદ સંભળાવવા માંડયા. જૂઠ-પ્રપંચની જાળો તૂટવા માંડી. મુંબઈ જેવી અલબેલી નગરીના યુવાનોના કાન પણ સરવા થયા. સત્યની બંસરી બજવા માંડી. માધુરીએ હૈયા ખોલી નાંખ્યા. વીતરાગ પ્રવચનના પ્રવચને સત્યને વાચા આપી. સત્યનો સબળ પ્રચાર થયો. જુઠના હાથ હેઠા પડયા. સત્યના સુરિલા સૂર ભારતવર્ષમાં ગુંજી રહ્યા.

વિપત્તિમાંથી સંપત્તિ સાંપડે ત્યારે કિંમતી અને સદાજીવી પણ બની જાય. ધર્મ અને ધર્મનું મૂળ. સંસાર અને મોક્ષ. સંસારની કટુતા અને મોક્ષની પટુતા. પાપ અને પુણ્ય. આશ્રવ અને સંવર. નિર્જરાનું માહાત્મ્ય એ જ ધર્મનો અર્ક. આ બધી સાદી સીધી તત્ત્વજ્ઞાનની વાતો. સાદા સરળ શબ્દોમાં લોકભોગ્ય બનાવવાનું અહોભાગ્ય અને મહાનિર્જરા એ 'દાન'ના લાડીલાને સાંપડયા.

આ બધું વિના વિટંબનાએ નથી બન્યું. પ્રાણ લેવાના સારા પ્રસંગોમાંથી પણ પસાર થવું પડેલું. અપમાન, તિરસ્કાર, ભયંકર ગાળોના દાન પણ સહન કરવા પડેલા. પથ્થરમારો અને કોર્ટના તોફાનો પણ પાર કરવાં પડેલા. સત્યને શું સહન ન કરવું પડે? પૂ. આત્મારામજી મહારાજે પંજાબમાં શું શું નહોતું સહન કર્યું! અરે....ન્યાયવિશારદ મહાઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કેવા કેવા

કષ્ટોમાંથી પસાર થએલ? રત્નો તો સરાણે ચડીને જ ઝળકે ને?

અહિંઆ આ દીક્ષા–સિદ્ધાંત રક્ષાના પ્રસંગે એક શુભ નામ યાદ કરવું જ રહ્યું. પૂ. આ. શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીએ સિદ્ધાંત રક્ષામાં જે અનુપમ સાથ આપ્યો તે ખરેખર તેઓશ્રીના હૈયામાં શાસન પ્રત્યેની દાઝનો હૈયામાં જલતો દીપક હતો. જામનગરનું પ્રકરણ અને તે વખતે પૂ. શ્રી રામવિજયજીનો, પૂ. સાગરજી મહારાજ સાહેબના સત્ય પક્ષે, જોરદાર ઉપાડ ખરેખર શાસન ઐકયનો અનુપમ નમૂનો હતો.

આગમપ્રજ્ઞ પૂ. આ. શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજીનો પણ રક્ષા કાર્યમાં મઝેનો ફાળો હતો. બીજા પણ અનેકે સૈધ્ધાન્તિક પ્રશ્નોમાં પોતે ફરજનો અમલ કર્યો છે.

પ્રસ્તુત દીક્ષા સિધ્ધાંત રક્ષા અજબ રીતે થઇ ગઈ, ગાયકવાડી સ્ટેટનો ગોઝારો કાયદો પણ વિલીનતાના યુગમાં વિલિન થયો. અને ત્યાર પછી તો ૧૯૯૨ માં મુંબઇની અલબેલી નગરીમાં સિધ્ધાંતમહોદધિ–કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા પરમ ગુરૂભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ આ પુણ્યનામધેય મહાત્માને આચાર્ય પદે બિરાજમાન કરી નૂર–શૂર અને તેજસ્ ઓર વધારી મૂકયા. અરે જડવાદના ભયંકર યુગમાં શાસનને એક સાચો, નિડર, વફાદાર, ગંભીર ગીતાર્થ સુકાની સાંપ્યો. આ હતી અમારા શિરતાજ 'પ્રેમ'ની આંતરિક પરીક્ષા અને શાસન સમર્પિતતા.

પ્રસંગો અને ચિત્ર પ્રસંગો શાસનરક્ષાના, જીવદયાના, સિધ્ધાંતપ્રચારના આ પરમાનંદી મહાન ગુરૂશિષ્યના આલેખતા પાંચસો પાનાનુ પુસ્તક નાનું પડી જાય. પણ અકબર

બાદશાહ પ્રતિબોધક મહાન સૂરિ સમ્રાટ શ્રીમદ્ હીરવિજય-સૂરીશ્વરજી મહારાજા પછીના ચારસો વર્ષે એક અદ્ભુત સમુદાયના સર્જકનું પવિત્ર જીવન કવન હૈયું રમતું, કિતાબના પાને મૂકવાનું મન કેમ રોકી શકાય? શક્તિ નહિ પણ ભક્તિ તો સાચી.

ચારિત્રચુડામણિના સુભગ પરિચયમાં મૂખ્યતયા વડોદરા શહેરમાં પ્રાયઃ સં. ૧૯૮૮ માં દીક્ષા-વિરોધી તરીકે આવવાનું થયું. વિરોધ માત્ર અણસમજણભર્યો અને છાપાઓની રામાયણે. સાથે એક પૂર્ણ જમાનાવાદી સાધુજીના વધુ પડતા પરિચયે.

તેઓ કૃપાળુશ્રીજીનો વિશેષ પરિચય, કૃપાછાયા સં. ૧૯૯૮. ઉદારદિલ સુશ્રાવક માણેકલાલ ચુનીલાલના ઉપધાન પ્રસંગે આરાધના કરતા મળ્યા. શું જ્ઞાન સંવેદન! પરોઢીએ ચાર વાગે, પાટ ઉપર નીચા નમી, બન્ને બાજુ બે વિદ્વાન શિષ્યોની પીઠ પર હાથ ફેરવતા 'કમ્મપયડી'ની સુવિશદ વાચના સ્વમુખે આપી રહ્યા હતા!

પ્રશ્ન થયો. કેવો આલ્હાદક! કેવો પ્રેરક! તારે આ બધો અભ્યાસ કયારે કરવો છે? તારે બધી અનુકુળતા છે. બોલ છે કાંઇ ઉણપ? થઈ જા તૈયાર. વેધક વાણી સાચી પડી. ચોવીસ વર્ષ પછી! પણ ચારિત્ર રત્નનું બીજ અનોખી રીતે નાખી દીધું....ધન્ય કળા, ધન્ય શાસન.

પાટ પર પોતે બિરાજમાન છે. મુંબઇ અંધેરીના ઉપાશ્રયે દીક્ષા-સિદ્ધાંત રક્ષામાં ખૂબ જ અનુમોદનીય સ્વભોગ આપનાર જૈન આલમમાં જાણીતા સુશ્રાવક ચીમનલાલ કડીયા પૂ. શ્રીની પ્રતિકૃતિ લેવા કોશિષ કરે છે. 'કડીયા એ નહિ બને' મુખારવિંદ આડું કપડું ધરી દીધું. આચાર

પ્રેમ અમારા 'પ્રેમ'નો આવો ઉન્નત હતો.

મુંબઈથી વિહાર કરતા ભરૂચ પધાર્યા. શાસન સમુદાયની વાતો નીકળી પડી. શું શાસન ભાવના, શું ચારિત્ર પ્રેમ. કેવો ઉન્નત પવિત્ર ભાવ, સાથે જ કેવી સરળતા. સ્વ શિષ્યોના ચારિત્ર ધનની સતત સદાની કાળજી.

ડભોઈ પધાર્યા. વડોદરાના શ્રી સંઘની વિનંતિ, સાહેબ ૪૫ મૂર્તિઓનો કટિબધ્ધ પ્રવેશ ઈચ્છીએ છીએ. મંજુર. બે માઈલ દૂરથી પ્રવેશ સામૈયું. જનોની હાજરી. બે બાજુ બે બાળમુનિવર. પૂ. પુણ્યપાળવિજયજી; પૂ. જિનચંદ્રવિજયજી. જૈન-જૈનેતરોની અનુમોદના. પૂ. શ્રીએ પચ્ચક્ખાણ નથી પાળ્યું. પૂ. બાળમુનિવરો કેમ પાળે? ભર બપોર. તાપ પુરો. એક વાગી ગયો છે કેવો સુંદર ભક્તિ યોગ! આ હતા સંસ્કાર સ્વામીના સંસ્કાર. સ્વમાં હોય તે પ્રાયઃ પરમાં ઉતરે.

ઉંઝામાં બિરાજમાન છે. ૬૫ સાધુ મહાત્મા સાથે. વાનો દુઃખાવો ભયંકર ઉપડયો છે. બપોરના બે વાગ્યા છે. તાપ ધોમ ધીખે છે. બહાર ઠલ્લે જવા તૈયાર થયા. ઘણી વિનંતિ થઈ. સેવકે પણ કરી. શુદ્ધ ભૂમિ કમ્પાઉન્ડમાં લભ્ય હતી. પણ ના બહાર તે, બહાર! બલિહારી છે સહનશીલતાની!

સાત સાત પૂ. પંન્યાસજી પાટ પાસે. સુંદર શાસ્ત્ર ચર્ચા ઉપડી. વિકટ પ્રશ્ન ઉકેલ થયો નહિ. બીમાર હાલતમાં બેઠા થયા. વીસ મિનિટ એક ધારો વાણી પ્રવાહ. સર્વ ગ્રાહ્ય સરસ ઉકેલ, શાસ્ત્રવેદિતાનું સભર દર્શન થયું.

પીંડવાડાની પવિત્ર જન્મભૂમિ. ઘેરી માંદગી. સુશ્રાવક વૈધરાજ શાંતિભાઈ વડોદરાવાળા નાડી તપાસે છે. જરાએ

ઉત્સુકતા નહિ. શાંત મુદ્રા. **બિચારો વ્યાધિ પણ હેરાન થતો હશે.** ટ્રીટમેન્ટ છએક માસ ચાલી. પણ જ્યારે પ્રશ્ન થાય ત્યારે કેવા ? બોલ, પૂ. કમલસૂરીશ્વરજી કેટલા આસન પાથરવા દેતા ? આવી આધાકર્મી ચીજ શા માટે ? ક્યાં સુધી ? **દેવું તો ઓછું થાય તે જ સારૂં ને ?**

અને કમાલ કરી બન્ને પૂ. ગુરૂશિષ્યે. જૈન આલમને આશ્ચર્યમાં ડુબાડી દીધી. ભારે જાદુગરો બન્ને. સંતલસ કરી વિચાર વિનિમય કર્યો. શાસન અને શ્રી સંઘની શાંતિ ખાતર અણુચિંતવ્યો કલ્પનામાં પણ ન આવે એવો ફેરફાર સમય પૂરતો કરી દીધો. પણ સાથે સત્યને નિડરતાથી જાહેર કરી ઉભું જ રાખ્યું. **શાસનની ઉંડી સમજણ અને સમર્પિતતા તે આનું નામ.**

ડીસામાં તો શાસનની પરમ દાઝ અને દીર્ઘદર્શિતાના દિવ્યદર્શન થયા. કૃપાવતાર મળતા હાજર. આજ્ઞા થઈ આ કાર્ય યુક્તિપૂર્વક પાર પાડવામાં શાસનની પ્રભાવના અને ગૌરવ છે. તહત્તિ. વિચાર સ્પર્શી ગયો કે આટલી જૈફ **ઉંમરે પણ ધગશ એક ઉગતા યુવાનની !** શાસનની ચિંતા કયા સામર્થ્યને ન સરજે.

સેવકને બીજો ઓર્ડર કૃપાદૃષ્ટિનો મળ્યો. જો હવે તું સમજી જા. વિલંબ ખોટો છે. **તને હવે વધારે સંસારમાં રખાય નહિ.** નબળાઈ ખંખેરી નાખ. કેવી અનુપમ તારક વાણી ! કેવો ઉમદા પૌષ્ટિક પ્રસાદ ! આવા હૈયા સોંસરા ઉતરી, તારક બનનાર વિરલ. અનંતશઃ વંદના એ તારક ભાવને !

સં. ૨૦૨૨ ચૈત્ર સુ. ૬ પ્રેમથી પોતાના બનાવીને સમજાવવાની કળા. સાહેબ, આપ વડોદરા પધારો. ત્રણે

દીક્ષા આપ દયાળુના વરદ હસ્તે થાય, શાસન શોભા ક્ષેત્ર અપેક્ષાયે વધુ દીપી ઉઠે. 'જો તારી વાત બરાબર છે. હું પચાસ સાધુ સાથે આવવા ભાવના રાખું છું. પણ ખંભાત જૈન શાળાનું ઉદઘાટન વૈ. સુ. ૮. દીક્ષાઓ વૈ. સુ. ૪. શ્રાવકો દ્વારા તું ખંભાત ટાઇમસર પહોંચાડે, પણ સાધુઓનું દિલ દુઃખાય અને સમજી જા. સાધુઓને મારે દોડાવવા નથી.' પાદ કમળમાં મસ્તક મૂકયા સિવાય બીજું શું ઉચ્ચારાય ?

પૂ. શ્રી અમદાવાદ પોરવાડ સોસાયટી ઉપાશ્રયને પવિત્ર કરી રહ્યા છે. સં. ૨૦૨૨ કર્મસાહિત્ય પ્રકાશનનું વાતાવરણ ગુંજી રહ્યું છે. સેવક સાધુપણામાં, પૂ. શ્રીની સાનિધ્યમાં પ્રકાશન પદ્ધતિ સુશ્રાવકને સમજાવી રહેલ છે. આ શ્રેણીના ૧૫ પુષ્પો વિ. ત્યાં તો પૂ. શ્રીનો યુવાન આત્મામાંથી વાગ્ પ્રવાહ વહેતો થયો. 'પંદર કેમ કહે છે? ત્હેજે ૧૦૦ ગ્રંથો નિર્માણ થશે. આતો એક જ તત્ત્વ ભેદ પર હજુ લખાય છે.' કેટલી ઉંડી ધગશ ! કેટલી ઉદાત્ત ભાવના!

ખરેખરે **કર્મ સાહિત્ય પૂ. શ્રીના પ્રાણ હતા. પરમાર્શ પણ એટલો જ ક્ષયોપશમ અને યાદદાસ્ત પણ ગજબ.** અંતિમ દિવસના સુપ્રભાતે પણ પૂ. કીર્તિચંદ્રવિજયજીને એ જ પ્રેરણા. અને તે સાકાર રૂપ લઇ રહેલ છે. સારાએ કર્મ સાહિત્યને નવજીવન આપી શાસનના સૂક્ષ્મ સાહિત્યની અપૂર્વ રક્ષા કરી છે. જ્ઞાનધનના એ સ્વામીએ.

સંયમ-ચારિત્ર-એ તો જગમશહૂર છે એમના. સર્વ ગચ્છો અને સર્વ સમુદાયોમાં. ગુણાનુરાગી આત્માઓ નત મસ્તકે તે

ગુણની પ્રશંસા કરતા જ રહ્યા છે. **અંતિમ દિવસની સંધ્યાએ આ અદકા સેવકને શાસનની વાતમાં ચારિત્ર શુદ્ધિની જ વાત મૂખ્યતાએ સૂચવી હતી.** તાણા-વાણાથી વણાએલ હતો પૂ. શ્રીનો આત્મા નિષ્કલંક ચારિત્ર સાથે. દેહદમન અને વ્યાધિસહન એમનું પ્રગટ વ્રત હતું. વરશ્રેષ્ઠ જીવન જીવી ગયા આ કાળમાં.

શાસનને ૩૦૦ સાધુ રત્નો સમર્પ્યા. તર્ક, ન્યાય, કર્મસાહિત્ય પ્રકરણાદિમાં પાવરધા બનાવ્યા. ઉપદેશ શૈલી શાસ્ત્રાનુસારી સર્જી. **તપ સારાએ સમુદાયનો એક વિશિષ્ટ ગૌરવભર્યો ગ્રંથ માગે છે.** અવસરે એનું સર્જન શ્રી ચતુર્વિધ સંઘને વિશિષ્ટ અનુમોદનાનું સાધન બનશે. પરંપરા કેવી અડોલ ધર્મ કલા–ધર્મ રક્ષા ધર્મ પ્રભાવના સર્જશે? આનાથી ઉંચી કયી શાસન રક્ષા હશે?

આવી મહાકાય શાસન રક્ષા સર્વતોમુખી સર્જીને ૨૦૨૪ ના વૈ. વ. ૧૧ રાત્રે ૧૦–૪૦ મીનીટે 'વિશ્વશ્રેષ્ઠ મહાપુરૂષ' સ્વના દેહને ત્યજી સ્વર્ગલોકમાં પધાર્યા. પણ તે પરમસંતની સુવાસ–સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્ર રૂપે જીવંત રહી આજે અનેક આત્માઓને જીવન–સુરભિ આપી રહેલ છે.

એ પરમોપકારી વાત્સલ્યનિધિ પરમગુરૂ ભગવંતના ચરણ કમળમાં આ છે માત્ર એક પુષ્પપાંખડી અનંતશઃ વંદના-વલિપૂર્વક.

અત્યારે તો સમર્થ શાસનરક્ષક, ગંભીર ગીતાર્થ મહા-પુરૂષ તરીકે, સ્વ. શ્રીમદ્‌ના પટ્ટાલંકાર, શ્રીમદ્ વિજયરામ-ચંદ્રસૂરીશ્વરજી બિરાજમાન છે. તેઓશ્રીની સુચારૂ શૈલીમાં દર્શનશાસ્ત્રની છણાવટ કરવાની છટા અને શાસ્ત્રના અર્કને મંથન દ્વારા સચોટ રીતે પૂ. સાધુ સમુદાય સમક્ષ મૂક-

વાની અદ્દભૂત કળાનું રસપાન અને જ્ઞાન થયું. ૨૦૨૪ના ચાતુર્માસે-ખંભાત જૈન શાળામાં ૬૦ પૂજ્યોને અપાતી વાચનામાં.

વ્યાખ્યાનમાં શાસ્ત્રીય પદાર્થોને 'સંસાર ભૂંડો અને મોક્ષ જ રૂડો'ના કેન્દ્રબિંદુથી મુકવાની અનુપમશક્તિ, શાસનની સઘળીએ પ્રક્રિયાઓને શુદ્ધિરૂપે સતત જાળવી રાખવાની ખેવના. સામાના હૈયામાં-અતિસુખી આત્મામાં પણ વિરાગ પેદા કરવાની જાદુગિરી. જમાનાએ વેરેલા માનવ વિનાશના બીજમાંથી ફુટેલા અંકુરા અને તેમાંથી પ્રાપ્ત માઠાફળની સભાનતા જગવવી. પરમસત્યને પુરા જોશથી પ્રગટ કરવું. કોઈની સેહ કે અંજામણ નહિ

શાસ્ત્ર એજ ચક્ષુ. ઔચિત્ય આત્મસાત્. કર્મપ્રકૃતિ સામે સતત નીતરતી જાગૃત-નજર. તેમાંથી મધુરું વાત્સલ્ય પરિચયમાં આવનાર 'પામર' આત્માને પણ 'પરમ' બનાવવાની ઉચ્ચત્તમ ભાવના-વિ. વિ. આત્મશક્તિને વધુને વધુ ક્ષયોપશમ ભાવથી ખીલવી રહેલા. મહાન માનસશાસ્ત્રી-ધી ગ્રેટેસ્ટ સાયકોલોજીષ્ટ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી.

ધન અને સંપત્તિ (મની એન્ડ મેટલ) પાછળ દુનિયા જ્યારે ગાંડીતુર બની ને સત્તાની સાઠમારીમાં હજારોની લાખોની કતલે આમ ચાલી રહી છે અને તે પણ વિશ્વ શાંતિને નામે, ભારત જેવા વિશિષ્ટ આર્યદેશમાં પણ આવી મારક ઘાતક વાતો, સીવીલીઝેશન અને એજ્યુકેશન તરીકે વ્યાપક બની છે. જૈનોમાં પણ આ ભુતાવળનું તાંડવ જોર પકડતું જાય છે. તેવા ભયંકર કાળે, આવા એક સમર્થ શાસ્ત્રવેદી મહાપુરૂષ, વિશ્વના કલ્યાણ માટે, શાસનના વધુ પ્રબળ રક્ષક બન્યા રહો એજ શાસનદેવને પ્રાર્થના.

શાસનના સૂરિપુરંદરોની રક્ષાભાવનાને આ છે એક સામાન્ય અંજલિ. મહાપૂજ્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા એટલે શાસનનું અને સમુદાયનું સર્વશ્રેષ્ઠ ગૌરવ. તેઓશ્રીના અને ત્યાર પછી ઠેઠ સ્વ. પરમ ગુરૂભગવંત સુધીના વિશિષ્ટ ચૂંટયા પ્રસંગો પણ શુદ્ધ શ્રદ્ધાનું શુરાતન જન્માવે તેમ છે. કોઇ વિશિષ્ટ શૈલીના લેખક મધુરી આલ્હાદક ભાષમાં સર્જન કરી સ્વ પર ઉપકાર સાધે એવી પ્રાર્થના.

# ❋ પરમતારક વાત્સલ્યમૂર્તિની ❋ પુણ્યસ્મૃતિ

૨૦૨૫ વૈ. વ. ૧૧ એ પુણ્ય તિથિ. ભારતવર્ષના મહાન સંત, સર્વ શ્રેષ્ઠ **જૈનાચાર્ય**, ત્યાગ-તપ-સંયમ-સ્વાધ્યાયના અનોખા ધણી. વૈરાગ્યરસના પાલક-પ્રચારક, ત્રિશતમુનિગણ-અધિપતિ, કારૂણ્યનિધિ સ્વ. પરમારાધ્યપાદ પરમગુરૂદેવ પ્રાતઃ સ્મરણીય શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને કોટિશઃ કોટિશઃ વન્દનાવલિ.

મહાન ગુરૂદેવ ! બાર માસના વહાણા વહી ગયા. ગુણનિધિ-ગાંભીર્યસાગર, આપની 'પુણ્ય સ્મૃતિ' એજ અમારૂ આપના સાચા ભક્તોનું જીવન અમૃત. આપની પ્રરણા વાણી એજ સંજીવની. એ સંજીવનીને વધુ ને વધુ, પૂરજોશમાં

અને પૂરબહારમાં પ્રકાશી રહ્યા છે આપના સર્વતોમુખી મૂખ્ય અંતેવાસી આરાધ્યપાદ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

પ્રભો! એ આપના અપૂર્વ સર્જને ઘેલુ લગાડયું છે જૈન–આલમમાં. 'બસ સંસાર ભૂંડો અને મોક્ષ રૂડો.' 'ઘર છોડો યા છોડવા જેવો હૈયે બેસાડો 'વિષયકષાય' એજ સંસાર. 'શાસન અને શાસનના શિરતાજ અરિહંત' એજ શરણ. 'સત્ય અને નીતિ' એતો શાસનના બચ્ચા. હૈયું સ્વચ્છ, નિર્મળ અને સત્યને ઝંખતુ બનાવો.

પરમોપકારી ! આપ શાસનના હતા. શાસન આપનું હતું. આપશ્રી ચતુર્વિધ સંઘના ધ્રુવતારા હતા. અને આ અદકા સેવક માટે તો આપ શું શું નહોતા! સૂરવિર્ય! પેલી પાંચ સમિતિ અને ગુપ્તિ અને તેમાંએ મુહપત્તિ અને દંડાસનનો સદા ઉપયોગ. સાડાત્રણ હાથની ધુસરદૃષ્ટિ-વાણીમાં મીઠાશ અને નમ્રતા ઇ. વાતો આપની કેમ જ ભૂલાય ?

મહાયોગિ! આપ તો જ્યાં હશો ત્યાં સદ્‌વિચારની શ્રેણિમાં ચઢતી કળાએ રમતા હશો! કારણ કે આપનું જીવન અપ્રમત્ત અને ધ્યાનમાં જ ગયું છે. સર્વતીર્થના દર્શનમાં આપની રાત્રિઓ કેવી સુરમ્ય બનતી? આપનું વિરાટ સાહિત્ય સર્જન એટલે શાસનનું એક અનોખું પવિત્ર અંગ. તેને મઠારી રહ્યા છે આપના સુશિષ્યો!

ઉપશમ રસના દરિયા! આપની એ અંતિમ પળો. એજ આપના પ્રથમ અંતેવાસી, આપના પવિત્ર મસ્તક પાસે, નવકારમંત્રનો મધુર ધ્વનિ આપના કર્ણમાં ગુંજતો કરે, અને આપ શુભ ધ્યાનમાં ક્ષમાજીવી બની, હૈયે શાસન રાખી, સ્વર્ગે સંચરો! ધન્ય ગુરૂદેવ! ધન્ય ગુરૂદેવ!

# ✽ ચ મ કા રા ✽

## ૧. જીવન અને મૃત્યુ.

જીવન પર્યંતના 'કરેમિભંતે' ઉચ્ચર્યા. વીતરાગ શાસનની શ્રી જિનેશ્વરે ફરમાવેલી, સુવિશદ વિશ્વકલ્યાણકારી આજ્ઞાઓ જીવનભર માટે ત્રિવિધ ત્રિવિધે સ્વીકારી. એટલે જ જગતપૂજ્ય બન્યા. એ આજ્ઞામાંની કોઈપણ **આજ્ઞાને જાણી બુઝીને અવગણે એ સાધુ નહિ.** પણ વેષમાં રહી, વેષને બેવફા બનનાર અશ્રુઆળુ-અબુઝોનો લાભ લેનાર દંભી ગણાય.

'ચિત્રભાનુ' ઉપનામધારી એક આત્માની મુનિવેશમાં વિદેશ જવાની વાતમાં આટલું આશ્ચર્ય શું? ખળભળાટ પણ શા માટે? ઉત્સૂત્ર ભાષકો માટે અંતિમ પ્રાયઃ આવું જ આવે. અનંતા તીર્થંકરોની આજ્ઞા પર પગ મૂકવામાં બહાદુરી માને અને છડેચોકે તેવા વિધાન કરે છતાં મુનિવેષ વિધિપૂર્વક પોતાના પૂ. ગુરૂને પાછો આપવા જેટલી પણ હિમ્મત ન ધરે શાણા સમાજમાં એ મરદાઇ નથી ગણાતી. બાકી તો 'અહોરૂપમ્ અહોધ્વનિ' નો જમાનો છે. મુનિપણાનું તે આત્મા માટે મૃત્યુ સર્જાઇ ગયું.

## ૨. ધાર્મિક શિક્ષણની ગુલબાંગો કે નર્યો દંભ ?

મુંબઈમા 'ધર્મ શિક્ષણ'ના આશયથી ગણાય તે રીતે

એક પ્રવૃત્તિ શરૂ થઈ. એકીકરણનો પણ પ્રયાસ શરૂ થયો. કંઈક લાલબત્તીઓ પણ ધરાઈ. તે પ્રયાસો પ્રાણઘાતી પણ ગણાયા. પૂ. આચાર્યાદિ મુનિવરોનો ઠીક ઠીક સહયોગ પણ મળ્યો. પણ પછી તો પાઠયપુસ્તકો આદિની પ્રવૃત્તિ સામે સુયોગ્ય સ્થાનેથી રેડ સીગ્નલ ધરાયો. પણ સમાજ બાહ્ય આકર્ષણોથી ખેંચાયે જાય છે, અંતિમ પરીણામ 'મનસુખભાઇ તારાચંદે, નિબંધ તારણ રૂપે બહાર પાડેલ 'સંચય'માં જણાઇ આવ્યું.' લાલબત્તી ધરનારા દીર્ઘદૃષ્ટા હતા, સાચા હતા. અને સાચા નીવડયા.

વર્ષો પહેલાના નાસ્તિક—બીલ્કુલ ધર્મ સમજણ વગરના વિચારોનું પાછુ ધર્મ-શિક્ષણને નામે પુનરાવર્તન થવાં માંડયું છે. થોડી વાનગીઓ અશ્રધ્ધાના અંધકારની :—

૧. હવે સાધુઓએ બાળવયમાં અપાતી દીક્ષાઓ બંધ કરી દેવી જોઈએ.

૨. સાધુઓએ સમાજના બાળકો માટે વ્યવહારિક જ્ઞાન આપતી સંસ્થાઓ ખોલાવવી જોઇએ.

૩. આજે તપશ્ચર્યાઓ ઘણી વધી છે. બાળકથી લઇને બુઢ્ઢા સુધી ખૂબ જ સક્રિય રસ લે છે.

....પરિસ્થિતિ ધરખમ સુધારો માંગે છે.

૪. સાધુઓ હવે પોતાની દિશા ફેરવે.....

૫. મનસુખલાલભાઈ મહોરછાપ મારે છે. 'આ વાતોથી હું અક્ષરશઃ સમ્મત થાઉ છું. આના શિવાય જૈન સમાજનો ઉધ્ધાર શકય નથી જ!'

વાહરે વાહ! જૈન શાસનનું અસ્તિત્વ મીટાવી દેવાવામાં જ 'મહેતા'ને સમાજનો ઉદ્ધાર દેખાયો. **અજ્ઞાન એ મહા અંધકાર'** તે આજ રીતે ને?

## ૩. જૈન શાસનમાં રહેલા પૂજ્યોને ?

મહાશાસન વિશ્વનું-વિશ્વના ભવ્ય જીવોનું સંરક્ષક છે. આપ સૂત્રધારો છો. **'સબ મીલ અપની અપની ગાવે'** માં પરિસ્થિતિ કેવી કપરી અને ઘાતક સર્જાએ જાય છે, તે આપ નજરે નિહાળો છો. નરી ઉપેક્ષા જ સેવશો ? કે રક્ષણ નીતિને તાજી કરી, તેના પાન શ્રી સંઘને કરાવશો ? જે થઈ રહ્યું છે, બની રહ્યું છે, એ તો 'પારોશમાં પહેલી પુણી' છે. **દૂરગામી પરિણામો કહેતા હૈયું ધબકે છે.** વિચાર શ્રેણી થંભી જાય છે. પરમપ્રભુના મહા પવિત્ર શાસનની ઉપેક્ષા અને અવગણના દુનિયાને કેવા અને કેટલા ઉંડા અધઃપતનમાં ઉતારી રહી છે, તે હવે તો આંખ પ્રત્યક્ષ છે.

'સમાજ'ના-શ્રી સંઘના-ભારત વર્ષના ઉત્કર્ષ માટે પણ 'વિતરાગવાણી'ની સાચી સમજ અને સૌરભ ફેલાવવાની અતિ આવશ્યકતા માનનાર-તેના ઉંડાણનું મંથન કરનાર પૂજ્યોને જ આ વિજ્ઞપ્તિ કરી શકાય ને ? હજુ બાજી હાથમાં છે. વેરાન ભૂમિમાં છેલ્લે પાટલે બેસેલી પ્રજામાં પછી જાગૃતિ લાવવી ભારે પડશે હો !

## ૪. લક્ષ્મી નંદનોને !

પૂર્વના કોઈક થઇ ગયેલા પુણ્યથી લક્ષ્મી અને કીર્તિ મળેલા છેઃ તેની સાથે સાચી-ઉત્કર્ષકારી સમજનું મિલાન કરો. નહિ તો એજ લક્ષ્મી અને કીર્તિ, સ્વ—આત્માને ભરખી ખાશે. ધર્મ અને શાસન ઉંડી સમજ માગે છે. માત્ર તરંગો અને જમાનાની દોટ કર્મસત્તાના કારમાં પંજામાંથી નહિ બચાવી શકે, સર્વજ્ઞ ભગવંત જિનેશ્વર દેવોનો સર્વ-શ્રેષ્ઠ વિશ્વતારક માર્ગ ઉંડી બુદ્ધિ પૂર્વક શુદ્ધ અન્વેષણ

હૈયાનું માંગે છે. હૈયું નહિ ફરે તો આત્મા ઘવાશે. દુર્ગતિના દ્વાર ખુલ્લા થશે. શાણાઓ તેને ખુલ્લા ન જ થવા દે. છેવટે ધર્મ અને શાસનની બાબતમાં તો શુદ્ધ પ્રરૂપક પૂજ્યોને પૂછો અને અનુસરો.

## ૫. ભારત વર્ષની ભવ્ય પ્રજા જોગ.

આર્યાવર્તના પવિત્ર આર્ય સંસ્કારોના લોહીમાં જન્મેલ જનતા કેમ મોટા ભાગે ઉંધે માર્ગે દોરવાઇ રહી છે? આટઆટલી હાલાકી અને કપરા અનુભવો પછી પણ? ઇચ્છાતું સુખ-કલ્પેલું સુખ પણ મળતું નથી, નરી આંધી વ્યાપી રહી છે. જાહેર ક્ષેત્રે કે ખાનગી વર્તુલમાં પણ! ન શન્તિ ન સુખ, ન સમાધિ. ભયંકર વાતાવરણ પેદા થઇ ગયું છે છેલ્લા ત્રીસ વર્ષમાં જ. વેપારીને ચેન નહિ. નોકરીયાતને ઉંઘ નહિ. શ્રીમંતને શાંતિ નહિ. અને મધ્યમને? દેખા દેખી કરવાનો ચાળો લાગ્યો. વગર પૈસે અને વગર પુણ્યે. આ ચાળો કોણે લગાડયો? આવું અપલક્ષણ પેદા કરનારે ભારતનું ભલુ કર્યું કે દુઃખનો દરિયો વિસ્તાર્યો? **શાંત જળમાં વમળ પેદા કર્યા?**

સૌ પોતાના પુણ્યને-ભાગ્યને, પૂર્વજન્મની અને સાથે આ જન્મની કાર્યવાહીને વિચારે, પરલોક-આત્મા સન્મુખ રાખે. ચંચળ લક્ષ્મી અને ક્ષણ વિનાશી દેહનો સતત ખ્યાલ રાખે. ખોટી જરૂરિયાતો પર કાપ મૂકે. બેફામ ઈન્દ્રિયો પર કાબુ રાખે. આજે પણ ભારતવર્ષમાં સ્વર્ગ ઉતરે. ઉતારવું છે ને? ‘દયા અને દાન’ શક્તિ અનુસાર બે છે પાયા આત્મકલ્યાણના અને આબાદીના.

# ❀ શ્રી સંઘ અને સમાજ

અનાદિકાલીન પ્રવાહનો અનંતો કાળ પસાર થઈ ગયો આપણે 'પતન અને ઉત્થાન'ના પ્રવાહમાં ચકરી ખાયા કરીએ છીએ. અનેક કુસંસ્કારો અને પ્રાયઃ નહિ જેવા સુસંસ્કારોની વાસનાથી વાસિત જીવાત્મા અનેક પ્રકારના જીવનોમાંથી પસાર થએ જાય છે, પશુ જીવનની પામરતા પણ અનુભવી, દેવલોકના દિવ્ય આનંદમાં પણ રસ તરબોળ બન્યા. નારકી જીવનની તો જાણે મોટા ભાગમાંથી શ્રદ્ધા જ જતી રહી છે, અને **'માનવજીવન મોંઘેરૂં' એ કહાણી પણ રહેણીમાં દેખાતી નથી.**

પણ પેલી **કર્મસત્તા ભલભલાના છક્કા છોડી નાખે છે.** માંધતાઓના માન મૂકાવે છે. માલદારોની મન મલીનતા અને અકડાઈને ઓગાળી નાખે છે. સત્તાધીશોની સરમુખત્યારીને ધૂળમાં રોળી નાખે છે. આની અકળામણ જે અનુભવે છે, પાયામાં જ કાંઈક ખોટું છે એમ જેને સમજાય છે, કોઈક ઉંચું શરણું શોધે છે, તે આત્માને 'ધર્મ' જેવી વસ્તુ ગમે છે, તેને શોધે છે.

અનંતજ્ઞાની વીતરાગ પરમાત્માઓએ 'ધર્મનું શુધ્ધ સ્વરૂપ' આત્માની સાચી ઓળખ અને તેના મૂળ સ્વરૂપને પ્રગટ કરવામાં ચીંધ્યું. એ ચીંધેલા માર્ગે જે ચાલ્યા તે સાધુ બન્યા. સાધ્વી થયા. ઉંચા માર્ગને આચરવા અશક્ત પણ

તે માટે તરફડતા ગૃહીધર્મને આરાધવા લાગ્યા. શાસ્ત્ર શ્રવણ ગુરૂમુખે, હેય ઉપાદેયનો વિવેક, અને શુધ્ધ તારક ક્રિયાનો શકય અમલ. આ ત્રણ ગુણને પ્રધાન બનાવ્યા, એટલે શ્રાવક શ્રાવિકા બન્યા.

આમ પરમાત્મ શાસનના ચાર અંગનો શ્રી સંઘ બન્યો. તે જ શ્રમણ પ્રધાન શ્રી સંઘ. બાકી રહ્યા અને સત્ય અને નીતિના પંથને ધ્યેયમાં રાખ્યો, શકય એટલો પૂરો અમલ કરવા લાગ્યા તે માનવ સમૂહ 'સમાજ' તરીકે ઓળખાયો. આનાથી હેઠની કક્ષાના વ્યવહાર શૂન્ય, ભોગોપભોગ પાછળ પાગલ અને માનપાનમાં અંધ, તેવાઓની 'સમાજ'માં બીલકુલ કિંમત નહિ સમાજ તેવાઓથી ખૂબ જ સાવચેત રહે.

આ સર્વ સામાન્ય ધોરણ આંખ સામે રાખી આજના કેટલાક પ્રશ્નોનો વિચાર વિનિમય કરવામાં આવે. માનસિક તુલા સાચવવામાં આવે. તો આજની 'સ્ફોટક પરિસ્થિતિ'નો હૂબહુ ખ્યાલ આવ્યા વગર રહે નહિ. કયા કુતત્વોએ કયા સુતત્વોને કયાં, કેટલી અને કેવી રીતે ધક્કે ચડાવી દીધા છે, તે તુર્ત સમજાય. તે સમજાતાં **પાપી પ્રત્યે તિરસ્કાર નહિ અને અજ્ઞો પ્રત્યે કરૂણા**, એમ વિશદ મન પૂર્વક 'સમાજ'ના ઉત્કર્ષનો સાચો રાહ મલે જ મલે. અન્યાય કોઈને નહિ અને ન્યાય સર્વ પ્રશંસે તેવો.

આજે શ્રી સંઘના અને સમાજના કાર્યોનો 'ભેળ' બનાવાયો છે. તેમાંથી અનેક સંઘર્ષો જન્મે છે. કક્ષા–સ્ટેજ જુદા છે. એકના કાર્યમાં–એકની લીમીટમાં, જરાએ સમજ વિના બલ્કે સમજ વિનાના અજ્ઞાનને સારી જાણકારી માની લઈને બીજો ઘૂસવા જાય છે, એટલે અનેક દૂષણો જન્મે

છે. જે દૂષણો મોટા થતાં શ્રી સંઘ અને સમાજને કોરી ખાય છે.

શ્રી સંઘ–, શ્રીમદ્ તીર્થંકરદેવો, જેઓ સર્વજ્ઞ અને વીતરાગ છે તે મહાકારૂણિક વિશ્વોપકારી પરમાત્માના મહા શાસનને સંપૂર્ણ શ્રદ્ધાથી માનનાર છે. તે મહા શાસનની આજ્ઞાઓ જગતના મહા ઉપકાર માટે, વિશ્વભરના આત્માઓની શ્રી (દ્રવ્ય અને ભાવ) સુખાકારીના રક્ષણાર્થે પંચાંગી શાસ્ત્રોમાં સ્વચ્છ અને સ્પષ્ટ રૂપમાં ગુંથાએલ છે. એટલે શ્રી સંઘની સઘળીએ કાર્યવાહી આત્મ–કલ્યાણલક્ષી જ બની રહે એ સ્વાભાવિક અને તદ્દન સુસંગત છે. બલ્કે એ બીજા 'સામાજીક' કાર્યોમાં હસ્તક્ષેપ કરવા જાય તો માર્ગ ચૂકે છે અને નાથની આજ્ઞાને ઉલ્લંઘે છે. શ્રી સંઘમાં રહેલી વ્યક્તિ સમાજ સાથે તો સંકળાએલી છે. એટલે કક્ષાભેદે વ્યક્તિની કાર્યવાહીના પણ સમાજગત ભેદાનુભેદ ઉભા રહેશે જ. પૂ. સાધુ સાધ્વી ગણની ઉચ્ચ કક્ષાની કાર્યવાહી તદ્દન જુદા જ ઉંચા પ્રકારની બની રહે એ જ ન્યાય છે. જ્યારે આજ્ઞામર્યાદામાં રહી ગૃહી ધર્મને પાળતા શ્રાવક–શ્રાવિકાઓની શ્રીસંઘ પ્રત્યેની, સમાજ પ્રત્યેની, કુટુંબ પ્રત્યેની કાર્યવાહી વિવિધ પ્રકારની, વિવિધભાવો, અને મનના પરિણામોથી યુકત ઔચિત્યાદિથી સભર બની રહેશે.

ઉપરોક્ત પરિસ્થિતિને સુસ્પષ્ટ અને સુવાચ્ય બનાવો. તેનો યથાશક્ય અમલ કરો. ઘણા ઘણા પ્રશ્નોના વમળમાંથી બહાર અવાશે. પરસ્પરમાં ઘસાતી લાગણી કોમળ બનશે. એકમેક પ્રત્યે વિશ્વાસની અને સહાયની લાગણી જન્મશે અને હુંફ મળશે. હુંફમાંથી તાજગી જન્મતા હૈયાં પાસે આવશે. પાસે આવેલા, હૈયાની પોતાની ભૂલ અનેસામાની ઉપયોગિતા સમજશે. પોતામાં રહેલી ખામી અને બીજામાં રહેલી

કોઈક સ્વાભાવિક વિશિષ્ટતા આંખે ચઢશે. પછી તો આંખ અને હૈયું નિર્મળ બનતાં ટીકાખોરને બદલે ઉપયોગી અને નિર્મળ મનનો ટીકાકાર લોકપ્રિય આત્મા બનશે. શ્રી સંઘમાં હશે તો શ્રી સંઘને અને સમાજને બન્નેને, નહિ તો સમાજને તો છેવટે ઉપકારક બનશે.

**સ્વસ્થ સમાજમાંથી જ શ્રી સંઘ વૃદ્ધિ પામવાનો છે. 'સમાજ' માર્ગાનુસારી બન્યો રહે એ જોવાની શ્રી સંઘની ફરજ છે.** પછીના ઉંચા સ્ટેજો–કક્ષાઓ સૌથી પ્રથમ અમલી–આદર્શ તરીકે, તેથી કરીને જ, શ્રી શ્રમણ સંઘ. સમાજ સમક્ષ મૂકયા જ કરે છે. આજે પણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના શુદ્ધ માર્ગે આત્માઓ ચઢે, તેનું પાલન કરે તે માટેની હરકોઇ તકેદારી ચતુર્વિધ શ્રી સંઘ રાખે જ રાખે. એમાં સુશ્રદ્ધાવાન પંચાંગીને પૂર્ણ વફાદાર શુદ્ધ ક્રિયાકારક, બારવ્રતધારી, શાસનાનુસારી આજ્ઞાપૂર્વકના શાસનના મહાન કાર્યોને નિરાશંસપણે પાર પમાડનાર–સ્વલક્ષ્મીનો સાતે ક્ષેત્રે ઉલ્લાસ પૂર્વક વહન કરનાર શુદ્ધ–આત્મ માર્ગ તરફ અનેક સુયોગ્ય જીવોનું આકર્ષણ થાય તેવા વિશિષ્ટ પ્રસંગોને ઉભા કરી, સ્વલક્ષ્મીની મૂર્છા ઉતારી, શાસનના આત્મકલ્યાણકર માર્ગ તરફ અનેકાનેક જીવાત્માઓનું આકર્ષણ કરનાર, મહાભાગની ઉપબૃંહણા–અનુમોદના કરે જ કરે.

સમાજ તર્ફેની કાર્યવાહી માટે સૌથી પ્રથમ 'શ્રાવક'ના સુસ્થિત ધર્મને સુવિશદ્ રીતે સમજવો અતિ *જરૂરી છે,* **શ્રાવક એટલે સંસારમાં રહેલ મહેમાન. શરીર સંસારમાં અને મન મોક્ષ માટે.** મોક્ષ, સાધક ધર્મ, શ્રમણત્વ–સાધુપણું, સર્વત્યાગની ભાવના એ હૈયામાં સદા

જીવી. લક્ષ્મીને અસાર અને અધર્મ માને. દાન એનો સુધર્મ તે પણ માનકીર્તિની લાલસા રહિત. ભોગોપભોગને તથા-પ્રકારના કર્મોદયે ભોગવવા છતાં વિઘ્ન માને. શીલ એનો શણગાર. ખાનપાનમાં રસ નહિ. તપ એનું વ્રત. સંસાર એને ભુંડો લાગે. સાધુપણાનો સાચો ચાહક. કુટુંબને પાળે શક્ય ન્યાય નીતિથી. અંતર એનું સગા વ્હાલાથી અલગું. **સંસારની હરકોઈ કાર્યવાહીમાં પાપનો ઝપાટો માને.** જે કંઈ કરવું પડે તે ઔચિત્યની દૃષ્ટિથી. મનની મમતા નહિ. ધર્મના દરેક પ્રસંગમાં ઉલ્લાસ પૂરો. તન-મન-ધન એમાં ખર્ચાય એટલાં લેખે માને.

આવો આત્મા પોતાના વર્તનથી જ સમાજનો સહાયક બની જાય છે. સ્વભાવસિદ્ધિ ઉદારતા એની સમાજને સુવ્ય-વસ્થિત બનાવે છે. **દયા ગુણ એનો માનવતાનો પડ-છંદો પાડે છે.** અયોગ્યમાં ઉભો રહે નહિ. યોગ્યમાં શક્ય ઔચિત્ય બતાવ્યા વિના રહે નહિ. સમાજ માટે આશિર્વાદ રૂપ અને મેઢીભૂત. પણ તે માર્ગાનુસારી સમાજ માટે. માર્ગાનુસારીતા એ ખૂબ જ ચોક્કસ અને માનવતાને ખીલવનાર ગુણ છે. પણ એની સ્પષ્ટતા કરવા માટે 'આજના સમાજનું' સ્પષ્ટ ચિત્ર દોરવું પડે. પણ તે અવસરે. સમાજ આજે ક્યાં જઈ રહ્યો છે એનું દિગ્દર્શન કરાવવા માટે પણ સારી એવી એક લેખમાળા આલેખવી પડે. અત્યારે તો આ માત્ર અંગુલી નિર્દેશ છે.

હવે જે શ્રી સંઘના ઓજસ્ અને તેજસ્ પર સમાજની સ્વસ્થતાનો આધાર છે, તે શ્રી ચતુર્વિધ સંઘની અત્યારની પરિસ્થિતિ પર થોડીક વિચારણા કરી લેવી ઘટે. પ્રથમ પ્રશ્ન થશે કે શ્રી સંઘ એટલે જૈનો અને તેમના પૂજ્યો જ ને!

હા. એમ જ. અને **શ્રી સંઘની સ્વસ્થતા ઉપર સારાએ સમાજની સ્વસ્થતા** ? હા. એ પણ એમ જ. કોઈએ અકળાવાની જરૂર નથી. આ ઉત્તરમાં આજનો કોઈપણ **'સર્વહિતકારી સત્ય એ મારું અને સર્વનું'** એવી ઉમદા ભાવનાથી સભર છે આ વિધાન. જેમાં છૂપાએલી છે આર્યાવર્તની સર્વજન સુખકારી ઉન્નત ભાવના. **જેમાં રહેલ છે. સર્વોચ્ચ સંસ્કૃતિનો વિશ્વસંદેશ.**

સર્વોચ્ચ સંસ્કૃતિમાં નમસ્કાર પણ 'આમને' નહિ પણ 'આવાને' કરવામાં આવે છે. અમુક જ વ્યક્તિને નહિ, નહિ પણ 'આવા આવા' 'શ્રેષ્ઠ ગુણધારીને જ' આદર્શ તરીકે સ્થાપવામાં આવેલ છે. એટલે એ સ્ટાન્ડર્ડ–ધોરણ અફર-અભંગ બની રહે છે. એ સંસ્કૃતિના જીવન ધોરણ પણ સ્વપર રક્ષક અને સ્વપર હિતકાંક્ષી રચાએલ છે. વિશ્વજીવન ઘડનાર એ પવિત્ર 'મા'ને કોઈ મામકો પારકો નથી. કર્મસત્તાની કાતિલ ચૂડમાંથી કોઇ પણ સુયોગ્ય આત્મા બચે. છૂટો થાય, અને અનંત મુક્તિના પંથે વહ્યો જાય, આ છે એની કુલ-ગુંથણી. સદા સુરભિભરી. કદીએ ન કરમાય તેવી શાશ્વત.

આ મહાસંસ્કૃતિમાં ઓટ એટલે શ્રી સંઘમાં અને સમાજમાં ઓટ અને અસ્ત વ્યવસ્તતા. પાયો હાલે કે મકાન દોદરૂ બને. **આદર્શોને ઢીલા કરાય એટલે મન માંકડું કુદાકુદ કરે. સિદ્ધાંત એટલે પારમેશ્વરી આજ્ઞા. એની પ્રરૂપણામાં કચાશ–ઓછાશ કે ઉલટાપણું એટલે આર્ય સંસ્કૃતિ પર મહા ઘા.** ઘાની કે બેઠા મારની અસર અવસરે 'સમાજ શરીર પર' જણાયા વિના રહે નહિ. જે આજે આજે તો હવે હાથમાં

રહેલા આમળાની માફક સ્પષ્ટ દેખાય છે. અનુભવાય છે. અને એના ભયંકર પરિણામો અનેકવિધ ગડગુમડના જેવા સમાજ શરીરને પીડા કરતા દેખાઈ આવે છે. ઉંધી પ્રવૃત્તિના ઉંધા પરિણામોના આ તો હજુ ગણેશ માત્ર છે. ફળ તો આવશે. અને દેખાશે ત્યારે પ્રાણલેણ ચકરી આવશે.

આવો ઉત્તમ શ્રી સંઘ એમાં જ્યારે સૈદ્ધાંતિક અસ્તવ્યસ્થતા જન્મે છે ત્યારે તો તેની ગજબનાક અસર વિશ્વ પર થાય છે. અને તેમાંએ આચારની ઢીલાશ વધુ ને વધુ તે અસરને ઘેરી બનાવે છે. અનેક ઉલ્કાપાતો, શારીરિક, માનસિક આર્થિક સામાજીક પેદા થાય છે. અને આ બધાની પીડામાં 'આત્મા' જેવું મૂળ તત્વ ભૂલાતું જાય છે. તેની સાથે જ અનીતિ, અન્યાય, ત્રાસ, લુંટ, વ્યભિચાર વધતા જાય છે. માઝા મૂકે છે. પરિણામે મોટા ભાગે માનવી મહા હિંસક, પશુ કરતાં પણ વધુ પાશવી બને છે. માનવ દાનવ બને છે. દાનવતા સમાજને ભરખી ખાય છે. સમાજની પીડાનો પાર રહેતો નથી.

માટે જ ભલે ઓછી સંખ્યામાં પણ શ્રી સંઘ એ જ સબળ-નક્કર ભૂમિકા છે. ટોચ આદર્શ શીખરનો દર્શક-પાલક અને રક્ષક છે. એમાં આજે અરાજકતા વ્યાપક બનતી જાય છે એ હકીકત છે. ઘણાને એમ થશે કે, આવું જાહેરમાં શા માટે આલેખવું? એથી શો લાભ? પણ જે હકીકત છે, મોટા ભાગ સમક્ષ સાકાર રૂપે છે, એ ઢંકાય પણ કેવી રીતે? એ ટાળવા પ્રયત્ન જરૂર થવા જોઈએ એકવાકયતા ધર્મની બાબતમાં, સૈધ્ધાંતિક પધ્ધતિએ, એ જ એનો રામબાણ ઉપાય છે. તે જન્માવવા માટે ભગવદ્ શાસનની સાચી ઉંડી સમજ અને હૈયાનો રાગ એ જ નિદાન છે.

બાકી તો ભગવદ્-ભાષિત ક્રિયા-અનુષ્ઠાનોમાં રંગ પૂરાએ જ જાય છે, અને તે જરૂરી છે જ. પણ તેમાં છૂપાએલ, અંતર્ધાન થએલ, પ્રાણ તત્વને જાગૃત કરવામાં આવે તો. આવા ભવ્ય અને સુંદર અનુષ્ઠાનો લગભગ એના સાચા ફળને આપ્યા વિના જ પસાર થઈ જાય એ કેમ પાલવે? **શ્રી સંઘબળ છિન્નભિન્ન દશામાં મૂકાએલ છે.** કારણ કે સૈદ્ધાંતિક એકવાકયતા તરફ દુર્લક્ષ્ય નહિ, તો ઉપેક્ષા તો પ્રાયઃ સેવાએ જાય છે, શ્રી સંઘ અને સમાજના અભ્યુદય ઈચ્છકોનું લક્ષ્ય જરૂરી ને?

'ઉકળતા ચરૂ' જેવા શ્રી સંઘ અને સમાજના અનેક પ્રશ્નોની ભૂમિકા રૂપે આ તો એક અતિ સામાન્ય પ્રસ્તાવના જેવું આલેખન છે. વડેરા ચિંતકો વિશેષ પ્રકાશ ફેંકે એમ ઈચ્છીએ. અવસરે આ પ્રસ્તાવના વિશેષ સુઘડ ચિંતનની ભાવના તો રાખવી જ ને?

# ❋ શ્રી સંઘ અને સમાજ ❋

## (હપ્તો બીજો)

કલ્યાણના વર્ષ ૨૭ અંક ૯ માં પ્રસ્તાવના રૂપમાં સ્પષ્ટ કરી આવ્યા કે **શ્રી સંઘ એ સમાજ કલ્યાણનું ઉદ્‌ભવ સ્થાન છે.** કારણ કે વીતરાગ ધર્મના શુધ્ધ સ્વ-

રૂપને વરેલ શ્રી સંઘની હરકોઈ પ્રવૃત્તિ અને વૃત્તિ સમાજના ઉત્થાન માટે જ બને છે. સમાજને 'શિષ્ટ સમાજ' આજના વાતાવરણમાં કહેવો પડશે. **'સત્ય અને નીતિ' એ બે તત્ત્વમાં ન જ માનનાર વર્ગને તો સમાજ શબ્દ લાગુ પડે જ કેમ ?**

શ્રી સંઘ અને સમાજની ભૂમિકા અલગ અલગ હોઈ તેનો ભેળ, કેવી વિચિત્ર પરિસ્થિતિ પેદા કરી રહેલ છે, એ સૌને પ્રત્યક્ષ છે. છતાં તેની છણાવટ કરી, તેનું હુબહુ ચિત્ર દોર્યા વિના 'ભેળ'ની ભયંકરતા સમજાશે નહિ. પ્રથમના હપ્તામાં એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે અમુક બાબતોમાં અમુક અપેક્ષાએ શ્રી સંઘ અને સમાજ પરસ્પર ઠીક ઠીક સંકળાએલ છે. સાદી ભાષામાં કહેવું હોય તો શ્રી સંઘ' એક ઉત્તમ વસ્તુ છે તો સમાજ એક સુષ્ક ભાજન છે. ભાજનનું પરિવર્તન વસ્તુ રૂપમાં બનવાનો આ એક રાસાયણિક પ્રયોગ છે. પ્રયોગની સફળતા માટે વિશિષ્ટ પ્રક્રિયા તો જરૂરી ખરી જ ને ?

'સમાજ' આત્માઓનો બનેલ છે. માત્ર જડ–અચેતન શરીરનો નહિ. **શરીર તો આત્માનું અમુક કાલ પુરતું આશ્રય સ્થાન છે.** આ એક સામાન્ય વાત જ્યારથી ભૂલાઈ, ત્યારથી સમાજમાં ભયંકર બિગાડ પેઠો. શ્રી સંઘ આ વાત જાગૃત રાખવા મથે છે .. તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આવી દીવા જેવી વાત 'સમાજબાહ્ય' તત્ત્વોને ખૂંચે છે. અનેક ઓથા અને બ્હાના નીચે તે તત્ત્વો સંઘર્ષ પેદા કરે છે. અને શ્રી સંઘમાં પણ સડો પેદા કરવાના પ્રયત્નો છેલ્લા કેટલાક વર્ષોથી શરૂ થઈ ગયા છે.

'સમાજ' માર્ગાનુસારી બન્યો રહે એની તકેદારી એ શ્રી સંઘની ખાસ ફરજ છે કારણ કે **માર્ગાનુસારી**

સમાજ જ સુખ અને શાંતિ અનુભવી શકે છે. બીજાઓને સુખ અને શાંતિ આપી શકે છે. સુખ શાંતિમાં રહેલ સમાજ સારાસારનો–હેયોપાદેયનો તત્ત્વાતત્ત્વનો વિચાર કરવા સમર્થ બને છે. સારાએ વિશ્વને કલ્યાણનો માર્ગ ચિંધી શકે છે. અને વિશ્વ-કલ્યાણનો સર્વોત્તમ માર્ગ શ્રી સંઘે સર્વજ્ઞના શાસન દ્વારા ઝીલેલ છે. માટે જ શ્રી સંઘ અને સમાજ સુંદર રીતે સંકળાએલ છે.

શ્રી સંઘ-લક્ષ્મી અને તેના દ્વારા મળતા સુખને અસાર–તુચ્છ–હેય-ત્યાજ્ય માને છે. માર્ગાનુસારી સમાજ તેજ 'સુખ અને લક્ષ્મી'ને અન્યાય અને અનીતિથી આવતા હોય તો 'ત્યાજ્ય' માને છે. આ છે સમાજની પાયાની સુંદરતા. સમાજ શરીર આ અલંકારથી સુશોભિત બની રહે છે. એને બદસીકલ બનાવવાની હિલચાલ છેલ્લા પચાસ વર્ષમાં જોરદાર બની ગઇ અને ત્યારથી શ્રી સંઘ અને સમાજની એકતા પર, સુસંગતતા પર, ફટકા પડવા માંડયા. ધીમે ધીમે ઉગ્ર સ્વરૂપમાં ઉકળાટ દેખાવા માંડયો. શબ્દોની વરાળ બહાર નીકળવા લાગી. અને સમાજબાહ્ય તત્ત્વોને ઉજાણી થવા લાગી.

માર્ગાનુસારી સમાજમાં પ્રાપ્ત થતું સંઘબલ અટકી પડે એવી આંતર–બાહ્ય યોજનાઓ ઘડાવા માંડી. સમાજ અને શ્રી સંઘનું ઓજસ્ તેજસ્ ઓસરવા માંડયું. પણ શ્રી સંઘનો વિશિષ્ટ શ્રમણ વર્ગ સાવધાન હતો. તે પુણ્ય પુરૂષોએ પુરી હિમ્મતથી 'રેડ સીગ્નલ' લાલબત્તી ધરવા માંડી એટલે આર્યાવર્તની એ મહા તારક સંસ્થાને મૂળથી જ ઉખેડવા પુરતા પ્રયત્નો થયા. પણ આર્યત્વ અને મુગટમણિસમ જૈનત્વ જીવતું જાગતું હતું. અને વિજયમાળા ભારતવર્ષના આ બે પ્રાણને વરતી જ રહી.

પરંતુ વેરાએલા વિષના કણીયા સમાજ શરીરને કોરી ખાવા લાગી ગયા અને તેની આછી આછી અસર શ્રી સંઘના પવિત્ર શરીર પર છૂપી છૂપી થવા લાગી. આ તો માત્ર હકીકત પ્રત્યે અંગુલિ નિર્દેશ છે. પ્રસ્તુતમાં તો શ્રી સંઘ અને સમાજની કર્તવ્યભૂમિ અને તેની સંકલના તેમાં જન્મેલી અસ્તવ્યસ્તતા તેના આંતર કારણો–અને ભવિષ્યની સર્જવા–યોગ્ય સુંદર ભૂમિકા–અને તેની સુયોગ્ય વિશિષ્ટ નેતાગીરી એ પ્રધાન પ્રસ્તાવ છે.

જડચેતન, સત્ અસત્, શિષ્ટ અશિષ્ટનું દ્વંદ્વ તો અનાદિકાલીન છે જ. જ્યારે ચેતન સત્–શિષ્ટ તત્ત્વની ટકાવારી જોરદાર ત્યારે વિશ્વમાં સુખ-શાંતિ વ્યાપક,-અસત્–જડ–અશિષ્ટના વેગમાં પાયમલી અને પાગલતા વધે જ વધે. અત્યારે શું છે? કોનાથી અજાણ્યું છે? **જડ–સાયન્સની શોધને નામે સુખની માત્રા ઘટી. અશાંતિ કુદકે ભૂસકે વધી.** પાગલતાનો પાર નહિ. આંધળું અનુકરણ એ નરી પાગલતા જ છે ને? લાંબે જવું નથી. ૪૦–૫૦ વર્ષ પહેલાની શાંતિને કોણ ભરખી ગયું? પરસ્પરના પ્રેમને કોણે પીસી નાખ્યો? હમદર્દીને કોણે હણી નાખી? વિશ્વબંધુત્વની પોકળ વાતોએ સમાજનું શું કલ્યાણ કર્યું? અનીતિ-અન્યાય, અમંગળ, અપ્રેમ, અસદ્ભાવનો પ્રાદુર્ભાવ થયો. લુંટ, લાંચરુશ્વત, ખુનામરકી અને ભ્રષ્ટાચારના ભડકાઓ બળતા નથી દેખાતા? સમાજ પ્રગતિમાં કે અધોગતિમાં? ઉત્કર્ષ કે ભયંકર અપકર્ષ? દીનહીનની દયા નામશેષ. દુઃખીની અનુકંપા કેટલી? ખેર આ સઘળું છે જ. હવે શું? કયો માર્ગ? પુનરૂત્થાન સંભવિત કે નહિ? હજુ વધુ પતન? આ કોયડો ઉકેલવા માટે જ પ્રસન્નચિત્તે શ્રી સંઘ અને સમાજ અને તેની શિષ્ટ નેતાગિરિનો પ્રશ્ન ઉકેલ્યે જ છૂટકો.

શ્રી સંઘ પાસે સંજીવની છે. સંજીવની સર્વજ્ઞ ભગવંતોએ સ્વયં આપેલી છે. પૂર્વધર ભગવંતો અને સૂરિપૂરંદરો તેની અપૂર્વ રક્ષા કરી આ કાળ સુધી લાવેલ છે. એ સંજીવનીના સિદ્ધ બળે શ્રી સંઘ સમાજને પોષવા-પાળવા અને રક્ષવા હંમેશા કટી બદ્ધ રહે છે. અને આજે પણ ઉદ્યમવંત છે. જીવાદોરી સુવિહિત શ્રમણ-શ્રમણીવૃંદના હાથમાં છે. **શાસ્ત્રીય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરી પંચાચારનું પાલન અને પ્રચાર એ જ સમગ્ર વિશ્વનું કલ્યાણકર મહૌષધ છે.** એ પૂ. શ્રમણાચાર્યોના હૈયે લખાએલ છે. આત્મપ્રદેશ સાથે પણ વણાએલ છે.માટે જ શ્રી સંઘ સબળ અને સઘન છે. એ સઘન-નક્કરતાને તોડવાની તેમાં પોલાણ પાડવાની હીલચાલ એ જ સમાજને ઘાતક બની છે. છેલ્લા ૪૦-૫૦ વર્ષથી અનેક સંસ્થાઓને નામે, અનેક મંડળોની પ્રવૃત્તિને નામે ભયંકર ઉત્પાત મચી રહ્યો છે. અને તે સંસ્થાઓ અને મંડળો પાછા ધર્મનાં ઓથા અને બ્હાના નીચે ચાલે છે. આ બધા પાછળ કોઈ અકળ ગુપ્ત હાથ કામ કરે છે. કે કેમ? કોઈ બેઠો ન સમજાય તેવો દોરી સંચાર છે કે નહિ? કોઈ વિચિત્ર ભયંકર સ્વાર્થ કામીયાબ બની રહ્યો છે કે નહિ? આ બધાની અત્યારે ઉપેક્ષા કરીએ તો પણ મહાભયંકર પરિણામ આવી ગયું છે એ એકી અવાજે કબૂલ કરે જ છૂટકો.

માત્ર શ્રી સંઘમાં જ નહિ માત્ર સમાજમાં જ નહિ ફક્ત ભારતવર્ષમાં જ નહિ પણ અત્યારની નાની દેખાતી અને ગણાતી નાનીસરખી **દુનિયામાં પણ અશાંતિ-અસંતોષ અને વેરઝેરની જ્વાળાઓ વ્યાપક બની ગઇ છે.** માનવીને

માનવી પર વિશ્વાસ નથી. મોટે ભાગે એક બીજાને ઠગવા-લુંટવા અને સત્તાધીશ બની અહમને પોષવા મથી રહેલ છે.

આટલે સુધીના ભયંકર વાતાવરણની આછી અસર શ્રી સંઘમાં ગણાતી કેટલીક વ્યકિતઓને પણ સ્પર્શી જાય એમાં આશ્ચર્ય નહિ. તેમાં વળી પૂર્વપુણ્યના યોગે સમૃધ્ધ બનેલ તેમાંની વ્યકિતઓ અગ્રેસર પણ બની જાય. પાયાના સિધ્ધાંતો અને સુયોગ્ય પ્રવૃત્તિના અજાણ આત્માઓ તેવાઓ પ્રત્યે આકર્ષાય અને તેમને જ સર્વે સર્વા માને ત્યારે સંઘર્ષ અને સમાજનું પતન પરિણમે છે. આગેવાનોમાં સમૃદ્ધિ સાથે જ્યારે અહમ્ અને સ્થાનનું અભિમાન ભળે છે ત્યારે સત્યને સમજવા માટેની બુદ્ધિ બુઠ્ઠી બની જાય છે. 'પૂ. સાધુ મહાત્માઓ શું સમજે ?' આવો એકે મેનીયા તેમના મગજમાં રમતો થઈ જાય છે. પણ ભીંત ભૂલે છે. **સમાજ અને શ્રી સંઘના ઉત્કર્ષના સાચા પ્રણેતા અને પ્રચારક પૂ. સાધુ મહાત્મા જ છે.** સ્વની આચાર મર્યાદામાં રહી તેઓ જે ઉત્કર્ષ ખડો કરી શકે છે, તેવી તાકાત કદી ગૃહસ્થોમાં જન્મી નથી અને જન્મવાની નથી. અને **ઉંધા માર્ગની દોરવણી ઉત્કર્ષને બદલે અપ-કર્ષ-પતન અને અસહ્ય વેદના જન્માવે.** જો એકલું અજ્ઞાન જ કામ કરતું હોત તો તો જલ્દી ઉકેલ આવત. પણ તેમ નથી જ. ઉપરાંત ભગવંત વીરના ગણવેષને ધારણ કર-નાર શાસ્ત્ર-સિધ્ધાંત અને સામાચારીને વફાદાર નહિ એવા આત્માઓનો તેઓ ટેકો મેળવવામાં કુશળ રીતે યત્નશીલ રહે છે. અને તેમાં સફળ પણ બને છે.

બસ પછી તો પૂછવું જ શું ગતાનુગતિક વર્ગ તેમની પાછળ ખેંચાયે જાય છે. અને ધીમે ધીમે શુધ્ધ તારક-કલ્યાણકારક ઉત્કર્ષ સાધક માર્ગને વીસરતા જાય છે. પરિ-

ણામે સમૂહનું બળ વધતા, સાચી પ્રગતિના માર્ગે રહેલ વર્ગના સાચા વેગને ધક્કો પહોંચે છે. સમાજ અને શ્રી સંઘને સત્યામૃતનું પાન દુઃખે પ્રાપ્ત થાય છે. તે અમૃત-પાન વિના રોગ, શોક, ભય, મોહ, તૃષ્ણાનું તાંડવ જોરદાર બને છે. ભોગોપભોગ, તે માટે ધન પ્રાપ્તિ, તે પણ યેનકેન પ્રકારેણ. તેમાંથી અનેક પ્રકારના દૂષણો સમાજમાં વ્યાપક બનતા જાય છે.

આધાર સ્તંભ શ્રી સંઘની હાલમડોલમ પરિસ્થિતિ સમાજને જોઈતું, પુરતું સંરક્ષણ ન આપી શકે એ સ્વાભાવિક છે, સમાજ દુઃખની ગર્તામાં ફેંકાતા અત્યારે ફેંકાયો જ છે. ગામ, નગર, દેશમાં દુઃખનો દાવાનળ પ્રગટે જ પ્રગટે. ભારતભરની, દેશવાસીઓની, આંતરિક પરિસ્થિતિ જીવતો જાગતો અને સ્પષ્ટ આંખ સામે દેખાતો દાખલો મોજુદ જ છે. માત્ર આ પરિસ્થિતિમાંથી શ્રી સંઘને બહાર કાઢી, તેનું ઓજસ-વધારી, તે દ્વારા સમાજોત્કર્ષનું પરિબળ કેવી રીતે વધારવું એ જ હિતાવહ માર્ગ છે.

આ માર્ગને અંકિત કરવા, શાણા આત્માઓમાં તેની શ્રધ્ધા પેદા કરવા, ભૂતકાળનું-છેલ્લા પચીસેક વર્ષનું સિંહાવલોકન ઉપયોગી થઈ પડશે. તે અવલોકનમાં બનેલા બનાવોનો પરામર્શ કરતાં, કેઈક વ્યક્તિઓનો પણ ઉલ્લેખ આવે. તેવે ટાણે સમભાવમાં રહી, કોઈપણ વ્યક્તિ પ્રત્યે દુર્ભાવ તો નહિ જ પણ અભાવ પણ નહિ એ રીતે સ્પષ્ટ-સ્વચ્છ અને સત્ય પ્રતિપાદન થવું જ જોઇએ. જેમ અન્યાય નહિ તેમ ન્યાય તો તરી આવવો જ જોઇએ. તો જ સમાજનું સાચું પ્રતિબિંબ ઉપસી આવે. તેમાંથી સાચો માર્ગ મળે. સાચો ઉપાય યોજી શકાય. શક્ય સફળતા નીપજી શકે.

**આલેખન યા વક્તવ્યથી સમાજમાં અને શ્રી સંઘમાં ખાલી ખળભળાટ ઉત્પન્ન કરવામાં ફળ પ્રાપ્તિ નથી. તેવી જ રીતે સત્ય તરફ આંખમીંચામણા કરી 'હાક, સુલેમાન ગાલ્લી' કરવામાં પણ પ્રગતિ નથી.** નરી અવગતિ જ છે. બધા જ આગેવાનો ઈરાદાપૂર્વક અઘટતું જ કરવા ઈચ્છે છે એમ પણ નથી. પણ પ્રાપ્ત મજેની સમજદારીને કસોટીએ ચઢાવતા નથી એ પણ હકીકત છે.' બાકી બુધ્ધિબળ તેઓની પાસે છે જ. માત્ર સુયોગ્ય માર્ગે વાળે તો પ્રભાતોદય સુંદર અને શાનદાર છે. પરિબળો વચ્ચેનું આંતરૂ વધે જાય છે. નજદીક લાવી શક્તિનો સુમેળ સાધવાની સુયુકિત–પ્રયાસની આવશ્યકતા વિચારણીય છે.

આ પ્રયાસમાં સુવિશદ–સિદ્ધાંતોની વફાદારી, હૃદયની નિર્મળતા અને ઉદારતા સાથે સરલતા અને અને સહિષ્ણુતાની જરૂરીયાત મુખ્ય રહેશે. આટલી પૂર્તિ સાથે આગળ વધીએ, હૈયામાં વેગ રાખીએ, પરિણામ સુંદર–સફળ અને સુઘટિત છે જ.

હવેના હપ્તામાં, આ પ્રસ્તાવને વિસ્તરી, તેનો વિશેષ ભાવ ખડો કરવાની ભાવના સાથે સૌ કોઈ સુયોગ્ય માર્ગ–'કલ્યણ' દ્વારા ચિંધે અને કલ્યાણ માર્ગમાં ભાગીદાર બને એમ ઈચ્છીએ.

## શ્રી સંઘ અને સમાજ

(હપ્તો : ૩)

વીતરાગશાસનના સુવિશુધ્ધ સિધ્ધાંતોને આંખ સામે રાખી આપણે એક વાત બે હપ્તામાં નક્કી કરી આવ્યા કે

**'શાસ્ત્રીય દ્રવ્યક્ષેત્રકાળભાવને અનુસરી પંચાચાર-ના પાલનદ્વારા પ્રચાર એજ સમગ્ર વિશ્વનું કલ્યાણકર મહૌષધ છે.** એ પૂ. શ્રમણાચાર્યોને હૈયે લખાએલ છે. આત્મપ્રદેશ સાથે વણાએલ છે. માટે જ શ્રી સંઘ સબળ અને સઘન છે. તેમાં પોલાણુ પાડવાની હીલચાલ એજ સમાજને ઘાતક બની છે.'

વીસમી સદીના પરમ શાસન પ્રભાવક પૂ. આ. મ. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા (પૂ. આત્મારામજી મહારાજશ્રી) સ્થાનકવાસીપણાને છોડી, શાસ્ત્ર અને સિદ્ધાંતોના પરમસત્યને આલંબી સંપૂર્ણ વફાદારીથી, શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છીય સમાચારીને વર્યા. પૂ. બુટેરાયજી દાદાશ્રીના અંતેવાસી બન્યા. તે વખતે તેઓશ્રીની સાથે આવેલ ૩૨ (૨૦?) સાધુમહાત્માઓ સિવાય પ્રાયઃ ૨૫ થી ૩૦ સુવિહિત મહાત્માઓ વિદ્યમાન હતા. અનેક ઉત્સૂત્ર પ્રરૂપણાઓ જોરશોરથી ચાલતી હતી. ઉન્માર્ગ સ્થાપકોનું જોર વ્યાપક હતું, તે બધાને એકલે હાથે જેર કરી સન્માર્ગ રક્ષણનું અદ્ભુત કાર્ય અદા કરી, શ્રી સંઘ અને સમાજને સન્માર્ગમાં સ્થીર કરવામાં તેઓશ્રીને કેટ-કેટલું સહન કરવું પડયું છે તેનું વર્ણન ક્યાં કરીએ?

પણ ક્રોડોની સંખ્યા ધરાવતો શ્રી સંઘ-૨૦-૨૫ લાખની સંખ્યામાં આવી ગયો અને હજારો આચાર્યોની જ્વલંત તારક સંખ્યા ૫૦-૬૦ ના આંકે કેમ આવી ગઈ? અતિ ટુંકાણમાં કહીએ તો આચારની શીથીલતાના પાપે. જતિયુગની છેલ્લી પરિસ્થિતિનું આ પરિણામ હતું. પણ પૂ. મૂળચંદજી મહારાજશ્રી પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ.શ્રી પૂ. આત્મારામજી મહારાજશ્રી આદિ તે વખતના સુવિહિત મુનિ-

વરો ચોકી ઉઠયા, સાબદા બન્યા. પુરૂષાર્થ ફોરવ્યો તેઓ-શ્રીના પગલે પગલે તેઓશ્રીના શિષ્યવર્ગે પણ સંગીન પગલીઓ ભરવા માંડી. પૂ. સાધુવર્ગ-જ્ઞાન-ક્રીયા-તપસંયમસહ વધવા લાગ્યો અને છેલ્લે છેલ્લે સ્વ કર્મસાહિત્ય પ્રકાણ્ડ નિષ્ણાત પૂ. આ. **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના અદ્દભૂત વૈરાગ્યરસે અને તેઓશ્રીના જ પરમ વિનેય પૂ. આ. મ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની અદ્દભૂત દેશના શક્તિએ ત્રણસો શ્વેતકમળોનું સર્જન કરી, જૈન શાસનની શાનમાં અલબેલી જ્યોત પ્રગટાવી.** બીજા પણ પૂજ્યોએ સાધુસમુદાયમાં વૃદ્ધિ કરી છે જ.

પણ આ વૃધ્ધિકાળમાં અનેક સંઘર્ષો જન્મ્યા-જન્માવ્યા. અનેક સમાજ ઘાતક પ્રવૃત્તિઓ શ્રી સંઘમાં ગણાતા ઓના હાથે જ શરૂ થઇ. વિદ્યાના વ્યામોહમાં-એજ્યુકેશનની ઉંધી ગણત્રીમાં 'પ્રગતિ અને ઉત્થાન' શબ્દોના સુંવાળા ફાંસામાં આપણા ગણાતા પણ ફસાયા. એટલું જ નહિ પણ વર્ષોથી અન્ડરકરન્ટ ચાલતી દોરી સંચારના પ્રતાપે ભગવંત વીરના ગણવેષધારી કેઈક આત્માઓ પણ એમાં મુંઝાયા-ખેંચાયા. સર્વજ્ઞ માર્ગથી વિપરીત પ્રરૂપણા શરૂ થઇ. પરિણામમાં શ્રી સંઘ અને સમાજ આત્મઘાતક સર્વતોમુખી હાનિકર-માર્ગે ખેંચાવા લાગ્યા. એમાં આજના આર્ટીફીશીયલ જમાનાના આકર્ષણે પૂરો ભાગ ભજવ્યો. ધન-મોભો અને સત્તાની લાલસાએ ધર્મ અને ધર્મકાર્યોનું મુલ્યાંકન તદ્દન અવળી રીતે સમાજમાં થવા લાગ્યું. મૂળમાર્ગ પર ઘા થવામાં-કરવામાં કાંઈ બાકી રહી નહિ. શાણા-ડાહ્યા અને મોભાદાર ગણાતા પણ લોકહેરીમાં ભળ્યા. જાણે માન

સન્માન અને ખોટી કીર્તિ જ સ્વર્ગમાં સ્થાન અપાવનાર હોય. દુર્ગતિનો ભય તો ભાગી જ ગયો. નરી નાસ્તિકતા જન્મી ગઇ એમ તો આપણાથી નજ કહેવાય ને ?

**સૌ પ્રથમ ઘા** આવ્યો. પરમપવિત્ર સંવેગશાલાસમી પૂ. સાધુ–સાધ્વી સંસ્થા પર અને તે આપણાઓના જ હાથે, કારણ કે ભારતવર્ષની આર્યસંસ્કૃતિના વિનાશના પ્લાનીંગમાં ધરખમ આડે આવનાર આ એક ચમત્કારિક જડીબુટ્ટી છે. **આપણા ગણાતા 'લોર્ડ મેકોલેની' સુંવાળી જાળમાં તો આવી જ ગયા હતા.** અને તે જાળનું વિસ્તરણ કોન્ફરન્સ–યુવકસંઘ સેવા સમાજાદિ અનેક વિકૃત રૂપમાં પરિણમી ગયું હતું જ. આથી રખે કોઈ એમ માની લેતા કે આપણા ગણાતા મૂર્ખ હતા કે છે. અગર તેઓ હુમલાની બુધ્ધિથી હુમલો કરવા તૈયાર થયા હતા કે છે, પરંતુ શુધ્ધ મૂળ વસ્તુના અજ્ઞાનના પ્રતાપે અને જમાનાના ઝેરી આકર્ષણે તેઓના હૈયા ઘેરાયા અને કંઈક સારૂં કરી નાખવાની ધુનમાં તેમના હાથે શ્રી સંઘનું અને સારાએ સમાજનું ભયંકર ભુંડું થઇ ગયું અને થઇ રહ્યું છે. છતાં તેઓ આપણા જ ભાઈઓ છે અને જૈન કુળનું લોહી તેમને વારસામાં મળેલ છે. એ વાત લેખકની આંખ સામે સદા રમતી રહે છે જ. એવો વખત ક્યાં ન આવે કે સદ્દબુધ્ધિની સીડી મળતા એમાંના ઘણા માર્ગે આવી જાય.

આ ભાવના સાથે જ આ લેખમાળા લખાઇ રહી છે અને એનો એક એક મુદ્દો હરકોઈ આત્મા પ્રત્યે સદ્દભાવ અને ધર્મપ્રેમની લાગણીથી વિચારાય છે. આમાં કોઇપણ આત્માની કે સંસ્થાની બીન જરૂરી ટીકા કરવાની ભાવના નથી જ. તેવી જ રીતે સુયોગ્ય હકિકત સ્પષ્ટપણે રજુ

કરવામાં જરાએ આંચકો નથી કે અંશે પણ લોકહેરીનો ભય નથી જ. એકધારી આલીશ વર્ષની શ્રી સંઘ સમાજ અને યુવાન બંધુઓ સાથેની અનેક ધર્મપ્રસંગોની ઓતપ્રોતતાએ સારીએ આંતરિક પરિસ્થિતિનું ભાન કરાવ્યું છે. એમાં એક એ પણ વાત જડી છે કે **યુવાનો ખમીરવાળા છે. ધર્મ ભાવનાહીન જ છે એમ પણ નથી. ધર્મ માટે કાંઇક કરી છૂટવાની તમન્ના છે.** પણ.... પણ સુયોગ્ય પધ્ધતિએ ધર્મપુષ્ટિ ધર્મખોરાક પ્રાપ્તિના અભાવે હૈયાનું વહેણ અવળે માર્ગે વહી રહ્યું છે.

પરમ પવિત્ર–જગત ભરમાં અજોડ પૂ. સાધુ સાધ્વી સંસ્થા આજે પણ–આ વિનાશયુગના ભયંકર કાળમાં પણ આલ્હાદકર તારક અને ધ્યેયલક્ષી જ છે. જન્મ–મરણના બંધનથી મુક્તિ એનું ધ્યેય છે. સ્વપર કલ્યાણ સાધક માર્ગ પર ધીરતાથી પ્રયાણ એનો ધર્મ છે. એક વાત અનુભવગત સ્પષ્ટ કરી દઉં. ૮૦ ટકા પૂ. સાધુ સાધ્વી વર્ગ સંયમ સ્વાધ્યાય અને તપમાં ખૂબ ખૂબ રક્ત છે ૧૦ ટકા પ્રેરણા અને ઉત્સાહ જનક વાતાવરણ પામવાથી ૮૦માં ભળે છે. બાકીના ૧૦ માંથી ૫ મોટા પૂજ્યોની અને શ્રી સંઘની કડક કાળજી માંગે છે. બાકી રહ્યા ૫ ટકા જ્ઞાનીના જ્ઞાનમાં કળાય. **બીજો ઘેરો પ્રશ્ન** ઉઠયો સંવત્સરી અને તિથિનો જે મોટે ભાગે અણ ઉકલ્યો જ રહ્યો. છતાં વાતાવરણ પૂજ્યોની કુનેહથી શાંત અને મોટે અંશે નિર્મળ બન્યું. પણ આ પ્રકરણમાં કોઈ તટસ્થ સદ્‌ગૃહસ્થોએ શાંત ચિત્તે, પ્રશ્નનો શાસ્ત્રીય અભ્યાસ કરવા ડુંટીથી પ્રયાસ કર્યો હોય, એવું પ્રાયઃ જાણવામાં નથી. ખરેખર શ્રી સંઘ અને સમાજમાં આ એક દુઃખકર પધ્ધતિ થઇ ગઈ છે. શાસ્ત્રના પ્રશ્નોનો સુયોગ્ય રીતે

અભ્યાસ કેમ નહિ? પોતાને પૂ. સાધુ સંસ્થાના અમ્મા-પિયરો ગણનારા, આમ ગાફેલ અને ઉપેક્ષાવૃત્તિવાળા બન્યા રહે એ કેવું?

**ત્રીજો પ્રસંગ** ૨૦૧૪ મા 'સાધુ સંમેલન'નો પૂરી અરાજકતા અને ભારે વિચિત્રતાનો, શ્રી સંઘ અને સારાએ શિષ્ટસમાજને આંચકો આપી ગયો. ખૂબી તો એ કે શ્રાવક સંઘમાં નેતા ગણાતા કસ્તુરભાઈ ઈંગ્લેંડ જઈને બેઠા અને બીજા ભક્ત ગણાતા અગ્રણીઓ બે ત્રણ કલાક માટે કારમાં આવે અને છૂમંતર! વાહરે શાસનની દાઝ અને ઉગમ-તાપસી!

**નંબર ચોથામાં** ગણવો પડે એવો 'શ્રાવક સંમેલન'નો અખતરો વળી ઓર ભારે થઈ પડયો. સૌજન્યનિધિ કસ્તુરભાઈએ, આજુબાજુનાની કાંઈક શુભ પ્રેરણાથી અને કાંઈક સારૂ કરવાના મનના ઉત્સાહથી, કાર્ય તો આરંભ્યું. પણ....પણ શાસનની–મહાશાસનની અનાદિકાલીન શુધ્ધ વિશુદ્ધ સર્વજન હિતકારી શ્રી સંઘ કલ્યાણકારી પ્રણાલીકાના અજ્ઞાને, પૂ. આચાર્યાદિ સુવિહિત મુનિવરોના અતિ જરૂરી સંસર્ગ અને સલાહના અભાવે, હાજીહા કરનારની કાંઈક વિશ્વાસ ભરી દોરવણીના દોરે, સુસાધુ–સુશ્રાવક–આત્માઓની ઉત્સાહજનક પ્રેમભરી લેખી પણ સલાહ સૂચનાઓ પ્રત્યેની ઉપેક્ષાએ, એક મહાન ઐતિહાસિક પુણ્યકાર્ય ન જ થઈ શકયું. અને ન જ થઇ શકે તેમાં ઉંધી કાર્ય પદ્ધતિ–કાર્ય કરોનો સક્રિય પ્રયાસ અભાવ–તદ્દન મામુલી અને રમત માત્રમાં બની જશે એમ માની લેવાની ગંભીર ભૂલ વિ. વિ. મુદ્દાઓ સમજાય તેવા જ છે. લેખક તે વખતે ગૃહસ્થ-પણામાં હોઈ કાર્યકરોને મળેલ. ઠીક ઠીક વાતચીત કરેલ

અને ત્યાર પછી સાધુપણામાં પણ તે જારી રાખેલ–પણ **પ્રાયઃ ૯૯ ટકા કાર્યકરો ઘડીઆળને કાંટે અને જરીએ ફરજનો બોજ હૈયે ધારણ કર્યા શિવાય, માત્ર જાદુઇ લાકડીથી થઇ જતું હોય તો જશ લેવા તૈયાર દેખાતા.** જરૂર કસ્તુરભાઇના હૈયે પરિણામ સારૂ ન આવ્યાનું દુઃખ હતું. પણ તદ્દન ઉંધી કાર્ય પદ્ધતિનું બીજુ પરિણામ આવે પણ શું ?

આ ચારેક પ્રસંગ તદ્દન સાદી સ્પષ્ટ ભાષામાં ટીકા ટીપ્પણ વિના માત્ર હકિકત દ્વારા એટલા માટે સૂચવેલ છે કે ભગવંતના માર્ગના પ્રેમ, નાનો કે મોટો, તેની વિગતમાં ઉતરી સહજ ભાવે સમજવા માગે તો સમજી શકે. અને હવે પછી આલેખાતી નામસહની કેટલીક વિગતો કરકા કે ઉંધા ભાવમાં ન પરિણમે.

પ્રથમના હુમલામાં મહાશાસનની જ્યોત જ્વલંત બની, સુવિહિત મુનિવરો અને સુશ્રદ્ધાળુ શ્રાવક ગણના **અથાગ અને અડોલ પ્રયાસે 'સંયમ'નો મહા સિદ્ધાંત રક્ષાયો.** પણ શ્રી સંઘમાં સુધારક અને શાસ્ત્ર શ્રધ્ધાળુ બે વર્ગ જુદા પડયા શ્રધ્ધાળુ વર્ગમાં પણ 'તિથિ'ના પ્રશ્ને બે વિભાગ પાડયા એનો વિપરીત પડઘો 'સાધુ સંમેલન'ની અકાર્યવાહીમાં પરિણમ્યો અને 'શ્રાવક સંમેલન'નું વિપરીત અને વિચિત્ર પરિણામ ખોટી હાનીકારક સ્વપરઘાતક સ્વતંત્રતા અને કંઇક અંશે સ્વચ્છંદતાના વધારામાં દેખાયું.

આ રીતે હ્રાસ પર હ્રાસ આવવા લાગ્યો. સાફ કરવાની ધૂનમાં અજ્ઞાન અને અણસમજે ઘણું નુકશાન કર્યું. ધર્મ પ્રત્યે સૂગવાળાઓને તક મલી ગઈ. 'જૈન' જેવા ભગવંત મહાવીરદેવના શાસનને એકાંતે નુકશાનકર પત્રોએ અનેકાનેક

આત્માઓને શ્રદ્ધાહિન બનાવવામાં પૂરો ફાળો નોંધાવ્યો. પણ એતો એમની ઉત્પત્તિકાળની રીતરીસમ ચાલી આવે છે. ખૂબ જ હિત બુદ્ધિથી પૂરી વિચારણા પૂર્વક આ સઘળું લખાઇ રહ્યું છે એ કદી કોઇ ભૂલે નહિ. આમાં મહાશાસનના ગણવેષધારી અને વેષને પણ વફાદાર નહિ એવા આત્માઓએ ઓછો ભાગ નથી જ ભજવ્યો. રે કાળ!

જ્યાં સાધુના સ્વાંગમાં રહેલા જ ભગવંત મહાવીરદેવની આજ્ઞાથી વિપરિત પ્રરૂપણા આચરણા અને પ્રેરણા કરતા બની જાય ત્યાં અર્ધદગ્ધ બનાવતી કેળવણીના કારમા ભોગ બનેલા, અમારા શ્રી સંઘના અને સમાજના આત્માઓ, અવળા માર્ગે ચઢી જાય તેમાં શું આશ્ચર્ય? સુવિહિત મુનિવરોની માર્ગસ્થ પ્રરૂપણા આચરણા અને પ્રેરણાના પ્રભાવે બચી જઇ, શુધ્ધ માર્ગની શ્રદ્ધામાં ટકી રહ્યા, તે પુણ્યાત્માઓને ધન્યવાદ?

બાકી તો જડવાદનો યુગ છે. **જ્ઞાનની પરબને નામે મહા અજ્ઞાનનો પ્રચાર છે. સાયન્સને નામે ધર્મનો ઘાત કરાઇ રહ્યો છે.** પરોપકારને નામે કાર્યો અપકાર અને સ્વાર્થાંધતા સધાઇ રહેલ છે. સ્વતંત્રતાને નામે નરી સ્વચ્છંદતાને વેગ મળી રહ્યો છે. ત્યાં શ્રી સંઘ અને સમાજમાં શાંતિ અને સુવ્યસ્થા અને પરસ્પરની પ્રેમભરી સાંકળના દર્શન ક્યાંથી થાય? સત્ય શોધવું નથી, જાણવું નથી, કોઈ જણાવે તો સાંભળવું નથી, બલ્કે થેકડી કરવી છે. આંધળી દોટે જ દોડવું છે. 'અંધશ્રદ્ધાનો, જમાનાનો અંધાપો' જરાએ ખૂંચતો નથી. સમજણ પૂર્વકની શ્રદ્ધાની સડક પર ચાલવું જ નથી. અને....અને સમાજકલ્યાણ શ્રી સંઘ ઉન્નતિની વાહિયાત વાતો, જરાએ સાચો ભોગ–તન–મન–ધન કે સમ-

યનો આપ્યા શિવાય કરવાથી શું વળવાનું છે?

છેલ્લે છેલ્લે હમણા 'કસ્તુરભાઇ સન્માન' ચિત્રભાનુ 'વિદેશ ગમન' 'સાધુ સંસ્થા સમીક્ષા' વિ. કેટલાક યોજના પૂર્વકના સહેતુક પ્રસંગો ઘણું ઘણું શીખવી જાય છે. સજાગ નહિ બનો તો મૂળધન ગુમાવશો એમ પાઠ આપી જાય છે. એની છણાવટ પૂર્વક, આ બધું હોવા છતાં શ્રી સંઘ અને સમાજ માટે સાચો રાહ શો? અને તે માટે હવે કરવું શું? નાયકો કયાં ભીંત ભૂલ્યા છે અને સાથી, એ ઉદાહરણ રૂપે બનેલા પ્રસંગો અને ઉચ્ચારાએલા શબ્દો ટાંકીને જ સ્પષ્ટીકરણ કરવું રહ્યું ને? મોટો કે નાનો ભાઇ, બ્હેન કે માતા માર્ગે ભૂલા પડે યા ગંભીર નાની મોટી ભૂલ કરે તો અમીભર્યા હૈયે પણ જરૂર પડે બે કડવા કડક શબ્દો કહેવામાં ફરજના ભાન સાથે અમૃતપાન કરાવ્યું જ કહેવાયને?

ભગવંત મહાવીરની સ્વપર તારક આજ્ઞા—આજ્ઞાના અમૃતને સમજાવનાર સુવિહિત પંચ મહાવ્રતધારી મુનિવરો પ્રત્યે, શ્રી શ્રાવક–શ્રાવિકા સંઘની સમજ પૂર્વકની વિવેક ભરી ફરજ, પડતાને સ્થિર કરવાની સદ્દભાવના અને પ્રાણી માત્ર પ્રત્યેનો કરૂણા ભાવ આદિ અમૃત છાંટણા–ચોથા હપ્તામાં જ ને?



# શ્રી સંઘ અને સમાજ

[ લેખાંક : ૪ ]

સર્વકલ્યાણકર પરમાત્મમાર્ગને ચીંધનાર વીતરાગ શાસનમાં શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. કારણ કે સારાએ શિષ્ટ સમાજનું નેતૃત્વ અને સાચું હિત તેમાં જ સમાએલ છે. આ સત્યની સ્પષ્ટતા પ્રથમના ત્રણ હપ્તામાં અનેક રીતે વિચારી આવ્યા. સાથે જ ઉત્કર્ષ—અપકર્ષ—ઘર્ષણના પીરીયડ અને તેના બાહ્ય આંતર કારણોનું અવલોકન કર્યું. હવે ત્રીજા હપ્તામાં કરેલ સ્પષ્ટતાનુસારે પ્રસંગોનું પારાયણ કરીએ.

લગભગ સં. ૧૯૮૦ પછી 'તમસ્તરણ' લેખમાં ચૌદ—પૂર્વધર પરમારાધ્યપાદ શ્રી ભદ્રબાહુસ્વામી પછીના પૂ. પૂર્વધરો—સુવિહિત આચાર્યો આદિને ભયંકર રીતે હલકા પાડવા પ્રયત્ન થયો. ધુમસને દરિયો માની સડક પર તરનાર—તરાવનાર અંધોની ઉપમા આપવામાં આવી. પૂ. વિજય લબ્ધિસૂરીશ્વરજીએ 'બેચરકો હિત શિક્ષા' ગ્રંથ હિંદીમાં અને પૂ. રામવિજયજી (પૂ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી)એ 'સત્યનું સમર્થન' ગ્રંથ ગુજરાતીમાં આલેખી, સુયુક્તિયુકત સચોટ જવાબ આપી, શુદ્ધ શ્રદ્ધાધનનું રક્ષણ કર્યું. શાસનની સાન બઢાવી. તે જ ટાઇમે ભગવંત વીરના ગણવેષધા-

રીમાંથી આવા ભયંકર દુષ્કૃતત્યકારીનો પણ પક્ષ લેવાયો. અને....અને શ્રી સંઘમાં કલેશના બીજ રોપાયા.

એક શબ્દપંડિતે કુદરતના ગણિતને પણ અવગણી ૧-૯-૭૧ ના 'પ્રબુધ્ધ જૈન'માં, સારાએ જૈનશાસનની-જૈન ધર્મની-મહાપવિત્ર આગમોની-શ્રીમદ્ તીર્થંકર દેવોની, પરમારાધ્યમહોપકારી મહા પુરૂષોની, પેટભરીને ભયંકર ઠેકડી ઉડાવી છે. શુધ્ધવિશુધ્ધ શ્રધ્ધાના પવિત્ર કયારામાં આગ ચાંપવા પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે. પણ તે દયાપાત્ર આત્માને જૈફ ઉંમરે પણ ન જ સૂઝયું કે સ્વયમ્ સ્વના આત્મામાં અનંતકાળ માટેની ચીનગારી ચાંપી રહેલ છે. કોઈ ને કોઈ કાળે સદ્બુધ્ધિ જાગો અને માર્ગે વળો એ જ અભિલાષા. પણ કોણ જાણે શો અંધારપટ પથરાઈ ગયો છે કે ઉપેક્ષા કરવામાં હિત દેખાતું હશે કે પ્રાયઃ એક શબ્દ તેના પરિમાર્જન માટેનો વાંચવામાં કે સાંભળવામાં આવ્યો નથી. આવતો નથી. કદાચ કોઈ મોટી તૈયારી ચાલતી હોય તો જ્ઞાની જાણે. આ તો એક વચ્ચે પ્રાસાંગિક ઉલ્લેખ આવી ગયો.

સં. ૧૯૮૦ પછી દેવદ્રવ્ય-દીક્ષા અને બાળ દીક્ષા તિથિ ચર્ચા વિ. વિ પ્રકરણોમાં ધીમે—ધીમે વિભાજન એટલી હદે વધતું ગયું કે મોટો ભાગ 'ભગવંત મહાવીર' અને ભગવંત મહાવીરના દ્વાદશાંગ પ્રણીત શુધ્ધ સત્યથી ભરેલા સિધ્ધાંતોને જ ભુલતો ગયો. એટલું જ નહિ. મંડળો-સમાજો-સંઘોના નવનિર્માણ નામે, આર્ય સંસ્કૃતિને પણ લજવે, તેવી પરિસ્થિતિ ઉભી થઇ ગઇ. અને અદ્યતન એજ્યુકેશનનો પાયાનો ધ્યેય, ખુબીપૂર્વક ખીલવા લાગ્યો. તેમાં આગેવાન ગણાતા મુડીપતિઓ પણ માર્ગ ભૂલ્યા. જરૂર

કંઈક સારૂં કરી નાંખવાની ધુનમાં. મોટાઓની પાછળ નાના પણ ખેંચાયા.

એક ફેરા ખોટો પ્રવાહ વહેતો થયો. પછી તો પૂછવું જ શું ? 'કલ્યાણક' મહાપર્વોને પણ જયંતિ રૂપમાં ફેરવવાનો રવૈયે ચાલ્યો. ફળશ્રુતિ રૂપે સડક પર ચાલતાની–જેણે જે ગમી તેવી જયંતિ ઉજવાવા લાગી. રૌપ્ય, સુવર્ણ-હીરકનો રાફડો ફાટયો. અને કુળ જૈનો આમાં બાકી કેમ રહી જાય. હૈસો ભાઈ–હૈસો. તેમાં ઝીલાયા સૌજન્યનિધિ કસ્તુરભાઈ અને એમનો અમૃતમહોત્સવ.

એ બાબતમાં મુંબઈથી નીકળતા એક **'હિત-મિત-પથ્યમ્-સત્યમ્'** નામના માસિકમાં ખૂબ ખૂબ સ્પષ્ટ વિચાર વિનિમય પૂર્વક એક સૂક્ષ્મચિંતક સાક્ષરે 'રેડ સિગ્નલ' ધર્યો હતો. પણ કરવું તે કરવું જ. ભલે શાસનને ધર્મને અરે સારાએ સમાજને માટે ઘાતક ભવિષ્ય સર્જાય. ખેર આવું તો હવે દિ' ઉગે બને છે. આપણે તો 'ઉપબૃંહણા'ના પવિત્ર નામે સમાજ છેતરાય છે અને શ્રી સંઘમાં ગણાતા આડે માર્ગે દોરવાય છે, એ જ હકીકત રજુ કરવી રહી. અને તે પણ 'નાયક અને દાયક' ના શબ્દો દ્વારા.

ચંદ્રકાંતભાઈ, કસ્તુરભાઈને વસ્તુપાળ તેજપાળ તથા મહારાજા કુમારપાળ સાથે 'જીર્ણોધ્ધાર' બાબતમાં સરખાવે છે, છતાં કસ્તુરભાઈના ભાષણમાં એક શબ્દ પણ વાંચવા નથી મળતો કે– જેના આત્મપ્રદેશે પ્રદેશે શ્રધ્ધાની જ્યોત જાગતી હતી અને સ્વસમૃધ્ધિ પરનો મોહ ઘટાડી, અનર્ગલ સ્વકીયલક્ષ્મીનો શુભ વ્યય કરી લાખોના હૈયામાં ધર્મશ્રધ્ધાનું બીજ રોપનાર, તે મહાનુભાવ આત્માઓ કયાં અને માત્ર દેખરેખ પૂરતો ભોગ આપનાર મારો ક્ષુલ્લક આત્મા કયાં ?

બીજા આત્માઓ પણ જેણે જે ઉગ્યું તે પ્રવાહના આકર્ષણે બોલ્યા છે. પણ બધાની કયાં નોંધ લેવી. પણ સૌજન્યનિધિ કસ્તુરભાઈ પોતે જે બોલ્યા છે તે તો શાસન અને ધર્મની દષ્ટિએ ભારે આંચકો આપી જાય છે. રે, માન! ભલભલા સંતોને તેં ભૂલાવ્યા ત્યાં કસ્તુરભાઇનું શું ગજું? તેઓ વદે છે. '**હું મારા વ્યક્તિગત સિદ્ધાંતના ભોગે પેઢીમાં કામ કરવા તૈયાર નથી.**' આ ઉક્તિ પર શાંતિચિત્તે--શમભાવથી વિચારણા કરીએ. પેઢી કોની? જૈન શાસનની ખરી કે નહિ? તેનું બંધારણ–વહિવટ–વ્યવસ્થા–ઠરાવો શાસનને અનુસરતા હોય કે મન ઘડંત? શાસનની–ધર્મની–સર્વજ્ઞ ભગવંતોની–મહાવીરદેવની આજ્ઞા–વિધાન–નિષેધ, એજ પ્રમાણને? આ જ્ઞાન, શુદ્ધ સત્ય ઉકેલ, આગમ નિર્યુકિત ભાષ્ય ચુર્ણિ અને ટીકા ગ્રંથમાંથી જ પ્રાપ્ત થાય ને? શ્રીમદ્ તીર્થંકર દેવો પ્રણીત ત્રિપદીના અતિસૂક્ષ્મ શુદ્ધ પાયા પર રચાએલ દ્વાદશાંગી જ આ સર્વનું મૂળ ખરૂંને? આને વફાદાર એ જ 'જૈન' ને? ચાર જ્ઞાનના ધણી ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીજી. ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજી, શ્રી શીલાંકસૂરિજી, શ્રી અભયદેવસૂરિજી, મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરિજી, ૧૪૪૪ ગ્રંથના રચયિતા શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી, કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી અને ૧૭ મી સદીના મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ પ્રકાણ્ડ વિદ્વાન, દર્શનજ્ઞાતા સુવિહિતનામધેય મહા પુરૂષોના સર્વહિતકર સ્વપર સર્વજ્ઞ વચનાનુસારી સિદ્ધાંત અભિપ્રાય પ્રમાણે પેઢીનું સંચાલન થાય કે વ્યકિતગત મનસ્વી વિચારો પ્રમાણે?

અને વળી જે પ્રસંગને અનુલક્ષી આ શબ્દો જાહેરમાં બોલાયા છે તે પ્રસંગની જાહેરાત પ્રમાણે પેઢીએ કે પોતે તે ઠરાવની નાબુદી કરી છે ખરી? કોઈક અપવાદ સિવાય સર્વતોમુખી અભિપ્રાય મળવા છતાં પણ? પેઢી અને પેઢીની કાર્યવાહીની ચર્ચામાં ઉતરવાનો આ મોખ નથી. બાકી તે બાબતમાં પણ...સંઘને ખૂબ ખૂબ સજાગ રાખવો જ જોઈશે.

એક વાત વધુ સ્પષ્ટ કરી દઉં. તથા પ્રકારના રાજકીય સંજોગોમાં, કસ્તુરભાઈની પણ આગેવાની યા સલાહ સૂચના તરફ નજર જાય, તેનો એ અર્થ નથી જ કે તેઓની શાસન અને ધર્મની બાબતમાં જાણકારી છે. કુલસંસ્કારોના પ્રભાવે કાંઈક સારૂં કરવાની મનમાં હોંશ એટલું જ, તેમાં સમાજમાં ગણાતો મોભો, પુણ્ય પ્રાપ્ત લક્ષ્મી, આગળ લાવે એ સ્વાભાવિક છે. એક વાત સાચી કે શાસનની સૂક્ષ્મતા સમજી પૂર્ણ શ્રદ્ધાપૂર્વક માર્ગસ્થ રહી ધર્મ કાર્યો કરવાની એકાંત નેમ આ જૈફ ઉંમરે રાખે; તો જરૂર કલ્યાણ સાધી શકે; એટલી બુધ્ધિ અને વિચારશકિત છે. એમને માટે આવું બને તો એમનું અહો ભાગ્ય!

બીજે નંબરે આવે છે હમણા બહુ ગવાએલ 'ચિત્રભાનુ વિદેશ ગમન.' પણ હવે આ પ્રકરણની ઝાઝી કિંમત જ નથી રહી, કારણ કે ભયંકર જુઠાણા અને તદ્દન અવળા વિધાનો સ્વમુખે જ આફ્રિકાદિ દેશોમાં ઉચ્ચારાયા અને છેલ્લી જે વાત રેડીયો આદિમાં આવી તે સત્ય જ હોય તો શ્રી સંઘ અને સમાજ શાણો છે. વધારે ધ્યાન ખેંચવાની જરૂરિયાત જ નથી. પણ હાં! આ પ્રશ્ન પરત્વે અમારા શ્રી શ્રમણ સંઘની પ્રાયઃ સર્વતોમુખી ઉપેક્ષાએ શ્રી સંઘની એક ખતરનાક નબળી કડી છે એ હકીકત છે. **બાકી**

**દરિયો છેવટે તો મુડદું બહાર જ ફેંકે છે, કહો ને કે ફેંકાઈ જાય છે.** પણ આ બધાના મૂળમાં સાધુ વેષમાં રહી સ્વચ્છંદતા અને શ્રદ્ધાનો, સત્ય પ્રત્યેનો, સંપૂર્ણ અભાવ કામ કરી રહ્યા છે, એ ખૂબ સૂચક છે પરદેશ ગમન પહેલા (જે પ્રસંગ ધાર્યા કરતા ત્રણ વર્ષ મોડો અમલમાં આવ્યો) એ ભૂલા પડેલા અને પોતાને બહુજ્ઞાની માનનાર આત્માએ 'અંધ શ્રદ્ધાનો અંધાપો' પ્રદીપમાં લખી, શ્રીમદ્ તીર્થંકર દેવોથી માંડી સઘળાને, અજ્ઞ ઠરાવવા બાલિશ પ્રયત્ન કર્યો હતો. તેના જવાબમાં આ લઘુ કલમે 'અંધ-શ્રધ્ધાનો અંધાપો' એજ શિર્ષકથી, તે માર્ગ ચૂકેલા આત્માનો અંધાપો કેટલી હદે વ્યાપક બન્યો છે, તે સૌમ્ય ભાષામાં સૂચવ્યું હતું. પણ વિનિપાત શતમુખી બન્યો. જેવું ભાવિ અને રખડપટ્ટો !

બાકી રહી જતુ તું તે બળતણ–લાકડાનો પણ વેપાર ન કરી જાણનાર ઝવેરાતની કિંમત આંકવા બેઠા. 'જે ચળકે વધારે તે વધુ કિંમતી' આવું ઢંગધડા વિનાનું એમનું વિજ્ઞાન. અને બની બેઠા ઝવેરી. મહાપવિત્ર સાધુ સંસ્થાના અનાદિકાલીન મહા કલ્યાણકર સિદ્ધાંત તો દૂર રહ્યા. એમની આંખે જ ન ચઢે તો બુધ્ધિમાં તો બેસે જ કયાંથી ! પણ પવિત્રતમ સમાચારીનું પણ ડીંટ ન જાણનાર **'સાધુ સંસ્થા પરિસંવાદ'** ગોઠવી બેઠા. **જમાનાના ઝેરી પવન વડે તોલ કરવા બેઠા.** આત્મા જેવી તાત્વિક વસ્તુને પણ પ્રાયઃ નહિ માનનાર, ભોગવિલાસની ભયંકર તુલાએ ભૂલા પડ્યા. **જેવી દષ્ટિ** તેવી **સૃષ્ટિ અને જેવું મનમાં તેવું ઘટમાં** કે બ્રહ્માંડમાં **માની** બેઠા. **રે અજ્ઞાન** ? જન્મ મરણની મહાવેદનાઓ, અનેક ગર્ભોમાં ભટકામણ,

આધિ-વ્યાધિ ઉપાધિનો ત્રિવિધ દાવાનળ, તો અજ્ઞ આત્માઓને ન દેખાય, પણ ભયંકર આજના સીવીલાઇઝડ યુગની યાતનાઓ, બેકારીનો રાક્ષસ, ભુખમરાની ભડભડતી જ્વાળાઓ, ખૂન, લુંટ; રોગચાળો, ધરતીકંપો, જળપ્રલય, સુકાદુકાળ વિ. વિ. દુઃખના દરિયા પણ નહિ જ દેખાતા હોય? કે આંખ મીચીને 'કુદરતના કાનુન'થી દુર જઈ ગમે તેવા લબ્જો ઉચ્ચારી મહાપાપને પુષ્ટ કરી ઉન્માર્ગે અનેકને દોરવાનું સમાજઘાતક કાર્ય કરી રહ્યા હશે?

ગમે તેમ પણ માત્ર તીર્થો નહિ, ધર્મસ્થાપત્યો જ નહિ, પણ ધર્મના પ્રાણ ખતરામાં છે. એ સ્પષ્ટ હકીકત છે. યુવાનોમાં ધગશ છે. ખમીર છે. પણ ગૌરવ ભર્યા ઈતિહાસનો બીલકુલ ખ્યાલ નથી. અટલ અણનમ અકાટય મહા વિજ્ઞાન સર્વજ્ઞ સિધ્ધાંતોમાં અફર પધ્ધતિએ સમાયેલ છે એ તો ખબર જ ક્યાંથી હોય ? એકેક આચરણામાં સ્વાસ્થ્ય શુધ્ધિ; આત્મોન્નતિ અને સમાજ શાંતિ પથરાએલ છે. એ એમને કોણ સમજાવે ! અને વૃધ્ધવર્ગ એ પણ એક કોયડો છે. ધન ખર્ચાય છે. ધર્મના માર્ગોમાં પણ, પણ રીત રસમ અને ધ્યેય જુદા. અજ્ઞાન જ્ઞાન ગણાય છે. અશાંતિનો માર્ગ સુખ માર્ગ ગણાઈ રહ્યો છે. પામરતા અને આજીજી રોજીંદા બનતા જાય છે, છતાં ફાંકો અભિમાન અકડાઈનો પાર નથી, આ સારાએ સમાજની વર્તમાન પરિસ્થિતિ.

આવા કાતીલ વાતાવરણમાં, સર્વના સુખ શાંતિ માટે ધર્મને પ્રધાન બનાવી, ફરીથી શ્રી સંઘને સુસ્થિર બનાવી, તેના દ્વારા સમાજના અભ્યુદયને સાધવો છે. બીજો માર્ગ જ નથી. તે માટે ગંભીરતાથી શાંતિથી જરાએ અકળાયા વિના પૂર્ણ ભાઈચારાથી દુર્ભાવને દેશવટો આપી કયા માર્ગે કયી યોજનાથી સ્વપર કલ્યાણ સાધવું' એ હવે છેલ્લા અને પાંચમા હપ્તામાં સંસ્કૃતિ સઘન છે. ઘટકો શોધવા રહ્યા.

# શ્રી સંઘ અને સમાજ

(હપ્તો પાંચમો)

**અનાદિકાલીન સુવ્યવસ્થા એટલે જૈન શાસન અને ધર્મ.** તેને શ્રધ્ધાપૂર્વક અનુસરતા વિશિષ્ટ કોટિના શિષ્ટ સમાજના સભ્યોનો બનેલો શ્રી સંઘ, **સત્ય અને નીતિના માર્ગને અનુસરતો માર્ગાનુસારી વર્ગ** તે **સમાજ.** ધર્મ-અર્થ-કામ-મોક્ષ ચારે પુરૂષાર્થને સ્વીકારતો સમાજ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ભૂલી, જમાનાને અનુસરે, ત્યારે કેવી આંધી (વિશેષે કરીને ધર્મક્ષેત્રમાં) ઉભી થાય છે, તે ખૂબ છણાવટથી ચાર હપ્તામાં વિચારી આવ્યા. શ્રી સંઘ-ધર્મ અને મોક્ષ પુરૂષાર્થને સાધન અને સાધ્ય તરીકે માનનાર જ્યારે હેયકોટિના અર્થ-કામ તરફ આકર્ષાય, ત્યારે તો વિશ્વનો આધાર સ્તંભ હાલી ઉઠયો—એમ જ માનવું. **૨૫૦૦ મી જયંતિનું આંદોલન આવું જ એક મહાસત્યને આવરવાનું-પાશ્ચિમાત્ય દેશોનો હાથ વિચારતા, ઇરાદા પૂર્વકનું કૌભાંડ છે.**

ત્રણ જગતૂના તારક વિશ્વવત્સલ પરમકારૂણિક વીતરાગ ભગવંત મહાવીરદેવના પરમાત્મભાવને ઝાંખો પાડી, તે વાત્સલ્યમૂર્તિના સર્વજ્ઞપણાને આવરવાની અને સામાન્ય જ્ઞાનથી અને લોકવ્યવહારથી મહાન્ ગણાએલ આત્માઓની સમકક્ષામાં મૂકવાની ભયંકર યોજના છે. આટલી સાફી

સીધી વાત પણ શ્રી સંઘનો મોટો ભાગ અને કેટલાક ગણવેશધારી નથી સમજી શકતા કારણમાં કીર્તિની મારક લાલસા અને લોકહેરીની આકર્ષકતા. આ યોજના પાછળનું ઘાતક રહસ્ય, શાસનપ્રેમી ને શાસનની દાઝવાળા સાધુ મહાત્માઓએ તથા સુશ્રાવકોએ, પોતાની લેખિની દ્વારા સ્પષ્ટ રૂપમાં રજુ કર્યું છે. અહિં તો સંસ્કૃતિના ઘાતક પ્રસંગ પ્રત્યે આ માત્ર અંગુલિનિર્દેશ છે.

આ સઘળી પરિસ્થિતિ વધતી જાય છે એ હકીકત છે. આંખમીંચામણા અને ઉપેક્ષા સીમાતીત બનતા જાય છે. સુકાળમાં સહુ આમંત્રણ આપે. દુકાળમાં આમંત્રે તે બડ-ભાગી. રક્ષણ નીતિના પ્રસંગે રૂડી રીતે ગાય વાળે તે ગોપાલ. જૈન શાસનની સુવિશદ રક્ષણ નીતિ પ્રાયઃ ભૂલાઈ ગઈ છે. શાસનની-ધર્મની-શ્રી સંઘની અને સારાએ શિષ્ટ સમાજની જવાબદારી પૂ. આચાર્યદેવાદિને વરેલી છે પ્રધાન-પણે. પણ....પણ કમનસીબીની વાત છે કે અતિ અલ્પ સંખ્યા બાદ કરતા મોટા ભાગની તે તરફ દૃષ્ટિ જ નથી. એટલું જ નહિ પણ કેઈક તો ધ્વંસક માર્ગ તરફ વળી રહ્યા છે એ સ્પષ્ટ દીવા જેવી હકીકત છે. એટલે ખરેખર તો અલ્પ સંખ્યાની જવાબદારી ઘેરી બનતી જાય છે. અને માર્ગ કાઢવાની કઠીનાઈ અતિ આકરી છે. કારણ કે ઉપા-સક વર્ગનો મોટો ભાગ જાગૃત નથી અને ગીલેટથી આક-ર્ષાએલ વર્ગને સત્યના તેજની ઝાંખી કરાવવાનું કામ કપરૂં છે જ.

છતાં શાસન જયવંતુ છે. બાકીના ૧૮ાા હજાર વર્ષની મર્યાદા પ્રેરક અને ઉત્સાહજનક છે. તેમાંથી જ રક્ષણનીતિનું બળ છે, તે વેગવંત બનવાનું છે. વર્ષો પહેલાનો એક

પ્રસંગ યાદ આવી જાય છે. ગૃહસ્થપણામાં અને કોલેજ લાઇફ. 'જૈન ધર્મ જ્વલંત બનવો જોઈએ'ની ધૂન. મહાન જૈનાચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત કર્યો. તે પરમોપકારી મહાપુરૂષે રક્ષણનીતિની વેધકતા સમજાવી. હૈયું આનંદવિભોર બની ગયું. જૈન ધર્મમાં રહેલી આત્મ-મસ્તીનો અનુભવ થયો. આગમ શાસ્ત્રો પ્રત્યેનું બહુમાન ઓર વધી ગયું. આ તો સહજ. પણ આમાંથી એક વાત તરી આવી કે, 'રક્ષણનીતિ'ની જાણકારી માટે મૌલિક સિધ્ધાંતોનું ઉંડુ અવગાહન અતિ જરૂરી છે. કારણ **જૈન** ધર્મ એટલે વિશ્વ ધર્મ યાને કુદરતનું અફર મેથેમેટીકસ, ધર્મ પ્રાપ્તિની ઇચ્છાવાળા હરકોઈએ સ્વરૂપ સમજાતાં એનો સ્વીકાર કર્યે જ છુટકો. માટે જ **જૈનધર્મ એટલે આત્મધર્મ-મુક્તિપ્રદાયક મોક્ષધર્મ.** સંસાર એટલે જંજાળ. **ભટકવું એજ વિધર્મ. કર્મ અને** તેના **સારા-નરસા ફળ એ જ જંજીર. જંજીરો ફગાવો એટલે સાચી આઝાદી આત્માની.** બસ આ સમજાય એટલે ઉદારતા જન્મે હરકોઇ ક્ષેત્રે. અર્થથી આઢ્ય સાચો દાતા બને. શરીર સુચંગ રક્ષક બને. વિદ્યા વિશાળ સુવિચારક બને. વાણીનો સ્વામી સુધર્મ પ્રચારક યાને પ્રભાવક બને, સહનશીલતા એને વરે જ વરે. શબ્દસહિષ્ણુતા આત્મવણાટમાં વણાઇ જાય. પછી પ્રશાંત વિચારધારા સત્ય, પ્રગતિ અને ઉત્થાનમાં વેગ આપે જ આપે. અનેકોને ઉન્માર્ગથી બચાવી સન્માર્ગમાં સ્થાપી શકે. એ કયા સત્યને ન પ્રગટાવી શકે એજ પ્રશ્ન.

પણ આ સકળ માટે કુટડી યોજના? યોજના શાસનમાં સુબધ્ધ છે. આર્ય સંસ્કૃતિમાં તે છુટા છુટા કણીયારૂપે

વેરાએલી છે. પણ આચાર પાલન અભરાઈએ મૂકાયું છે. ઉપરથી તેની ઠેકડી ઉડાવાય છે. સારા એવા જુના સંસ્કારો પણ 'જુનવાણી'ને નામે લુપ્તપ્રાય થતા જાય છે. ઉંધુ બધું જ શીખવાય છે. વેગ પામતું જાય છે. 'એજ્યુકેશનને સીવીલાઈઝેશન'ના સુંવાળા શબ્દોથી આવકારાય છે. પોષાય છે. આવી તદ્દન વિષમ વિકટ પરિસ્થિતિમાં બધા જ અને ખાસ કરીને યુવાન વર્ગ વ્યાખ્યાન આદિમાં આવે, સાંભળે અને ગ્રહણ કરે, એ પહેલા તો મોટે ભાગે અસંભવિત. આવનારને સુષ્ઠુ શુધ્ધ માલ જ મળી જાય તેથી પણ વધુ અસંભવિત. કારણ કે **ચૌદ કેરેટ અને ઇર્માટેશન વધતું જાય છે.**

માટેજ સંસ્કૃતિના સુવિહિત રક્ષક પૂ. મુનિવરો સુશ્રધ્ધાળુ ભક્તજનોએ સાબદા બની અનેકવિધ પણ એક લક્ષી યોજનાઓ દ્વારા ધ્યેયને પહોંચવા કટિબધ્ધ બનવું જોઈશે. આ માટે સમર્થ ગીતાર્થ પૂ. આચાર્યો આદિ પાસે પછી ભલે તે અલ્પ સંખ્યા હોય, વિનીત ભાવે પહોંચી જવું જોઈએ. તેઓશ્રીની રાહબારી નીચે, માર્ગનું તેના રક્ષણનું ને બાળ યુવાન વૃધ્ધ, આત્માઓમાં તેનું ખામોશથી સિંચન કરવાનું, પ્રશાંત શૈલીનું જ્ઞાન, ગ્રહણ કરવું જ પડશે. અને સાચા પૂ. ગીતાર્થો આ કાર્ય માટે હંમેશા તનમનથી અપ્રમત્ત તત્પર હોય છે. હા જરૂર પડે ચકાસણી કરે પણ ખરા. ઉંચી મિલ્કતના વિતરણમાં, યોગ્યતાની ચકાસણી એ પણ એમની અનિવાર્ય ફરજ કેમ નકારી શકાય?

આ જ્ઞાનનો પ્રકાશ શ્રાધ્ધવર્ગમાં અનેક રીતે સાધુ મર્યાદામાં રહી પાથરી શકે છે. અને તે માટે વિહારકાળના

આઠ માસ ગામે ગામ–શહેરે શહેર, સંયમની છાયા ફેલાવતા, સુજ્ઞાનની લ્હાણુ અવિરતપણે કરવી જોઈશે. માર્ગ ભૂલેલાને હૈયુ આપી માર્ગે લાવવા જોઈશે. આગમ પ્રધાન દેશના સાથે શકય રીતે આજની સાયન્ટિફીક પધ્ધતિથી પ્રશ્નના ઉકેલ આપવા પડશે. શું કહ્યું? ચારિત્રબળ? ભલાભાઈ, **પાયા વિના તો ઇમારત ચણાય જ કેમ? પંચાચારનું પાલન એ તો પાયો છે.** ટોચ છે શિખર છે. **સત્તર પ્રકારને સંયમ બ્રહ્મચર્ય પ્રધાન છે. શાસ્ત્રાનુસારી સંયમ પ્રધાન દેશના એ રક્ષણુ નીતિનો પાયો છે.** એ વાત જ્યારથી ભૂલાઈ ત્યારથી જ આ અવદશાના મૂલ નંખાયા છે.

૧૪૪૪ ગ્રંથના રચયિતા સુવિહિત શિરોમણિ, તર્ક–ન્યાય–ષટ્દર્શન સમર્થ વેત્તા–સ્વપર શાસ્ત્ર રહસ્ય પ્રગટ કરનાર, શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજીના ગ્રંથો લબ્ધ ન હોત, તો માર્ગની સ્પષ્ટ જાણ અને ગીતાર્થતા પ્રાપ્ત કરવી મુશ્કેલ બની જાત. કારણ કે આ ગ્રંથો ચાવીરૂપ અને સાર સંગ્રહ છે. અને એ પણ 'રક્ષણનીતિ'નું મહાપ્રધાન અંગ હતું અને બની ગયું. એનો આધાર લઈને તો મિથ્યા-શબ્દપંડિતોને આજે ચૂપ કરી દેતા વાર લાગતી નથી. શ્રધ્ધાધનનું રક્ષણ કરી અનેક આત્માઓને માર્ગસ્થ રાખી શકાય છે. આ આદિ અનેક પુષ્ટિકારક પુષ્ટસાહિત્યમાં અર્કામૃત સંગ્રહ કરી, સુચારૂ ભાષામાં મૂકવાની જરૂરિયાત ખરી જ ને? ગમે તેવા ઢંગધડા વિનાના, કાંકરા વીણી બનાવેલા, સાહિત્ય સામે સિધ્ધાંતયુક્તિયુક્ત સાહિત્ય, જુદી જુદી સરળભાષામાં પ્રકાશન પામવાનો કાળ નથી પાકયો શું? ભલે તે સુયોગ્ય ચકાસણી પછી પ્રકાશ પામે.

સાથે સાથે ભકિતયોગ પણ વેગ સાથે સુધારણા નથી માગતો? અનેકવિધ પેસી ગયેલા દૂષણોનું પ્રમાર્જન અને સુચારૂ આત્મ-આલ્હાદક સમ્યગ્ ગતિની જરૂર નથી શું? લય-તાન અને ગુણ ભકિતના ભાન વિનાનું ગાન, ગુલ્તાન કે મસ્તાન પરમાત્મામાં કયાંથી બનાવે? ભકિત ખરેખર મુકિતની દૂતિ કયારે બને? આજ્ઞા-હૈયામાં જામ થઇ હોય ત્યારે જ ને?

બધા જ સાધુ બની જાય એ ત્રિકાળમાં શકય છે? ત્યારે **હૈયામાં સાધુતાના નિર્મળ ભાવ સિવાય જૈન પણું જન્મી શકે!** અને જૈનત્વની આછી છાયા વિના સજ્જનતા કે સદ્ગૃહસ્થાઈનો ઉદ્ભવ શકય છે? અને તે માટે ઉદારતા ગુણ અતિ આવશ્યક? તો સકળ વિશ્વની કલ્યાણ ભાવનાથી સભર શુધ્ધ સનાતન જૈન-ધર્મ-શાસનની રક્ષા માટે ઉદાર સદ્ગૃહસ્થોની કેટલી ઉચ્ચી કક્ષાએ જરૂરીઆત? શ્રી શ્રમણ સંઘની રક્ષક-પ્રવૃત્તિના સહાયક તો સુશ્રાવકો જ ને? અને તે પણ પુણ્ય-પ્રકર્ષે ધનાઢ્ય અને સાચી ઉદારતાને વરેલા જ ને? આથી વધારે વિવરણ આ વ્યવહારૂ વાતમાં જરૂરી ખરૂં?

આ રીતે માર્ગસ્થ પૂ. શ્રમણ વર્ગ શ્રધ્ધાવાન ઉદાર ઉપાસકો-શાસ્ત્ર વફાદાર સાહિત્ય-નિર્મળ-ભકિત-એની પરસ્પરની સંકલના અતિ જરૂરી છે જ. સાથે જ સાત્વિક શ્રમણી વર્ગ અને સુશીલ શ્રાવિકાગણ, વિશેષે કરીને રક્ષણ નીતિમાં સહાયક બને જ બને. એ પણ પાયાના સેન્ટર છે. શ્રી ચતુર્વિધ સંઘના બે અંગ છે. શાસન મહાલયના બે પાયા છે. સાધ્વીગણમાં સંયમની ફોરમ-સ્વાધ્યાય-તપ-જપ ઉપાસના વિકસિત છે. મોટા ભાગમાં. જરૂર છે સંઘના

સુવ્યવસ્થિત દોરવણીની. વૈરાગ્યરંગ વધતો રહે-આત્મ-વિકાસના પરિણામ ઉન્નત બનતા રહે તેવા રાહ દર્શનની. આગમ શાસ્ત્રોમાં છે જ. પ્રેકટીકલ રૂપે પરિણમાવવાની જ ઓછપ.

અમારો પવિત્ર સાધ્વીગણ-વિશેષે કરીને આજના સમયમાં-વિશ્વનું એક આશ્ચર્ય છે. રંગરાગ અને ભોગ-વિલાસના ઘેરા વાતાવરણમાં ભરયૌવને અને કુલ સંસ્કારના અને સાદ્વીગણના સુસમાગમના પ્રતાપે, વૈરાગ્યરસમાં ઝીલી, ભોગોપભોગને ફગાવી દે છે. અનેક કષ્ટો સહન કરીને સંયમધનનું પાલન રક્ષણ કરે છે. વિદુષી બની વિદ્વતાને પચાવી, પ્રભુકથિત સન્માર્ગે આજ્ઞાપાલનમાં સુસ્થિત બની રહે છે. અપવાદો બાદ કરતાં, નથી આગળ આવવાની હોંશ કે કીર્તિકામના. આગળ આવવામાં માન-નારની અધોગતિ અને આત્મ બરબાદી તેઓ પ્રત્યક્ષ દેખે છે.

તેઓનું ધર્મક્ષેત્ર ઘણું જ ઉમદા છે. શ્રાવિકાગણમાં-યુવાન શિક્ષિત બાળાઓમાં પાયાની સંસ્કૃતિનું સિંચન તેઓ અજબ રીતે કરી શકે છે. એમાંથી જ પોતાની સહચરી સાધ્વી સુશ્રાવિકા-અને શ્રદ્ધાધનની સ્વામિની એવી ભવિષ્યની માતૃપદને પામનારી નારીવૃંદમાં, સંસારની અસારતા-અને શાંતિમય ગૃહ જીવનની વ્યવસ્થા જન્માવી શકે છે. શાંતિમય ગૃહજીવન-કલહ-ક્રોધથી પર બનતા, શાંત આરા-ધનાના માર્ગે પોતાના ભાવિ સંતાનોને; સ્ફૂર્તિથી ચઢાવી શકે. પ્રિન્સિપલ ઓફ બ્લડ-આનુવંશિક તત્ત્વના રહસ્ય પર તો જ્ઞાતિભેદ ઘડાએલા, પણ તેમાં પેઠેલી વિકૃતિ દૂર કર-વાને બદલે સ્વાર્થી તત્ત્વોએ તે મુળમાંથી ઉખેડી, સમાજની ચારૂ વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાંખી.

એટલું જ નહિ પણ પ્રગતિને નામે આર્થિક ભીંસ એવી ઘેરી બનવા દીધી કે તેમાંથી ભારતનો માનવી ઉંચો જ આવે નહિ. બંગલો બાંધ્યો. બંધીઓનું દેવું કર્યું સરકારી કે સહકારી લોન લીધી. દેવાના હપ્તા, લોનના હપ્તા, કુટુંબનો નિર્વાહ, માંદગીની બરદાસ્ત–ચારેને પૂરા પડવું, સવારના છ થી રાતના દશ સુધી કમ્મર તોડ મહેનત કરવી, માનસિક સંતાપનો પાર નહિ. કલેશ ક્રોધ તો જન્મી જ જાય. અસ્થમા કે ટીબી ખબર ન લેતો ભાગ્યશાળી ! અને આમાં પાપભીરૂ જૈનો પણ ઝડપાયા. સૌને ઘેલું લાગ્યું ટેકસી–રેડીયા ને બંગલાનું. આત્મા ભૂલાયો. પુણ્ય–પાપ–વિસરાયા. ભોગ અને તે માટે અર્થ પ્રધાન બન્યા. બેકારી ને રોગચાળાનો પાર નહિ !

આર્થિક ઘટના જૈનો માટેની વિચારવી તો રહી જ. પણ શ્રીમંતોમાંથી ઉદારતા ગઇ. સાધર્મિક પ્રત્યેનું વાત્સલ્ય લુપ્ત થયું. કારણ કે હૈયામાં વીતરાગ ધર્મ જન્મ્યો જ નથી. કુળાચાર પણ જવા જ બેઠા છે ને ? અને મધ્યમ વર્ગના જૈનોએ પણ બીન જરૂરીયાતો વધારી મૂકી. ખોટા દેખાવના–અને દંભી ખર્ચા પણ વધવા લાગ્યા અને મોંઘવારીએ માઝા મૂકી. **'છીએ તેવા દેખાવું' સૂત્ર ભુલાયું**. આડંબરે અવનતિની ખીણમાં ધકેલી દીધા. છતાં એ પ્રશ્ન ન જ ઉકેલી શકે એવો નથી જ. પુણ્ય–પાપના તત્ત્વો સચોટ રીતે હૈયામાં બેસી જાય તો.

આપણે તો અત્યારે ઘટકો વિચારી રહ્યા છીએ. તેનું વિસ્તૃત વિશ્લેષણ તો પાંચસો પાનાનો નિબંધ કે ગ્રંથ બની જાય. આ તો 'કલ્યાણમાર્ગ' **કલ્યાણ**માં અતિ ટુંકમાં સૂચિત થઇ રહ્યો છે. અને તે પણ અલ્પક્ષયોપશમે અને લઘુ કલમે. દેવગુરુની પરમ કૃપાથી.

**શ્રીમદ્ તીર્થંકર દેવોની વીતરાગ વાણી એ જ સર્વતોમુખી ઉન્નતિનું પ્રગતિનું મૂળ છે.** વાણી જેમ ઉદાર છે તેમ ગહન પણ છે જ. પાર પામે તે મહાભાગ. તે જેટલી વિશાળ છે તેટલી જ સૂક્ષ્મ છે. અતિ સૂક્ષ્મ-શ્રદ્ધેય પદાર્થોની-મહા-વિજ્ઞાનની છટાથી વિશિષ્ટ વ્યાખ્યાઓ ત્યાં આજે પણ છે જ. જે છે તે એટલું બધું છે કે સગરનો તાગ પણ મપાય પણ એનો નહિ. છતાં તે સુજ્ઞેય છે. સુગ્રાહ્ય છે. પથ્ય હિતદાયક છે. પરમપદને પમાડનાર છે.

માટે જ આગમ શાસ્ત્ર-સાહિત્ય એ સુરક્ષણીય મહા ઘટક છે. એના પર જ આજે સારાએ ધર્મ શાસનનો અને શ્રી સંઘ-સમાજનો આધાર છે. **જેમ તેમ વેરવાથી દાણો ઉગતો નથી.** જેમ તેમ છપાવવાથી કે ભાષણો ભરડી નાંખવાથી શ્રી સંઘ કે સમાજની ઉન્નતિ નથી જ થતી તેનો પ્રત્યક્ષ પુરાવો આજની શ્રી સંઘ-પરિસ્થિતિ અને સારાએ ભારતવર્ષની વિષમ દશા ખુલ્લંખુલ્લા આંખ સામે તરવરે છે. સામાન્ય-અભ્યાસ માટે ૧૬ થી ૩૦ વર્ષોનો ભોગ આપનાર-અપાવનાર આત્માઓ આવા મહાન્ ગંભીર સર્વકલ્યાણકર અભ્યાસ માટે પાંચ નહિ તો ત્રણ વર્ષનો પણ ભોગ આપવા તૈયાર ખરા? ખાલી જ્ઞાનની પરબો ને નામે નર્યું અજ્ઞાન જ ફેલાવવામાં સઘળી આવડત અને હોંશિયારી ખર્ચવાની છે? અને પછી તેવા સમાજ પાસે ઉદારતા અને પરને માટે ભોગ આપવાની આશા વાંઝણી ન નીવડે તો શું બને?

આખી ગાડી જ અવળી દિશામાં સવળી દિશામાં ફેરવ્યા સિવાય અસલ લક્ષ્યે પહોંચાશે ? માર્ગાનુસારી સમાજ માટે ધર્મ–અર્થ-કામ મોક્ષ ભલે ઉભા રહ્યા. પણ અર્થ–કામ પાછળ ન્યાય નીતિ અને પ્રમાણિકતા ન જ મરી જવા જોઈને ? **જેનું મન બગડે તેનું મોટે ભાગે તન બગડે.** એ બે બગડતા અર્થ કામ પણ બિચારા પાંગળા જ રહે ને ? અને જૈનો માટે તો **અર્થકામ પ્રમાણિકતાથી મેળવેલા પણ હેયકોટિના** જ ને ? જરુર પડે પેદા કરે, લે-ભોગવે કે સંગ્રહે પણ ઉપાદેય તો ન જ માને ને ? જેને પોતે ઉપાધિ જ માને તેને છોડવાની પેરવીમાં જ હોય ને? જેને પોતાનું શરીર પણ ઉપાધિરૂપ લાગે, અજન્મા બનવાના ધ્યેયમાં હોય, તેને ભૌતિક સઘળી આબાદી હેયકોટિની લાગે તેમાં નવાઈ પણ શી ? આવી સાચી માન્યતા જ્યારથી જૈન આલમમાંથી ખૂટી ગઈ ત્યારથી દાન, અને દયા ઉદારતા અવશેષ માત્ર રહી ગઈ. અવશેષ રહેલા આ તત્ત્વો પણ આજે આશ્ચર્યજનક સુંદર કૃતિઓ સર્જે જ છે. દયા અને અનુકંપાના વિષયમાં પણ વસ્તીની ટકાવારી અને શ્રીમંતાઈની ટકાવારીની અપેક્ષાએ જૈનો જ્યારે આટલા સરસ રીતે આગળ પડતા છે તો સાચું જૈનત્વ કેવું અને કેટલું ઉંચુ પરિણામ લાવે ? ભૂકંપ કે ભયંકર આગ, અવૃષ્ટિ કે અતિ-વૃષ્ટિ નદીના પૂર કે મોટી હોનારત, **હરકોઇ સંકટકાળમાં જૈનોની માનવતા ખીલી જ ઉઠે છે.** કારણ કે લોહીમાં સંસ્કાર વણાએલ છે. પૂર્વજોનો સંસ્કૃતિ વારસો છે. એટલે બાહ્ય આચારો અનુકમ્પા અને ભક્તિયોગના સારી રીતે જીવંત છે.

પણ ધ્યેય-લક્ષ્ય-હાર્દ ને સમજી સઘળી શુભક્રિયાઓ અને આચારો પાછળ રહેલ આદર્શને આંબવા થતો પ્રયત્ન અતિ જુજ પ્રમાણમાં છે એ હકીકત છે. તેમાં અજ્ઞાન અને વિકૃતજ્ઞાન જેમ મુખ્ય કારણો છે, તેમ બહુલતયા પૂજ્ય સ્થાનેથી જે રૂપે અને જેવા પરિબળથી સમ્યગ્ પ્રેરણા-જ્ઞાન અને શ્રદ્ધાના રૂપમાં શ્રી સંઘ અને સમાજને મળવી જોઈએ તેનો પણ લગભગ અભાવ છે. **પાપાત્ દુઃખમ્ એ સૂત્ર જ્યારથી આર્યાવર્તમાં અસ્ત પામ્યું ત્યારથી બધા ઉપદ્રવો ઉભા થયા.** સમાજ તદ્દન વિષમ પરિસ્થિતિમાં મૂકાઈ ગયો. ગરીબો ને શ્રીમંત પ્રત્યે દ્વેષ-ઝેર અને ધિક્કારની લાગણી પેદા થઈ ગઈ. અને શ્રીમંતોમાંથી અમીદયા-દાન અને કોઈને પણ સહાયક થવાની સુંદર ભાવના લગભગ ખલાસ થઈ ગઈ. **હકકવાદના ભૂતે સમાજને સઘળા થરોને ભરખી ખાધા.** ભાવિ ભયંકર ભલે દેખાય. પણ આ તો આર્યાવર્ત છે.

પરમાત્મમાર્ગના શુદ્ધ ઉપાસકો, તે ઉપાસકોના ઉપાસકો, ભલે જુજ સંખ્યામાં પણ હજુ જીવંત છે. શ્રી શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ વિશ્વમાં હયાત છે. પરમાત્મ વાણીનો ધોધ નહી તો ઝરણા અસ્ખલિત હજુ વહેતાં છે. મુનિવર મહાત્માઓના તપ તેજ હજુ પ્રકાશ આપી રહ્યા છે, દાન-શીલ-તપ-સદ્ગૃહસ્થોમાં અને સુશીલ સ્ત્રી વર્ગમાં ઠીક ઠીક દેખાય છે. માત્ર ભાવનાના ઉંડાણને સૌ પામવા મથે તો શ્રી સંઘ અને સમાજ સર્વ રીતે સમતુલાને વરે જ વરે.

શ્રી સંઘ અને સમાજ વચ્ચેનો પુલ ધર્મ છે, ધર્મના પાયામાં સરળતા-સત્ય અને પ્રમાણિકતા રહેલા

છે. આ ગુણો સુસત્યને શોધી કાઢે છે. સુસત્ય ત્યાગની ઉચ્ચકક્ષામાં રહેલ છે. એ ઉચ્ચકક્ષાને પામેલા શતકોટિ ધન્યવાદને પાત્ર છે. તે કક્ષાને પામવા મથતા અનુમોદના માગી લે છે. આર્યાવર્તને ઉજળું રાખવાની નેમ આદરણીય છે. સર્વ સુભગ આત્માઓ સર્વોચ્ચ ત્યાગ, અલ્પત્યાગ, ત્યાગ પ્રત્યેની ઉજ્જવળ શ્રદ્ધા પામી, પારમેશ્વરીય માર્ગને પામી સ્વપરનું કલ્યાણ સાધો એજ અભિલાષા. (સંપૂર્ણ)

## શ્રી પર્યુષણા મહાપર્વ અને શુદ્ધિ

પર્યુષણા મહાપર્વ. આવે અને જાય. સૌ એના ગુણ ગાય. હૈયે હર્ષ ન માય. તપ પ્રાયઃ સૌ કરે, દાન કોઈક દે. શીલ પણ પાલે. ભાવ કોણ સમજે ?

ક્ષમાપના બોલાય. પત્રિકાઓ લખાય, મનની ગાંઠ તો કોકની જ ઉકલે ને ? પ્રતિક્રમણ સંવત્સરી. પાપ સૌને ધોવા વર્ષભરના. વગર મહેનતે અને હૈયાદિલી વિના.

ભગવંત મહાવીર દેવનો જન્મ વંચાય. સૌ ખુશી થાય. નાળીએરની પવિત્ર શેષ આપે અને લે. સાધર્મિક ભાવનું નાનું શું પ્રતિક. પણ સાધર્મિક ભાવની જાગૃતિ? સાધર્મિકોની સાર સંભાળ ? દ્રવ્ય અને ભાવથી ? એમાંથી એક પણ ?

કલ્પસૂત્ર મહાન્ આચારગ્રંથ. મુખ્યતયા પંચમહાવ્રત-ધારી સાધુઓ માટે. આસન્નોપકારી ચરમતીર્થપતિ ભગવંત મહાવીરદેવનું સુવિશદ સાંગોપાંગ જીવનચરિત્ર. કોણ સાંભળે અને કોણ અવગાહે? દેવાધિદેવને ઓળખવાની તો વાત જ ક્યાં?

શુધ્ધિ એનું, મહાપર્વનું સર્વોત્કૃષ્ટ ધ્યેય. મનની શુદ્ધિ, આત્માની શુધ્ધિ, મનમેલ મૂકી ઝેરવેર વિસારવાના. મુક્તિનો અચળ ધ્યેય ખીલવી, સુશ્રદ્ધાના અફાટ ધોધથી આતમકર્મ ધોવાના. શ્રદ્ધા સંવેગરંગ વિના આવે કયાથી? સંવેગરંગ 'ભવનિર્વેદ' વિના જન્મે?

સંવેગ અને નિર્વેદની વાતો ક્યાં સંભળાય છે? હોંસા-તુંસીના હુલામણા ગીતો તો સંભળાય છે. સત્યની આલબેલ વગાડવી નથી. કોઇ વગાડે તો સાંભળવી નથી. સાંભળવી છે અલમલકની વાતો. દેશ કથા અને રાજકથાની વિકથા. સિનેમાની તર્જો.

શુધ્ધિ પ્રાયઃ જાણે ભૂતકાળનું તત્ત્વ. હૈયા વિના શુદ્ધિ હોય? સત્યના સ્વીકાર વિના શુધ્ધિ થાય? ઉંઘતાને જગા-ડાય કે ઢોંગીને? શાસ્ત્રો અને સિધ્ધાંતો માનવા હોય તે જ કલ્યાણ કરી શકે ને? સમજવા છતાં જાણવા છતાં ઉત્થા-પવા હોય ત્યાં શું થાય? અજ્ઞ લોકોને ઉંધે માર્ગે દોરવા હોય ત્યાં શુધ્ધિ ક્યાં ઉભી રહે? ઉત્સૂત્ર પ્રરૂપણા અને પ્રવૃત્તિ સાથે શુદ્ધિનો મેળ શે મળે?

પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા સત્ત-રમી સદીના અજોડ પ્રભાવક ન્યાય–તર્ક–આગમ પ્રકાણ્ડ-વેત્તા. સવાસો ગાથાના સ્તવનમાં શ્રી સિમંધરસ્વામીને વિનંતિ કરતા હૈયા ઉદ્દગાર ઠીક જ કાઢે છે કે :–

કેઇ નિજદોષને ગોપવા,

રોપવા કેઈ નિજમતકંદરે; ધર્મની દેશના પાલટે,
સત્ય ભાષે નહિ મંદરે. સ્વામી સીમંધરા....

શુદ્ધિ અને જૈનશાસનની ? આત્મોન્નતિનું શુધ્ધ રસાયણ, પથ્યપાલન વિના ફુટી જ નિકળે. આજ્ઞાપાલન સમજપૂર્વકનું એજ પથ્ય. અજાણતા પણ અનાદર મારે. સમજી બુઝીને અનાદર એટલે આત્માનું નિકંદન. અજાણતા પેટમાં ગએલું ઝેર કયા કયા ઉપદ્રવો પેદા ન કરે ? પણ આત્મા જેવી વસ્તુ જ ન માનતા હોય તો ? એમ તો કેમ કહેવાય ? પણ સરાસર મઝાપૂર્વક આજ્ઞાની- શાસ્ત્રવચનોની થેકડી થતી હોય તો છૂપી નાસ્તિકતા જ ઘર ઘાલી રહી છે ને ? શાન્તમ્ પાપમ્

આપણે તો મનશુદ્ધિ–વચનશુધ્ધિ–કર્તવ્યશુદ્ધિ ત્રણે જોઇએ. મનમાં સત્ય પ્રત્યે પૂર્ણ આદર. વાણીમાં વીતરાગ માર્ગની શુધ્ધપ્રરૂપણા. કર્તવ્યમાં વિધિમાર્ગ અને શુધ્ધપરંપરાનું આદરપૂર્વકનું પાલન.

પર્યુષણા એટલે સર્વતોમુખી આત્મ–નિવાસ, આત્માને ઢંઢોળવો, સંસાર અસદ્ લાગવો. મોક્ષ એક જ સદ્ભુત લાગવો. સંસાર અસદ્ એટલે અસાર–મારક ઘાતક અને મોહની માયાજાળ. **મોક્ષ એટલે માયાજાળમાંથી, અનંતકર્મોની બેડીમાંથી સદાની મુક્તિ.**

પંથ એનો સરળ પણ પૂર્ણ શુધ્ધિ ભર્યો. આંટીઘુંટીનું નામ નહિ. છેતરપીંડીનો છાંટો નહિ. ભણેલ સમજે અભણ પણ સમજે. સમજવો હોય તો, હૈયું સરળ અને મન નિર્મળ હોય તો. પૂ. માષાતુષ મુનિવર તરી ગયા. કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. કોના બળે ? આત્મશુધ્ધિના જ એક

બળે ને? એ શુધ્ધિ જન્મી કયાંથી? શ્રધ્ધા, સરળતા અને આજ્ઞાપાલનમાંથી જ ને?

વ્યવહાર શુધ્ધિ પણ પર્યુષણા ટાણે કેમ જ ભૂલાય? લીધું તેનું આપવું. અન્યાય-અનીતિ ખટકયા જ કરે. જે નાથની સેવા કરવી, આત્મકલ્યાણ કાજે, તેનું દ્રવ્ય વપરાય જ કેમ? **ઘેર મહેમાન આવે, મહેમાનગીરી કરવા તેનું પૈસા પાકીટ કેમ જ મંગાય?** ભકિત કરવી અને પારકે પૈસે? આ બધા ભાવ -વિના આત્માની શુધ્ધિ સંભવે?

શુધ્ધિ શિવપદનું સોપાન છે. શુભ ભાવની જનની છે. ચીકણ કર્મો માટે કુઠાર છે. ખાલી શબ્દાડંબરથી શુધ્ધિ શકય નથી. પવિત્ર આચરણ એનો ટકાવ છે. દૂન્યવી માનપાન અને કીર્તિની લાપરવા શુધ્ધિનું ઉદ્ગમ સ્થાન છે. લોકહેરી અને વાહવાહનો સંભાર શુધ્ધિની સન્મુખ પણ ન થવા દે.

શાસ્ત્ર પરાંમુખતાં જન્મી કયાંથી? લોકહેરીમાંથી જ ને? કીર્તિની લાલસાએ અમારી પવિત્ર સાધુસંસ્થામાં પણ ઉન્માર્ગતા જન્માવીને? છડેચોક ઉત્સૂત્ર પ્રરૂપણા. જરાએ પાપની ભીતિ નહિ. સાથે જ ઉત્સૂત્ર પ્રવૃત્તિ! પછી પચાસ પર્યુષણા પણ આત્મામાં શુધ્ધિ કયાંથી લાવે? અને ભાવિક ભકતજનો! બધા ઉંડી સમજણ અને આજ્ઞાના જાણ કયાંથી હોય? મોટો ભાગ તો સાધુજનનો દોર્યા જ દોરેવાય ને! મહાપુણ્યશાળી આત્માઓને જ આણાપાલક સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત થાય ને? બાકીના આત્માઓની શુધ્ધિનું શું! પર્યુષણા પુણ્યપર્વ એમના પુણ્યોદયમાં નિમિત્ત કેવી રીતે બને! આવા આત્માઓમાં પણ નિર્મળભાવે ઓઘ શ્રધ્ધાની શુધ્ધિની અનુમોદના જરૂર કરશું? પણ એમના ભાવ પ્રાણોની ભાવ-

શુધ્ધિનું શું ?

**જૈન** ધર્મ પાળતા–મહવીરપ્રભુના પૂજારીઓથી બનેલા સમાજનો શ્રી ચતુર્વિધ સંઘનો પ્રાણપ્રશ્ન છે. **શુદ્ધિ વિના આત્મ–નિર્મળતા કેવી ? નિર્મળતા વિના ઉત્થાન અને પ્રગતિ કેવા ? ઉત્થાન અને પ્રગતિ એ તો માનવભવની ઉચ્ચપેદાશ.** માટે જ શુધ્ધિ વિના માનવભવ વિફળ. વિશેષે કરીને **જૈન** જાતિ કુળમાં જન્મેલા માટે ખાસ. દ્રવ્યત્રિ સંપત્તિ વિના ચાલે, પણ વિશ્વાધાર શુધ્ધિ વિના ? અને તે પણ અણમોલ પર્યુષણા પામીને ?

દ્રવ્ય–વિતશુધ્ધિ–વેષવિભૂષાશુધ્ધિ અને આહારશુધ્ધિ. આ ત્રણે માર્ગાનુસારી શુધ્ધિ છે. તે તો પ્રાયઃ આજે શોધી જડે એમ નથી ને ? આત્મશુદ્ધિને સહાયક આ શુધ્ધિઓ કેમ ખોવાઈ ગઇ ? આત્મશુધ્ધિનું લક્ષ્ય ખસી ગયું માટે ને ? સર્વોત્કૃષ્ટ વિશ્વકલ્યાણકર, શ્રીમદ્ તીર્થંકરદેવોનું મહાશાસન તેમાં વાત્સલ્ય–ઝરણું પર્યુષણા મહાપર્વ. તેમાં પ્રધાનપણે વર્તતી આત્મશુધ્ધિ, કષાયોથી વિષયવાસનાઓથી નિવૃત્તિ. ગતપાપોનો કૃત અપરાધોનો પસ્તાવો; ગુરૂ સમક્ષ આલોચના. ગુરૂદત્ત તપાદિનું ઉલ્લાસ પૂર્વક આચરણ. વિષમ–વિષક્રિયાને મારી અમૃતપાન માટેની વેલડીનો આશ્રય. અમૃત પણ શાણ અને ભાન સહિતનું સમ્યગ્જ્ઞાન. તે પ્રગટાવે શ્રધ્ધાની ઉષા. પછી સમ્યગ્ચારિત્રના કિરણો ફેલાય. શુધ્ધિવાંછુ આત્મામાં કેવળજ્ઞાનની સ્વપર પ્રકાશક જ્યોતિ પ્રગટે જ પ્રગટે. આ છે શુધ્ધિનું અપૂર્વ મહાત્મ્ય !

કલ્યાણપ્રદ પર્યુષણા મહાપર્વના બહુમાનાર્થે, શુધ્ધિનો મહામંડપ અત્યારથી જ ભવ્યાત્માઓ રચવા માંડે, અને સરળતાનું તોરણ બાંધી, આત્માના કર્મબંધને તોડી નાખવા તત્પર બને એજ એક અભિલાષા.

## ⊙ અંધ શ્રધ્ધાનો અંધાપો ⊙

'દિવ્ય દીપ' માસિકમાં અંધ શ્રદ્ધાનો અંધાપો નામનો, શ્રી ચિત્રભાનુનો લેખ પ્રસિદ્ધ થયેલ છે, જેમાં મહાપુરૂષોએ આપણા સુધી પહોંચાડેલા શાસ્ત્રોને 'ભિન્ન ભિન્ન વ્યક્તિઓએ તે તે કાલમાં સાંભળેલી વાતોનો સંગ્રહ કહીને, તેને માનનાર વર્ગ પર અંધ શ્રદ્ધાનો અંધાપો જણાવી, તેની હાંસી કરવામાં આવી છે. એ લેખ શાસનના સારાયે આચાર્યો પર આક્ષેપ કરતો અને શાસ્ત્રોને કિંમત વિનાનો ગણાવતો છે. તેને અંગે ટુંકમાં વાસ્તવિક અંધશ્રદ્ધાનો અંધાપો કોને કહેવાય, તે વિષે જણાવી, મેં મારી પોતાની શૈલીયે આ લેખમાં પ્રતિકાર કરેલ છે, તેમના, લેખક પ્રત્યેની હિતકામના પૂર્વક લખાયેલ આ લેખ દ્વારા, તેઓને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય એ શુભ કામના. લે.

જીવનમાં વ્યક્તિને આંખ સામે રાખી લખવાનો આ પહેલો પ્રસંગ. સમગ્ર વિશ્વ કલ્યાણકારી વીતરાગ ભગવંત મહાવીરદેવના ગણવેશધારી એક આત્માના લખાણ પરત્વે એક મહાત્માએ મારૂં ધ્યાન ખેંચ્યું. 'ચિત્રભાનુ' ઉપનામધારી એ આત્માને સર્વજ્ઞ ભાષિત શુધ્ધ સત્યોમાં વફાદારી રાખવામાં અને શ્રધ્ધા કરવામ અંધ શ્રધ્ધાનો અંધાપો લાગે છે....જ્યારે રોજબરોજ ફરતી રહેતી અને અનેકોના વિધ્વંસના સાધન પેદા કરતી સાયન્સ થીયરીમાં

'અંધશ્રધ્ધા' કરવામાં આનંદ આવે છે. જેનો પાયો નથી, જેમાં ગુલબાંગોનો પાર નથી, એવી દુનિયાભરને બનાવતી બાબતોમાં વગર જોએ, જાત અનુભવ કર્યા શિવાય માત્ર છાપા કે માસિકોની બોલબાલાથી, પુરેપુરી શ્રધ્ધા ધરાવવી અને ત્રિકાળ જ્ઞાનીઓએ કથેલા, નિઃસ્વાર્થ મહાત્માઓએ સ્વક્ષયોપશમ પ્રતાપે સંગ્રહીત કરી આપણા સુધી પહોંચાડેલ, તેના માર્ગને સ્પષ્ટ કરતા અનેકવિધ સુવિશ્વસનીય સાહિત્યથી ભરેલા શાસ્ત્રોને, 'ભિન્ન ભિન્ન વ્યકિતઓ (એ) તે તે કાળમાં સાંભળેલી વાતોનોજ સંગ્રહ' કહ્યો, તે કઇ કોટિની અંધશ્રધ્ધાનો અંધાપો

કહેવાતા 'પ્રત્યક્ષ સત્યો' સત્યો છે કે નર્યા જુઠાણા અને તરકીબો છે એ અવસરે વિચારવું જ જોઇશે, પણ ભગવંત મહાવીરદેવ સર્વજ્ઞ-સર્વદર્શી હતા એમ તે 'દિવ્ય દીપ' માસિક, અંક ૮ વર્ષ ૬ ના લેખક માને છે કે નહિ ? પંચાંગી પ્રમાણિત સત્યોને સત્ય તરીકે ઓળખે છે કે નહિ ? જે મહાશાસનનો 'ગણવેશ' ધારીને ફરે છે તે મહાશાસનને પોતે વફાદારી પૂર્વક માને છે કે નહિ ? સર્વજ્ઞ શાસનમાં એવો કયો હિતસાધક વિષય બાકી રહે છે કે જેની ઉંડી-સ્પષ્ટ અને સુવિસ્તૃત છણાવટ પૂર્વ પુરુષોએ ન કરી હોય ?

કે પછી વર્ષો પૂર્વે 'તમસ્તરણ'ના લેખ દ્વારા ચૌદ પૂર્વધારી આરાધ્યપાદ શ્રીમદ્ ભદ્રબાહુ સ્વામી પછીના સઘળા આચાર્યોને બેહુદા ચિત્રી, પોતાનું પાંડિત્ય એક આત્માએ પ્રકાશ્યું હતું, તેનું આ પુનરાવર્તન તો નથી થઈ રહ્યું ને ! તે જ વખતે જૈન શાસનના બે મહા પુરુષોએ 'સત્યના સમર્પણ' માટે પોતાની પવિત્ર કલમદ્વારા

ગ્રંથ પ્રકાશન કર્યું હતું. જેમાંના એક મહા સમર્થ શાસન રક્ષક તો આજે પણ જીવંત છે અને અદ્ભુત પ્રકાશ, સમાજ માટે પાથરી રહ્યા છે.

'સંપ્રદાયો' આજે કોઇ નવા નથી સર્જાયા. અજ્ઞાનતા તથા કદાગ્રહના કારણે જેઓ આડાઅવળા થઈ પોતાની માની લીધેલી વાતોને જ પ્રચારમાં મુકી, નવા સંપ્રદાયો સર્જ્યે જાય, તેમને કોણ અટકાવી શક્યું છે? જનતાને તેવી શાસ્ત્ર-વિરૂધ્ધ વાતોથી બચાવવા અને શ્રધ્ધા ધનનું રક્ષણ કરવા પ્રયત્નો જરૂર થયા છે. અને એવા સ્વપર હિતકર પ્રયત્નોને જ ઉતારી પાડવાનું કાર્ય અગર 'જ્ઞાનના દ્વારા બંધ કરવાનું' ગણવા જે તૈયાર હોય તેનો તો ખરેખર 'અંધ-શ્રધ્ધાનો અંધાપો' હદ વટાવી ગયો જ ગણાય ને?

'અંધ નેતા' પણ વ્યવહારમાં હિતકાંક્ષી હોય તો ઘણા માટે કાર્ય સાધક બને છે. એની સૂચના સલાહ અને માર્ગદર્શનથી અનેકોને ઉપકારક બને છે, તેમજ જૈન શાસન અને સિધ્ધાંતોના હૃદયસ્પર્શી મર્મને પામેલા આજના પણ શાસનનિષ્ઠ મહાપુરૂષો અનુયાયીઓને હિત સાધક માર્ગે જ દોરી રહ્યા છે. અને તે મહાપુરૂષો દ્રવ્યથી પણ દ્રષ્ટા અને ભાવથી પણ જ્ઞાનચક્ષુઓને ધારણ કરનારા જ છે. એવા કોઇ પણ મહા પુરૂષને 'અંધ નેતા' કહેવા એ જાણી બુઝીને અંધત્વ આપનાર કર્મને આમંત્રણ છે.

કોઇ શોધ કે થીયરી શોધાતી હોય; તેના પર દરેકે વિશ્વાસ જ મૂકવો એ ક્યાંનો સિદ્ધાંત? વર્ષોથી પ્રચાર પામેલી થીયરીઓ પણ ફરી ગઇ, ઘવાઈ ગઇ, અને સમૂળ

પણ નાશ પામી, કારણ કે તેનો પાયો–ઉદ્ભવ સ્થાન અને ગણુત્રી બરાબર ન્હોતા. જ્યારે જે ત્રિકાળ અબાધ્ય સિદ્ધાંતો છે. તે તો તેવાને તેવા જ અટલ અને અફર જ રહ્યા છે અને રહેશે.

મિત્રભાવે, જરાએ હૈયામાં અભાવને પણ સ્થાન આપ્યા વગર, તે ભાષા લાલિત્યના ઉપાસક લેખકને કહેવાનું જરૂર મન થાય છે. પૂર્વના પુણ્યે અમુક શક્તિઓ પ્રાપ્ત થઇ છે. તે દ્વારા જૈન શાસનના અને જૈન શાસ્ત્રોના મર્મને અવગાહવા કૃત પ્રયત્ની બનો. તમને નક્કર સત્યો જોવા મળશે. એ નક્કર સત્યો સમજાતા એજ ભાષા લાલિત્ય સ્વપર ઉપકારક બનશે. મળેલી શક્તિઓનો સદુપયોગ થતાં આત્મા અનેરો સાધક બનશે.

'પરમ સત્ય'ના સંરક્ષણ માટે લખાએલ આ તદ્દન નાના લેખને, કોઈ પણ અવળા અર્થમાં કે પ્રત્યાઘાતી તરીકે લેખવાની ભૂલ ન કરતાં, જે કોઈ સરળ ભાવે સત્યને સમજવા પ્રયત્નશીલ બનશે, તેજ વસ્તુના મર્મને પામી શકશે અને સત્યજ્ઞાનની પ્રભાને પણ પામી શકશે.

# ॥ श्री उपमित्यंतर्गत–निर्मलकेवलिदेशना ॥

भो भव्याः शरणं धर्मो, नास्त्यन्यत्सततभ्रमे ॥
लसदुद्दामदुःखौघस–ङ्कुले भवचक्रके ॥१॥

मरणाय भवेज्जन्म, कायो रोग निबन्धनम् ।
तारुण्यं ज़रसो हेतु–र्वियोगाय समागमः ॥२॥

निमित्तं विपदांलोके, देहिनां सर्वसम्पदः ।
तन्नास्ति यन्न दुःखाय, वस्तु सांसारिकं जनाः ॥३॥

अमूर्ताः सर्वभावज्ञास्त्रैलोक्योपरिवर्तिनः । स्त्रै
क्षीणसङ्गा महात्मानः, केवलं सुखमासते ॥४॥

सर्वद्वन्द्व—विनिर्मुक्ताः, सर्वबाधाविवर्जिताः ।
सर्वसंसिद्ध सत्कार्याः, सुखं तेषां किमुच्यते ॥५॥

जन्माभावे जरामृत्योरभावो हेत्वभावतः ।
तदभावे च निःशेष दुखाभावः सदैव हि ॥६॥

परमानन्द–भावश्च तदभावे हि शाश्वतः ।
व्याबाधाभावसंसिद्धं, सिद्धानां सुखमिष्यते ॥७॥

त्यक्तबाह्येतरग्रन्थाः, निःस्पृहा भवचारके ।
संतुष्टा ध्यानयोगेन; प्रशमामृतपायिनः ॥८॥

निःसङ्गाः निरहङ्कारा, निर्मलीभूतचेतसः ।
सुखिनः केवलं लोके, देहिनोऽपि सुसाधवः ॥९॥

सुखमेव च वाञ्छन्ति, सर्वे जगति जन्तवः ।
तच्चनास्त्येव संसारे, विहायैकां सुसाधुताम् । ॥१०॥

तदिदं भो महासत्वा! विनिश्चित्य विधियताम्
विमुच्यासार–संसारं, भवद्भिः सा सुसाधुता ॥११॥

શ્રી ઉપમિતિ ગ્રંથ એ [illegible] શ્રી નિર્મલ કેવલી દીએ દેશના

શરણ એક ધર્મનું ખરો, અવર ન કોઈ ભવભ્રમણે મળે;
ઉગ્ર દુઃખોથી છે ભર્યો, સંસાર ભવચક્ર અનંત કે. ૧

જન્મ સાથે મરણ નિર્માણ છે, કાયા વળી રોગ સહચરી;
યૌવન જરા આમંત્રણ કરે, છે મિલન વિયોગકારી. ૨

સંપદા દેહધારી સર્વની, છે નિમિત્ત લોકે દુઃખતણી;
દુઃખનિમિત્ત છે સઘળું ખરે, સંસાર સઘળો જાણો દુ ખખાણી.૩

અશરીરી સિદ્ધ અનંતા, સર્વ ભાવના જાણ ત્રિલોક ટોચે
સંગ રહિત મુનિવર કહ્યા, તેહિ જ કરે સુખ નિવાસ. ૪

રાગદ્વેષાદિ દ્વંદ્વ રહિત મુનિવરા, પીડા ન કોઈ પ્રકાર;
સર્વ સત્કાર્ય સિદ્ધ વર્યા, સુખવર્ણન તેહના કેમ જ થાય.૫

જન્મ અભાવે વૃદ્ધત્વ મૃત્યુ ન હોય, સંભવે નહિ હેતુ તાસ;
કારણ વિન કાર્ય હોવે નહિ, સદા સર્વથા દુઃખ અભાવ. ૬

કર્મ કારણ કો રહ્યો નહિ, વિલસે પરમાનન્દ ભાવ;
બાધારહિત સુખ સિદ્ધનું, ઈચ્છે સુખ તેહવું સૌ ભવ્ય. ૭

બાહ્ય અભ્યંતર ગ્રંથી છોડીને, બન્યા નિઃસ્પૃહ સંસારભાવે;
ધરી સંતોષ ધ્યાન યોગે, કરાવે પાન અમૃતના પ્રશમભાવે.૮

સંગરહિત બની અહંકાર ટાળે, બન્યું મન અતિ નિર્મળું;
તેમાં સાધુ સુખીયા દેહધારી, લોક અચરિજ જાણવું. ૯
સુખ ઇચ્છે સર્વજન્તુ ગણ, વિશ્વ નિયમ એ જાણીએ,
સુખ સંસારે મળે ન જરા, **'સુખ સાધુતાએ'** માનીએ.૧૦

કરી નિશ્ચય મન થકી; ભવ્યજીવો આદરો એક જ તમે.
સુ સાધુતા સુસાધુતા ખરી, સંસાર અસાર એક વિછોડીને. ૧૧

# ❁ સર્વકલ્યાણ પ્રકાશન ❁

વિરાટ વિશ્વનો, બહુ મોટા ભાગને ખ્યાલ નથી.
વીતરાગ પરમાત્મા કથિત જૈનધર્મ તે ખ્યાલ આપે છે.
યુવાનવર્ગ જિજ્ઞાસુ–ઉત્સાહી–ધગશવાળો છે
શુદ્ધ ધર્મગુરૂઓના પરિચયમાં પ્રાયઃ તે વર્ગ આવતો નથી.
યુવાનવર્ગની ધર્મજિજ્ઞાસા સાયન્ટિફિક રીતે ઉકલવી જોઇએ.
હરકોઈ જૈનમાં પ્રાયઃ આનુવંશિક ધર્મતત્ત્વ હોય છે.
તે ધર્મ તત્ત્વને પ્રગટાવવા–ખીલવવા પ્રબળ સાધનની જરૂર.
સાધન સાચું સાત્વિક–સન્માર્ગ પ્રેરક હોવું જરૂરી.
ઉત્તમકોટિની પ્રેરણા પૂ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરાદિ આપે છે.
પણ તે ઝીલવા યુવાનવર્ગની તત્પરતા કેટલી ?
તે ધર્માભિમુખતા કેળવવા સુબદ્ધ ધર્મસાહિત્ય એક સાધન
તે સાહિત્યની પ્રેરણા કરી. પૂ. રત્નભૂષણ વિ. એ. પૂ.
ભુવનચંદ્ર વિ. ને

ઉદ્ભવ થયો 'શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રંથમાળાનો.
**'જૈનધર્મનું વિજ્ઞાન' 'ધીમું મીઠું ઝેર' અને**
**'વાત્સલ્યમૂર્તિ' રૂપે.**

શાસન-ધર્મ-સમાજ, સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર એજ મોક્ષમાર્ગ.
આની સમજથી પ્રગતિ–ઉત્થાન–સમાધિ–શાંતિ સધાય.
મુકિતસાધક રીતે ચારપુરૂષાર્થની યોજના એટલે આર્યસંસ્કૃતિ.
**આર્યસંસ્કૃતિ-મહાસંસ્કૃતિ-જૈનસંસ્કૃતિ સમજવીછે?**
**આર્યાવર્તના સર્વજ્ઞ-તીર્થંકર-પરમાત્માઓને ઓળખવા છે?**
ભરતક્ષેત્રના ભારતની ભવ્ય વિભૂતિઓને ઓળખવી છે?
રાષ્ટ્રના ધર્મદીપક મહાનુભાવ પૂર્વજોને પીછાનવા છે?
અદમ્યધર્મોત્સાહથી મહાસંસ્કૃતિની રક્ષા કરવી છે?
તો વાંચો–વંચાવો–વિચારો. **સર્વકલ્યાણ પ્રકાશનો.**

પત્રવ્યવહાર : **ગજપાલ એસ. કાપડીઆ**
ઠે. ઘડીયાળી પોળ : કોલાખાડી : **વડોદરા.**

મુદ્રક : હીરચંદ જગજીવન શેઠ પ્રીન્ટ લેન્ડ મુદ્રણાલય વઢવાણ શહેર